The Greatness Guide (Gujarati)

Sharma, Robin

VISIT...

LANZAROTE Caliente.com

રોબિન શર્મા

THE GREATNESS GUIDE

NOW IN GUJARATI



મહાનતાના માર્ગદર્શક

દુનિયાના ટોચના સફળ ગુરુમાંના એક એવા તેઓ અંગત અને વેપાર સૂઝબૂઝ માટેનાં પોતાનાં રહસ્યો રજૂ કરે છે.

Robin Sharma's books have sold 6 million copies worldwide

6 MILLION COPIES SOLD WORLDWIDE

JAICO

ALSO BY ROBIN SHARMA

MegaLiving
The Monk Who Sold His Ferrari
Leadership Wisdom from he Monk Who Sold His Ferrari
Who Will Cry When You Die?
Family Wisdom from the Monk Who Sold His Ferrari
Discover Your Destiny With the Monk Who Sold His Ferrari


મહાનતાના માર્ગદર્શક

દુનિયાના ટોચના સફળ ગુરુમાંના એક એવા તેઓ અંગત
અને
વેપાર સૂઝબૂઝ માટેનાં પોતાનાં રહસ્યો રજૂ કરે છે .

THE GREATNESS GUIDE

NOW IN
GUJARATI

રોબિન શર્મા



જયકો પબ્લિશિંગ હાઉસ

અમદાવાદ બેંગલોર ભોપાલ ભુબનેસ્વર ચેન્નાઇ
દિલ્હી હૈદરાબાદ કલકત્તા લખનૌ મુંબઇ

પ્રકાશક
જયકો પબ્લિશિંગ હાઉસ
એ-2, જશ ચેંબર્સ, 7-એ સર ફિરોઝશાહ મહેતા રોડ
ફોર્ટ, મુંબઇ – 400 001
jaicopub@jaicobooks.com
www.jaicobooks.com

હાર્પર કોલિન્સ પબ્લિશર્સ લિમિટેડ
ટોરંટો, કેનેડાના સહયોગથી

THE GREATNESS GUIDE
મહાનતાના માગદર્શક
ISBN 978-81-8495-161-5

અનુવાદ: ડૉ. હંસાબહેન મો. પટેલ

પ્રથમ જયકો સંસ્કરણ: 2011
પાંચમી જયકો આવૃત્તિઃ 2014

“આ પુસ્તક હું હૃદયગુહામાંથી અત્યંત આદર અને મહાન પ્રેમપૂર્વક
મારા માતાપિતાને અર્પણ કરું છું. આપે મને માત્ર જીવનની બક્ષિસ
એકલી જ નથી આપી, પણ પૂર્ણજીવન જીવવા માટે કઠોર તપસ્યાનો
જુસ્સો પણ આપ્યો છે. એ માટે હું અત્યંત અ□ભારી છું.”

અનુક્રમણિકા

૭૨. U 2 કક્ષા માટે અરજી કરો
૭૩. જ્ઞાન વધારાથી કમાણી વધારો
૭૪. સમજણની આંખો મારફત જુઓ
૭૫. તમારા ઘરનું હૃદય
૭૬. પ્રેરણાદાયી માનવ બનો
૭૭. વિશ્વમાં અપૂર્વ શોધ કરો
૭૮. બધા નેતાઓ સમાન નથી
૭૯. ધ્યેયો નક્કી કરવાનાં છ કારણો
૮૦. બૂમબરાડાની અસર યાદ કરો
૮૧. લોકોને સારું લાગે એવું કરો
૮૨. પહેલા વર્ગને અર્પણ
૮૩. સાવરણીથી વાળીઝૂડી સફાઈ કરો
૮૪. ‘ Million Dollar Baby Rule ’ને અનુસરો
૮૫. પૃથ્વી નાની છે
૮૬. અતિથિ દેવો ભવ
૮૭. સમયનું સૌંદર્ય
૮૮. પર્વતની ટોચ ઉપર અને પરિવર્તનની પારંગતતા
૮૯. “પ્લીઝ – Please ” ને શું થયું છે?
૯૦. Bon Jovi અને એકાગ્રતાની શક્તિ
૯૧. હું ગુજરી જાઉં તે પહેલા ૧૦૧ વસ્તુઓ કરવાની યાદી
૯૨. તમારા બાળકો સાથે સમય પસાર કરો
૯૩. કામમાં થોડું રમતિયાળપણું રાખો
૯૪. સુંદર ડિઝાઈનો માટે આદરભાવ રાખો
૯૫. પાણી વિશે Evian નો વિચાર અને સમયના સ્વપ્નદૃષ્ટા એવા તમે
૯૬. Garth જેવા બનો
૯૭. છોડી દેશો નહીં
૯૮. આત્મરક્ષા – મોટી પ્રાપ્તિ
૯૯. મને કોણ પ્રેરણા આપે છે? ધારો
૧૦૦. અમરત્વ કેવી રીતે પ્રાપ્ત કરવું
૧૦૧. મહાનતા માટે દાવો કરો

“જીવન એ શુદ્ધ સાહસ છે અને જેટલું જસદી આપણે આત્મસાત કરીએ, એટલું જલદી આપણે જીવનની કલારૂપે માવજત કરીએ.”

– Maya Angelou

“હું એવું વિચારવા ટેવાયેલો હતો કે એક દિવસ, આ જુદી જુદી દિશાઓમાં હું જુદી જુદી રીતે ખેંચાઉં છું, હું જુદા જુદા લોકોનાં ટેન્શનમાં રહું છું, એનું નિરાકરણ કરી શકીશ. હવે મને સમજાય છે કે હું કોણ છું. મારા મસ્તિષ્કમાં લાગે છે કે હું ગીતની નજીક જઈ રહ્યો છું. મેં અનુગ્રહ માટે રાહ જોઈ નહીં. પણ ભાગ્યવશાત્ અનુગ્રહ મારે માટે રાહ જોતો હતો.”

[Bono, U 2ના સંગીત નેતા એમણે “ Rolling Stone ”માં ટાંક્યું છે.]

૧

હું કોઈ ગુરુ નથી

ક્યારેક પ્રસારણ માધ્યમો મને માર્ગદર્શક (અથવા સ્વાવલંબી) 'ગુરુ' તરીકે ઓળખાવે છે. હું 'ગુરુ' નથી. જ્ઞાનરૂપી વિચારો અને તેનાં સાધનો જાણનાર હું એક સામાન્ય માનવી છું. મારા વિચારોને લીધે ઘણાં માનવીઓ અને સંસ્થાઓને લાભ થયો છે. તેઓ ઉત્તમ જીવન સુધી પહોંચી શક્યાં છે અને સંસ્થાઓ પણ વિશ્વ કક્ષા સુધી પહોંચી શકી છે.

પણ મારે આ વિષે સ્પષ્ટ કરવું જોઈએ કે હું તમારાથી જુદો નથી. મારી આશાઓ, લક્ષ્યો અને સપનાંઓની સાથે મારી હતાશાઓ, ભય અને સંઘર્ષો પણ છે. મારી પાસે સારાં અને કેટલાંક ઊંડાં દુઃખદ કારણો છે. દેખીતી રીતે જોઈ શકાય એવી સુંદર પસંદગીઓની સાથે જ મેં ઘણી ભૂલો કરી છે. હું માણસ છું – વિકાસ કરવાના રસ્તે છું. મારા વિચારો જો તમને સ્પષ્ટ સૂઝ આપતા લાગે તો એનું કારણ એ જ છે કે તમે જેની અનુભૂતિ કરવાના છો તેના ઉપર મેં જ્ઞાન પ્રાપ્તિ માટે દિવસો સુધી ધ્યાન કેન્દ્રિત કર્યું છે. મહાનતા પ્રાપ્ત કરવાના વાસ્તવિક પ્રયત્નો ઉપર મેં બહુ કામ કર્યું છે જેથી તે બીજા માણસોને મદદરૂપ બને. એટલું જ નહીં કંપનીઓને શ્રેષ્ઠ બનાવવા વિષે પણ ઊંડો વિચાર કરી મદદરૂપ થયો છું. કોઈપણ બાબત ઉપર તમે લાંબા સમય સુધી સમજ કેળવો તો આંતરદષ્ટિથી તેના ઊંડાણ સુધી પહોંચી શકો. પછી તેઓ તમને ગુરુ કહે.

ભારતમાં બેંગ્લોર શહેરમાં એક પુસ્તકના સ્ટોરમાં સહી કરતી વખતે એક વ્યક્તિએ, "હું કોઈ ગુરુ નથી" એમ કહેતો મને સાંભળ્યો. મારી નજીક આવી તેણે કહ્યું, "તમને કોઈ 'ગુરુ' કહે તો તમે અસ્વસ્થ કેમ થઈ જાવ છો?" સંસ્કૃતમાં 'ગુ'નો અર્થ 'અંધારું' થાય છે, અને 'રુ'નો અર્થ 'દૂર કરવું', 'ગુરુ'નો અર્થ, 'જે અંધકારને દૂર કરે તે', અને જે વધારે સમજણ આપે અને પ્રકાશિત કરે તે. સુંદર મુદ્દો. મને વિચાર કરતો કરી દીધો.

"મારી પાસે સારો સમય હતો અને કેટલોક વિષાદપૂર્ણ હતો.
દેખીતી રીતે જોઈ શકાય એવી સુંદર
પસંદગીઓની સાથે જ મેં ઘણી ભૂલો પણ કરી છે.
હું માણસ **છું** – વિકાસને રસ્તે છું."

મારી અસ્વસ્થતા આ હકીકતમાંથી આવે છે કે તમે જો માનતા હો કે હું તમારાથી જુદો છું, તો તમે કહેશો; "રોબિન જે વિશે કહે છે તે અમારાથી થાય તેમ નથી, કારણ કે

રોબિન પાસે આવડત અને ક્ષમતા છે જે મારી પાસે નથી.” રોબિન જે વિશે વાત કરે છે તે એને માટે સહજ અને સહેલી છે. એ ‘ગુરુ’ છે. તમને નિરાશ કરવા બદલ દિલગીર છું. પરંતુ ‘ના’, હું સતત કાર્યશીલ રહેતો એક માણસ છું, જે સારામાં સારું મેળવવાની કોશિશ કરું છું અને પોતાનાં બે અદ્ભુત બાળકોનો પિતા છું, બીજાનાં જીવનમાં પરિવર્તન લાવવાની ઇચ્છા ધરાવતો માણસ છું. અહીં કોઈ ગુરુ નથી. પરંતુ “અંધકારને દૂર કરવાનો” મુદ્દો મને ગમે છે. આ વિશે વધુ જાણવાની જરૂર છે. કદાચ કોઈ ગુરુ મદદરૂપ થાય!

૨

હાર્વે કિટલ અને તકની બારીઓ

મારું હંમેશાં સાચું પડતું નથી. (મેં તમને કહ્યું કે હું ગુરુ નથી). પણ તમે એટલું જરૂરથી માનજો કે હુ જે કાંઈ બોલું છું, તેમાં મન, વાણી અને કર્મમાં ઐક્ય હોય તે માટે હું સખત પરિશ્રમ કરું છું. છતાં હું માનવી છું, અને ક્યારેક ક્ષતિઓ કરું છું. (મારે હજુ પૂર્ણ માનવીને મળવાનું થયું નથી.) હું કહેવા માંગુ છું તે આ છે:

વ્યક્તિગત અને સંસ્થાકીય નેતૃત્વ વિશે થતા વર્કશોપમાં અને મારાં પુસ્તકોમાં હું વાચકોને હંમેશાં પ્રોત્સાહિત કરતો હોઉં છું; "ભય સામે દોડીને જાવ" અને જે તકો મળે તે ઝડપી લો. મોટી તકો તમારી પાસે આવે અને રાહ જોવામાં નાની તકોને રોકશો નહીં.

હું મારા અસીલોને સ્વપ્ન સેવવા અને હિંમત દર્શાવવા માટે સતત પડકારું છું, કારણ કે હું માનું છું કે જે સૌથી સારું અને સૌથી ઉપર છે તેને પહોંચવાનો પ્રયત્ન જ જીવનને સારું બનાવે છે. મોટાભાગના સમયમાં તો હું એક 'પોસ્ટર બૉય' છું, જે ભયજનક અને આરામદાયી ન હોય તેવી જગ્યાઓમાં દોડી જાય છે, અને પછી કંઈક એવું કરી બેસું છું, જેથી હું પોતે જ અસ્વસ્થતાની લાગણી અનુભવું છું. પણ હમણાંથી હું એવું નથી કરતો. દિલગીર છું.

ટોરન્ટો શહેરના મધ્યભાગમાં આવેલ ફોરસીઝન્સની લૉબીમાં હું એક ભાષણ આપવાની તૈયારી કરતો હતો.જે કંપનીમાં હું ભાષણ આપવાનો હતો તે લાંબા સમયથી અમારી અસીલ છે, અને ભવ્ય છે. એનું નામ Advance Medical optics છે. પ્રભાવક છે. મેં ઉપરથી નજર નાંખી અને કલ્પના કરી કે ત્યાં કોણ હશે? ત્યાં હાર્વે કિટલ હતો. હા. "Reservoir Dogs Big Movie Star " હાર્વેલ કિટલ, અને હું જેણે "*The Monk who sold His Ferrari* " લખી. શું થયું! હું મહાનતાથી સંકોચાયો.

"પ્રત્યેક દિન જિંદગી તકની બારીઓ ખોલે છે.
છેવટે તો તમારા **નસીબ** ની વ્યાખ્યા તમે જે રીતે આ
તકને કેવા **પ્રત્યુત્તર** આપો છો તેના ઉપર આધારિત છે."

હું જાણતો નથી કે શા માટે હું સામે ચાલીને નવો મિત્ર બનાવવા ન ગયો. મેં બેઝબોલનાં જાણીતા Pete Rose ને શિકાગો એરપોર્ટ ઉપર (અંતે અમે બન્ને છેક ફોનિક્સ સુધી એકબીજાની સાથે બેઠા હતા) આ રીતે જ મુલાકાત કરેલી (અને તેને મિત્ર

બનાવેલો). આ જ રીતે નાણાકીય નિષ્ણાત કે જેમને હું રોમની એક હોટેલની લૉબીમાં મળેલો, (હું મારા બાળકો સાથે હતો અને મારા ૧૧ વર્ષના દીકરા કોલ્બીને લાગ્યું કે હેન્રી કાર્વિસ ખૂબ જ સ્વસ્થ છે), તેમને મેં મિત્ર બનાવેલા. તે જ પ્રમાણે સેનેટર એડવર્ડ કેનેડી – હું બોસ્ટનમાં મળેલો. Eddie Van Halen , પ્રખર ગીટારવાદક કલાકાર, હું હેલીફોકસમાં હતો અને મોટો થતો જતો હતો ત્યારે મળેલો, તદન અનભિજ્ઞ. પણ હાર્વે કિટલને મળવાની તક મેં ગુમાવી દીધી.

જિંદગી તકની બારીઓ રોજ ખોલે છે. છેવટે તો તમારા નસીબની વ્યાખ્યા તમે જે રીતે આ તકને કેવા પ્રત્યુત્તર આપો છો, તેના ઉપર આધારિત છે. આ તકથી દૂર રહેશો અને સંકોચ પામશો તો જિંદગી નાની થશે. તમને ભયની લાગણી થતી હોય તો પણ તમે કોઈ રીતે એનો સામનો કરો અને પછી તમે જોઈ શકશો કે જીવન કેવું મહાન છે. થોડું રમવા માટે પણ જીવન ઘણું નાનું છે. તમારા સંતાનો સાથે પણ તેમને વિકસાવવા માટેની તકની બારી નાની છે, એમની અંતર્ગત શક્તિઓને ખીલવવામાં તમારે ઉત્તેજન આપવું જોઈએ. એમને બતાવો કે બિનશરતી પ્રેમ કેવો હોય છે. એ તકની બારી જો બંધ થશે તો તેને ખોલવી કઠિન છે.

હવે જો હું હાર્વે કિટલને ફરી જોઈશ તો હું તેના તરફ દોડીને જઈશ. કદાચ એને થશે કે હું કોઈ પ્રખ્યાત દોડનાર છું, અલબત્ત જ્યાં સુધી અમે વાત કરવાનું શરૂ કરીએ ત્યાં સુધી જ! અને પછી એને સત્ય સમજાશે. હું એક સામાન્ય માનવી છું અને જીવન મને સામેથી જ ભેટો આપે છે તે સ્વીકારું છું.

૩

સફળતા જેવી નિષ્ફળતા બીજી કોઈ નથી

પોર્ટોરિકોની શ્રેષ્ઠ બેન્કના મુખ્ય અધિકારી Richard Carrion એકવાર મારી સાથે વાત કરતા એક વાક્ય બોલ્યા હતા, તે હું કદી ભૂલી શકું તેમ નથી: "રોબિન, સફળતા જેવી કોઈ નિષ્ફળતા નથી." શક્તિશાળી વિચાર છે. જ્યારે તમે સૌથી વધુ સફળ રહ્યા હો, ત્યારે તમે અને તમારી સંસ્થાની ટીકા માટે તક આપો છો, કાં તો અંશતઃ નિષ્ફળ રહ્યા હોવ છો. ખરેખર તો તમે સફળ હો ત્યારે એમાંથી આત્મસંતોષ, આવડત અને ક્ષમતાનો અભાવ, અને બધાથી ખરાબ તો અભિમાનનો જન્મ થાય છે. જ્યારે લોકો અને ધંધો ખરેખર સફળ થાય છે ત્યારે ઘણીવાર તેઓ પોતાના જ પ્રેમમાં પડી જાય છે. પછી કશું નવું કે સુધારા કરવાનું અટકી જાય છે. સખત કામ કરે, જોખમ ખેડે, પછી પોતે પ્રાપ્ત કરેલા યશ કે કીર્તિ ઉપર આરામ કરવાનું શરૂ કરે. પછી તેઓ સલામતી તરફ વળે, એમને મળેલી સફળતાને બચાવવા માટે તેમની શક્તિ ખર્ચે, પણ જે વસ્તુ તેમને ટોચ ઉપર લઈ જાય છે એને વળગી રહેતા નથી. જ્યારે જ્યારે અધિકારીઓની સાથે આ મુદ્દા ઉપર ચર્ચા થાય ત્યારે દરેક જણ એમની સંમતિ માટે માથું હલાવે ખરા. મારા જીવનમાં આ વાસ્તવિક જગતમાં બનેલો એક અનુભવ છે તેને વિષે વાત કરું.

ગયા અઠવાડિયે, હું મારા બાળકોને એક અમારી પ્રિય એવી ઈટાલીયન રેસ્ટોરામાં લઈ ગયો. વર્ણવી ન શકાય એટલું સરસ ખાવાનું હતું. ઈટાલિથી જરા બહારની બાજુએ છે. પાસ્ટા જાણે સ્વર્ગમાં હોય તેવા. લેટસ પણ કુમળું, એ બધું જોઈને મને તો એવું થયું કે મારી નોકરી છોડી દઈને અહીં રસોયો જ બની જાઉં. પણ એની સેવા એકદમ ખરાબ, ખરાબ એટલી હદ સુધીની કે સામાન્ય રેસ્ટોરામાં હોય એથી પણ ખરાબ, કેમ એમ? કારણ કે હંમેશાં ત્યાં ભીડ જ હોય, નામ મોટું એટલે ચાલે સરસ, પછી તો માની લીધેલું કે એ તો ચાલવાની જ છે. ધારો, હવે શું? એ એમના અંતની શરૂઆત છે.

મને ફોટા લેવાનો શોખ છે. મારા પિતાજીએ શીખવ્યું છે કે જ્યારે પ્રવાસમાં જાઓ ત્યારે તમારા પ્રવાસના ફોટાઓનો રેકોર્ડ રાખો. એટલે મોટે ભાગે એક નાનો કેમેરા મારી સાથે રાખું છું. અમને સર્વિસ આપનારી બેનને મેં વિનંતી કરી કે મારા બાળકો અને હું આ સ્પગેટીમાંથી ખાઈએ તે વખતે ફોટો લેશો? "મને સમય નથી" એવો ઉદ્ધત જવાબ એણે આપ્યો. માની ન શકાય એવી ઘટના. ગ્રાહકના સુખ માટે પાંચ સેકન્ડનો સમય આપી ન શકે એટલા વ્યસ્ત! જરાક મદદ માટે પણ સમય ન આપી શકે એટલા વ્યસ્ત! માનવતા બતાવવા જેટલો સમય ન આપી શકે?

“જ્યારે તમે અને તમારી સંસ્થા વધારે **સફળતા** પ્રાપ્ત કરો ત્યારે તમે વધારે **નમ્ર** અને તમારા ગ્રાહકો પરત્વે વધારે સમર્પિત હોવા જોઈએ.”

Richard Carrion કહે છે કે “સફળતા જેવી નિષ્ફળતા બીજી કોઈ નથી” એવી જ રીતે Neeleman David, Jet Blue ના મુખ્ય અધિકારી છે, એમણે પણ આવું જ નિરીક્ષણ કર્યું છે.” “જ્યારે તમે પૈસા બનાવો છો અને સારો એવો નફો રળો છો, ત્યારે સ્વાભાવિક જ તમે લપસણી ભૂમિ તરફ જઇ રહ્યા છો. ઘણા અધિકારીઓ સાવચેત પણ હોય છે. એટસે જયારે તમે. અને તમારી સંસ્થા વધારે સફળતા પ્રાપ્ત કરો, ત્યારે તમે વધારે નમ્ર અને તમારા ગ્રાહકો પરત્વે વધારે સમર્પિત હોવા જોઈએ. કાર્યક્ષમતાને તમે વરેલા હો તો નિષ્ઠુર થઈને પણ તમારે સુધારા કરવા જ જોઈએ. તમારે ઝડપથી આગળ વધવું જોઈએ. એની મૂલ્યવત્તા તમારે વધારવી જોઈએ. આ બધી વસ્તુઓ તરફ તમે જે ક્ષણે અટકી જાઓ, તો જેણે તમને પર્વતના શિખરે પહોંચાડ્યા છે, ત્યાંથી તત્ક્ષણ તમે ખીણમાં લપસી પડશો.

૪

કર્મક્ષેત્રે રોક સ્ટાર બનો

"ફોરચ્યુન મેગેઝીનમાં ગુગલ (Google guys) અને તેમની આર્થિક સફળતા વિષેનો લેખ હમણાં જ પૂરો કર્યો. એણે વિચારોનો ધોધ વહેવડાવ્યો. (વાંચન એવું જ હોય છે, બરાબરને?) એણે મને વિચાર કરતો કરી મૂક્યો, કે કામને સંપૂર્ણ મહત્ત્વ આપવું – તમારી સંપૂર્ણ બુદ્ધિશક્તિનો ઉપયોગ કરો, મન મૂકીને કામ કરો. તમારે જે કરવાનું છે તે માટે ભયાનક જુસ્સાથી તે કરો. તમારા મોટા પ્રોજેક્ટો અને ઉત્તમ તકો માટે તમે શ્વાસપ્રાણથી વચનબદ્ધ બની વળગી રહો. તમારા જમવાના ટેબલ ઉપર દરરોજ ખાવા માટે જે ખોરાક જોઈએ, તેને માટે તમે જે કાંઈ કરો તેમાં રોક સ્ટાર બનો.

કર્મ આપણાં જીવનને સાર્થ બનાવે છે. આપણી સ્વાયત્તતા ઉપર તેની અસર પડે છે, અને સૂર્યની નીચે પૃથ્વી ઉપર આપણે જે રીતે કાંઈ મેળવીએ છીએ તેમાં આપણું સ્થાન છે. તમે સંસ્થા માટે જે કાંઈ કરો તે જેવું તેવું નથી, તે મહાન છે. તમે જે કરો છો તે તમને પોતાને પણ તમે ભેટ આપો છો. તમારા કામને તમે દેખીતી રીતે મહાન બનાવો છો, અંગત રીતે સ્વમાનને પણ પ્રોત્સાહન આપો છો, ઉત્સાહિત બનો છો અને એ રીતે તમારા જીવનને વધુ રસપ્રદ પણ બનાવો છો. જેઓ સત્કર્મ કરે છે તેનો લાભ લોકોને પણ મળે છે. તમે જે કાર્ય કરો તેમાં તમારી ઉત્તમ કાર્યક્ષમતા અને આંતરિક સમર્પણને અભિવ્યક્ત કરો છો ત્યારે ખરેખર તો તમે પોતે સમૃદ્ધ બનો છો, સુખી થાવ છો અને વધારામાં જીવનમાં પરિપૂર્ણતાનો અનુભવ કરો છો.

જે દિવસે તમે વધુ ઉત્પાદન કર્યું હોય પછી તમને કેવું લાગે છે? જ્યારે તમે તમારું ઉત્તમ કશું આપ્યું હોય અને પછી તમારા સાથીદારો સાથે મઝા કરો અને તમારા ગ્રાહકો માટે વધારે કામ કર્યું હોય ત્યારે તમને કેવું લાગે છે? તમારા પોતાના માટે દિલથી તમે કાંઈક લાવ્યા હો ત્યારે તમને કેવું લાગે છે? જ્યારે તમે તમારા જીવનનાં સૌથી ઊંચા ધ્યેય સુધી પહોંચ્યા હો અને પ્રાપ્ત કર્યું હોય ત્યારે તમને કેવું લાગે છે? તમને અંદરથી બહુ સારું લાગે છે, ખરું ને? તમે જ્યારે ઉત્તમ કામ કર્યું હોય તેને માટે કોઈ મોટા ઇલકાબની જરૂર તમને નથી હોતી. આ મુદ્દા ઉપર મને ડૉ. માર્ટિન લ્યુથર કિંગ જુનિયરના શબ્દો વિચાર કરતો કરે છે – મારે માટે એ આદર્શ હીરો છે – એમણે એકવાર નિરીક્ષણ કર્યું હતું, "જો કોઈ માણસ રસ્તાનો ઝાડુ વાળનારો હોય, તો એણે એવી રીતે રસ્તો વાળવો જોઈએ, જાણે કે માઈકલ એન્જેલોએ ચિત્રાંકન કર્યું હોય, અથવા તો બિથોવને સંગીતની રચના કરી હોય અથવા તો શેક્સપીઅરે કાવ્ય લખ્યું હોય. એણે એવી સુંદર રીતે સ્ટ્રીટને વાળી હોવી જોઈએ જેથી સ્વર્ગ અને પૃથ્વી ઉપરનાં સૌ યજમાનો ઘડીભર જોઈ રહે અને કહે, 'અહીંયાં એક ઝાડુ વાળવાવાળો રહેતો હતો તે મહાન હતો. એણે એનું કામ સુંદર રીતે

કર્યું હતું."

"તમે જ્યારે **ઉત્તમ** કામ કરો ત્યારે તેને માટે કોઈ **મોટા** ઇલકાબની તમને જરૂર નથી."

એટલે આજે જ તમે કામ કરો ત્યારે રોક સ્ટાર બની રહો. આજના દિવસમાં સ્ટેજ ઉપર ચાલો અને દિલથી કામ કરો. તમારા જીવનમાં સુંદર કાર્ય સિદ્ધ કરી બતાવો. તમારા પ્રેક્ષકો તમને અભિનંદન આપે, તમે એમને ખુશ કરી દો. સ્ટેપ્લર વેચનાર Bono જેવા બનો. Jimi Hendrix જેવા માનવ સહાયક બનો. પછી જ્યારે તમે ખ્યાતિ પ્રાપ્ત કરો, પછી જુઓ કે લોકો ચારેબાજુથી તમારા હસ્તાક્ષર માટે (autograph) તમને પૂછતા આવશે, ખાત્રી કરી લેજો પછી મને જણાવજો. તમારી પાસેથી આ વાત સાંભળી હું ખૂબ ખુશ થઈશ.

૫

તમારા દિવસો એ તમારા જીવનની રૂપરેખા છે

મોટો વિચાર: તમારા દિવસો એ તમારા જીવનની નાની પ્રતિકૃતિ છે. તમારા કલાકો તમે જે રીતે જીવશો એ પ્રમાણે તમારાં વર્ષોનું સર્જન થશે. તમારા દિવસો તમે જે રીતે જીવશો, એ પ્રમાણે તમારું જીવન કંડારી શકશો. આજે તમે જે કરો છો, ખરેખર તો તે તમારા ભવિષ્યનું સર્જન કરો છો. તમે જે શબ્દો બોલો છો, જે વિચારો વિષે તમે ચિંતન કરો છો, તમે જે ખોરાક ખાઓ છો, અને તમે જે રીતે કર્મ કરો છો એ તમારા ભાગ્યની વ્યાખ્યા છે – તમે કેવો ઘાટ ઘડો છો અને તમારું જીવન શાને માટે છે? નાની નાની પસંદગીઓ વખત જતાં મોટાં પરિણામો તરફ દોરી જાય છે. કશા મહત્ત્વ વિનાનો દિવસ છે એવી કોઈ વસ્તુ છે જ નહીં.

"તમારા દિવસો તમે જે રીતે **જીવશો** , એ પ્રમાણે
તમારું જીવન **કંડારી** શકશો."

આપણે સૌ મહાન છીએ. આપણા સૌમાં આંતરિક ઉત્કૃષ્ટ શક્તિઓ પડેલી છે. આપણા વિશ્વની આજુબાજુ આપણે નોંધપાત્ર પ્રભાવ આપણે નક્કી કરીએ તો પાડી શકીએ તેમ છીએ. પણ આ અંતર્ગત રહેલી શક્તિનો આપણે વિકાસ કરવો જોઈએ અને એનો ઉપયોગ કરવો જરૂરી છે. અને જો તમે એનો વધારે ઉપયોગ કરશો તો એ વધારે દઢ થશે. આ શક્તિનો ઉપયોગ જેટલો વધારે કરશો તેમ તમારામાં આત્મવિશ્વાસ પણ વધશે. Henry David Thoreau એ આ સંબંધે લખ્યું છે: "માણસ માત્રમાં અચૂક એવી શક્તિ પડેલી છે કે જો એ જાગૃત રહી પ્રયત્ન કરે તો પોતાના જીવનને ઉચ્ચ કક્ષાએ લઈ જઈ શકે." જાહેરાતના ગુરુ Donny Deutach એ એમના "Often Wrong, Never in Doubt " પુસ્તકમાં આ જ વિચારને ઝીણવટથી કાંતીને વધારે ઉમેર્યું છે. બધા માણસોમાં આ શક્તિ પડેલી છે જ, સોમાંથી એકે પણ આ પ્રયોગ કરેલો છે તે કહે છે, "હું કેમ ના કરી શકું?" અને એ અમલમાં મૂકે છે પણ ખરો.

આ બધામાં જે ઉત્તમ બની શક્યા છે તે કાંઈ બાકીના બીજા બધાથી વધારે કુદરતી બક્ષિસવાળા હતા નહીં. તેઓ માત્ર તેમની મહાન જિંદગી માટે દરરોજ નાનાં નાનાં પગલાં ભરીને આગળ વધતા હતા. અને પછી દિવસોથી વધીને અઠવાડિયા, અઠવાડિયાથી વધીને મહિનાઓ સુધી પછી તો એમને ખબર પણ ન પડે એવી રીતે તેઓ એવી જગ્યાએ પહોંચી જાય જ્યાં આશ્ચર્યકારક જ બની રહે.

૬

ગાંધી સાથે કૉફી પીવો

હું જાણું છું કે આપણે ચાલતા રહેવું હોય અને ઊંચે જવું હોય તો અનેક શિસ્તોમાં એક વાંચન જ એવી શિસ્ત છે જે તમને સ્વસ્થ રાખે છે. મહાન પુસ્તકોનું વાચન એ ખરેખર લેખક સાથે વાર્તાલાપ સમાન છે. અને આપણે પણ આપણી સાથે વાત કરી શકીએ છીએ. આજે રાત્રે હું મહાત્મા ગાંધીજીની આત્મકથા "સત્યના પ્રયોગો" કૉફી પીતાં પીતાં વાંચતો હતો, – આ મહાન માણસની આંખો પાછળ શું હશે તે અને એવું શું હતું કે જેમાંથી તેઓ આ બધું શીખ્યા? એમને આવતી કાલે મેડોના સાથે લટકવું હતું? એની ચોપડી ખેંચી. એવી જ રીતે Jack Welch અને Mother Teresa, Bill Gates, Salvador Dali અથવા તો Dalai Lama . અને આમાંથી કોઈનું પણ પુસ્તક વાંચતાં મનમાં સન્માનની ભાવના ઊભી થાય છે અને એમાંથી એમની બુદ્ધિમત્તાની છાપ તમારા ઉપર પડે છે. હાથમાંથી મહાન ચોપડી જ્યારે તમે નીચે મૂકો છો ત્યારે તમે કદી એવાને એવા નથી રહી શકતા. Oliver Wendell Holmes નું નિરીક્ષણ કહે છે: "એક વખત મનમાં નવો વિચાર પ્રવેશે પછી એ નવો વિચાર તમને તમારા પોતાના પરિમાણમાં પાછા લાવી શકતો નથી."

જ્યારે હું મોટો થતો જતો હતો ત્યારે મારા પિતાજીએ એકવાર મને કહ્યું હતું: "તારા ભાડામાં કાપ મૂક, તારા ખોરાક પાછળ જે પૈસા ખર્ચું છું એનો વિચાર કર, પણ સારાં પુસ્તકો પાછળ જે પૈસા ખર્ચું છું એના વિષે ચિંતા ના કરીશ." આ શક્તિશાળી વિચારે મને સમસ્ત જીવન સુધી સાથ આપ્યો છે. એમની ફિલસૂફી એવી હતી કે કોઈપણ પુસ્તકમાંથી એકાદ સારો વિચાર જો તમે શોધી શકો તો, તે તમને આખાને એક નવા સ્તરે ઊંચકી જશે અને જગતને જે રીતે જુઓ છો એમાં ક્રાંતિ થશે. સાથે આપણું ઘર પણ પુસ્તકોથી ભરાઈ જશે. અને હું ઓછામાં ઓછો એક કલાક તો વાચન માટે આપું જ છું. આ ટેવે જ મારામાં પરિવર્તન કર્યું છે. પિતાજીનો આભાર માનું છું.

જ્યારે હું ગુજરી જઈશ ત્યારે કદાચ સૌથી મોટી ભેટ મારા બાળકોને લાયબ્રેરીની હશે. મારી પાસે નેતૃત્વના સંબંધો વિષેની, બિઝનેસની, ફિલોસોફીની, આરોગ્યની, અધ્યાત્મની મોટા માણસોના જીવન વિશેની અને મને ગમતા બીજા અનેક વિષયોનાં પુસ્તકો છે. જ્યારે ધંધાર્થે હું પ્રવાસમાં જતો ત્યારે પુસ્તકોની દુકાનમાંથી હું પસંદ કરીને લાવતો. આ પુસ્તકોએ મારા વિચારોને ઘડ્યા છે એમ કહી શકું. મારી વ્યક્તિગત ફિલોસોફીને પણ ઘાટ આ પુસ્તકોએ આપ્યો છે. આજે જે કાંઈ હું છું તે એને આભારી છું. મારે માટે પુસ્તકો અમૂલ્ય છે.

“પુસ્તક **વાંચતાં** મનમાં સન્માનની ભાવના ઊભી થાય છે અને એમાંથી એમની **બુદ્ધિમતાની** છાપ તમારા ઉપર પડે છે.”

એક જૂની કહેવત સાચી છે: “કેવી રીતે વાંચવું એ ના જાણતા હોઈએ તો કેવી રીતે વાંચવું અને ના વાંચવું એ લગભગ સમાન છે.” દરરોજ કાંઈક પણ વાંચવા માટે સમય નક્કી કરવો. તમારા મનને મહાન વિચારોથી અને પ્રકાશ પાડે તેવા વિચારોથી ભરી દો, આશા અને પ્રેરણાથી તમારા આત્માને ભરપૂર વહેવડાવી દે માટે પુસ્તકોનો ઉપયોગ કરો. અને યાદ રાખો, જો તમારે કોઈને માર્ગદર્શન કરવું હોય તો હકીકતે તમારે વાંચવું જ જોઈએ. અરે, – જો તમારે મારી જેમ – વધારે પુસ્તક ખરીદવાની ટેવ પાડવી હોય તો, શક્ય છે કે ક્યારેક પણ તમે વાંચશો – એને માટે અપરાધભાવ ના રાખશો – તમારા પુસ્તકાલયને તમે સમૃદ્ધ તો કરો જ છો. અને એ એક સુંદર ઘટના છે.

૭

રમતમાં કુશળતા મેળવો

ઘણાં માણસો કરતાં હું વધારે નિષ્ફળ ગયો છું. બધો વખત હું નિષ્ફળ થયો છું. ધંધામાં નિષ્ફળ ગયો છું. સંબંધોમાં પણ મને નિષ્ફળતા મળી છે. જીવનમાં પણ હું નિષ્ફળ થયો છું. ઘણીવાર મને આશ્ચર્ય થાય છે કે શા માટે આમ બન્યું. હું મારી જાતને દીનહીન માનતો અને ચિંતા થઈ જાય એટલી હદ સુધી લઘુતાગ્રંથિથી પીડાતો હતો, પણ હવે હું એમાંથી બહાર નીકળી ગયો છું. મારી સુંદર જિંદગી માટે હું ગોથાં ખાતો હતો. મહાનતાની કિંમત નિષ્ફળતા છે. ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરવા માટેનું નિષ્ફળતા એ જરૂરી ઘટકતત્ત્વ છે. નવેસરથી સજાવટ કરવાવાળા ગુરુ David Kelley લખે છે: “જલદીથી નિષ્ફળ બનો: તુરંત સફળ થાવ.” ગણતરીપૂર્વકનું જોખમ ખેડવું અને સલામતીનું ક્ષેત્ર છોડો નહીં ત્યાં સુધી તમે જીતી શકો નહીં. જોખમ નહીં તો બદલો પણ નહીં (ઇનામ). માત્ર સપનામાં જ તમે જોખમો ખેડો તો નિષ્ફળતા પણ વધારે મળવાની.

હું જેને સલામતી કહું છું એમાં જ મોટાભાગનાં માણસો જીવે છે. ૨૦ વર્ષ સુધી એક જ પ્રકારનો નાસ્તો. ૨૦ વર્ષ સુધી એક જ પ્રકારનાં કામનો ઢસરડો. ૨૦ વર્ષ સુધી એની એ જ વાતો. ૨૦ વર્ષ સુધી એક જ પ્રકારની વિચારધારા. આ પ્રકારની જિંદગી માટે મને કોઈ અંદાજ નથી. જો તમને એમાંજ સુખ લાગતું હોય તો ભલે એ પણ સારું છે. આ જ પ્રકારે જીવન જીવનારાઓમાં કોઈ સુખી હોય તો મને ખબર નથી. તમે જે કરતા હો તે કર્યા જ કરો તમને જે મળતું હશે તે મળ્યા કરશે. આઈનસ્ટાઈન વર્ણવે છે કે એકની એક રીતે જ કામ કરવું પણ પછી પરિણામ જુદું આવે એવું ધારવું એ ગાંડપણ છે. છતાં મોટાભાગનાં લોકો તેમનું જીવન એ રીતે જ જીવે છે. કોઈ કામ જ્યારે તનતોડ મહેનતથી કરો અને કંઈક તકો પ્રાપ્ત કરો ત્યારે એમાંથી સાચો આનંદ મળે. હા, કદાચ તમને વધારે નિષ્ફળતા મળે. પણ ધારો કે એથી શું? સફળતા પણ વધારે ને વધારે આવવાની શરૂઆત કરશે. નિષ્ફળતા એ વિશ્વ કક્ષાએ પહોંચવાની પ્રક્રિયાનો ભાગ છે. મૅનેજમેન્ટના સલાહકાર Tom Peters કહે છે કે: “ચિકાશ એ ક્યારેક શ્રેષ્ઠતા પુરવાર કરવાની નિશાની છે.” આ પૃથ્વી ઉપર ઘણી સારી કંપનીઓ સાધારણ કંપનીઓ કરતાં વધારે નિષ્ફળ ગઈ છે. સામાન્ય માણસો કરતાં વધારે સફળ માણસો જ નિષ્ફળ બન્યા છે. મારે મન નિષ્ફળ એ નિષ્ફળ જ છે. પણ પ્રયત્ન કરો, સપના જુઓ અને સાહસ કરો. સાચું જોખમ એ જોખમરહિત જીવવામાં રહેલું છે. (માર્ક ટ્વેઈને) Mark Twain એ એક મુદ્દો પોતાના નિરીક્ષણ ઉપરથી રચ્યો છે: “અત્યારથી ૨૦ વર્ષ સુધી તમે વધારે નિરાશાવાદી થશો, પછી તમે કોઈ વસ્તુ કરી શકશો નહીં, એનાં કરતાં એક વખત પણ કરી જુઓ.”

"સાચું જોખમ એ **જોખમરહિત** જીવવામાં રહેલું છે."

એટલે આગળ વધો, આજને લંબાવો. તમારી ગમતી રેસ્ટોરામાં ઉત્તમ ટેબલ માટે માગણી કરો. તમારી બીજી ફ્લાઈટમાં ફર્સ્ટ ક્લાસમાં ટિકિટ અપગ્રેડ કરાવો (Good Luck) તમારી ટીમમાં કામ કરતા બીજા માણસોને વધારે સમજો. ઘેર જઈને તમારી પ્રિયતમાને વધારે પ્રેમ કરો. એમ કરો, હું તમને હિંમત આપું છું અને યાદ રાખો, જ્યાં સુધી તમે રમો જ નહીં ત્યાં સુધી રમતમાં જીત મેળવી શકો જ નહીં.

૮

લહેરમાં રહો

થોડા વખત પહેલાં હું મારા બાળકો સાથે ટેનિસ ક્લબમાં ગયો હતો, ત્યાં મોટા રમતવીરો હતા. હું બૉલ બૉય તરીકે ઉત્તમ હતો. એ વખતે, હું ધારું છું કે આશરે ૭૦ વર્ષની આસપાસના એક ભાઈ મારી પાસે આવ્યા અને વાત કરવા લાગ્યા. રસપ્રદ માણસ હતા. હજુ સુધી શ્રીમંતાઈથી જીવતા હશે. થોડી મિનિટો પછી એમણે આંખો બંધ કરી અને સ્મિત કર્યું. મે પૂછ્યું: "શું ચાલે છે?" એમનો જવાબ અવિસ્મરણીય હતો: "ઓહ, કંઈ ખાસ નથી. આ તો હું જરા લહેરમાં છું." એકદમ પૂર્ણ.

"જીવનની કેટલીક ઉત્તમ **ખુશીઓ** એ
બહુ સાદી સરળ હોય છે. એવી ખુશીઓથી જીવન સમૃદ્ધ
બનાવો અને તમારું હૃદય **સુખ** અનુભવશે."

આ યુગમાં વધારે જોઈએ, જરૂરિઆત વધારે અને વધારે હોય, ત્યારે કોઈક માણસ જીવનની સાદી ખુશીઓ વિષે વાત કરે એ કેટલું બધું તાજગીભર્યું લાગે. મારે અહીં સ્પષ્ટતા કરવી છે. ભૌતિક વસ્તુઓ માટે કશો વિરોધ નથી. પ્રચલિત માન્યતાથી વિરુદ્ધ, 'The Monk who sold His Ferrari ' પૈસા બનાવવાની અને સારું જીવન ભોગવવાની વિરુદ્ધ કોઈ જાહેરનામું નથી. મારો મુખ્ય સંદેશ તો સાદો છે: "કઈ વસ્તુ સૌથી વધુ અગત્યની છે મહાન જીવન જીવવા માટે એ યાદ રાખવું જોઈએ."

જીવન ભૌતિક સુખોથી ચોક્કસ ભરપૂર છે અને ખરેખર તે આપણો જીવન-પ્રવાહ આનંદદાયક પણ બનાવે છે. એની ખુશી માણીએ ત્યારે અપરાધભાવ અનુભવવાની જરૂર નથી. પણ આપણાં જીવનપથમાં જે સુંદર મૂળભૂત તત્ત્વો અને ખજાનાઓ આવે છે તેને મહેરબાની કરી ભૂલશો નહીં. એને પણ સાથે પ્રેમ કરજો. જેમકે માનવજીવનનાં ઊંડા સંબંધો, નિષ્ઠાપૂર્વક કરેલા ઉત્તમ કર્મનો સાક્ષાત્કાર, વિશ્વમાં થતી નવી શોધખોળો અને કુદરતી સૌંદર્યનો અનુભવ – જેમકે લાગણીઓને સ્પર્શી જતો આથમતો સૂર્ય તમારા આત્માને ભરી દે અથવા તો પૂનમનો ચંદ્ર સાથે તારાઓથી ભરેલું આકાશ.

આ બધા જીવનનાં ઉત્તમ આનંદો છે અને એકદમ સરળ સાદા છે. જીવનને એના વડે વધારે સમૃદ્ધ કરો અને હૃદયને સુખનો અનુભવ થશે. અને તમે મીઠી લહેરોથી શરૂ કરી શકો છો.

૯

વિચાર માટે સમય આપો

હું જે કામ કરું છું એને કારણે દરેક ક્ષેત્રના મહત્ત્વના માણસોને નિયમિત મળવાનું શક્ય બન્યું છે, એ માટે હું ઈશ્વરનો કૃપાપાત્ર છું. હું ફિલ્મ બનાવરાને, કવિઓને, કૉલેજના બુદ્ધિશાળી વિદ્યાર્થીઓને, શાણા શિક્ષકોને અને દષ્ટિવાળા સાહસિકોને મળ્યો છું. બધા મહાનુભાવોએ મને કંઈક શીખવ્યું છે અને મારા પરિપ્રેક્ષ્યને ઘાટ આપ્યો છે. તાજેતરમાં એશિયાના એક ઉચ્ચ (CEO) મુખ્ય અધિકારી સાથે મારે ભોજન લેવાનું હતું. મેં તેમને 'ઊડીને આંખે વળગે એવી સફળતા'નું રહસ્ય શું છે, તે વિષે પૂછ્યું. તેઓ હસ્યા: "હું વિચાર કરવા માટે સમય આપું છું. દરરોજ સવારે ઓછામાં ઓછી ૪૫ મિનિટ આંખો બંધ કરીને ઊંડું ચિંતન કરું છું." એ ધ્યાન નથી કરતા. એ પ્રાર્થના નથી કરતા. એ માત્ર વિચાર જ કરે છે.

કોઈવાર તેઓ ધંધાના પડકારોનું પૃથક્કરણ કરે છે. તો કોઈવાર નવા માર્કેટ વિષે વિચાર કરે છે. હજુ તેઓ બીજા કોઈ સમયે પોતાના જીવનનો અર્થ શો છે એના વિશે આત્મનિરીક્ષણ કરે છે અને આ જીવન શાને માટે છે એ એમને જાણવું છે. ઘણીવાર વ્યક્તિગત રીતે અને ધંધાકીય રીતે આગળ વધવાના નવા રસ્તાઓ વિષે સપનાઓ જુએ છે. ક્યારેક લગભગ એકાદવાર ૬ થી ૮ કલાક મૌનમાં બેસે છે. ધ્યાનસ્થ. આંખો બંધ કરીને વિચારે છે.

વિચાર કરવા માટે સમય આપવો એ સફળ નેતૃત્વ માટે અને જીવન માટે અતિ ઉત્તમ પ્રયુક્તિ છે. ઘણાં બધા લોકો તેમના દિવસના ઉત્તમ કલાકો કામ કરવામાં પૂરો સમય વ્યસ્ત રહે છે અને વસ્તુને અમલમાં મૂકી સિદ્ધિ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. તાજેતરમાં એક ગ્રાહકે મને કહ્યું: "રોબિન, કોઈવાર હું એટલો બધો વ્યસ્ત થઈ જાઉં છું કે મને પોતાને પણ ખબર નથી પડતી કે હું આટલો વ્યસ્ત રહીને શું કરું છું?" પણ એ ખોટી વસ્તુઓ પાછળ કદાચ વ્યસ્ત રહેતો હશે. થોડી વસ્તુઓ નિરાશા આપનારી પણ હોય છે, જેમ કે તમારો બધો સમય, શક્તિ અને પર્વત ઉપર ચઢવાનો પરિશ્રમ, માત્ર એટલું શોધવા માટે કે ટોચ ક્યાં છે– અને તમે ચઢ્યા એ રસ્તો જ ખોટો હતો. ચિંતન અને મનન જ તમને કહી શકે કે તમે સાચા પર્વત ઉપર છો. મેનેજમેન્ટના તજજ્ઞ પિટર Drucker સરસ રીતે કહે છે: "કાંઈ પણ ન જ કરવું એનાં કરતાં તમે જે કાંઈ સક્ષમ કરો એ કશું નકામું જતું નથી."

મેનેજમેન્ટના તજજ્ઞ Peter Drucker સરસ રીતે કહે

છે, "તમે **કશું** જ ન કરો એના કરતાં, તમે જે કાંઈ
સક્ષમ કરો એ કશું **નકામું** જતું નથી."

જ્યારે તમે મહાનતાને રસ્તે જતા હો ત્યારે વિચારશીલ હોવું અને પ્રયુક્તિ એ પ્રથમ પગલું છે. સ્પષ્ટતા તમને સફળતા તરફ લઈ જશે. વધારે વિચારીએ તો તમને અગ્રિમતા કોને આપવી એ વિષે સારી સમજ પડશે અને પછી તમારે તેના ઉપર કેન્દ્રિત થવું જરૂરી છે. સહેતુક અને ચોકસાઈપૂર્વક તમે કર્મ કરશો તો એ નિશ્ચિત થશે જ. તમે ડહાપણ ભર્યા સુંદર નિર્ણયો લઈ શકશો. જેમ તમે વધારે સમય વિચારશો તેમ તમે ઓછા પ્રત્યાઘાતી બનશો. તમારા સમયનો ઉત્તમ ઉપયોગ કેમ કરવો એ વિષે તમે સ્પષ્ટ થઈ શકશો. (વખત જતાં એ તમારો સમય બચાવશે) અને તમારો "વિચાર સમય" તમારામાં આશ્ચર્યકારક વિચારોને જાગૃત કરશે અને મોટાં સપનાંઓને દૈવી પ્રેરણા મળશે. Lewis Carroll એ આ મુદ્દો "*Alice in Wonderland*"માં સુંદર રીતે આલેખ્યો છે. એ લખે છે:

"પ્રયત્ન કરું છું એનો કોઈ ઉપયોગ નથી." એલિસે કહ્યું: "અશક્ય વસ્તુ કોઈ માની શકે નહીં." "હું હિંમતપૂર્વક કહું છું તમે એની વધારે પ્રૅક્ટિસ કરી નથી." રાણીએ કહ્યું: "હું જ્યારે તારી ઉંમરની હતી, હું હંમેશાં દિવસમાં અર્ધો કલાક પ્રૅક્ટિસ કરતી હતી. કોઈવાર શા માટે વધારેમાં વધારે છ અશક્ય વસ્તુઓ બ્રેકફાસ્ટ પહેલાં મેં માન્ય રાખી છે!"

૧૦

નેતૃત્વ વધારાની મહેનતથી શરૂ થાય

મેં હમણાં જ Colby અને Bianaca ને સ્કૂલમાં ઉતાર્યા અને મારી ઑફિસ તરફ ગયો, મને એકદમ જ અંતઃસ્ફુરણા થઈ જે મને અહીં ખેંચી લાવી. રોડની બંધ બાજુએ અહીં હું બેઠો. Black Berry નો ધીમો અવાજ મારા hazard blinkers ઉપર આવતો હતો પણ મારે તમારી સાથે વાત કરવી હતી. મોટો વિચાર. નેતૃત્વ અને સફળતા – વધારાના માઈલથી શરૂ થાય છે, એટલે કે મહેનતથી

"સામાન્ય માણસો વધારાની મહેનત ઉપર **ઝાઝો** સમય ખર્ચતા નથી. પણ જેણે ક્યારેક કહ્યું હોય 'તેમને'; એ સામાન્ય હતા?

નેતૃત્વ ક્યારે બતાવી શકાય, જ્યારે દિવસનો અંત આવે ત્યારે સેલ્સપર્સન તમને વધારાના કોલ કરો – એ કહેલું છે એટલા માટે નહીં પણ એ યોગ્ય વસ્તુ છે. મેનેજર પહેલાં નેતૃત્વ કરે, એની પાસે જે સારા રીપોર્ટ આવ્યા હોય તે જુએ, પછી પાછા મોકલી એને ફરીથી મઠારે, અને સુધારે પણ ખરા. નેતૃત્વ ટીમ દ્વારા પણ બતાવી શકાય, એમાં ગ્રાહકને કેટલી કિંમતનું વચન આપી શકાય એ નક્કી કરાય અને પછી એથી ઊંડા જઈને તેમને અભિનંદન પણ આપી શકાય. નેતૃત્વ માણસ એકલો પણ કરી શકે, જે ઠંડીના દિવસે બહાર નહીં જતાં સુરક્ષામાં રહેવાની તીવ્ર ઇચ્છાની સામે લડીને દોડવાના ભારે વજનમાં બુટ પહેરીને પગથી ઉપર દોડે. ધુમ્મસભરી ઠરી ગયેલી સવારમાં માઈલો સુધી દોડવું એ રમત નથી, પણ એ શાણપણ છે.

આ વિચાર વિષે ચિંતન કરો. મને લાગે છે કે એ ગંભીર રીતે મહત્ત્વનું છે. અમારામાંથી જેઓ પોતાની કારકિર્દી એકદમ અસામાન્ય કંડારે છે અને (પ્રેક્ષકો) તરીકે જે લોકો જીવે છે તેઓ પણ તેમનો સમય વધારાની મહેનત કરવામાં ગાળે છે. હા, સામાન્ય માણસો વધારાની મહેનત કરવામાં ઝાઝો સમય બગાડતા નથી. પણ જેણે તમને ક્યારેક કહ્યું હોય તે સામાન્ય હતા?

૧૧

Mick Jagger
અને સંદર્ભ મુદ્દાઓ

ગયા સોમવારની રાત્રે મેં એક ૬૨ વર્ષના માણસને ૩૦,૦૦૦ સન્માનીય મિત્રો સામે બે કલાકથી પણ વધુ સમય માટે નૃત્ય કરતાં ઝૂલતો જોયો. ઓહ, Mick ૬૨ વર્ષનો, એકવાર જુવાનીમાં પથ્થર જેટલી શક્તિવાળો હવે વૃદ્ધત્વને આરે. પણ હજુ એવી જ સ્ફૂર્તિવાળો. હજુ એની ગતિ એવી જ ચપળ. હજુ એની જુવાની એવી જ.

જેમ હું જોતો હતો એને, મને આ દિવસોમાં સેમિનારમાં એક શબ્દ ઉપર અમે ચર્ચા કરતા હતા તેનો વિચાર "Reference Points " આવ્યો. (સંદર્ભ મુદ્દો). ગયા અઠવાડિયે કોઈકને આ "સંદર્ભ મુદ્દો" શબ્દ બોલતાં સાંભળ્યો. "હું હવે ૬૦ની આસપાસ છું – જીવનના અંત પાસે જઈ રહ્યો છું." Mick નહીં પણ Mick એ સંદર્ભ પોઈન્ટ તમારે માટે કહી શકાય.

હકારાત્મક સંદર્ભ મુદ્દાઓ વસ્તુને જોવા માટે તમને નવી દષ્ટિ તરફ ખેંચી જાય ખરો અને નવી શક્યતાઓનો પરિચય તમને કરાવે. તમને ક્યારેય ખબર ન હોય એવા દરવાજા અસ્તિત્વમાં હોય છે તે ઊઘડવાના શરૂ થઈ જશે. Lance Armstrong એ મોટું સંદર્ભ પ્રમાણ છે દઢ નિશ્ચય માટે. મારા પિતાજી ન્યાયનિષ્ઠા અને પ્રામાણિકતા માટે સંદર્ભ પ્રમાણ હતા. મારી માતા દયાળુપણા માટે સંદર્ભ પ્રમાણ હતાં. મારાં બાળકો નિઃસ્વાર્થ પ્રેમ અગાધ જિજ્ઞાસા માટે સંદર્ભ પ્રમાણ કહી શકાય. Richard Branson એ જોવાલાયક સંદર્ભ પ્રમાણ હતા સંપૂર્ણ જીવન જીવવા માટે. Madonna એ નવસર્જન માટે સંદર્બ કહી શકાય. Peter Drucker એ અદ્‌ભુત સંદર્ભ પ્રમાણ હતા સમગ્ર જીવન પર્યંત શિક્ષણના મહત્ત્વ માટે. Nelson Mandela એ બુદ્ધિમત્તા, હિંમત અને માનવતાવાદક તરીકે સંદર્ભ પ્રમાણ છે.

ઘણીવાર આપણે નબળા સંદર્ભોના મુદ્દા જોઈએ તો દેખીતી રીતે જ મર્યાદાઓ દેખાય, એમાં તકો દેખાય જ નહીં. વિશ્વના ઉત્તમ સંદર્ભો તમને તમારામાં અંતર્ગત રહેલી શક્તિઓની જાણ કરી શકે અને પછી તમને જીવનમાં વધારે આશ્ચર્યો દેખાય. માનવી તરીકે તમે મોટા સાહસો ખેડી શકો જો તમે યોગ્ય માણસોના રોલ મોડેલ પકડી શકો તો. આપણે બધા એકજ કાપડમાંથી બનેલા છીએ. આપણને બધાને હાડકાં અને માંસ છે. જો તેઓ મહાનતા મેળવી શક્યા હોય – એ જ રીતે તમે પણ મહાન બની શકો. તમારે માત્ર એટલી જરૂર છે કે તમે જે સંદર્ભ મુદ્દાને પસંદ કરો પછી એણે જે પ્રમાણે કર્યું હોય તેમ એમની ગુણવત્તાની કક્ષા સુધી પહોંચવું પડે.

“હકારાત્મક સંદર્ભ મુદ્દાઓ વસ્તુને જોવા માટે તમને
નવી દષ્ટિ તરફ ખેંચી જાય ખરો અને નવી
શક્યતાઓનો પરિચય તમને કરાવે.
તમને ક્યારેય ખબર ન હોય એવા દરવાજા
અસ્તિત્વમાં હોય છે તે ઊઘડવાના શરૂ થઈ જશે.”

અને હું એક વાત મને કહીશ: હું જ્યારે ૬૨ વર્ષનો થઈશ, મને Mick જેવા બનવું ગમે: કારણ કે એણે તો હજુ હમણાં જ શરૂ કર્યું છે.

૧૨

વેપાર એ સંબંધ છે

આ પ્રકરણ હું લખું છું ત્યારે ફ્રેન્કફર્ટથી હું પ્લેનમાં બેઠો છું, જે પબ્લિશરે મારું પુસ્તક 'The Monk who sold His Ferrari Series ' જેનું વિતરણ આખી દુનિયામાં કર્યું, એની સાથે મેં ગઈકાલ મિટિંગમાં ગાળી. દરેક પાનખર ઋતુમાં ફ્રેન્કફર્ટમાં લગભગ ૨૫૦,૦૦૦ પ્રકાશકો ઊતરી પડે છે, કારણ કે એ શહેરમાં વિશ્વનો સૌથી મોટો પુસ્તક મેળો ભરાય છે. મારે માટે બોલવાના આ ૨૦ દિવસમાં, આ છેલ્લો દિવસ નોંધપાત્ર હતો અને પુસ્તક વિશેના આ પ્રવાસે મને આખા હિંદુસ્તાનમાં ફેરવ્યો (મુલાકાત માટેનો મારો સૌથી પ્રિય દેશ) અહીંથી ઇસ્તંબુલ (કલ્પનાશીલ દેશ) અને છેલ્લે આ નાના જર્મન શહેરમાં ગયા ત્રણ અઠવાડિયામાં હું ખૂબ ભણ્યો. ઘણા આશ્ચર્યકારક માણસોને મળ્યો, એ લોકોએ એમની નમ્રતાથી મને આશીર્વાદ આપ્યા. દરિયાપારનાં ઉચ્ચકક્ષાના લોકોને મળીને ગદ્ ગદ્ થયો. એમના જીવનની મોટાઈ અને મોટા ભાગના લોકોની દોરવણી એ નોંધપાત્ર દાખલો છે. એમાં સંબંધો બાંધવા ઉપરાંત કેટલીક વસ્તુઓ વધારે મહત્ત્વની હતી એ મને યાદ રહી ગઈ છે.

આ બધું ભૂલી જવું સહેલું છે, પણ છેવટે ધંધો અને જીવન માણસને બાંધે છે અને ઘાટ ઘડે છે. પુસ્તકમાં મારી સહી કરતાં વાચકો સાથે હું હસતો હતો. મારા ગ્રાહકો સાથે અમે નેતૃત્વના વિકાસ માટે કામ કરીએ છીએ તેની વાતો કરી. પ્રકાશકો સાથે કૉફી પીધી. આ જૂથના લોકોને મારા પુસ્તકમાંનો સંદેશ કેવો લાગ્યો છે તે વિષે પણ મારે જાણવું હતું. અને એ લોકોને મારા વિષે પણ જાણવું હતું.

મોટો વિચાર: લોકો જાણવાની ઇચ્છા રાખે છે કે તમે સાચા માણસ છો. તમે સુઘડ, દયાળુ અને વિશ્વસનીય છો. તમે લાગણી ધરાવો છો અને તમે સમજો છો એ જાણવાની ઇચ્છા રાખે છે અને તમારી આંખોમાં જોઈ, તમે શેના બનેલા છો એનું નિરીક્ષણ કરે છે. તમે જેને માટે ઊભા છો તેને માટે તમારો જુસ્સો કેવો છે તે તેમને જાણવું હોય છે અને જ્યારે એમને ધ્યાનમાં આવે કે તમે સાચી વાત કરો છો ત્યારે તેઓ ખૂલીને તમારી સાથે વાત કરે છે. જ્યારે તેઓ જુએ છે કે એમનામાં સારો રસ તમારા મનમાં છે તો તે યાદ રાખે છે, અને તમારામાં વિશ્વાસ રાખે છે. એકવાર તેમને લાગે કે તમે સજ્જન છો તો પછી તમારે માટે તેઓ સારા છે. તમારી કારકિર્દી (તમારા જીવન સાથે) એક ચોક્કસ સ્થાન જેને વિશ્વને સ્તરે કહી શકાય, તે વિશ્વાસના જોડાણને લીધે હોય છે. લોકો ધંધો તો જે માણસો એમને ગમે છે અને સારું લગાડે છે તેની સાથે જ કરે છે, એ ભૂલી જવું સહેલ છે. સાદી વાત – હું જાણું છું, છતાં આપણામાંના ઘણાં બધા આ મૂળભૂત તત્ત્વોને પોતાનાં બનાવી લેતા નથી. સફળતા એ મૂળભૂત તત્ત્વોનું સાતત્ય જાળવી રાખવું એ છે.

ફક્ત એક જ વાત છે કે રોકેટ વિજ્ઞાન એ રોકેટ વિજ્ઞાન જ છે.

"લોકો ધંધો તો તેમને જે લોકો **ગમે** તેમની સાથે જ કરે છે, એ ભૂલી જવું **સહેલું** છે."

એટલે હવે હું તમને આમંત્રણ આપું છું, ઑફિસમાંથી બહાર નીકળો અને પ્રચાર કરો. બહાર નીકળવાથી ઘણી સારી વસ્તુઓ બને છે. જ્યાં સુધી તમે બહાર નીકળો નહીં ત્યાં સુધી કશું બને નહીં. હાથ મિલાવો સાથે લંચ કરો. સાચો રસ બતાવો. તમારી ગુડવીલ (શુભેચ્છાઓ)નો પ્રસાર કરો. તમારા સંદેશાને બોધવચન બનાવો. યાદ રાખો કે કોઈ તમને હાથ આપે તો, તમારે એના હૃદયને સ્પર્શ કરવો જરૂરી છે. અને આ બધો સંબંધનો કારોબાર છે.

૧૩

જીવનના પાઠો – સ્પોન્જબોબ સ્કેવરપેન્ટસ કાર્ટૂનમાંથી

SpongeBob SquarePants એ મારો હીરો છે. મારાં બાળકો સાથે સવારે હું નાસ્તો કરતો હતો ત્યારે મારી ૯ વર્ષની દીકરી બિઆનકા (Bianca) એ એક નાનું ગાંડુઘેલું કાર્ટૂન (સ્પો. સ્કે.) વિષયક ઉપર ચર્ચા કરવા લાગી. "ડેડી, આ સ્પોન્જબોબ એ સાચો માણસ છે?" આ પ્રશ્ને મને એકદમ હસાવી દીધો. પછી મને વિચાર આવ્યો. જો આ સ્પોન્જબૉબ એ ખરેખર માનવ હોત, તો આ વિશ્વ સુંદર સ્થળ હોત. ગંભીરતાપૂર્વક. આ સ્પોન્જબૉબ એ ચાર પાઠ આપણને શીખવી શક્યો હોત અને આપણે જીવનમાંથી વધારે આનંદ મેળવી શક્યા હોત.

(૧) હંમેશાં સનાતન આશાવાદી રહો:

માણસે (કહો કે સ્પોન્જ, હું એમ કહીશ) કોઈપણ સંજોગોમાં ઉત્તમ જ જોવું જોઈએ. તમારા અસ્તિત્વને વિચાર જ હકીકતે ઘાટ આપે છે અને સ્પોન્જબૉબ હંમેશાં સારું જ જુએ છે, એટલે એ સારું શોધી કાઢે છે.

(૨) માણસનું મૂલ્ય કરો:

સ્પોન્જબૉબ મૈત્રી એટલે શું તે જાણે છે. એના મિત્રોને પગથી માથા સુધી પ્રેમ કરે છે અને વિચિત્ર શબ્દ (જે હંમેશાં ગાંડા જેવા અર્થ કાઢવા) મારા દીકરાના શબ્દોને ઉછીના લઈને વાપરે છે. સ્પોન્જ બૉબ જાણે છે કે સન્માન અને લોકોને આગળ કરવા એ બે વસ્તુઓ સંબંધોને મજબૂત રાખવાનાં મહત્ત્વનાં તત્ત્વો છે.

(૩) તમે અસલ રહો:

સ્પોન્જ બોબ એ એક જાત છે. આપણામાંનાં ઘણાં પોતે હોય તેવા જ દેખાવામાં કે રહેવામાં ભય સેવતા હોય છે. એટલે આપણે આપણાં સપનાંઓ છોડી દઈને ટોળાંને અનુસરીએ છીએ. કરુણ છે. શૅક્સપીઅરે લખ્યું છે કે: "તમે તમારી જાતને વફાદાર રહો." તમને સાચા હોવાની હિંમત હોવી જોઈએ – અને એ મહાન છે – (*Warren Buffett, Berkshire Hathway* ના ચેરમેન, એકવાર કહ્યું હતું "તમે બે (*two*) હો એવું હોઈ શકે. નહીં")

"આપણામાંના ઘણાંને હોય તેવા જ દેખાવામાં **ભય** લાગે છે.
એટલે આપણે આપણાં **સપનાંઓ** છોડી

દઈને ટોળાને અનુસરીએ છીએ."

(૪) હસો અને મઝા કરો:

સફળ થાવ એ કોઈ મુદ્દો નથી પણ નિરાશા એનો કોઈ અર્થ નથી. પણ પર્વતના શિખર ઉપર પહોંચી જાવ, પણ ચડવાની ક્રિયામાં પણ આનંદ માણો. જીવન એ કોઈ અગ્નિ પરીક્ષા નથી. એનો અર્થ ઉત્સવ છે. તો વધારે સમય મઝા કરો, તમે વિહાર કરો – તમારાં સપનાંને પ્રેમથી માણો.

૧૪

માણસે સુખી કેવી રીતે થવું

અહીં એક સાદો વિચાર છે, પણ હું અધિકારીઓ અને ધંધાના નવા સાહસિકોને ટ્રેઇનિંગ આપું છું ત્યારે એ બુદ્ધિશાળી હોઈ બહુ સારું કામ આપે છે. જો તમારે સુખી થવું હોય તો તમને જે વસ્તુ ગમતી હોય તે વધુ કરો તો તમને સુખ મળશે. મને ખબર છે કે કદાચ આ મુદ્દો તમને જરા વિચિત્ર લાગશે – પણ એવું નથી. આપણે જ્યારે બાળપણનાં અદ્‌ભુત વર્ષો વિતાવીએ છીએ, પછી મોટાભાગના આપણે લોકો એવાં કામો કરતા બંધ થઈ જઈએ છીએ, જે આપણાં હૃદયને ગાતું કરતું હતું. એક મુખ્ય અધિકારી (CEO) અસીલે મને હમણાં થોડા વખત પહેલાં કહ્યું કે “જ્યારે તે યુવાન હતો ત્યારે એને બાયસિકલ ઉપર લાંબા અંતર સુધી એકલા ચલાવવાનું બહુ ગમતું હતું. પણ જ્યારે અમારે ત્યાં બાળકો થયાં અને કામ પણ ખૂબ રહેતું એટલે મેં એ બંધ કર્યું. જીવન પણ કામઢુ બની ગયું પણ એ ક્ષણો જે બાઈક ચલાવતો હતો તે મારા જીવનના ઉમદા દિવસો હતા.” બીજો એક અસીલ અક્ષરશઃ સફળ સાહસિક વેપારી હતો. તેણે કહ્યું કે રૉક બેન્ડ વાગે ત્યારે એને ઢોલ (તબલાં) વગાડવાની વૃત્તિ થઈ જતી અને એમાં ભાગ લેતો.” એ સમય અવર્ણનીય હતો. પછી મેં વહેપાર શરૂ કર્યો અને એમાં હું ડૂબી ગયો. મ્યુઝિક વગાડવાનું મેં ગમાવી દીધું. એમાં મેં મારી જાતને ગુમાવી દીધી.”

અહીં તમારે શું કરવું જોઈએ: ૧૦ મોટી ઇચ્છાઓની એક યાદી બનાવો, ૧૦ પ્રવૃત્તિઓ, એ તમારા હૃદયને આનંદથી ભરી દેશે અને તમને યાદ કરાવશે કે જીવન કેવું સુંદર છે. અને પછી ૧૦ અઠવાડિયા સુધી એમાંથી એક પસંદ કરી તમારા જીવનક્રમમાં ઇન્જેક્શનની જેમ ઘુસાડી દો. શક્તિશાળી વિચાર છે. જે વસ્તુ તમારા જીવનક્રમમાં ગોઠવાઈ જશે પછી તે થશે જ. જ્યાં સુધી તમે એ વસ્તુ જીવનક્રમમાં ગોઠવીને કરશો નહીં ત્યાં સુધી તે માત્ર વિચાર જ રહેશે. જે લોકો અસામાન્ય હોય છે તેઓ તેમના જીવનને ઘડે છે તેઓ માત્ર વિચારો ઉપર જીવતા નથી. તેઓ કર્મ કરીને મહાનતાનું ચણતર કરે છે અને જ્યાં આજુબાજુ ક્યાંય અમલ કરવાની તક મળે તો અવિરતપણે અમલ પણ કરે છે. વસ્તુ કરીને જ તે જંપે છે.

આ ૧૦ અઠવાડિયાનો કાર્યક્રમ કામ આવે છે. જ્યારે તમે પાછા આ કરવા માંડશો ત્યારે તમારો જુસ્સો જ તમને ઊંચે લઈ જશે. તમે જે ગુમાવ્યું હતું એ ફરી પાછું તમારી સુખની સ્થિતિ સાથે સંકળાઈ જશે. આમ તો જીવનનો હેતુ સુખ પ્રાપ્ત કરવાનો છે, એ પણ જીવનનો થોડો ભાગ જ છે. સાચા અર્થમાં સુખી.

"જ્યારે તમે પાછા એ બધી વસ્તુઓ કરવા માંડશો,
ત્યારે તમારો જુસ્સો જ તમને ઊંચે લઈ જશે. તમે જે ગુમાવ્યું
હતું તે પાછું તમારી સુખની સ્થિતિ સાથે **જોડાઈ** જશે.
આમ તો જીવનનો હેતુ **સુખ** પ્રાપ્ત કરવાનો છે,
જે તમે ગુમાવી દીધો હતો."

૧૫

સખત કામ કરો, ભાગ્યશાળી બનો

જૂની ઉક્તિ સાચી રહે છે: "સખત પરિશ્રમ કરું, ભાગ્યશાળી બનું." જિંદગી એને મદદ કરે છે, જેઓ પોતાની જાતને મદદ કરે છે. વ્યક્તિગત અનુભવમાંથી આ શીખ્યો છું. નવા યુગના લોકો માને છે: "એ તો એમ થવાનું લખ્યું જ હશે", આપણું જીવન કોઈક અદૃશ્ય હાથોથી લખાયેલું હોય છે, હું એ રીતે નવા યુગનો નથી. એવી જાતની વાતો જેમને કશા અનિષ્ટનો અનુભવ થયો હશે અને બીક હશે તે લોકો એમની શબ્દની જાળ બિછાવે છે. નિષ્ફળતાનો ભય, પોતાના અસ્વીકારનો ભય, સારું ન હોવાનો ભય, સફળતાનો ભય. વ્યક્તિગત જવાબદારીની સભાનતાનો અભાવ હોય, એવા લોકો વધારે પડતા ગભરાતા હોય છે. એવા લોકો આ જાતની ભાષા બોલે છે, અને આવા ચક્કરમાં પડી જાય છે. હું ચોક્કસપણે માનું છું કે કુદરતનું કંઈક એવું બળ કામ કરે છે કે જ્યારે આપણે ધાર્યું ન હોય ત્યારે બને છે (અને મોટે ભાગે એ જરૂરી પણ હોય છે) અને હું માનું છું કે ક્યારેક આપણાં જીવનમાં કંઈક બરાબર બંધબેસતું બની જાય છે અને એ એકદમ તાર્કિક રીતે સંબંધાયેલું હોય છે. હું એ પણ માનું છું – અંદરથી કે આપણને સ્વતંત્રતા મળેલી છે અને કોઈપણ એક કારણસર પસંદ કરવાની શક્તિ પણ છે, જેથી તેને આપણે અમલમાં મૂકી શકીએ છીએ. હું માનું છું કે સામાન્ય રીતે આપણે જીવનને જે આપીએ છીએ, એ આપણને જીવનમાં મળે છે. હું એ પણ માનું છું કે જે લોકો મહેનત કરે છે, શિસ્તપૂર્ણ વર્તે છે અને બલિદાન આપે છે, તે વ્યક્તિગત અને ધંધાકીય મહાનતા માટેની જરૂરિયાત છે – માગણી નહીં. મેં એ પણ જોયું છે કે કર્મોનું એમનું પરિણામ પણ હોય છે. અને હું વધારે સારું કરતો હોઉં છું – એ જ જૂનો સખત પરિશ્રમ – હું વધારે સફળતા જોઈ શકું છું. જે નિષ્ઠાવાન છે, જીવન એના ઉપર અનુગ્રહ કરે છે.

એકદમ ટોચના સફળ માણસો સાથે મેં લીડરશીપના કોચ તરીકે કામ કર્યું ત્યારે મને ખબર પડી કે બહાર કામ કર્યા વિનાના માણસો તેમની આજુબાજુ હતા. કેટલાક ઘરમાં બેસીને TV જોતા હતા, અથવા તો ઊંઘતા હતા. આ મહાન માણસો – જે લોકોએ વિશ્વમાં પોતાની છાપ ઊભી કરી છે અને પ્રભાવશાળી મૂલ્યો ઉમેર્યાં છે – તેઓ સવારે વહેલા ઊઠે છે. કલાકો કામ કરે છે, એમનું જીવન બતાવે છે કે તેમનાં સ્વપ્નોને તેઓ સમર્પિત છે. એમની પ્રવૃત્તિની સમતુલા અને એમના પ્રિયજનો સાથે સમય ખર્ચવો અથવા પોતાના આંતરજીવનની કાળજી કરવી – એ બધાનાં મહત્ત્વની એક ક્ષણ માટે પણ નકારતો નથી. હું હંમેશાં આવાં મૂલ્યોની સાથે સૌ પહેલો ઊભો રહેનારો છું. મારે એટલું જ કહેવું છે કે અસાધારણ સિદ્ધિ માટે અસાધારણ પ્રયત્નો તમારે હંમેશાં શોધીને પણ કરવા જોઈએ. એ કુદરતનો કાયદો છે. હજારો વર્ષથી એમાં પરિવર્તન આવ્યું નથી.

“એકદમ **ટોચના સફળ** માણસો સાથે મેં લીડરશીપના કોચ તરીકે કામ કર્યું છે, ત્યારે મને ખબર પડી કે **કામ** કર્યા વિનાના માણસો તેમની આજુબાજુ હતા.”

Ivan Seidenberg, Verizon ના ચેરમેન અને CEO નીચેની વાર્તા કહે છે:

“મારા પહેલા સાહેબ – એ મકાનો બાંધવાના સુપરિન્ટેન્ડેન્ટ હતા અને હું સફાઈ કામદાર હતો – ફરસ ઉપર પોતાં કરવાં અને દીવાલો ધોવી – લગભગ એક વર્ષ સુધી એમણે જોયા કર્યું. પછી મને કહ્યું કે મારે કોલેજમાં જઈને ભણવું જોઈએ, જો મને કોઈ ફોનની કંપનીમાં કામ મળે તો. જ્યારે મેં એમને પૂછ્યું કે તો પછી આટલા લાંબા સમય સુધી કેમ રાહ જોઈ. એમણે કહ્યું: “હું જોતો હતો કે તમે એને લાયક છો કે કેમ?”

અને Time Warder CEO Dick Parsons એ એકવાર જોયું કે ઉત્તમ સલાહ એને જ્યારે પણ મળી છે તે એનાં દાદીમા પાસેથી. એમણે એને કહ્યું: “માણસ જે વાવશે તે એ લણશે.” એટલે બીજ વાવો. જે કાંઈ કામ તેનું ગૌરવ દેખાઈ આવે તેવું કરો. તમારા બાવડાં ઉપર ઇચ્છાને પહેરો, અને તમારા હાથની હથેળીમાં હૃદયને પકડી રાખો, અને સખત પરિશ્રમ કરો. ખરેખર સખત પરિશ્રમ જ બારણાં ઉઘાડશે અને વિશ્વને બતાવશે કે તમે અનેક દુર્લભોમાંના એક છો અને વિશિષ્ટ માનવી છો, જેને માટે કુશાગ્રતાની ઉચ્ચતમ પરિપૂર્ણતા અને શ્રેષ્ઠતાનો ઉપયોગ સુંદર રીતે કર્યો છે.

૧૬

તમારી નૈસર્ગિક લાક્ષણિકતાને ઓળખો

નૈસર્ગિક લાક્ષણિકતા એ કોઈ દુર્લભ જાતિના માણસની પૂર્ણ અધિકારનો પ્રદેશ છે એમ નથી. તમે અને હું બન્ને એ જાતના શીર્ષક માટેના અધિકારી બની શકીએ – જો આપણે નક્કી કરીએ તો. આ એક મોટો વિચાર છે. કોઈ એક વિચાર કે કોઈ એક કાર્ય કુશળતાને કઠોર થઈને દરરોજ સુધારવા માટે સમર્પિત થઈ જાઓ અને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટેની તમારી લાગણી ત્રણથી પાંચ વર્ષ સુધીમાં તો હરીફાઈ કરવાની કક્ષા સુધી પહોંચી જશો (અને સાથે આંતરદૃષ્ટિ) એવી થશે કે લોકો તમને 'જીનીઅસ' કહેશે. ચિત્તને એકાગ્ર દરરોજ કરો, વધારામાં સુધારા કરો, વધારામાં સમય – આ બધાનો સરવાળો એટલે તમે જીનીઅસ. આ સમીકરણનો ઊંડો અભ્યાસ કરો અને પછી જુઓ કે તમારું જીવન એવું ને એવું કદી નહીં રહે.

માઈકલ જોર્ડન એ બાસ્કેટ બૉલનો જીનીઅસ છે. એની આ દેખીતી સફળતા એ સ્પષ્ટ રીતે નૈસર્ગિક લાક્ષણિકતા કહી શકાય? સંપૂર્ણપણે નહીં. કુદરતે જે આપ્યું હતું તે એણે સ્વીકાર્યું અને પછી પેલા સમીકરણથી દરરોજ કેન્દ્રિત થઈ સુધારા કર્યા, સમય આપ્યો પછી જીનીઅસ થયો. એણે બીજી પાંચ જુદી રમતો માટે પ્રયત્ન કર્યો નહીં. એણે એના કેન્દ્રને વિચલિત કર્યું નહીં. એણે માત્ર બાસ્કેટબૉલ ઉપર જ ધ્યાન આપ્યું અને કુશળતાનો ઉપયોગ કર્યો, તેજસ્વી જીનીઅસ થયો.

Thomas Edison એ દિઙ્મૂઢ કરી નાખે એવી ૧૦૯૩ પેટન્ટો જીવન દરમ્યાન રજિસ્ટર કરાવી અને લાઈટ બલ્બ અને ફોનોગ્રામનું સંશોધન કર્યું. (એના સ્કૂલના શિક્ષક એ નાનો હતો અને ધીમી ગતિથી ભણનારો એવો સરપાવ આપેલો. એ સાંભળતો નહોતો. નાનો છોકરો). એણે મોટા વેપારી થવાનો પ્રયત્ન પણ કર્યો નહીં, મોટો કવિ કે મોટો સંગીતકાર પણ બન્યો નહીં. એણે તો માત્ર એવી શોધખોળ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કર્યું અને વખત આવશે ત્યારે થશે એમ કામ કર્યું અને જાદુ થયો. ટકોરા મારીને જીનીઅસ સામેથી આવ્યું.

અહીં મને Pablo Picasso ની વાત યાદ આવે છે. એક દિવસ બજારમાં એક સ્ત્રીએ એને ઓળખી કાઢ્યો અને એક પેપરનો ટુકડો ખેચ્યો. એકદમ ઉત્તેજિત થઈને બોલી પડી: "મિ. પિકાસો! હું તમારી મોટી ચાહક છું. પ્લીઝ મને એક નાનકડું ચિત્ર તમે દોરી આપશો?" પછી તો પિકાસોએ એણે આપેલા કાગળ ઉપર ખુશ થઈને ઝડપથી એક નાનું ચિત્ર દોરી આપ્યું. પછી એમણે જ્યારે તેને પાછું આપ્યું ત્યારે હસ્યા અને કહ્યું: "આના એક કરોડ ડૉલર થશે." "પણ મિ. પિકાસો" પછી તો મૂંઝવણમાં મુકાયેલી સ્ત્રીએ

જવાબ આપ્યો: "પણ આ અદ્ભુત ચિત્ર તમે તો માત્ર ૩૦ સેકન્ડમાં જ કર્યું છે." મારી ભલી બેન", પિકાસો હસ્યો, "પણ આ અદ્ભુત ચિત્ર ૩૦ સેકન્ડમાં કરવા માટે મેં ૩૦ વર્ષ સુધી કામ કર્યું."

"ધ્યાન વત્તા દરરોજ **સુધારા** વત્તા સમય = જીનીઅસ.
(ધ્યાન + દરરોજ સુધારા + સમય = જીનીઅસ.)
આ સમીકરણને ઊંડાણથી સમજો અને પછી જુઓ તમે
એના એ નહીં રહો – (તમે જેવા છો તેવા નહીં રહો.)"

જાણો કે એનાથી વધારે ચડિયાતું શું છે – તમારી લાક્ષણિકતા તમારી ગુણવત્તાને શોધો અને ગાંડાની જેમ એના ઉપર કામ કરો, એને ઘસીને ચકચકાટ કરો. વ્યક્તિગત લીડરશીપની કુશાગ્રતા માટે આત્મસભાનતા એ સૌથી વધારે મહત્ત્વની છે. જાણી લો કે તમારી મોટાઈ ખરેખર શું છે. બીજા લોકો તમારી શક્તિની પ્રશંસા કરતા હોય તો તેના ઉપર મનન કરો. એ શક્તિઓ વિષે વિચાર કરો કે એ સહજભાવે તમારામાં આવી અને પ્રયત્ન વિના જ તમારામાંથી વહેવા લાગી! તમે એકદમ અદ્ભુત સંદેશવાહક હશો અથવા તો લોકો સાથે તમારો સંપર્ક હશે. તમારામાં અદ્ભુત સુંદર શક્તિ હશે જેથી તમે અમલમાં મૂકી શકો અને કામ કરી શકો. કદાચ તમારી આ વિશે કુશળતા અંદર પડેલી હશે અને નવેસરથી સુધારા કરતી વખતે સર્જનશક્તિ અને બીજાઓ શું જુએ છે એ જોતાં તમે જરા જુદી રીતે વિચારો. તમારામાં જીનીઅસ જે છે તે શોધી કાઢો અને પછી એનો વિકાસ કરો. કેન્દ્ર + સુધારા + સમય. આજે જ શરૂ કરો અને ત્રણથી પાંચ વર્ષોમાં લોકો તમારા વિષે લખતા થઈ જશે. તમને જીનીઅસ કહી બોલાવશે. તમારી આ મોટાઈને ઊજવો અને ચિંતા ના કરશો – એમાં હું પણ હોઈશ.

૧૭

તમે જેટલું વધારે બોલો એનાથી બમણું વધારે સાંભળો

મારી મા એ બહુ શાણી સ્ત્રી છે. હુ જયારે નાનો હતો. મને વાતો કરવાની બહુ ગમતી (હજુ આજે પણ). શાળામાં શૈક્ષણિક રીતે હું હંમેશાં સારું કરતો પણ મારા રીપોર્ટ કાર્ડમાં મારી વોકલ કોર્ડ ખૂબ જોરથી કામ કરે છે અને સતત ચાલ્યા જ કરે છે અને એ વિશેની નોંધ ક્યારેય ના હોય એમ બને નહીં. એક દિવસ મારી માએ મને નીચે બેસાડીને કહ્યું: "રોબિન, તને બે કાન આપ્યા છે અને એક મોઢું એનું પણ કંઈક કારણ હશે: જેટલું તું બોલે એનાથી બમણું સાંભળ" બુદ્ધિશાળી મુદ્દો છે (જો કે એના ઉપર હજુ હું કામ કરું છું).

ઉત્સુકતાથી કોઈને સાંભળીએ તે વ્યક્તિને સન્માન કરવાનો એક ઉત્તમ રસ્તો છે એ મને ખબર છે, અને માણસની સાથે ઊંડા સંબંધોને લીધે એ બનાવટ નથી એની ખબર પડે. જ્યારે તમે બીજાને સાંભળો છો – એ તેમને સંદેશો મોકલે છે – "તમે જે કહો છો તેનું મારે મન મૂલ્ય છે, અને તમારા શબ્દોને હું પૂરતી નમ્રતાથી સાંભળું છું." અમારામાંથી ઘણા લોકો ખરેખર સારા શ્રોતા છે. હું પ્લેનમાં કોઈકની સાથે બેસું, છ કલાક લાંબી મુસાફરી હોય અને અમે ઊતરીએ ત્યાં સુધી વાતો જ કરતા હોઈએ – મારું નામ શું છે એ પણ ના પૂછે, અથવા તો હું ક્યાંથી આવું છું, અથવા હું શું કરું છું, અથવા તો હું કયું પુસ્તક વાંચું છું. એનો અર્થ એવો નથી કે એ લોકોમાં કાંઈ ખૂટે છે, વૈજ્ઞાનિકો કહે છે. "Sensory acuity " (આજુબાજુ ફરતા પરિચારિકો શું કરે છે એનું ધ્યાન રાખવાની શક્તિ હોય છે) પણ બાળકો જેમ સાંભળતા નથી એમ કદાચ તેઓ એના વિશે ધ્યાનથી સાંભળતા નથી. મોટાભાગના લોકો એવું વિચારે છે કે જ્યાં સુધી બીજી વ્યક્તિ બોલવાનું પૂરું ન કરે ત્યાં સુધી ધીરજ રાખે પછી જવાબ આપે. અને આમા નિરાશાજનક વાત એ છે કે જ્યારે કોઈ વ્યક્તિ વાત કરે છે ત્યારે મોટાભાગના અમારા જવાબનું પુનરાવર્તન કરે છે.

"**ઉત્સુકતાથી** કોઈને સાંભળીએ તે વ્યક્તિનું બહુમાન
કરવાનો એક ઉત્તમ રસ્તો છે, એ મને ખબર છે,
અને માણસની સાથે **ઊંડા** સંબંધોને લીધે
એ બનાવટ નથી એની ખબર પડે."

ન્યૂયોર્કના એટર્ની જનરલ Eliot Spitzer એક વાક્યમાં કહે છે એ મને ગમે છે: "તમે જો માથું હલાવી શકતા હો તો કદી બોલશો નહીં." તમારી બિઝનેસમેન તરીકેની પ્રભાવશાળી અસર, કુટુંબના સભ્ય તરીકેની અસર અને માનવી તરીકે પણ, જો આ મુદ્દાને એના યોગ્ય સંદર્ભે સમજી શકશો તો તમે એકદમ ઊંચે ઉડ્ડયન કરી શકશો. તમે જેટલું બોલો એનાથી બે વાર વધારે સાંભળો. વિશ્વ કક્ષાના ઉત્તમ શ્રોતા બનો. બીજાઓએ તમને શું કહેવું છે તે અત્યંત રસપૂર્વક સાંભળો. પછી જુઓ કે લોકો કેવો પ્રતિભાવ આપે છે. બધા તમારા પ્રેમમાં પડી જશે. જલ્દી કરો.

૧૮

તમારા ગ્રાહકો દિલથી ખરીદી કરે છે

હું Starbucks આગળ હરોળમાં ઊભો હતો. પશ્ચાદ્‌ભૂમાં Dave Matthew Band વાગતું હતું. હવામાં કૉફીની સુવાસ મઘમઘતી હતી. એક્સપ્રેસો મશીનના સુસવાટા આવતા હતા. લોકો વાંચતા હતા. હળવાશ અનુભવતા હતા અને વાતો કરતા હતા. વાતાવરણ સારું હતું. મને અહીં સુખનો અનુભવ થતો હતો. ઘર જેવું લાગતું હતું. જો તમે ધંધામાં (બિઝનેસમાં) હો, તો મારે એક બહુ અગત્યના વિચાર માટે સૂચન કરવાનું છે કે લોકો બુદ્ધિથી જેટલું ખરીદતા નથી એનાથી વધારે તેમના હૃદયથી ખરીદે છે. આજે માર્કેટમાં જે હરીફાઈ ચાલે છે એ ગ્રાહકોના પૈસાની નહીં, જરા પણ નહીં. સાચી હરીફાઈ તો તેમની લાગણીઓની હોય છે. તમે જે લોકોને સેવા આપો છો એમના હૃદયને સ્પર્શ થશે તો તેઓ વધારે ખરીદી માટે પાછા આવશે. એમની લાગણીઓને તમે જોતરશો તો પછી તેઓ તમારા ઘેલા થઈને મૈત્રી કરશે. આ આંતરદષ્ટિ તમે જો ચૂકી જશો તો પછી શક્ય છે કે તમારો બિઝનેસ પણ ગુમાવશો.

હું ખાતરીપૂર્વક કહું છું કે java માટે હું બહુ ઓછો ખર્ચ કરું છું. જ્યાં હું કામ કરું છું ત્યાં નજીકમાં જ કૉફી શોપ છે. પણ મને Starbucks માં જવાનું મન થાય છે અને રસ્તામાં જતાં જ આવે છે એટલે મને ગમે છે. હળવો થાઉં છું, સુખ અનુભવું છું. સારું લાગે છે. આપણે જે દિવસો જીવીએ છીએ એ આપણામાંના દરેક જણ સારું લગાડવા માટે ઝંખતા હોય છે. ઘણીબધી રીતે એવું કહી શકાય કે આપણે પ્રૌઢો એ બીજા કોઈ નથી પણ મોટા થઈ ગયેલા શરીરમાં બાળકો જ છીએ, અને બાળકોને તો આ બધામાં સારું લાગે જ. આ મુદ્દા વિષે એવું કહી શકાય કે લાગણીઓ એ ગ્રાહકના વર્તનને આચરણમાં મૂકે છે. Kevin Roberts, Saatchi & Saatchi ના CEO એમના એક ઉત્કૃષ્ટ પુસ્તક *Lovemarks: The Future Beyond Brands* માં લખે છે; “મારા ૩૫ વર્ષના બિઝનેસમાં મેં હંમેશાં મારી લાગણીઓમાં વિશ્વાસ મૂક્યો છે. હું હંમેશાં માનું છું કે લાગણીઓને સ્પર્શ કરવાથી તમને સારા માણસો સાથે કામ કરવાનું મળે છે, સારા ગ્રહકો તમને પ્રેરણા આપે છે, સારા ભાગીદારો અને સૌથી વધુ સમર્પિત ગ્રાહકો.” પછી Roberts એક Donald Calne ન્યુરોલોજિસ્ટને ટાંકે છે: “લાગણી અને બુદ્ધિમાં જો કોઈ આવશ્યક ભેદ હોય તો એ છે કે લાગણી કર્મ તરફ લઈ જાય છે જ્યારે બુદ્ધિ તમને અંતિમ પરિણામ તરફ લઈ જાય છે. શ્વાસમાં વણી લેવા જેવો અગત્યનો મુદ્દો. જ્યારે માણસની લાગણીઓ વહે છે ત્યારે તેનામાં હલચલ હોય છે.

“માણસની **લાગણીઓ** જ્યારે ઉત્તેજિત થાય છે

ત્યારે તે **હાલી** જાય છે."

જ્યારે તમે તમારી સાથે ipod લઈ જાઓ છો ત્યારે તમને કેવી લાગણી થાય છે? તમે કોઈ સુંદર સ્ટોરમાં જાઓ છો ત્યારે હર્ષથી કેવા ખુશ થઈ જાવ છો. ત્યારે કેવું લાગે છે? તમારા ગમતા કોઈ રૅસ્ટોરામાં જાવ અને તે વખતે તમને Diddy, Madonna અથવા Bill Clinton ની જેમ તમારો આવકાર કરે ત્યારે તમને કેવી લાગણી થાય? મારા કહેવાનો અર્થ તમે સમજ્યા હશો. જ્યાં માણસની પૂરતી કાળજી લેવાય, વિશેષ કાળજી લેવાય અને સારું લાગે ત્યાં જાય. જે સ્થળે લાગણીઓનું સંલગ્ન થાય, માણસ ખરીદી કરવા જાય. દેખીતી રીતે કદાચ વિચિત્ર લાગે. છતાં મોટાભાગના બિઝનેસો આ સમજી શકતા નથી.

અહીં મારું આજનું મજબૂત નિવેદન છે: બિઝનેસ એ ઘણી બધી રીતે પ્રેમનો પ્રશ્ન છે. એના વિષે વિચાર કરો. સફળતા, તમે ગ્રાહકને કેટલા પ્રેમથી આવકારો છો એના ઉપર અવલંબે છે. તમારું કામ તમે પ્રેમથી કરો એનાથી હર્ષનાદથી વાહ વાહ થશે. તમારો માલ પ્રેમથી વેચશો તો માર્કેટમાં લીડરશીપ આવશે. તમારા ગ્રાહકોને માત્ર તમે જ ગમતા હો તો એમને ગુમાવાથી તમે ટીકાને તક આપશો. જ્યારે હલકા માલની હરીફાઈ અથવા વધારે આર્થિક સેવા આગળ ઉપર આવે ત્યારે. શા માટે? તમે તેમની સાથે લાગણીના સંબંધો રાખવામાં નિષ્ફળ ગયા હશો. પણ જ્યારે તમારા ગ્રાહકો તમને ચાહતા હોય – કારણ કે તમે એમના હૃદયને સ્પર્શી શક્યા છો અને એ રીતે એમના જીવનમાં તમારું સ્થાન હોય છે અને પછી તમે એમના વિશાળ કુટુંબના એક ભાગરૂપ થઈ જાઓ છો. તેઓ વફાદાર બને છે. એમના બાકીના કુટુંબીઓને તમારો પરિચય કરાવે છે. (હવે તમે એમની કૉમ્યુનિટીના ભાગરૂપ બનો છો.) જ્યારે તમારો સમય મુશ્કેલ હોય ત્યારે એ બધા તમારી સારી કાળજી કરે છે.

એટલે હું Starbucks માં જવાનું ચાલુ રાખું છું. મને એ સ્થળ ગમે છે. અને જો તમારે મને શોધવો હોય તો હું ત્યાં મળું, એક શાંત ખૂણામાં હું ચીટકીને બેઠો હોઉં, ઉચ્ચ ઉમરાવ જેવા (grande soy latte) મુખ ઉપર હાસ્ય અને મારા હૃદયમાં આનંદ સાથે – પ્રેમની લાગણી અનુભવતો.

૧૯

ના કહેતાં શીખો

દર વખતે કશાક માટે તમે હા કહો એ અગત્યનું નથી, પણ તમે ના કહો તે વધારે મહત્ત્વનું છે. "હા ભાઈ" અને "હા બહેન" એનાથી ક્યારેય કશું મહાન નીપજતું નથી. ના કહેવાથી સારું મેળવવાનું મૂલ્ય ઘણું મોટું છે.

કોઈ મિત્ર ગપ્પાં મારવા માટે કૉફી ઉપર મળવાનું કહે તો ના કહો. સાથે કામ કરતો કોઈ સહકાર્યકર નકારાત્મકતા અને નિરાશા ફેલાવવા માગતો હોય તો ના કહો. કોઈ સંબંધી તમારાં સપનાંઓને હસી કાઢતો હોય અને તમને પોતાને શંકાશીલ બનાવતો હોય તો ના કહો. કોઈક સામાજિક ઋણ તમારો સમય તમારા કામમાંથી ખેંચીને બગાડતો હોય તો ના કહો.

"દર વખતે કશાક માટે તમે **'હા'** કહો એ અગત્યનું નથી,
પણ તમે **'ના'** કહો તે વધારે મહત્ત્વનું છે."

બધા માણસો માટે તમે જ બધું છો એવું નથી. આપણામાં જે કાંઈ સારું છે તે છે. તમારી અગ્રિમતાઓ કઈ છે તે જાણો. તમારા ધ્યેયો કયા છે તે જાણો. માનવ તરીકે તમે સારું કાંઈક કરી શકો એ માટે તમારે કેટલાં અઠવાડિયાં, મહિનાઓ અને વર્ષોની જરૂર છે તે જાણો. પછી બીજા બધાને ના કહો. મને ખાતરી છે કે તમારી આજુબાજુ કેટલાક લોકો કદાચ સુખી નહીં હોય. બીજાઓની મંજૂરી મળે એટલા માટે તમે તમારું જીવન એ પ્રમાણે જીવશો કે પછી તમે તમારા સત્ય અને તમારાં સપનાંઓને ગોઠવશો?

૨૦

તમારાં વહાણોને બાળી નાખો

શક્તિશાળી વિચાર: મોટી સિદ્ધિઓ ઘણીવાર પ્રાપ્ત થાય છે, જ્યારે આપણી પીઠને દીવાલ પાસે ટટ્ટાર રાખીએ ત્યારે દબાણને કારણે તમારી સિદ્ધિઓનું મૂલ્ય ઊંચું થાય છે. જ્યારે ગરમી હોય ત્યારે તમારી શક્તિઓ બરાબર પરિશ્રમ એની મેળે જ કરે છે. તમે આમ તો ખરેખર જમીન ઉપર જ હો છો પણ જ્યારે તમારું સ્થાન વ્યગ્રતાવાળું બને ત્યારે તમને લાગે કે તમે હવે પાતળી ડાળી ઉપર છો. આવે વખતે તમારે માટે પડકાર એ સુંદર રીતે તમારામાં રહેલા શ્રેષ્ઠતાની બૌદ્ધિકતાની સેવા કરે છે. અહીં થોભી જાવ, અને આ વિચારને એક-બે મિનિટનો સમય આપો. નિરાંતનો સમય તમને સારા બનાવતો નથી. એવો સમય તમને સુસ્ત, આત્મસંતોષી અને મંદબુદ્ધિ કે જડ બનાવે છે. સુરક્ષિત જીવન દરમ્યાન ગણતરી જ કરતા રહીએ – એ કોઈને પણ કદી મોટા બનાવી શકે નહીં. એટલું છે કે દરેક વ્યક્તિ પોતાનો રસ્તો ઓછામાં ઓછો સહી શકે એવો બનાવે ખરો. અને હું સંમત છું કે સામાન્ય રીતે સ્ટ્રેસ લેવાનું કે જાણી જોઈને ખાસ પડકાર ફેંકીને પોતાની જાતને ઝળકાવવાનું કોઈને ગમે નહીં. સાથે એ પણ છે કે મોટાઈ એમને એમ સામાન્ય રીતે નથી આવતી. (મહાત્મા ગાંધી, બીલ ગેટ્સ, Oprah Winfrey, Mother Teresa, Albert Schweitzer, Andy Grove and Thomas Edison – આ લોકો કોઈ જુદી જ જાતના પગલે ચોક્કસપણે આગળ વધ્યા છે – ભગવાનનો આભાર).

હું પ્રસિદ્ધ સંશોધક Hernando Cortes ની વાર્તાને ક્યારેય ભૂલ્યો નથી. મેક્સિકોના, Veracruz ના કિનારે ઊતર્યો, ૧૫૧૯માં. સ્પેનની ભૂમિ જીતવા માટે એના લશ્કરને લઈને ગયો. ટેકરા ઉપર યુદ્ધ કર્યું. આક્રમક દુશ્મન, જંગલી રોગ અને ઓછામાં ઓછાં સાધનો. જેવા તેઓ યુદ્ધ માટે જમીન ઉપર આગળ વધ્યા, Cortes એ એના એક લેફ્ટેનન્ટને હુકમ કર્યો કે કિનારા ઉપર પાછા જાઓ અને એક જ સૂચના આપી! “આપણી બોટોને બાળી નાખો” મારા દયાળુ ભાઈ.

“પડકાર, તમારામાં રહેલી **શ્રેષ્ઠતા** ને અને
સૌથી વધુ તમારી બૌદ્ધિકતાની **સુંદર**
સેવા કરે છે.”

કામની જગ્યાએ અને જીવનમાં વધારેમાં વધારે દરરોજ કેટલુંક બતાવી શકો – જો એમાં સુરક્ષા જેવો વિકલ્પ ના હોય તો?

તમે ઊંચે પહોંચીને પણ કેટલે ઊંચે પહોંચી શકો, વધારેમાં વધારે કેટલી હિંમત તમે કરી શકો, તમે કેટલું સખત કામ કરી શકો અને જો તમે જાણ્યું હોય તો કેટલું વધારે જીવી શકો "કે તમારી બોટો સળગી રહી છે." એ અસફળતાની શક્યતા નથી? હીરાનો ઘાટ સખત દબાણથી ઘડાય છે. અને વિલક્ષણ માણસો સંદર્ભની ફ્રેમમાં કપરી કસોટીવાળું જીવન જીવીને, તેમને જીતવાનું હોય છે.

૨૧

ઝડપથી નેતાઓ વધારો

કંપનીઓને મદદરૂપ થવા માટે અમે એક ટ્રેઈનિંગ પ્રૉગ્રામ આપીએ છીએ, જેથી તેમને વિશ્વકક્ષાની માર્કેટમાં જગ્યા મળે તેને Grow The Leader ' કહે છે. વિશ્વની બીજી સંસ્થાઓ સાથે NASA અને ફાર્મસીની મોટી Wyeth સહિત અમારી આ અદ્વિતીય પ્રક્રિયાનો ઉપયોગ કર્મચારીઓને રોકવામાં સંસ્કાર વધારવામાં નાટકીય રીતે જાહેરાતો કરી દેખાવ કરે છે અને એ રીતે બિઝનેસને ઉત્કૃષ્ટ રીતે રજૂ કરી પરિણામ લાવે છે. '*Grow The Leader* ' એ સાદા પણ શક્તિશાળી વિચાર ઉપર રચાયેલો છે. (અંતે તો તમારું સાહસ હરીફાઈનો લાભ વ્યક્તિ સુધી લઈ આવે છે – તમારી શક્તિ એ રીતે વધે છે અને લીડરોનો વિકાસ હરીફાઈ કરતાં વધારે થાય છે.) વ્યક્તિગત રીતે વધુ ઝડપથી કંપનીનો માણસ નેતાની અદાથી દાખલા દલીલથી સ્પષ્ટ રજૂઆત કરશે – એમની પોઝિશનની ચિંતા કર્યા વિના – જેથી તમે તમારા ક્ષેત્રને વધુ ઝડપથી આગળ દોરી શકશો. તમારી દોડ નેતાઓને ઝડપથી વધારવા અને વિકાસ કરવો એ “નેતાગીરીની સંસ્કૃતિ” (Culture of Leadership) તમારી હરીફાઈ કરતાં પહેલાં કરશે.

આ લીડરશીપનો સંસ્કાર એવો છે કે દરેક જણ પોતે માલિક હોય એમ વિચારશે, CEO ની જેમ અથવા તો મેનેજિંગ ડિરેક્ટરની જેમ. પ્રત્યેક વ્યક્તિ નવા ધંધામાં જાણે કે સાહસિક અને સક્રિય બનશે. એનો અર્થ એવો છે કે પ્રશ્નો (Problem) કરતાં વધારે તેઓ એના નિરાકરણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે. આનો અર્થ એ છે કે ગમે તે ભોગે તેઓ ગ્રાહકોને પ્રસન્ન રાખશે. એનો અર્થ એ છે કે ગમે તે ભોગે તેઓ ગ્રાહકોને પ્રસન્ન રાખશે. એનો અર્થ એવો પણ છે કે તેઓ જાતે જ વેચાણ માટે ચિંતા કરશે અને વસ્તુની કિંમત કેમ ઓછી કરવી એમાં ભાગ ભજવશે. એનો અર્થ એવો છે કે તેઓ વ્યક્તિગત રીતે એ જવાબદારી એમની છે એમ માનશે અને પરિણામ મેળવવા માટે બિઝનેસને આગળ વધારશે. (પછી તો મેઈલરૂમમાં (Mail room) કામ કરતા હોય કે બોર્ડની રૂમમાં બેઠા હોય). આનો અર્થ એ છે કે એક સંસ્કાર ઘાટ આપશે, હકારાત્મક રહેશે અને ઉદાહરણ રૂપે દોરવણી આપશે. અમે અમારા ગ્રાહકોમાં નેતૃત્વનો સંસ્કાર સર્જ્યો છે, અને નોંધપાત્ર રીતે કોઈ પરિણામ ઓછું આવ્યું નથી.

“અંતે તો તમારા સાહસની હરીફાઈનો **લાભ**
તો વ્યક્તિ સુધી આવે છે – તમારી શક્તિ એ રીતે
વધે છે અને **લીડરો** નો વિકાસ હરીફાઈ કરતાં

ઝડપથી વધારે થાય છે.”

હું પ્રાર્થના કરું છું કે હું સ્પષ્ટ છું: હું એમ નથી કહેતો કે દરેક જણે CEO કે મેનેજિંગ ડિરેક્ટરનું કામ કરવાની જરૂર છે. નેતાગીરી બતાવવી એનો અર્થ એવો નથી કે દરેક કર્મચારી સંસ્થા ચલાવે. જો એમ થાય તો અરાજકતા તરફ દોરી જાય. બિઝનેસની જરૂરિયાત એ છે કે કોઈક એક વ્યક્તિ દષ્ટિપૂર્વક એની વ્યવસ્થા ગોઠવે અને પછી આખી ટીમને દોરવણી આપે. આ વિષે હું સૂચન કરવા માંગુ છું કે તમારી ટીમના બધા લોકોએ જાણવાની જરૂર છે કે તેમનો રોલ શું છે અને પછી એ રોલને સંપૂર્ણપણે વળગી રહીને બતાવે – જેમ લીડર કરે છે તેમ – અને પછી તેઓ – જ્યારે વિચારે, અનુભવે અને નેતાની જેમ કામ કરે – એમાંથી સારી વસ્તુ નીપજી આવશે. અને તરત જ તમારી સંસ્થા મહાનતા પ્રાપ્ત કરશે.

૨૨

તમારો ચાર મિનિટનો માઈલ

તત્ત્વજ્ઞાની Arthur Schopenhauer (આર્થર શોપનહોવર) એ એકવાર ધ્યાનથી જોયું: "મોટા ભાગના લોકો તેમની જે દષ્ટિની મર્યાદા હોય છે એને જ વિશ્વની મર્યાદા માની લે છે. થોડા લોકો એમાં જોડાતા નથી." **પ્રગાઢ બુદ્ધિવાળો મુદ્દો** : જીવન આ ક્ષણે તમે જેવું જુઓ છો, એવું જ જીવન ભવિષ્યમાં હશે એ કાંઈ અનિવાર્ય નથી. શક્ય છે કે તમે જે વસ્તુઓ તમારી આંખે જોતા હો તેમાં તમારો ભય, મર્યાદાઓ અને ખોટી ધારણાઓ પણ હોઈ શકે. એકવાર કાચની બારી ઉપરના ડાઘાઓને ચોખ્ખા કરી નાખો પછી એમાંથી જગતને જુઓ, ધારો શું હશે? એક આખી નવા પ્રકારની શક્યતાઓનો સેટ દેખાશે. યાદ રાખો, આપણે વિશ્વને જેવું છે તેવું નથી જોતા પણ આપણે જેવા છીએ તેવું જોઈએ છીએ. દશ વર્ષ પહેલાં આ વિચારે મારું જીવન બદલી નાખ્યું, જ્યારે હું નિરાશ થયેલો વકીલ હતો અને સારું જીવન જીવવાનો રસ્તો શોધતો હતો.

૧૯૫૪ પહેલાં એવું માનતા હતા કે કોઈપણ દોડવીર ચાર મિનિટે માઈલની રેખાને તોડી શકે જ નહીં. પણ Roger Bannister એ એ રેખા તોડી પછી ઘણા બધાએ આ વીરતાના કાર્યની નકલ કરી – માત્ર થોડા અઠવાડિયામાં જ. શા માટે? કારણ કે એણે લોકોને બતાવ્યું કે શું શક્ય છે. એ બધાને એક નવો સંદર્ભ મુદ્દો મળી ગયો. અને પછી માન્યતાના આ શસ્ત્ર સાથે લોકોએ અશક્ય કરી બતાવ્યું.

ચાર મિનિટમાં માઈલ એ શું છે? તમે તમારી જાતે જે માલ કયા ભાવે વેચ્યો એમાં શું અશક્ય હતું? તમે કેવી ખોટી ધારણાઓ રાખતા હો છો, જે તમારી પાસે હોય જ નહીં, એકવાર કરો અને પછી? તમે જે વિચારો છો તેવું જ વાસ્તવમાં ઊભું કરો છો. તમારી માન્યતાઓ ખરેખર આત્મસંતોષી ભવિષ્ય ભાખે છે (કારણ કે તમારી માન્યતાઓ તમારાં કર્મોને ચલાવે છે – તમારા વિચારની સાથે જે એક કતારમાં ગોઠવાતું ના હોય એવું કર્મ તમે કદી કરો જ નહીં: તમારા વિચારની જે કક્ષા હોય એનું જ પ્રતિબિંબ તમારા જીવનની કક્ષા બની રહે). જો તમે કંઈક એવું વિચારો કે મારા જીવનમાં આ બને જ નહીં, પછી કોઈપણ રીતે તમે પેલો આદર્શ વાસ્તવમાં પરિણમે એવું કોઈપણ જરૂરી કર્મ કરો જ નહીં. તમારો "અશક્ય વિચાર" એની મેળે જ સ્પષ્ટ પ્રગટ થાય. આપણી માની લીધેલી મર્યાદાઓની સાંકળ જ તમને મહાન થતાં અટકાવે છે, હકીકતે તમે મહાન થવા સર્જાયેલા છો. તમે ઘણા બધા સારા છો જ. મહાનતા પામેલા ન્યુરોસર્જન Ben Carson એ સુંદર રીતે વ્યક્ત કર્યું છે, કહે છે: "સામાન્ય માણસ જેવી કોઈ વસ્તુ જ નથી: જો તમારું મગજ સર્વસામાન્ય હોય તો તમે શ્રેષ્ઠ જ છો."

“જો તમે કંઈક એવું **વિચારો** કે મારા જીવનમાં આ બને જ નહીં, પછી કોઈપણ રીતે તમે પેલો આદર્શ **વાસ્તવમાં** પરિણમે એવું કોઈ પણ જરૂરી કર્મ કરો જ નહીં, તમારો “અશક્ય વિચાર” એની મેળે જ પ્રગટ થાય.”

૨૩

નવા ખ્યાલનું સર્જન

તમે સપનું કેવી રીતે મોટું કરી શકો? તમે કેટલી ઝડપથી ચાલી શકો? તમે નિષ્ઠુર થઈને કેટલા સુધરી શકો? નવેસરથી સુધારા કરવાના વિષયમાં હું Apple નો વિચાર કરું છું, "ગાંડપણની હદ સુધીની વિશાળ" વસ્તુઓ તેઓએ વિશ્વને સમર્પિત થઈને આપી છે. મારી દીકરીને હમણાં જ મેં ipod લાવી આપ્યો. આશ્ચર્યકારક રીતે એટલી બધી દઢાગ્રહી થઈને તેણે માગણી કરી – સ્માર્ટ છોકરી. એવા ઠાઠથી એણે ipod પસંદ કર્યો: The Shuffle , માન્યામાં ના આવે એવો sleek Nano, U 2 Verson of the ipod . એમનાં સર્જનની (Product) જબરદસ્ત સફળતા અને શ્રેષ્ઠ (Lavrel) ગૌરવ પ્રાપ્ત કર્યા પછી અટકી જવાને બદલે Apple નવા સુધારા કર્યા જ કરે છે, કંઈક હજુ વધારે સારા માટે ઊંચે પહોંચવા.

Young Presidents, Organization માટે એક રાત્રે મેં વ્યાખ્યાન આપ્યું. લીડરશીપ વિશે વાત કરી અને એમાં સારામાંથી ઉત્તમ કેવી રીતે મેળવી શકાય, એની ચર્ચા કરી. કંપનીઓ એમના કોર્સમાં થોડાક સુધારા કરે અને થોડાક સાદા ફેરફાર કરે તો તેઓ અદ્‌ભુત સફળતા મેળવી શકે. એમાંથી એક યુવાન સાહસિક મારી પાસે આવીને વાત કરવા લાગ્યો. મેં એને પૂછ્યું કે તમે જીતવા માટે કયો ઉત્તમ વિચાર અહીં શીખ્યા. "હંમેશાં નવા ખ્યાલનું સર્જન કરવાનું, એમણે જવાબ આપ્યો."

બરાબર છે લીડર તરીકે (કામની જગ્યાએ, ઘરમાં, કે પછી તમારા સમાજમાં) તમારે એકલાએ જ કામ કરવાનું છે. લીડરની સાચી વ્યાખ્યા એ છે કે તમે એકલા જ આગળ છો – બીજું કોઈ સાથે નથી. જે ક્ષેત્રમાં ઓછા લોકો હોય એ રસ્તે જાવ. જગતમાં પરિણામની જવાબદારી લેવાની હોય તો ઠપકાને પ્રેમ કરો અને જવાબદારી નકારો. શક્યતાઓ તમે જોતા હો, બીજું કોઈ હજુ સુધી સપનું જોતો નથી, તો વસ્તુ જેવી હોય એને પડકાર આપો. જો તમે ટોળામાં હો અને બીજાઓની જેમ વિચારતા હો કે બીજાઓની જેમ વર્તન કરતા હો, તો તમે કોઈ દિવસ લીડર નહીં બની શકો – તમે માત્ર અનુયાયી બનશો અને તેમાં મઝા નહીં આવે.

"યાદ રાખો, **બધા** મોટા લીડર (અથવા દષ્ટા અથવા બહાદુર વિચારક) પહેલાં તો હાસ્યાસ્પદ બને છે, હવે તેઓ **પૂજ્ય** કે આદરણીય હોય છે."

એટલે પરબીડિયાને ધકેલ્યા કરો. કોઈપણ વસ્તુ દૂરથી પણ સામાન્ય કક્ષાની લાગે તો સ્વીકાર કરશો જ નહીં. (નકારી દેજો) જે તમને સામાન્યમાં બાંધી રાખે એવી સાંકળને જતી કરી દેજો. અને અચૂક ચોક્કસ ટોળાને છોડી દેજો. જો તમે ટોળાને અનુસરશો તો તમે એવા સ્થળે પહોંચશો જ્યાંથી તમારે બહાર જ નીકળવું પડશે. તમારા ભલા માટે ટટાર એકલા ઊભા રહેજો. એકદમ શ્રેષ્ઠને જ કબૂલ કરજો. મજબૂત સુધારકવાદી બનો અને તમારા જુસ્સાને ખભા ઉપર બેસાડજો. (બાવડા ઉપર બેસાડજો). લોકો તમને જુદા અથવા વિચિત્ર અથવા કદાચ ગાંડાઘેલા કહેશે. પણ મહેરબાની કરીને યાદ રાખજો, બધા મોટા નેતાઓ (અથવા દૃષ્ટાઓ અથવા બહાદુર વિચારક) પહેલાં તો શરૂઆતમાં હાસ્યાસ્પદ બને છે. પછી તેઓ પૂજ્ય અને આદરણીય બને છે.

૨૪

મૃત્યુની નોંધો અને જીવનનો ધર્મ

મને ૪૧ વર્ષ થયાં છે. એટલે હવે હું અર્ધે પહોંચ્યો છું. ધારું છું કે હું ૮૦ વર્ષ સુધી જીવીશ (અને આ એક મોટી ધારણા છે કારણ કે હું જાણું છું કે તમે જીવનમાં એટલું માનો છો કે જીવન વિષે કશું ધારી શકાય નહીં.) હું અર્ધે રસ્તે છું – હું મારા જીવન માટે અર્ધે રસ્તે છું એમ સાહસને કારણે કહું છું. આ દિવસોમાં હું જરા વધારે આધ્યાત્મિક થવા માંડ્યો છું. મારો સમય ઓછામાં ઓછો બગડે એવું હું ઇચ્છું છું. નકારાત્મક માણસોને ઓછું સાંભળવા ઇચ્છું છું. પ્રેમ કરવાની તકને ગુમાવવાની ઈચ્છા નહિવત્ છે, બીજા માનવ કરતાં સિદ્ધાંત સમર્થક છું, મારાં સપનાંઓની નજીક મારે પહોંચવું છે, અથવા નૈસર્ગિક આનંદ થોડો જોઈએ છે. વળી હમણાંથી મેં મૃત્યુ નોંધો વાંચવાની શરૂ કરી છે.

જ્યારે બીજા લોકો જીવન કેવું જીવ્યા એ હું વાંચું છું, ત્યારે મને સંકેત મળ્યો કે જીવનમાં સૌથી અગત્યનું શું છે. ખરેખર સારી રીતે જીવન જીવ્યા હોય એમની મૃત્યુનોંધોની વસ્તુમાં એકસૂત્રતા છે તે મેં શોધ્યું છે. કુટુંબ, મૈત્રી, સમાજમાં આપેલો સહકાર નોંધનીય છે. નાનાં કામો દ્વારા બતાવેલી નમ્રતા, દયાળુપણું, અને પ્રેમ. ગણતરીપૂર્વક લીધેલાં જોખમોની પણ જરૂરિયાત હોય છે. હજુ મારે એવી મૃત્યુનોંધો વાંચવાની છે જે કહે છે, "તે ભાઈ ઊંઘમાં જ શાંતિપૂર્વક મૃત્યુ પામ્યા ત્યારે આજુબાજુ એમનો વકીલ, એમનો સ્ટોકબ્રોકર અને એમનો હિસાબનીશ હતો." ના, મોટા માણસો બધા કહે છે હે તેમના ચાહકો તેમની પાસે હતા અને મૃત્યુ પામનારનો પ્રભાવ એટલો હતો કે આખું વિશ્વ તેમની આસપાસ હતું.

સુંદર જીવન જીવવા માટે હું સૂચન કરું છું કે તમારે એવી જાતના પ્રશ્નો પૂછવાની જરૂર છે કે જેને લીધે તમે ઊંડું વિચારી શકો અને એમાં સૌથી વધુ તમને જે ગમ્યું હોય એની સાથે તમે જોડાઈ શકો. ઘણાં અસાધારણ માણસો સાથે સફળ કૉચ તરીકે કામ કર્યું ત્યારે મને ખબર પડી કે તેઓ આપણાં કરતાં વધારે ચિંતન કરે છે. એટલે પ્રગાઢ જ્ઞાનની ગંભીરતાવાળા પ્રશ્નો પૂછો. સારા પ્રશ્નો શ્રેષ્ઠ જવાબો તરફ લઈ જશે અને વધારે સ્પષ્ટતા થશે. અને મોટી સ્પષ્ટતા એ સફળતાનું પ્રમાણ અને વ્યક્તિગત મહાનતાનું DNA છે.

"મારે હજુ એવી **મૃત્યુનોંધો** વાંચવાની છે જે કહે છે,
'તે ભાઈ ઊંઘમાં જ મૃત્યુ પામ્યા ત્યારે આજુબાજુ
એમનો વકીલ, એમનો સ્ટોકબ્રોકર અને એમનો

હિસાબનીશ હતો.”

અહીં પાંચ મોટા પ્રશ્નો આપું છું. મને આશા છે કે, એને કારણે તમે ઊંડા ઊતરશો અને વધારે આધ્યાત્મિક બનશો, જેની કિંમત તમારા જીવનમાં સાચે જ વધારે હશે. મોટા ભાગના લોકો મૃત્યુના સમય સુધી, કેવી રીતે જીવવું એ શોધી શકતા નથી. પણ પછી તો ઘણું મોડું થઈ ગયું હોય છે. આજે જ તમારી જાતને આ પાંચ પ્રશ્નો પૂછો. એના જવાબો તમારી ડાયરીમાં લખો. એના વિષે વાતો કરો. એના વિષે વિચારો. કલ્પના કરો કે આજે જ તમારા જીવનનો છેલ્લો દિવસ છે અને તમે મૃત્યુશય્યા ઉપર સૂઈ રહ્યા છો. પછી તમારી જાતને પૂછો:

(૧) મેં મોટાં સપનાં જોયાં છે?

(૨) હું પૂર્ણ જીવન જીવ્યો છું?

(૩) હું જતું કરવાનું શીખ્યો છું?

(૪) મેં સારી રીતે પ્રેમ કર્યો છે?

(૫) હું પૃથ્વી ઉપર ચાલ્યો ત્યારે કચડીને ચાલ્યો કે હળવે પગલે અને મેં જેવી જોઈ એના કરતાં વધારે સારી કરીને છોડી?

મારી આશા એવી છે કે જવાબો તમને વધારે શ્રદ્ધા, લાગણી અને આનંદ સાથે જીવવામાં મદદ કરશે. સ્પષ્ટતા ખરેખર તમને સફળતા માટે આગળ લઈ જશે. લક્ષ્ય તમે જોયું ના હોય ત્યાં સુધી પ્રહાર કરી શકો નહીં અને ખરેખર આપણે અહીં લાંબા ગાળા સુધી નથી પછી ક્યારે એના વિશે વિચારીશું. તમે એ જાણશો ત્યાર પહેલાં આપણે બધા માટી થઈ જઈશું. એટલે હમણાં જ તમારામાં જે અંતર્હિત શક્તિ છે તે જીવો. ચાઈનીઝ સુંદર રીતે આ કહે છે: “વૃક્ષને વાવવાનો ઉત્તમ સમય ૨૦ વર્ષ પહેલાં હોય છે. પણ બીજો ઉત્તમ સમય એ આજ છે.”

૨૫

નેતાગીરી એ પ્રસિદ્ધિ માટેની હરીફાઈ નથી

અહીં એક વિચાર છે, શક્ય છે કે તમારી આખી કારકિર્દીમાં પરિવર્તન લાવે (તમારા જીવનમાં પણ પરિવર્તન આવે): નેતા હોવાને નાતે (અને મારા મનમાં, આપણામાંના દરેક જણની એક ફરજ છે કે દરરોજ નેતાગીરી બતાવવી જોઈએ – નામના કે સ્થાનની દરકાર કર્યા વિના: એ ગમતું હોવાનો પ્રશ્ન નથી. એ એટલા માટે કરવાનું છે કે એ સાચું છે. ઘણા બધા નેતાઓ સંઘર્ષથી ગભરાતા હોય છે – એવા લોકોએ તો સ્થાન ટકાવી રાખવા માટે લોકપ્રિય અને આગળ વધવા માટે સ્થિર થવું જરૂરી છે. તેઓ પીંછાં આઘાંપાછાં કરવાં તે તરંગો ઊભા કરવાનો તિરસ્કાર કરે છે. તેઓને પોતાના કોકડામાં રહેવાનું ગમે છે એટલે એમને અસલામતી અને અસ્વસ્થતા નથી ગમતાં. પણ મોટા નેતાઓ અલગ પ્રકારના હોય છે. તેઓ ભય વિના કઠણાઈઓને બોલાવે છે. તેમને સત્ય લાગે તે બોલે છે. તેઓ તેમની જાતે આગળ દોડે છે, સાચા નિર્ણયો કરે છે અને લોકોના અભિપ્રાયની બહુ ઓછી ચિંતા કરે છે. તેઓ કર્મમાં હિંમતવાળા હોય છે.

કાળજી લેનારા અને સન્માનીય લોકો વિશે હું બોલું છું અને લખું છું પણ ઘણું. તમારા માણસોને સારી રીતે રાખો તો તેઓ પણ ગ્રાહકો સાથે સારી રીતે વર્તશે. એમાં બહુ બુદ્ધિની જરૂર નથી. માણસોને એમના ધ્યેયો પ્રાપ્ત કરવામાં મદદ કરો પછી તેઓ રાજીખુશીથી તમને મદદ કરશે અને મતારા થઈને રહેશે. આ મૂલ્યને હું મારી કબર સુધી લઈ જવા માંગુ છું. લોકોમાં જે સારું છે તે જુઓ અને તમે જે બહુ કરુણામય વ્યક્તિને જાણતા હો તેના જેવા બનો. પણ દયાળુ થવું એનો અર્થ એવો નથી કે નબળા થવું. સારા માનવ થવું એનો અર્થ એવો નથી કે તમારે સંજોગો પ્રમાણે મજબૂત અને હિંમતવાળા થવાની જરૂરિયાત નથી. મેં ક્યારેય એકવાર પણ આવું સૂચન કર્યું નથી. અસાધારણ – વિલક્ષણ – નેતૃત્વ એ કોમલ છતાં કઠોર (બન્નેનું વચ્ચેનું સમત્વ છે) દયાળુ છતાં હિંમતવાન, થોડા સાધુ અને થોડો સૈનિક, મિત્ર છતાં મક્કમ. (સહેજ આડ વાત કરું, તમને મદદ કરવા કે વિશ્વકક્ષાએ પહોંચવા માટે ધંધાકીય રીતે અને વ્યક્તિગત રીતે, મેં શ્રેષ્ઠ-વિચારો માટે અને અપવાદ રૂપે એક વ્યાવહારિક oractical ઓડીઓ audio જ્ઞાન માટે એક પ્રોગ્રામ રચ્યો છે જે Extraordinary Leadership નામે બહાર પાડ્યો છે, એમાં ઉત્તમ વિચારો અને વિષયો આપેલા છે. મારા તરફથી તમને આ નજરાણું (gift) છે તમે એ એની રજૂઆતને download વિનામૂલ્યે at robinsharma.com ઉપરથી કરી શકશો.

બધા ઉત્તમ નેતાઓ નિષ્પક્ષ તટસ્થ અને જે સાચું છે તે જ કરે છે અને પરિણામો મેળવે છે. અને એટલે જ આ નમ્ર સૂચન કરવાનું મન તમારા સુધી લઈ આવે છે. લોકપ્રિય

કામ કરવા કરતાં જે સાચું છે તેવું કામ કરો. સામાન્ય રીતે જે કઠિન હોય તે કરો તે ઉત્તમ છે. મહેરબાની કરીને યાદ રાખો. અઘરા નિર્ણયો કરો. દક્ષિણ આફ્રિકાના મહાકાય ગીધ જેવું બોલો. (આ ગીધની ખાસિયત છે કે ચોખ્ખું અને મીઠું બોલે છે.) જ્યારે ઊતરતી કક્ષાનો દેખાવ કરે ત્યારે એ લોકોએ પણ જાણવું જોઈએ કે તેઓ ઊતરતી કક્ષાનું કરે છે. તમારા જે સુપરસ્ટાર હોય તેમને કહો કે તમે તેમને કેટલો પ્રેમ કરો છો. માત્ર સાચા બનો.

"**નેતા** થવું એ ગમે એવું જ કરવું એવું નથી.
પણ **સાચું** શું છે તે કરવું, એ છે."

જ્યારે તમે એક સ્થાન ઉપર હો અને દોરવણી આપતા હો, સત્ય, ન્યાય, તટસ્થ અને શ્રેષ્ઠ હો, ત્યારે તમારી ટીકા કરવાવાળાઓ પણ હોય. એની ચિંતા કોણ કરે? મેં કોઈ એવો ટીકાકાર જોયો નથી જે મરણપથારી સુધી દેખાડો કરે. મારો મિત્ર Dan Sheehan , 'Whin Plus ' નામથી જાણીતી મોટી કંપની લોસ એન્જેલસની બહાર ચલાવતો, તેની સાથે મેં લીડરશીપના વિકાસકામ માટે સાથે કામ કર્યું હતું, એણે મને એકવાર આ કહ્યું હતું: "મહાન માણસો પથ્થરમાંથી સ્મારકો બનાવે છે, એમના ટીકાકારો પથ્થરો એમના ઉપર નાંખે છે." સુંદર મુદ્દો છે. ચતુર માણસ જો મેં મારા બધા ટીકાકારોનું સાંભળ્યું હોત, તો હજુ સુધી હું ડેસ્કમાં પુરાયેલો દુઃખી વકીલ જ હોત. ઈશ્વરનો આભાર કે હું એવો રહ્યો નથી.

૨૬

તમે સાધુ છો?

જે વિશ્વમાં આપણે રહીએ છીએ એમાં "evangelist "નો અર્થ નકારાત્મક થાય છે. (ઈસુ ખ્રિસ્તનાં બોધવચનોનાં ૪ ગ્રંથો પૈકીનો ગમે તે એકનો લેખક) પણ અર્થની દષ્ટિએ એની વ્યાખ્યા સાદી છે, જે સારા સમાચારને ફેલાવે છે તે, સાધુ એમાંનો કોઈ મોટા વિચાર અથવા કોઈ કારણસર ક્રોધી કે કામલોલુપ થયો હોય અને એ અટકી ગયો હોય અને પછી એ પોતાના પાછલા દિવસોમાં ચાલી નીકળ્યો હોય અને પછી જે વાતો ફેલાવે એ (virus) ચેપી હોય. એમાંથી કોઈ કંઈક મહત્ત્વના કામમાં જોડાઈ ગયો હોય, પછી એ બધાં વિશે વિચારે, સપનાંઓ જુઓ અને એ વિશે વાતો કરે. આમ તો એ માણસ છે વળી સમજશક્તિવાળો છે – નાના કેન્દ્રમાં રહેનારો – જેને Dr. Martin Luther King Jr. માને છે, જ્યારે એમણે કહ્યું: "જ્યારે તમે કાંઈક શોધી શકો નહીં, એને માટે તમે મરી જવાનું ઇચ્છો, ત્યારે તમે જીવવા માટે યોગ્ય નથી." આ મુશ્કેલીઓથી ભરેલા અને અચોક્કસ વિશ્વમાં આપણને વધારે સારા સમાચાર ફેલાવે એવા ખ્રિસ્તના પ્રચારકોની વધારે જરૂર છે: માણસો મોટી વસ્તુઓ કરે છે, તેમનાં કર્મો જીવનને આશીર્વાદ આપે છે, મોટું પરિવર્તન કરે છે.

મોટાભાગના લોકો મહાનતા માટેના આવેશ વખતે ક્યાં જાય છે? આપણાંમાંના ઘણાને આવેશો હોય બાળક જેવા. આપણે મોટા હીરો, અવકાશયાત્રી, સૌથી ઊંચા કવિ અને ચિત્રકાર થવું હતું. આપણે દુનિયાને બદલવી હતી. પર્વતના સૌથી ઊંચા શિખર ઉપર ઊભા રહેવું હતું અને પુષ્કળ આઈસ્ક્રીમ ખાવો હતો. પછી આપણે જ્યારે મોટા થયા, જિંદગીએ આપણા ઉપર એનું કામ કરવાનું શરૂ કર્યું, બીકણ માણસોએ આપણાં સપનાંઓ ઉપર અસ્પષ્ટ હાસ્ય કરવા માંડ્યું. નિરાશાઓએ દેખાવાનું શરૂ કર્યું. જિંદગીએ આપણને જોરદાર ઘા આપવાના શરૂ કર્યા, અને આપણે પ્રચારને ખરીદવાનું શરૂ કર્યું, એ કહે છે કે આપણે બહું મોટું વિચારવું નહીં. બહુ ઊંચે પહોંચવું નહીં અને વધારે પ્રેમ કરવો નહીં. એ વિશે વિચારતાં જ મારું હૃદય ભાંગીને ભૂકો થઈ જાય છે. પણ બરાબર એવું જ બનીને ઊભું રહે છે.

તમારો ઈરાદો પ્રસિદ્ધિ મેળવવાનો છે. હું પણ તે તીવ્રપણે માનું છું. એને માટે તમે કંઈક કારણ શોધો છો, એ મુખ્ય ધ્યેય છે, એ તમારા ભાગ્યને ચલાવશે અને તમને જઠર સહિત શરીરના અંદરના અવયવો સુધીના સ્તર સુધી લઈ જશે અને પરોઢિયું થતા સુધીમાં તો તમારા પેટમાં અગ્નિ પ્રગટશે અને તમને ઊભા કરી દેશે. તમે જે શોધવા માંગતા હતા કે તમારું જીવન શાને માટે છે એ જિજ્ઞાસા તમને ખાઈ જશે અને અંત સુધી પહોંચાડશે, જ્યાં કંઈક એટલું સુંદર અને અર્થપૂર્ણ હશે એને માટે તમે બંદૂક લેશો. એનો અર્થ એવો છે

કે વિકાસ કરતા લોકો કામના સ્થળે તમને મદદ કરશે અને એમનામાં રહેલી ઊંચામાં ઊંચી આંતરશક્તિથી તેઓ જીવશે. એનો અર્થ એવો થશે કે જે સુધારક છે એને તમારા ગ્રાહકોનું ઘણું મૂલ્ય છે અને એ કાંઈક (cool) સારી વસ્તુ જગતને આપશે. તમારું જે કારણ હતું તે શક્ય છે કે તમારી કોમ્યુનિટીને તમે ઊંચે લઈ જવામાં જોતરાઈ જશો અથવા તો જરૂરિયાતવાળા લોકોને મદદ કરશો. હમણાં મેં થોડા વખત ઉપર એક વકીલ વિશે વાંચ્યું, કે યાત્નાનો ભોગ બનેલા એક ગ્રુપનું પ્રતિનિધિત્વ તે કરતો હતો. તેણે કહ્યું કે હું એમની સેવા કરવા માટે બધું જ છોડી દઈશ જ્યાં સુધી મારી આંખમાંથી લોહી વહી જશે ત્યાં સુધી. પરાકાષ્ઠા છે ને? હોઈ શકે. સાધુ હશે? નિશ્ચિત.

“તમે અહીં કંઈક **કારણ** શોધતા હતા,
એ મુખ્ય ધ્યેય છે, એ તમારા ભાગ્યને ચલાવશે,
અને તમને જઠર સહિત શરીરના અંદરના **અવયવો**
સુધીના સ્તર સુધી લઈ જશે અને પરોઢિયું થતાં સુધીમાં
તો તમારા પેટમાં **અગ્નિ** પ્રગટશે.”

હું સાધું છું. કોઈને પણ પૂછશો, જે મને ઓળખે છે, અને એ લોકો તમને કહેશે કે મારો પ્રાણવાયુ માનવને મદદ કરવા માટે દોરે છે, કોઈપણ જાતના મોટા નામ વિના કે ખિતાબ વિના સંસ્થાઓને વિશ્વકક્ષા સુધી પહોંચાડે છે. હા, મારે પણ કપરા દિવસો હતા – મને કોઈકે શોધી કાઢ્યો, એ અત્યારે નથી. પણ મોટેભાગે તમે મને પૂર્ણ ઉત્સાહિત, ઊંચી શક્તિ અને મારો સંદેશ આનંદથી ફેલાવું છું. હું તમારા કરતાં કાંઈ વિશેષ છું? બિલકુલ નહીં. મને મારું ધ્યેય મળી ગયું છે. તમે સાધુ થઈ શકો છો.

તમારા જીવનમાં શું કરવું સૌથી મહત્ત્વનું છે એ વિશે હું કશું જાણતો નથી. એ તમારે શોધી કાઢવાનું છે. (થોડું ઊંચું ચિંતન, આત્મનિરીક્ષણ અને આત્મખોજ: એ નોંધપોથીમાં લખી રાખવું એ શાણો વિચાર છે.) પણ હું આ જાણું છું: જ્યારે તમે કોઈ ધ્યેય માટે તમારું જીવન સમર્પણ કરશો, તમે દરરોજ સવારે જાગશો ત્યારે મેં જે નોંધ્યું છે કે તમારા પેટમાં અગ્નિ પ્રગટશે પછી તમને સૂઈ રહેવું નહીં ગમે, પછી તે કરવા માટે તમે પર્વત પણ હલાવી નાંખશો. આંતરિક સંતોષની જે સમજ તમે શોધી તે શક્ય છે કે તમારા જીવનમાં ખૂટતું હશે. અને હવે એ સંદેશ કોઈપણ સાંભળશે તેને તમે ધર્મ-ઉપદેશ આપી શકશો.

૨૭

કિમોનોની અંદર રહીને મારી ઉત્તમ કાર્યવાહી
(કિમોનો – જાપાની લોકોનો એક જાતનો ઢીલો ઝભ્ભો)

તમે ઝળકી ઊઠો એ માટે હું તમને જરા મદદ કરવા ઇચ્છું છું. તમે તમારી મોટાઈ મેળવો એ માટે હું તમને મદદ કરું છું, એ મારા કામના ભાગ રૂપે કરું છું, એ માટે હું ખરેખર કાળજી રાખું છું. તમે તમારા કામમાં શ્રેષ્ઠતાએ પહોંચી શકો એ માટે તમને મદદ કરું છું. તમે ઘરમાં સુખ શોધી શકો એ માટે મદદ કરું છું. તમારી એક છાપ ઊભી થાય માટે મદદ કરું છું. એમાં મારું વળતર? સારું, જ્યારે તમે ઉત્તમ જીવન મારી મદદથી જીવો, મને અર્થસભર જીવ્યાની લાગણી થાય છે. મને એવું લાગે છે કે આ જગતમાં હું કંઈક જુદો છું. એનું મને મૂલ્ય છે. હું આ પૃથ્વી ઉપર ચાલુ છું તે નકામું નથી. આ બધામાંથી ઘણું બધું સુખ મને પ્રાપ્ત થાય છે. ખરેખર સાચે જ.

આજે સવારે સ્નાન કરતાં ફુવારા નીચે મને આ બધા વિચારો આવ્યા. મારી ઉત્તમ કાર્યદક્ષતા કઈ છે? બીજા શબ્દોમાં કહું કે એવી કઈ ઉત્તમ વસ્તુઓ છે, જે ઉત્તમ જીવન જીવવા માટે કરવી જોઈએ – રમતમાં અને અંતર્હિત શક્તિ માટે? એનાં જે તારણ ઉપર હું આવ્યો છું, તે અહીં રજૂ કરું છું:

(૧) અઠવાડિયામાં ૫ વાગે સવારે ઊઠવાનું, પાંચ દિવસ, અને શનિ, રવિમાં બપોરે આરામ લેવાનો. (વામકુક્ષી)

(૨) ૬૦ મિનિટ "ધ્યાન" એકવાર ઊઠી જાઉં પછી, આત્મવિકાસ અને વ્યક્તિગત ચિંતન માટે.

(૩) અઠવાડિયાના પાંચ દિવસ વધારે સમય બહાર કામ કરવાનો.

(૪) સાત દિવસે એકવાર ૯૦ મિનિટ મસાજ કરવાનો.

(૫) એકદમ ઉત્તમ ખોરાદ અને (દરેક અઠવાડિયે એક કે બે વાર મીઠાઈ – જીવનનો અર્થ એવો નથી કે વધારે પડતું કડક રહેવું: અને જો ગમે ત્યારે લોટ વિનાની ચૉકલેટ કેક બહારના ખાણા વખતે હોય, તો ઑર્ડર આપું).

(૬) ડાયરી લખવા માટે થોડો સમય મોટે ભાગે ઘણા દિવસો, ડાયરી આત્મજાગૃતિ કેળવવા માટે. ડાયરીનો ઉપયોગ હું રોજ ધ્યેયો લખવામાં કરું છું, ઉપરાંત મારા પ્લાન અન હું કોનો આભારી છું, તથા નવા વિચારો સાથે જે પાઠ હું ભણ્યો હોઉં તેને પકડીને ચિંતન કરી લખું છું.

(૭) દરરોજ થોડો સમય વાંચન (એમાં *Harvard Business Review* થી *Travel*

and Leisure to Dwell અને બીજાં સારાં પુસ્તકો)

(૮) આખો દિવસ સફળતાના સ્ટેટમેન્ટસનું દઢીકરણ – ખાસ કરીને સ્નાન વખતે. આને કારણે મારા સૌથી મહત્ત્વના વિચારોને તાળું મારી દઉં છું – અને વિચારો એ કર્મના વારસદારો છે. સારો વિચાર સારાં કર્મો સુધી લઈ જાય છે.

(૯) એક અઠવાડિયાનું આયોજન. અહીં હું મારા ધ્યેયોને ફરીથી તપાસી લઉં છું. આ કામ હું રવિવાર સવારમાં કરું છું.

(૧૦) ઓછામાં ઓછો એક વાર્તાલાપ રસ ધરાવતા માણસ સાથે એક અઠવાડિયે રાખું છું, તેથી મારો ઉત્સાહ ટકી રહે છે અને મારી આજુબાજુ સારા વિચારોથી મારું મન ભરેલું રહે છે. એક વાર્તાલાપ તમારા જીવનમાં પરિવર્તન લાવી શકે છે. *Business 2.0 Management Consultant Jim Collins* એ રહસ્ય છતું કર્યું કે વિશ્વાસુ સલાહકારે ૩૦ સેકન્ડ જ વાત કરી અને એનામાં પરિવર્તન આવ્યું.

“આજનો દિવસ જ તમારી **નવી જિંદગી** નો **પહેલો દિવસ** બની શકે. એ તમારી પસંદગી ઉપર અવલંબે છે.”

આનાથી વધારે હું કહી શકું એમ છું, પણ આ મારી વ્યક્તિગત ઉત્તમ કાર્યવાહી છે, એણે મારામાં જે શ્રેષ્ઠ હતું ત્યાં સુધી પહોંચાડ્યો. આમાંથી તમને જે અનુકરણ કરવા જેવું લાગે તે સ્વીકારો. જેમાં તમે સંમત ના થતા હો તે કાઢી નાખો. તમે જે રીતે જીવતા હો એમાં તમને કામ લાગે તેવું હોય તે શોધી કાઢો. એનો અમલ આજે જ કરો. એ આજ જ તમારા નવા જીવનનો પહેલો દિવસ થઈ શકે. એ તમારી પસંદગી ઉપર અવલંબે છે.

૨૮

સંસ્કાર રાજા છે

લીડરશીપ ટ્રેઈનિંગ પ્રોગ્રામમાં ઊંચી ટેકનિકમાં મેનેજરોના એક ગ્રુપમાં તાજેતરમાં મેં વ્યાખ્યાન આપ્યું, એમાં એક જુદી જ રીતે જોનાર માણસ મારી પાસે વિરામ વખતે આવ્યો અને વાત કરવા લાગ્યો: "તમે જે કહ્યું તે મને ગમે છે, અમારી સંસ્થામાં લીડરશીપ સંસ્કારના વિકાસની દરેક જણને જરૂર છે. અમારી કંપનીમાં એક અગ્રિમતા અમારા સંસ્કાર પ્રમાણે કામ કરવાની છે. એ અંગે અમે આખો દિવસ વાત કરીએ છીએ. ગયા વર્ષે અમારી કંપની ૬૦૦% વિકસી. સંસ્કાર બાંધવા ઉપર અમે ધ્યાન કેન્દ્રિત કર્યું, એણે અદ્ભુત કામ કર્યું." પ્રભાવશાળી.

પહેલાં મેં એકવાર સૂચન કર્યું હતું કે તમારે સૌથી સશક્ત હરીફાઈનો લાભ લેવો હોય તો લીડર કલ્ચરનો વિકાસ કરવો જોઈએ. જ્યારે ગ્રાહકો સંસ્થાકીય વિકાસ અને કામદારોની કેળવણી માટે Sharma Leadership International ની સેવા લે છે, ત્યારે સૌથી પહેલાં અમે સંસ્થાના સંસ્કારના વિકાસ ઉપર ધ્યાન આપીએ છીએ – કારણ કે બધી કાર્યસિદ્ધિ સંસ્કારથી દોરવાયેલી હોય છે. તમારો હરીફ તમારો માલ સારો હશે તો એની નકલ કરશે. તેઓ તમારી સેવાઓની નકલ કરશે. તેઓ તમારી છાપની નકલ કરશે. પણ તમારા સંસ્કારની નકલ તેઓ કદી નહીં કરી શકે અને તમારો સંસ્કાર એ એક એવી ચીજ છે, જે તમારી સંસ્થાને વિશેષ બનાવે છે. તમારી સંસ્થાનો સંસ્કાર જે રીતે સેટ થયો હોય અને પછી એ પ્રમાણે જ આગળ ચાલે – એ આચરણનું પ્રમાણ છે. તમારો સંસ્કાર લોકોને કહેશે કે શું સ્વીકાર્ય છે અને મહત્ત્વનું છે. તમારો સંસ્કાર લોકોને જાણવા દો કે તમારી સંસ્થાનું મૂલ્ય શું છે? (દા.ત. પ્રામાણિકતા, સુધારા, સતત સુધારા, ગ્રાહકોની વાહ વાહ, સહકાર, Candor (દક્ષિણ અમેરિકાનું મોટું ગીધ) અને ઘણું બધું). તમારી સંસ્થાનું કલ્ચર (સંસ્કાર) એ તેની ફિલસૂફી, તેની પૌરાણિકતા, તેના ધર્મ છે. મારા મતે સંસ્કાર એ રાજા છે.

"તમારે સૌથી **સશક્ત** હરીફાઈનો લાભ લેવો હોય તો
જેને હું **લીડર કલ્ચર** છું તેના વિકાસનો
લાભ લેવો જોઈએ."

અહીં સંસ્કાર બાંધવાના પાંચ ઉત્તમ રસ્તાઓ આપ્યા છે:

(૧) ક્રિયાકાંડ:

મને સંસ્કારમાં “પૂજ્યભાવ” ગમે છે. ઉત્તમ કંપનીઓ જેવી કે *Dell, Google* અને *Southwest Airline* અને *Apple* અને *Wal-Mart* , એમાં સંસ્કાર સાથે કશુંક એક સરખું છે. એમની એક સવિશેષ ક્રિયા છે જેમકે સવારે ૭ વાગે કામ કરનાર ટીમોની સખત ભીડ હોય, અથવા ટીમના ગઠબંધન માટે શુક્રવારે બપોરે પિત્ઝાની પાર્ટીનું પ્રમોશન હોય. ક્રિયાકાંડ એ સંસ્કારને ઘાટ આપે છે અને એની વિશેષતાને સાચવી રાખે છે.

(૨) ઉજવણી:

Multi-billion – dollar Boston Scientific નો સ્થાપક *John Abele* , એકવાર ડીનર ઉપર મળ્યા ત્યારે કહ્યું કે “તમે જેની ઉજવણી કરો છો, તે તમને મળે છે.” શક્તિશાળી વિચાર તમારા સંસ્કારનું મૂલ્ય જેને હોય અને તે પ્રમાણે તે જીવતો હોય તો એને જાહેરમાં હીરો બનાવો. જે આચરણથી એની કિંમત થઈ (આદરણીય બન્યો) એવું ચરણ વારે વારે થાય એ સારું છે. લોકો સારું કરવાનું શીખશે.

(૩) વાર્તાલાપ:

નેતાઓ જે વિષે વાત કરે છે તેવા તમારા લોકો બને છે: તમારી દષ્ટિ અને મૂલ્યો એ તમારા લોકોનું હૃદય છે, એટલે એ વિશે વારંવાર અને સતત – તમારા કાર્યકરોને ભેગા કરો, તમારી અઠવાડિક મિટિંગોમાં, તમારા ભીડના સમયે (*Rush hour*) અને વૉટર કૂલર પાસે., તમે સતત જેને માટે ઊભા છો એ માટે તમારે સાધુ જેવા થવાની જરૂર છે. તેની એક સુંદર ચોપડી ‘ *Winning* ’ માં *Jack Welch* કહે છે કે *GE* ના મિશનમાં સાધુઓ સાથે એ ઘણો સમય પસાર કરતો હતો, ત્યાં એ તેના માણસોને સવારનાં ત્રણ વાગે બોલાવતો અને – અર્ધો ઊંઘમાં – તેઓ ફરીથી ઘૂંટતા. (એણે કદી એવું કર્યું નહીં.)

(૪) કેળવણી:

મિશનની ચિંતાનું કેન્દ્ર એ છે કે સંસ્કાર બાંધવો એ કાર્યકરનો વિકાસ છે. જો તમે સંમત થતા હો કે સંસ્થાની એક નંબરની સંપત્તિ એ તમારા માણસો છે, તો પછી એક નંબરની સંપત્તિના વિકાસ માટે રોકાણ કરવું એમાં અર્થપૂર્ણ સમજ રહેલી છે. સેમિનારો રાખો અને લીડરશીપના વર્કશોપ કરો, તમે જે મૂલ્યોનો પાયો નાખવા માગો છો તેની માવજત કરો અને લીડરશીપ સંસ્કારને એમના હૃદય અને મનમાં વાવો. જ્યારે તમારા કર્મચારીઓ સુધરશે, તમારી કંપની પણ સુધરશે.

(૫) વાર્તા કહો: (સંસ્થાના વિકાસની કથા)

મોટી કંપનીઓને તેમના સંસ્કારો હોય છે જ્યાં પેઢી દર પેઢીથી મોટી વાર્તાઓ કહેવામાં આવે છે. એ વાર્તામાં પહેલી કંપની ભોંયરામાં સ્થાપવામાં આવી હતી અને ટીમના કાર્યકારો વધારે માઈલો સુધી જઈને ગ્રાહકની બેબીના જન્મ માટે મદદ કરી હતી, અને સંસ્થામાં ભેખડ ધસી પડી હતી તેમાંથી મહામહેનતે પાછી ઊભી કરી. વાર્તાઓ એ કંપનીને સીમેન્ટની જેમ મજબૂત રીતે બાંધે છે અને આદર્શોને એમના માણસના હૃદયની નજીક સંઘરી રાખે છે.

માણસોને દરરોજ કામ ઉપર જવાનું હોય છે અને એમને એવી લાગણી થાય છે કે અમે આ સમાજનો એક ભાગ છીએ. માણસને માનસશાસ્ત્રની રીતે પણ ઊંડામાં ઊંડી એક જરૂરિયાત પોતાના અસ્તિત્વની હોય છે. અમારે પણ સંસ્થા માટે કામ કરવું છે, એનું અમને મૂલ્ય છે, એ અમારા વ્યક્તિગત વિકાસને પ્રોત્સાહિત કરે છે અને અમને પણ એવી લાગણી થાય છે કે અમે સપનાંઓમાં કંઈક ફાળો આપીએ છીએ. લીડરશીપના સંસ્કારની

રચના કરીને આ બધી વસ્તુઓને સાચી દિશામાં લઈ જઈએ અને તમે તમારી ગુણવત્તા સાચવી શકશો અને બીજાઓને તમારા તરફ ખેંચી શકશો. અને આ જ પૂર્ણતા નથી શું?

૨૯

તમારું સમયપત્રક જુઠ્ઠું નથી

એક જૂની કહેવત છે એ જણાવે છે "તમે જે કરો છો તે એટલું મોટેથી બોલે છે કે હું સાંભળી શકતો નથી કે તમે શું કહો છો." તમે એવું કહી શકો કે તમારું પ્રાથમિક મૂલ્ય એ તમારા કુંટુંબને માટે પહેલું છે. પણ તમારા કુટુંબ સાથેનો સમય એ આખા સમયપત્રકમાં ક્યાંય નહીં હોય, સારું તો પછી સત્ય એ ઠરશે કે તમારું કુટુંબ જીવન એ તમારી અગ્રિમતા નથી. તમે એમ પણ કહી શકો કે શારીરિક સ્થિતિ ઉત્તમ વિશ્વકક્ષાની હોય એ પણ બીજું અગ્રિમ મૂલ્ય છે, પણ તમારા અઠવાડિયાના સમયપત્રકમાં પાંચથી ૬ ઠેકાણે ચિત્રામણ (છેકાછેક) ન દેખાય એવી વાસ્તવિકતાનો મુકાબલો જ તમે હેલ્થ માટે જેટલું મહત્ત્વ હોય અને તમે ધાર્યું હોય એટલું નથી થઈ શકતું એ જણાઈ આવે છે. એની સામે તમે દલીલ કરી શકો કે આત્મવિકાસ એ જરૂરી બાબત તમને લાગે છે, કારણ કે તમે સારા છો, અને વધારે અસરકારક છો. મને તમારું સમયપત્રક બતાવો અને સત્ય શું છે તે હું તમને શોધી આપું. કારણ કે તમારું સમયપત્રક જુઠ્ઠું નથી બોલતું.

તમારા હૃદયના ઊંડાણનાં મૂલ્યો જો તમારા રોજિંદા જીવન સાથે અયોગ્ય રીતે ગોઠવાયા હોય તો કોઈ આધારભૂત સફળતા કે અંતિમ સુખ મળે નહીં. જે અધિકારી ગ્રાહકોને મેં કેળવણી આપી છે એમાનાં ઘણાં બધાને આ મહાન વિચાર મદદરૂપ થયો છે. પણ જો તમે જે છો તે અને તમે જે કરો એ વચ્ચે જો અંતર હોય એટલે કે તફાવત રહે તો પછી તમારામાં એકાગ્રતા કે ન્યાયનિષ્ઠાનો અભાવ છે એમ કહેવાય. એને હું એકવાક્યતામાં અંતર કે વિભિન્નતા કહું છું. તમારી રોજની વચનબદ્ધતા અને તમારાં ઊંડાં મૂલ્યો એ બે વચ્ચે મોટી તિરાડ હોય તો તમે જીવનમાં કામ ઓછું કરી શકશો (અને તમે બહુ ઓછું સુખ અનુભવશો). શા માટે? કારણ કે તમારી વાણી અને વર્તનમાં એકતા નથી. કારણ કે તમારા જોવામાં (Video) અને સાંભળવામાં (Audio) સુસંગતતા નથી. કારણ કે તમારી જાતને દગો કરવાનો ગુનો તમે કરી રહ્યા છો. બધા પ્રકારની દગાખોરીમાં આ સૌથી ખરાબ છે. અને એના સાક્ષી પણ તમારી અંદર તમારા ભાગ રૂપે તમારામાં જ રહેલો છે – તમારો અંતર આત્મા – એને જુઓ.

"તમે જેનું **મૂલ્ય** સાચું કરો છે અને એ અગત્યનું છે
એમ માનો છો તેનું ઉત્તમ બેરોમીટર (Barometer)

એ તમારું **સમયપત્રક** છે."

તમારું સમયપત્રક એ ઉત્તમ બેરોમીટર છે જે તમે જે સાચું મૂલ્ય કરો છો અને એ અગત્યનું છે એમ માનો છો તેનું માપ કાઢી આપે છે. ઘણા બધા લોકો ઘણી સારી વાતો કરે છે. પણ એ વાતો હલકી હોય છે. ઓછું બોલો અને વધારે કરો. મને તમારું સમયપત્રક બતાવો અને હું તમને બતાવી આપીશ કે તમારી અગ્રિમતાઓ કઈ છે. એ રીતે હું કાયદેસરનો વકીલ છું. કોર્ટ રૂમમાં સાક્ષીઓ કહેશે એમને જે કહેવું હશે તે જ. પણ પુરાવા કોઈ દિવસ જુઠ્ઠા નથી હોતા.

૩૦

માબાપ તરીકે ઝળકી ઊઠો

મારી પાસે કોચીંગ ક્લાસમાં એક ભાઈ આવતા હતા, એમની પાસે એમનું અંગત પ્લેન હતું અને 'ટોરન્ટો'માં અમારી ઑફિસની નજીક નાનું એરપોર્ટ હતું. પહેલી જ વાર એ મિટિંગમાં આવ્યા હતા અને આવું કંઈક કહેવા લાગ્યા: "રોબિન, મારી પાસે એટલા બધા પૈસા છે કે મને જરૂરત કદાચ પડે તો આખા વિશ્વમાં છૂટા છૂટા ઢગલાબંધ ઘરો છે અને હજારો લોકો વાહ વાહ કરે છે. પણ હું અત્યંત ગંભીર રીતે દુઃખી છું." મેં પૂછ્યું: શા માટે?" "કારણ કે મેં મારું કુટુંબ ગુમાવી દીધું છે, જ્યારે મેં મારો ધંધો બાંધ્યો ત્યારે. મારી પત્ની મને છોડીને ચાલી ગઈ છે, મારાં બાળકો કદાચ મને ઓળખતાં પણ નથી... અને આ મારું હૃદય ભાંગીને ભુક્કો કરી નાંખે છે," અને આ પ્રમાણે એનો સંવાદ ચાલ્યો.

તમારી અગ્રિમતાની યાદીમાં સૌથી ઊંચે તમારા કુટુંબ સાથે તમારી તંદુરસ્તી મૂકો. કુટુંબ એ ઘણું બધું છે. તમે તમારું સપનું સિદ્ધ કરો, પણ તમે સાવ એકલા હો તો શું કરવાનું? અને કેટલીક વસ્તુઓ અત્યંત મહત્ત્વની હોય, પણ અસાધારણ માબાપ કરતાં વધારે કશું ન હોય. ન માની શકાય એટલી ઝડપથી બાળકો મોટાં થઈ જાય છે. આંખના પલકારામાં તો તેઓ જતાં રહે છે – તેઓ એમની પોતાની જિંદગી જીવતાં થઈ જાય છે. મને એવું લાગે છે કે હજુ તો એકબે વર્ષ પહેલાં હું મારી દીકરીના જન્મનો સાક્ષી હતો. અને જોતજોતામાં તો એ ૯ વર્ષની થઈ ગઈ અને મોટાભાગનો સમય રમવામાં અને એના ખાસ મિત્ર Max સાથે પસાર કરે છે. (Max એ કૂતરાનું નામ છે, Cocker Spaniel એ કૂતરાની ઓલાદ છે, એને પદ્ધતિસરની ટ્રેઈનિંગ આપવી પડે છે.) હજુ તો ગઈકાલે જાણે મારો દીકરો પારણામાં સૂતો હતો, એના ગાલ પોચા પોચા ભરેલા, નાનો બાળક હતો કિલકારીઓ કરતો હતો. હવે અત્યારે એ ૧૧ વર્ષનો છે, ખાઉધરાની જેમ મારા કરતાં પણ વધારે વાંચે છે અને એની દૃષ્ટિ ભવિષ્યમાં શું કરીશ એ વિશે મારી સાથે ચર્ચા કરે છે (અને સાહસિક મૂડીદાર બનવું છે.) તમારા બાળકને ઝડપથી મોટા થતા જોવા એ જરા નિરાશાજનક લાગે પણ હું એમને સમર્પિત રહી શકું એવું કરું છું, અને એમને માટે સમયથી ઉદાર રહું છું. (મારાં બાળકો હંમેશાં મારી એક નંબરની અગ્રિમતા છે.) માબાપ તરીકે આપણો રોલ ઝળકી ઊઠે એટલો મહત્ત્વનો છે. અહીં એ વિશે થોડા વિચારો તમારે માટે રજૂ કરું છું.

"તમારા **ભય** વિશે તમારાં બાળકોને કશું શીખવવાનો

પ્રયત્ન કરશો નહીં. શું **શક્ય** છે એનો પરિચય
તમારા બાળકોને કરાવજો."

(૧) દાખલો આપી દોરો:

તમારા બાળક ઉપર પ્રભાવ પાડવાનો ઉત્તમ રસ્તો ચાલીને વાત કરો (ચાલતા ચાલતા વાત કરો). તમે જેવું જોવા ઇચ્છતા હો એવા મોડલ જેવું વર્તન કરો. પુસ્તકોના સૌંદર્ય અને શિક્ષણ વિષે કશો ધર્મોપદેશ કરશો નહીં, અને પછી તમારા ફેમિલી રૂમમાં ત્રણ કલાક *MTV* જોજો. એમની નાની આંખો તમે જે કરતા હશો તે બધું જોયા કરશે. આ વિશે મેં *Family Wisdom from the Monk Who Sold His Ferrari* માં વાત કરી છે. આ પુસ્તક જ્યારે તમારા ઘરમાં યુવાન લીડરો મોટાં થતાં હશે ત્યારે, તે તમને ઘણું મદદરૂપ થઈ જશે.

(૨) તમારાં બાળકોનો વિકાસ કરો:

માત્ર માબાપ તરીકે તમારાં બાળકોને જોશો નહીં, પણ તેમના 'વિકાસ કરનાર' છો એ દૃષ્ટિએ જોજો. ઉત્સાહપૂર્વક એમનાં મન, હૃદય અને આત્માનો વિકાસ થાય એ વધુ મહત્ત્વનું છે. આ જ તમારું કામ છે. મોટી કલાઓ પાસે તેમને લઈ જાવ. સારાં રેસ્ટોરાઓમાં એમને લઈ જાવ. *JFK* ના પિતાજી આશ્ચર્યજનક રસિક માણસોને જમણ માટે ઘેર આમંત્રણ આપીને બોલાવતા. જમણ દરમ્યાન કેનેડીના બાળકો મહેમાન પાસેથી ઘણું શીખતા – અને પછી મહેમાનને કોયડો કે ઉખાણું પૂછતા અને એ રીતે તેમના શિક્ષણને ઊંડું બનાવતા. ચતુર પ્રેક્ટિસ.

(૩) તમારાં બાળકોને પ્રેરણા આપો:

મોટો વિચાર: માબાપો તેમનાં બાળકોને શીખવે છે કે વિશ્વને કેવી રીતે જોવું. માબાપો બાળકોને બતાવે છે કે વિશ્વ કેવી રીતે કામ કરે છે. અને જો તમે વિશ્વને મર્યાદાથી ભરેલી જગ્યા છે એવી રીતે જોશો, તો આ નાના માણસોને પણ તમે એ રીતે ઉછેરશો. તમારાં બાળકોને ભય વિશે શીખવવાનો પ્રયત્ન ના કરશો. શું શક્યતા છે તેનો પરિચય તમારાં બાળકોને કરાવશો. મહાન માનવ કેવી રીતે બનાય એની પ્રેરણા અને પ્રોત્સાહન આપશો, જેથી વિશ્વની પણ ઉન્નતિ થાય. – એમની પોતાની વિશેષ રીતે. શક્તિદાયક બનો.

આ બધાં સાધનો તમારે માટે મુક્યાં છે એ મારા કૌટુંબિક અનુભવ પરથી આવે છે. દરરોજ રાત્રે મારાં બાળકો સૂવા જાય ત્યાર પહેલાં હું તેમને ૪ વાક્યો કહું છું: "જ્યારે તમે મોટા થાવ ત્યારે તમારે જે કરવું હોય તે કરી શકો છો.", "કદી અધવચેથી છોડી દેશો નહીં.", "તમે જે કરો તે સારી રીતે કરજો." અને "તમારા પિતા તમને કેટલું ચાહે છે તે યાદ રાખજો." આ મેં દરરોજ રાત્રે ચાર વર્ષ સુધી કર્યું. તેઓ મને વારંવાર કહે: "પિતાજી, અમે હવે આ બધું જાણીએ છીએ. અમે જાણીએ છીએ કે આ અમે ક્યારેય છોડી દેવાના નથી, અને તમે અમને ખૂબ પ્રેમ કરો છો. હવે અમને એ કંટાળો આપે છે." પણ મને કેટલી સમજ છે કે એક દિવસ કદાચ હું વૃદ્ધ થઈ ગયો હોઈશ, અને કરચલીઓ પડી ગઈ હશે, ત્યારે Colby અને Bianca તરફથી એક ટપાલ મેઈલ બોક્સમાં આવશે, મારા બે પ્રિય માણસો આ પૃથ્વી ઉપર હશે. અને એ કાગળના કટકા ઉપર સાદા શબ્દોમાં લખ્યું હશે: "પિતાજી, હું મહાન જીવન જીવું છું. એ માટે તમે અમારા પિતા છો એમનો આભાર માનીએ છીએ. અને પેલાં ચાર વાક્યો દરરોજ રાત્રે તમે કહ્યાં હતાં તેને માટે પણ આભાર

માનીએ છીએ. એમણે કંઈક જુદું કરી બતાવ્યું છે.”

૩૧

આનંદ આશ્ચર્યના વેપારી બનો

આ પ્રકરણ લખતાં પહેલાં હું South Beach ઉપર Hotel Victor માં હમણાં જ પ્રવેશ્યો: હમણાં થોડા મહિના પહેલાં જ એનો જીર્ણોદ્ધાર કરતાં મેં જોઈ હતી અને મનમાં નોંધ કરી હતી કે બીજી વાર મિયામી આવીશ ત્યારે અહીંથી બહાર નીકળીશ. એટલે આજે હું અહીં છું, પ્રભાવિત થવા માટે રાહ જોઉં છું, અને એક કારણસર જરા વેદના થાય છે કે આ જગ્યા માટે મારે કાંઈક સારું તેમને કહેવું છે કે વિશ્વમાં આ જગ્યા એવી છે જેમાં ઘણા વેપારીઓ કંટાળ્યા છે, ધીમા પડ્યા છે અને નીરસ થઈ ગયા છે.

હું જ્યારે પ્રવાસ કરું છું ત્યારે મને નવી હોટલોનો અનુભવ કરવો ગમે છે. હું શું કરવું જોઈએ એનું નિરીક્ષણ કરું છું (અને મોટે ભાગે શું ના કરવું) જ્યારે એ ગ્રાહકની સેવા કરવાનું હોય, ડિઝાઈન ઠરે એવી હોય એનો અભ્યાસ કરવાનો (જે મોટા વિચારોને પ્રોત્સાહિત કરે છે, પછી હું મારી ટીમને અમારી પ્રોડક્ટ-માલને માટે તેમના હાથમાં સોંપું છું, CD ના કવરથી માંડીને કપડાંઓ માટે) અને પછી બહાર નીકળું, હોટલવાળા એવું સમજે કે આ અનુભવની કરકસર (Experience economy) જેમાં હવે આપણે રહીએ છીએ. ગ્રાહકોને પણ પ્રવાસમાં લઈ જવા જોઈએ. શરૂથી અંત સુધી અને પછી તેઓ જાય ત્યારે "wow " સાનંદ આશ્ચર્ય કહીને જાય.

સારા સમાચારો! આ સ્થળ અચંબો પમાડે તેવું છે. હું જ્યારે પ્રવેશ્યો ત્યારે દ્વારપાળે મોટું સ્મિત આપ્યું અને હૂંફાળા અભિનંદન. અંદર પ્રવેશતાં જ મનને ઠંડક આપે એવી ડિઝાઈન. (સંપૂર્ણ સફેદ પણ SOBE જેવો નહીં. એનો ઉપયોગ આજકાલ બહુ ચાલે છે અને દરેક જણ એની નકલ કરે છે – પછી તે એટલો જ અણગમતો થયો) લીલા રંગનું પ્રમાણ ઘણું અને તાજા રંગો, શૃંગારવાળું સંગીત અને Vibe . ઝણઝણાટીવાળું એકદમ સુંદર આગલા ડેસ્કનો કર્મચારી – ફરીથી સ્મિત અને આશ્ચર્યકારક Evian પાણી લીંબુની ચીરી સાથે, જ્યારે હું અંદર પ્રવેશ્યો ત્યારે અને MTV માં સંગીતના ઍવોર્ડનું શૂટીંગ વિડિયો સાથે The killerstonight નીચે પુલની (સ્વિમીં ગપુલ) બાજુમાં ચાલતું હતું, Karin એ મને પૂછયું કે મારે રૂમ જોઈએ છે જ્યાં બેસીને હું બધા અભિનયો જોઈ શકું – જરૂર – આમેય મારે બહુ ઊંઘની જરૂર ન હતી.

Eric ઘંટ વગાડનારે મને બધી સગવડો બતાવી અને પછી Spa . (નહાવા માટેનું ટબ) 'Best ' હોટલની જીપ મેં લંડનમાં Sanderson માં જોઈ હતી. અને રૂમ એકદમ ભપકાવાળો – કલાત્મક શણગાર, એકદમ સ્વચ્છ અને છટાથી સુંદર રીતે બધું સાથે મૂકેલું. બધું ઘણું પ્રભાવક, સ્તબ્ધ કરે ખરેખર – એવું નિશ્ચિત ધોરણવાળું હું તેમને

પ્રોત્સાહન આપું એવી ઊંચી કક્ષાવાળું.

“આ Experience economy (અનુભવની કરકસર)માં
અત્યારે આપણે રહીએ છીએ,
ગ્રાહકો ને આવા પ્રવાસમાં જરૂરથી લઈ જવા જોઈએ
પછી શરૂથી અંત સુધી તેઓ રહે અને જાય ત્યારે
સાનંદ આશ્ચર્ય બોલાઈ જાય: ‘**વાહ** !’”

હોટલ Victor પહેલા વચન આપે છે અને પછી વધારે પડતી ભરાઈ જાય એવી છે. સારી રીતે કેળવાયેલા કર્મચારીઓ, એકદમ અજોડ અને શ્રેષ્ઠ સગવડ અને એમાંની વસ્તુઓ પણ શ્રેષ્ઠ, આ બધા દ્વારા એમણે મને જીતી લેવાની તક આપી. હવે હું પાછો નીચે જાઉં છું અને એના ખોરાકને ખાઈ જોઈશ. (બધા એમના રેસ્ટોરાં માટે બકવાટ કરે છે, કારણ કે એમનો રસોયો ૧૦૦૦ વસ્તુઓનો ઢગલો અલમારીમાં રાખે છે અને પછી એનો ઉપયોગ કરીને રાંધે છે. હું શરત મારીને કહું છું કે હું પણ સાનંદ આશ્ચર્ય બોલીશ: “WOW ”.

SOBE : એક કંપનીનું નામ છે. એના બિલ્ડિંગમાં જે રંગ વપરાયો હતો – એની નકલ ઘણા કરતા હતા.

૩૨

પ્રાપ્યને ચાહતા ઇપ્સિતની પ્રાપ્તિ

કેટલાક પંડિતો આપણને પ્રોત્સાહિત કરે છે કે જે ક્ષણ છે તે આનંદથી માણો અને પ્રશંસા કરો જે આપણી પાસે હોય તેની, વળી એ પણ સૂચવે છે કે સતત વધારે માટે મથામણ કરવી એ રોગ છે અને એ આપણા અસંતોષનું પ્રાથમિક ઉદ્ગમ સ્થાન છે. તો વળી બીજા કેટલાક કહે છે કે માણસ તરીકે આપણે શક્ય એટલો પ્રયત્ન કરીને આગળ વધવું જોઈએ અને આપણા સુખ-સગવડના વર્તુળમાંથી નીકળી કંઈક ઊંચાઈ ઉપર જવું જોઈએ અને મહાન બનવું જોઈએ. આ ચર્ચાના મુદ્દા ઉપર મેં ખૂબ મથામણ કરી, પછી મેં મારી વ્યક્તિગત ફિલસૂફી પ્રમાણે નક્કી કર્યું કે હું મારું જીવન મારી રીતે જ જીવીશ. મને લાગે છે કે મેં એનો જવાબ શોધ્યો છે અને મને જે સાચું લાગ્યું એ જ એનો ઉકેલ છે: એ સમત્વ છે, મને એની પ્રતીતિ થઈ છે. હું Mandela સમત્વ (Mandela Balance) એમ કહીશ.

નેલ્સન મંડેલા, હું એમનો મોટો પ્રશંસક છું. એકવાર એમણે કહ્યું હતું: "મોટી ટેકરી ઉપર ચડ્યા પછી કોઈકને જણાય કે હજુ તો ઘણી બધી ટેકરીઓ ઉપર ચડવાનું બાકી છે, એક ક્ષણ અહીં રોકાયો. મારી ચારે બાજુ ગૌરવાન્વિત બે વૃક્ષની હાર વચ્ચેના લાંબા રસ્તાનું દૃશ્ય મેં ચોર્યું, અને પાછળ જોયું કે કેટલે દૂર સુધી હું અહીં આવ્યો. પણ મેં માત્ર એક ક્ષણ જ આરામ લીધો. મેં વિચાર્યું સ્વતંત્રતા સાથે જવાબદારીઓ પણ આવે છે એટલે હું અહીં વધારે સમય ઊભા રહેવાની હિંમત કરી શક્યો નહીં, કારણ કે મારે લાંબા સમય સુધી ચાલવાનું હજુ બાકી હતું."

મને લાગ્યું કે નેલ્સન મંડેલા આ દ્વારા સૂચવે છે કે આ જ સાચું સમત્વ છે. અત્યારે તમે જ્યાં હો ત્યાંથી દૃશ્યનો આનંદ માણો. જેટલે સુધી આવ્યા હો એટલાનો અનુભવ માણો. જ્યાં સુધી તમે મુસાફરીમાં એની સાથે છો એને માટે આભાર માનો, એ તમારું જીવન છે. ક્ષણને જીવો. પણ સાથે એ યાદ રાખો કે જે બક્ષિસ તમારા હૃદયની અંદર રહેલી છે એની મોટી જવાબદારીઓ છે. હું માનું છું કે પ્રત્યેક મનુષ્યે પોતાની "ફરજને ઊજળી" બનાવવી જોઈએ. આપણે આપણી ભૂતકાળની જીતો ઉપર આરામ કરવો જ ના જોઈએ અને આત્મસંતોષી બની રહેવાનું નથી. આપણે પૃથ્વી ઉપર ચાલવું જ જોઈએ – પ્રત્યેક દિવસે – અને બીજાઓને માટે આપણાંથી થાય તે ઉત્તમ અને મોટી સેવા કરવી જોઈએ. આપણામાં રહેલી આંતરચેતનાને ઓળખો અને આ પૃથ્વી ઉપર સારા નાગરિકો બનો. આપણે આગળ વધીએ અને આપણા ભયમાંથી મુક્ત થઈને આપણા જીવનને વધુ સારું બનાવીએ. હંમેશાં મોટી યોજનાઓ કરવાની અને આપણી સર્જનાત્મક શક્તિઓનો ઉપયોગ કરવાનો, સારા બનો અને વધુ સારું જુઓ. આપણા

મહાન સ્વને વધુ આત્મસાત કરો અને આગળ વધો. હું માનું છું કે આપણા DNA માં આ વણાયેલું છે અને એને નકારવું એ માનવ પ્રકૃતિનો નકાર છે.

"જે લોકોને થોડો અસંતોષ હતો એમણે જ આ **વિશ્વને** બાંધ્યું છે, **વસ્તુઓ** જેવી હતી એ ન સ્વીકારીને, એમણે વિચાર્યું કે તેઓ વધારે સારું કરી શકશે."

અને હા, જેમ આપણે ઊંચાં સપનાંઓ રચીએ અને આપણું વ્યક્તિગત ધોરણ પણ ઊંચું જાય, તેમ થોડો અસંતોષ પણ ઊભો થાય. આ વિશ્વમાં જે લોકોને થોડો અસંતોષ હતો એમણે બાંધ્યું છે, વસ્તુઓ જેવી હતી એ રીતે, પછી એમણે જાણ્યું કે તેઓ વધારે સારું કરી શકશે. "સંપૂર્ણ સંતોષી માણસ મને બતાવો અને હું તમને નિષ્ફળતા બતાવીશ." Thomas Edison નું નિરીક્ષણ કરો. હું જાણું છું કે આ દિવસોમાં રાજકીય રીતે એ ખોટા છે. પણ મને લાગે છે કે એ સાચા છે. આપણામાંના મોટાભાગને જે રીતે ચાલે છે એનો મોટો અસંતોષ છે. ગાંધી, મધર ટેરેસા, Archbishop Desmond Tutu, Bill Gates, Einstein, Mandela , આ બધાનો વિચાર કરો.

એટલે તમારી પાસે છે, તેને પ્રેમ કરો, પછી તમારે જે જોઈએ છે તે માટે જાઓ. પર્વત ઉપર ચડવાનો આનંદ માણો. પણ શિખરને જોઈને આંખો બંધ ના કરો.

૩૩

મુખ્ય કાર્યકારી અધિકારી (CEO)ની જેમ વિચારો

થોડા માસ પહેલાં સત્યમ્ કૉમ્પ્યુટર સર્વિસીસની લીડરશીપ ટીમ પાસે મેં પ્રવચન કર્યું હતું. અદ્ભુત કંપની. એશિયાની એક ઝડપથી વિકસેલી IT ફર્મ: ૧૦ વર્ષ કરતાં ઓછા સમયમાં શૂન્યમાંથી એક બિલિયન સુધી. ૨૩,૦૦૦ કર્મચારીઓ. એનો મુખ્ય અધિકારી દીર્ઘદષ્ટા. મેં એમની સાથે એક શક્તિશાળી વિચાર ઉપર ચર્ચા કરી. સત્યમમાં ૧૫૦૦ ઉપલી કક્ષાના મેનેજરો. તેઓ ૧૫૦૦ જુદા જુદા વિભાગોનું સંચાલન કરે. એટલે તેઓ કહેતા કે તમે ખરેખર મૅનેજરો નથી – તમે બધા તમારા પોતાના વિભાગના નાના બિઝનેસોના (CEO) મુખ્ય અધિકારીઓ છો. એક મોટા કોર્પોરેશનમાં માત્ર સાદા "રોકાણકાર", તેઓને સુખી રહેવાની જરૂરિયાત છે. એ તેમને સાધનો, માળખાંઓ અને તકો પૂરાં પાડે છે. એ લોકોએ તો માત્ર વળતરમાં પરિણામો આપવાના. આ વિચાર તેમને પ્રોત્સાહન આપશે અને જે વિભાગમાં કામ કરવાનું છે તેની માલિકી તેમને લેવાની છે અને નવા સાહસિકોની જેમ વર્તવાનું છે. એને કારણે તે લોકો સાચા નેતાની જેમ કામ કરશે. એમને એમાંતી પ્રોત્સાહન મળશે અને કંઈક અંશે પ્રશ્નોના થોડા ભાગનો નીવેડો લાવશે – બુદ્ધિચાતુરી.

"તમારા ધંધાની સફળતા માટે વ્યક્તિગત **જવાબદારી** લેશે.
ઊગતા વેપારીની જેમ દેખાવ કરશે. સેલ વધશે.
કિંમત ઓછી થશે. **સારું** કામ થયું એમ લાગશે."

તમારા કામ કરવાના વિભાગના તમે મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) છો. તમારી કંપનીમાં આર્થિક કામ હોય છે? તમે એ વિભાગના મુખ્ય કાર્યકારી અધિકારી છો, એ નાનો ધંધો છે. માનવ સંપત્તિનું કામ છે? તો એ તમારો નાનો ધંધો છે. દિવસને અંતે બધું ચોખ્ખું કરો છો? જો તમે સફાઈ-કામનો ધંધો ચલાવતા હો તો મોટી કંપનીમાં તમે સાથે કામ કરી શકો. તમારા ધંધાની સફળતા માટે જાતે જ જવાબદારી ઉપાડો. નવા સાહસિક વેપારી જેવો દેખાવ કરો. સેલ વધશે. કિંમત ઓછી થશે. સારું કામ થયું એમ લાગશે. તમારી કારકિર્દી ઉજ્જવળ થશે. અને મુખ્ય કાર્યકારી અધિકારી તમને પ્રેમ કરશે.

૩૪

કસરતબાજની જેમ કામ કરો

તમારા જીવનના એકદમ અગત્યના ક્ષેત્રના જોઈ શકાય એવાં પરિણામો જોઈતાં હોય તો એક ઉત્તમ રસ્તો એ છે કે દરરોજ એના આચરણ દ્વારા મળી શકે. શ્રેષ્ઠ કસરતબાજો જાણે છે કે મહાનતા તમે કેવી રીતે આચરણ કરો છો એના ઉપર મળે છે. વ્યાખ્યાનોની હારમાળા અને વર્કશોપ માટે મારે પહેલાં મૉસ્કો જવાનું થયું હતું. એક સવારે હું હોટલના જીમમાં ગયો. તે વખતે સવારના છ વાગ્યા હતા. કલ્પના કરો કોણ હશે? Mary Pierce , ટેનિસનો તારો. બે કલાક સુધી તે દોડી વજન ઊંચક્યું, સીટ-અપ્સ કર્યા અને ગણી ન શકાય એટલા પુશ-અપ્સ કર્યા. સફળતાની કિંમત એ ચૂકવતી હતી.

તમારી મહાનતા પ્રાપ્ત કરવા માટે પ્રૅક્ટિસ જરૂરી છે, કસરતબાજો આ બહુ સારી રીતે જાણે છે. આપણને બધાને એ જાણે કે પરદેશી હોય એવું કેમ લાગે છે? હકીકતે, શિસ્ત પ્રેક્ટિસથી આવે છે. પણ મારો એક મિત્ર Nido Qubein (બિઝનેસ સલાહકાર અને પ્રયોજનપૂર્વક ભાષણ આપનાર) ઘણીવાર કહે છે: "દિલગીરીના દુઃખ કરતાં શિસ્તની કિંમત હંમેશાં ઓછી હોય છે." શાણો માણસ.

મારું સૂચન એવું છે કે વ્યક્તિગત અને ધંધાકીયક્ષેત્રમાં મહાનતા કામ માગી લે છે. હું તમને એવું સૂચન ન કરું કે તમે તમારાં સપનાંઓ કોઈપણ જાતના ત્યાગ કે એની કિંમત, સમર્પણ કે આત્મસંયમ વિના પ્રાપ્ત કરી શકો. "કિંમત ચૂકવો" શબ્દો એ સત્યની કડી છે. આપણામાં જે લોકો શ્રેષ્ઠ છે તેઓ આ બધું જોવાનું સહેલું લાગે એવું બનાવે છે. હું એને હંસની અસર કહું છું – સર્વોત્તમ કે ઉત્કૃષ્ટ વ્યક્તિઓ અંગત અને વ્યાપારમાં નિપુણતા બતાવે છે તે દેખાવમાં સહેલી અને જે વસ્તુ બને તે એટલી પ્રભાવશાળી રીતે મૂકે, જાણે કે હંસ પાણીમાં સરતો હોય એમ લાગે પણ હંસની જેમ – એટલે બધું યોજનાબદ્ધ અને શિસ્તમાં હોય, સખત પરિશ્રમ અને લગભગ સ્થિર નિયોજન, તમે જોઈ શકો નહીં, પણ સપાટીની નીચે એ બધું ચાલતું હોય.

"શ્રેષ્ઠ કસરતબાજો જાણતા હોય છે કે
શ્રેષ્ઠતા મેળવવા માટે કેવી **પ્રેક્ટિસ** જોઈએ."

મારા જીવનમાં, મહાન દિવસ સાટે મેં ઘણી પ્રેક્ટિસો કરી છે, એણે મને વ્યવસ્થિત

કર્યો. એ બધું મેં તમારી સાથે ચર્ચા કરી છે. હા, કોઈકવાર જીવનમાં અણધાર્યા પડકારો આવે છે અને એ તમને તમારા રસ્તામાંથી બહાર ફેંકી દે – પણ એવું ક્યારેક જીવનમાં બને છે ખરું. પણ એવે વખતે સંખ્યાબંધ સારી પ્રેક્ટિસો તમને તમારામાંની સારી વસ્તુઓ જાળવી રાખવામાં મદદરૂપ થાય છે, જેમકે તમે હકારાત્મક વલણ રાખો તો તમે ટકી શકો. આ સાદી છતાં જીવનમાં પરિવર્તનના વિચારે અમારા ઘણા અસીલોને મદદ કરી છે. પ્રેક્ટિસ તમને તમારી ઉત્તમ સ્થિતિમાં બાંધી રાખશે એની સાથે તમારી સવારમાં ડાયરી લખવાનો સમય, જેમાં તમારી લાગણીઓની નોંધ, વિચારો અને ઈશ્વરના આશીર્વાદ કે કૃપા જેને માટે તમે આભારી છો, અથવા તો તમારો દિવસ સખત કામથી શરૂ કરો અને પછી સુંદર ભોજન કરો. હું ઘણીવાર ૧૫ મિનિટ સંગીત સાંભળું છું, એ મને માત્ર શક્તિ પ્રદાન કરે છે એટલું જ નહીં, પણ મને સુખની લાગણી આપે છે. વળી ઘણીવાર હું મારી સફળથાનાં સ્ટેટમેન્ટો અથવા મનને કેન્દ્રિત કરવા માટે નિશ્ચિત વિધાનોનો ઉપયોગ કરું છું. સફળતા અને આનંદ અને આંતરિક શાંતિ એ સહજ નથી આવતી. તમારે એનું સર્જન કરવાની જરૂર રહે છે. તમારી સંખ્યાબંધ પ્રેક્ટિસોમાંથી કોઈ શોધી કાઢો અને પછી એને દૃઢતાથી વળગી રહો. અને પછી આપણાં આ સુંદર વિશ્વમાં બહાર જાઓ અને ઝળકી ઊઠો.

૩૫

ઉત્કટતાથી ઉત્સાહિત બનો

"ઉત્સાહિત બનો" સરળતાનું ગુણલક્ષણ છે. "શક્તિશાળી બનો" સામાન્ય લાગે છે. "લાગણીવાળા બનો" કંટાળાજનક લાગે છે. છતાં ઉત્સાહ, શક્તિ અને લાગણી વિના તમે કોઈ ક્ષેત્રમાં આગળ વધી શકો નહીં અને સંસ્થા વિશ્વકક્ષાની બની શકે નહીં. (અરે (hay) મેં કદી સૂચન કર્યું નથી કે આ નેતાગીરી ચીજ એ રોકેટ વિજ્ઞાન હતું) Ralph Waldo Emerson એ એકવાર કહ્યું હતું: "પ્રત્યેક મહાન અને સત્તાધિકારી વિશ્વની ચળવળની ઐતિહાસિક બનાવોની નોંધપોથી એ વિજયોત્સવના ઉત્સાહપણાની સિદ્ધિ છે." અને Samuel Ullman એ નિરીક્ષણ કર્યું હતું: "માત્ર વધુ વર્ષો સુધી જીવવાથી માણસ વૃદ્ધ નથી થતો. આપણે વૃદ્ધ તો આપણાં આદર્શો છોડી દઈએ છીએ એટલે થઈએ છીએ. વર્ષો કદાચ ચામડી ઉપર કરચલીઓ પાડી દે પણ ઉત્સાહ છોડી દો તો આત્મા ઉપર કરચલીઓ પડશે." ઉત્સાહીપણું સાર્થ છે.

જે લોકોને હું ચાહું છું તેઓ મારી આજુબાજુ હોય છે અને સામાન્ય રીતે એ બધા સાદા સરળ અને હૃદયની લાગણીની ગુણવત્તાવાળા છે, ઉત્કટપણે તેઓ જીવન માટે ખુલ્લા છે. તેઓ જિજ્ઞાસાવાળા છે. તેઓ પ્રેમ કરવાનું શીખેલા છે. તેઓ જ્યારે મને મળે છે, સ્મિત કરે છે. એમની પાસે ઘણી રમુજ છે. તેઓ સખત રમે છે અથવા તો બિલકુલ રમતા નથી.

આજે કામ ઉપર જાઓ ત્યારે બધા ઉત્સાહથી જજો અને પ્રામાણિકતાથી હાજરીપત્રક ભરજો. સંપૂર્ણપણે ઉત્સાહી અને ગાંડાની હદ સુધી જીવનવાળા. લોકોમાં શુભ જુઓ. તમારા ગ્રાહકોને ખુશ રાખવા વધારાની મહેનત કરજો. શીખવા માટે તક જોજો અને અંગત વિકાસની વચ્ચે વિઘ્નો કે નડતર હોય તો પણ પરિવર્તનને પ્રેમપૂર્વક આલિંગન આપજો. આગળ વધવા માટે ટીમના સાથીદારો સાથે હસજો. તમારા પ્રિયજનોને અતિમાનપૂર્વક ચાહજો. થોડી લાગણી વહેવડાવજો. દરરોજ તમને જે થતું હશે એના ઉપર તમારો કાબુ નહીં હોય, હું પહેલો માણસ છું કે એ વિષે હું સંમત થાઉં છું. પણ મને લેશ પણ શંકા નથી કે જે કાંઈ પ્રશ્નો આવતો સમય લાવશે તેને તમે સદ્‌ભાવપૂર્વક મજબૂતાઈથી અને સસ્મિત હલ કરી શકશો.

"**ભયંકર** શક્તિશાળી બનો અને
મસ્તાન થઈને જીવો."

૩૬

સફળતા ઉત્તેજક નથી

ઘણા બધા લીડરશીપ તજજ્ઞો સફળતાને સંપૂર્ણતા કહે છે, પણ જાણે કે એ જટિલ હોય એવો રણકો લાગે. તેઓ છેલ્લામાં છેલ્લી ટેકનિક શીખવે અને અદ્યતન ઢબની ફેશનની દરખાસ્ત મૂકે પછી તેને તેઓ કહે છે કે તમે તમારી જિંદગીની મહાનતા સુધી ઝડપથી પહોંચી શકશો. કોઈ જાદૂઈ ગોળી લો, અથવા અદ્યતન ફેશનના તરંગનો પ્રયત્ન કરો અને બધું સરસ બની જશે – જીવન પરિપૂર્ણ થશે.

અક્કલ વિનાની વાત. હા, અદ્વિતીય અસ્તિત્વની રચનાનું કામ કરી શકો. હકીકતે મહાનતા પ્રાપ્ત કરવા માટે વ્યક્તિગત રીતે અને ધંધાકીય રીતે પણ ત્યાગની આવશ્યકતા છે. પરિપક્વતાની પ્રાથમિક નિશાની એ છે કે તત્કાલ આનંદ આપે એનો ત્યાગ કરવાની શક્તિ હોવી જોઈએ. જ્યારે ઘણા બધાં પ્રેક્ષકો તો રસ્તા ઉપર જ નાચી ઊઠે છે, અને સત્ય એ છે કે સાચી વસ્તુ કરવી એ સામાન્ય રીતે એકદમ કઠિન છે. પણ અહીં એક સારા સમાચાર છે: તમારા સપનાની દિશામાં દરરોજ લાગલગાટ પ્રયત્ન અને સફળતાનાં મૂળભૂત તત્ત્વોને વળગી રહેવાથી, તમારાં સપનાંઓને જે સ્થળે લઈ જવા માગતા હો તમે સાચેસાચ ત્યાં પહોંચી શકશો

સફળતા એ લલચામણી નથી. સુંદરતાના પાયા સાથે લાગણીનો સંયોગ થાય અને જે નીપજે એ એનું મૂળ છે. મને એ શબ્દ ગમે છે – સંયોગ. કોઈકની સાથે તમે સહજભાવે કશાકથી લાંબા સમય સુધી કેટલો વખત જોડાયેલા રહો, એ આશ્ચર્યકારક છે. મોટા ભાગના લોકો ટૂંક સમયમાં છૂટા થઈ જાય છે. હું ધારું છું કે એમના ભયો મોટા હોય છે એમની શ્રદ્ધા કરતાં.

તમારા હૃદયમાં પાયાના સિદ્ધાંતો સાચા હોય અને તમે એ જાણતા હો તો એને વળગી રહો, પછી તમે જે કરશો એ સુંદર હશે. એ પાયાના સિદ્ધાંતો કયા છે? હકારાત્મક વસ્તુઓ ગમે, તમારા ભાગની જવાબદારી લેવી તમારા જીવનમાં એ કામમાં ન આવવાની હોય તો પણ, લોકોની સાથે સારો વ્યવહાર રાખવો, સખત કામ કરવું, કોઈકને અનુસરવું એના કરતાં, નવા સુધારક બનો, સવારે વહેલા ઊઠો, તમારા ધ્યેયોને બરાબર ગોઠવો, તમને સાચું લાગે તેવું બોલો, આત્મ-શિસ્તનું પાલન કરો, તમારા પૈસા બચાવો, તમારા સ્વાસ્થ્યની કાળજી કરો, તમારા કુટુંબને મૂલ્યનિષ્ઠવાળું બનાવો. મેં તમને કહ્યું છે, આ બધું તમે હવે જાણો છો. Nike એ અમારો અસીલ છે અને તેઓ (JDI Just Do It) સ્ટફ સાથે બધાને સાચું સમજ્યા છે. માત્ર કામ કરો! આ બધું મેં મારા પુસ્તક 'Who will cry when you die? ' એમાં લખ્યું છે: "ઉમદા ઇરાદાઓ કરતાં પણ નાનું શું કામ હંમેશાં

સારું હોય છે.

વસ્તુઓને જટિલ ના બનાવો. જિંદગીને ઉત્તમ બનાવવી એ સરળ છે. સહેલી નહીં પણ સરળ એ માટે ધ્યાન કેન્દ્રિત કરો અને મહેનત કરો. આ ફિલસૂફી છે કે હજાર માઈલની મુસાફરી શરૂ કરવાની હોય તો પહેલું પગલું સાચું ભરો. તમારા ધ્યેયો સુધી પહોંચવા માટે દરરોજ થોડું કરો અને વખત જતાં, તમે ત્યાં પહોંચી શકશો. દરરોજ નાનું કંઈપણ પ્રાપ્ત કરશો તેનું જીવનમાં પરિણામ રાક્ષસ જેટલું મોટું મળશે.

"એ **આશ્ચર્યકારક** છે, કે કોઈકની સાથે તમે સહજભાવે
કશાકથી લાંબા સમય સુધી જોડાયેલા કેટલો વખત રહો.
મોટા ભાગના લોકો ટૂંક સમયમાં છૂટા થઈ જાય છે.
એમના ભયો મોટા હોય છે એમની **શ્રદ્ધા** કરતાં."

મોટો વિચાર: વ્યક્તિગત – અને સંસ્થાગત – મહાનતા એ પરિવર્તન નથી પણ ઉત્ક્રાન્તિ કે ક્રમિક વિકાસ છે, જેઓ નાના છે પણ દૃઢતાથી વળગી રહે છે તે જીતે છે. Sam Walton એ એક સ્ટોરથી શરૂઆત કરી હતી. Richard Branson એ પહેલી નાની રેકોર્ડની દુકાનથી શરૂઆત કરી હતી. Steve Jobs એ પોતાના ગેરેજની બહાર Apple શરૂ કરી હતી. અરે હાં, મેં જાતે પ્રકાશિત કરેલી ચોપડીઓના થોડા પૂંઠાઓ Kinko ની કોપીની દુકાનમાં છપાવ્યાં હતાં. અને માત્ર ૨૩ જણ મારા પહેલા સેમિનારમાં આવેલા – એમાંથી ૨૧ તો કુટુંબના સભ્યો હતા. દરેક સ્વપ્નું શરૂઆતમાં નાનું હોય છે, પણ શરૂઆત કરવાની જરૂર હોય છે આજે.

૩૭

Cuddle પાર્ટી અને વિશ્વની કરુણ સ્થિતિ

આ સમજો: માત્ર આ મેં સાંભળ્યું છે કે નોર્થ અમેરિકામાં કેટલીક નિશ્ચિત જગ્યાઓએ ‘Cuddle Parties ”-એકબીજાને આલિંગન આપવાની પાર્ટી રાખવામાં આવે છે. એકબીજાથી અજાણ્યા માણસો ભેગા મળે છે, એકબીજાનો પરિચય તેમની જાતે જ કરે છે અને પછી આલિંગન કરવામાં એકબીજાને ભેટવામાં, લાડ કરવામાં, વળગીને હૂંફમાં સૂઈ રહેવાનું – એમાં સમય વિતાવવાનો. – કંઈ વધારે નહીં – માત્ર બીજા માનવીને સ્પર્શ કરવાનો અને લાગણી અનુભવવાની. જરા જોડાયેલો છીએ... Hmmm હં...

“આ તારના વિશ્વનો વિરોધ એવો છે
કે આપણે વીજળીના તારથી વધારે જોડાયેલા છીએ,
આપણે **લાગણીના** સ્તરે ઓછા **સંકળાયેલા** છીએ.”

આ પરસ્પર વિરોધી, આપણે આ તારથી જોડાયેલી દુનિયા સાથે ઘણા જોડાએલા છે, આપણું લાગણીઓનું જોડાણ ઓછું થઈ ગયું છે. લોકો કલાકો સુધી દરરોજ રોત્રે કૉમ્પ્યુટર ઉપર આવતા Blog સમાચારો જોવા વાંચવામાં સમય ખર્ચે છે. કૉમ્પ્યુટર ઉપર Podcasts ઉતારે છે અને ઇન્ટરનેટ ઉપર સર્ફિંગ કરે છે. પણ તેઓ જૂની ફેશનની વાતચીત કરવાનું મહત્ત્વ ભૂલી ગયા છે. તેઓ કુટુંબ અને મિત્રો સાથે જમવાથી મળતી શક્તિની ઉપેક્ષા કરે છે અને માણસના સંપર્કની મહત્ત્વની દિશા ચૂકી ગયા છે.

તમને ગમે તે કરો. હું તમારો ન્યાયાધીશ નથી. પણ મારી પાસે એવો કોઈ પ્લાન તમને બતાવવા માટે નજીકમાં કોઈ સમય નથી કે આ Cuddle Party માટે બતાવી શકું. એને બદલે માનવતાનાં કોઈ બંધન બાંધવાનાં હોય, મારી આસપાસ મારાં બાળકોને પ્રેમ કરનારાં અને બીજાં કુટુંબો છે, મારા પ્રેમાળ મિત્રો છે અને મને ટેકો આપનારા મારી ટીમના સાથીદારો અને અસીલો છે. માત્ર આટલું કરવાથી મને જોઈતી હૂંફ એમાંથી મળી રહેશે.

૩૮

સારાપણાનું મૂલ્ય

મોટી ટેલિકોમ્યુનિકેશનની કંપનીમાં મેં વ્યાખ્યાન આપ્યું પછી એક સ્ત્રી આંખમાં આંસુ સાથે ચાલીને મારી પાસે આવી. "રોબિન, તમારાં બધાં પુસ્તકો મેં વાંચ્યાં અને પછી તમે લખ્યું છે એ પ્રકારનું જીવન મારાથી બની શકે એટલું ઉત્તમ રીતે જીવવા પ્રયત્ન કર્યો. પણ તમારા સંદેશ પ્રમાણે ખરેખર એક માણસ જીવ્યો હતો. થોડા મહિનાઓ પહેલાં એમનું અવસાન થયું. એ મારા પિતાજી હતા." થોડીવાર એ અટકી ગઈ, અને નીચે જમીન ઉપર જોવા લાગી. "પાંચ હજાર લોકો મારા પિતાજીની સ્મશાનયાત્રામાં આવ્યા હતા." એણે કહ્યું, "આખું ગામ ત્યાં હતું. મારા મનમાં, એ જોઈને ઘણું ગૌરવ થયું."

"તમારા પિતાજી જાણીતા વહેપારી માણસ હતા?" મેં પૂછ્યું. "ના" એમણે જવાબ આપ્યો. "એ પ્રખ્યાત રાજકારણી હતા?" મેં આશ્ચર્ય સાથે મોટા અવાજે પૂછ્યું. "ના" એ મંદ અવાજે બોલી. "તમારા પિતાજી કોઈ પ્રકારના સ્થાનિક પ્રતિષ્ઠાવાળા હતા?" "ના, રોબિન, ના એવા એ ન હતા, બિલકુલ." "તો પછી ૫૦૦૦ માણસો શા માટે તમારા પિતાજીની સ્મશાનયાત્રામાં આવ્યા હતા?" મારે પૂછવું પડ્યું.

ફરીવાર લાંબો વિરામ લીધો. "બધા આવ્યા હતા કારણ કે મારા પિતાજી એવા પ્રકારના હતા કે હંમેશાં એમના મુખ ઉપર સ્મિત જ હોય. એ એવી જાતની વ્યક્તિ હતા કે ગમે તેવી વ્યક્તિને જરૂરત હોય ત્યારે મદદ માટે પહેલા પહોંચી જાય, અને હંમેશાં નમ્ર. તેઓ હંમેશાં પૃથ્વી ઉપર ચાલે ત્યારે હળવાશથી ચાલે. પાંચ હજાર માણસોએ મારા પિતાજીની સ્મશાનયાત્રામાં હાજરી આપી કારણ કે એ એકદમ સજ્જન હતા."

ગમે તે થયું હોય પણ મૂલ્યવાન થવું સારું છે એમ શા માટે? રિયાલિટી TV ના શોમાં માણસની વર્તણૂંક અત્યંત ખરાબ રીતે પ્રદર્શિત કરે છે. સંગીતના શ્રેષ્ઠ ગાયકો દર પાંચ સેકંડે સત્ય પ્રતિજ્ઞાઓ ઉપર ભારપૂર્વક જાહેરાતો કરે છે. કંપનીઓના નેતાઓ પોતાનાં ખીસાં ભરે છે. મોટી બોટો ખરીદવા માટે જ્યારે શેરહોલ્ડરો એમની જિંદગીની બચતો ગુમાવી દે છે. મને 'Wall Street ' મુવી ગમે છે. પણ Gordon Gekko એને ખોટી રીતે સમજ્યો. લોભ એ સારી વસ્તુ નથી. સારું એ સારું જ છે.

સજ્જન થવું, શિષ્ટ થવું કે ઉમદા જેવા સિદ્ધાંતો સામે કેટલાક લોકો હસે છે કે મશ્કરી કરે છે. "એ નબળાઈની નિશાની છે." હું સાંભળું છું. ના એ મજબૂતાઈની નિશાની છે. નરમ એ કઠણ છે. પોતાની જાતને પહેલી મૂકવી એ સહેલું છે. તમારી સાથે કોઈ સંમત ન થાય ત્યારે ગુસ્સે થવું એ સહેલું છે. ફરિયાદ કરવી, તિરસ્કાર કરવો, એ સહેલું છે, અથવા તો થોડું સહન કરવાનો રસ્તો લેવો. કંઈક ઉચ્ચ વસ્તુ માટે ખમી ખાવું, મોટાઈ

બતાવવી, બીજાઓની સેવા કરવી, એ બધા માટે કુનેહ જોઈએ. Mandela જેવા, ગાંધીજી જેવા, રાજા જેવા એ બધા મારા આદર્શો છે. હું ઇચ્છું કે એમનાંથી ચોથાભાગ જેટલો પણ હું સારો થાઉં.

“**Gordon Gekko** એ ખોટી રીતે સમજ્યો.
લોભ કોઈ રીતે સારો નથી. **સારું** એ હંમેશાં સારું છે.’’

આ બધા બકવાટ માટે દિલગીર છું, પણ મારે માટે આ વિષય ઘણો મોટો છે. હું પહેલો એવો માણસ છું અને તમને કહું છું કે હું પૂર્ણથી ઘણો દૂર છું. હું તો માત્ર સંદેશવાહક છું – સામાન્ય માણસ. પણ હું એક વસ્તુ કહીશ – હું સારા થવા માટે જે કાંઈ ઉત્તમ કરવું પડશે તે કરીશ. આ મારી ખોજ મને રાત્રે ઊભો કરી દે છે. હું મારી જાતને ઊંચી કક્ષા માટે પકડી રાખું છું, બીજું કોઈ મારી પાસેથી અપેક્ષા રાખે તે પહેલાં, હું હંમેશાં સાચો છું? ના, હું હંમેશાં શાંત અને જિતક્રોધ છું? ના, હું હંમેશાં મારા સંદેશને આદર્શરૂપ માનું છું? ના, હું દરરોજ પ્રયત્નશીલ રહું છું પણ ક્યારેક ચૂકી પણ જાઉં છું. હું એમ નથી કહેતો, કે લોકોની સાથે સન્માનપૂર્વક વર્તો એનો અર્થ એવો નથી કે ઊંચી કક્ષા માટે તેમની પાસેથી ગુણવત્તાની કે શ્રેષ્ઠતાની અપેક્ષા રાખવી નહીં કે પકડી રાખવા નહીં. એનો અર્થ એવો નથી કે એની રેખાઓ બાંધવી નહીં અને જ્યારે જરૂર પડે ત્યારે કઠણ થવું નહીં. નેતાગીરી બતાવવી એ બધાને ગમે જ એવું નથી. એમાં સાચું શું છે તે કરવું અને સારું શું છે તે કરવું.

૩૯

દબાણ નીચે રહેલી શ્રેષ્ઠતા

ડૉ. માર્ટિન લ્યુથર કિંગ જુનિયરે એક વ્યાખ્યાનમાં કહ્યું હતું: "માણસનું સાચું મૂલ્યાંકન જ્યારે એ સુખ અને સગવડની ક્ષણો ભોગવતો હોય ત્યારે નહીં, પણ એની સામે પડકાર અને વિરોધો હોય ત્યારે એવા સમયમાં એ કેવી રીતે ટકી રહે છે તેનાથી થાય છે." એ જ સાચું છે. માનવ તરીકે આપણે મુશ્કેલીઓના સમયમાં વધારે ખીલીને કેવા છીએ તે સ્પષ્ટ દેખાય છે તે સુખી હોઈએ ત્યારે પ્રગટ થતું નથી. જ્યારે બધું બરાબર અને સારું ચાલતું હોય ત્યારે તો કોઈપણ માણસ હકારાત્મક, નમ્ર અને દયાળુ હોઈ શકે. આપણામાંના કેટલાક લોકો અને અસાધારણ ચારિત્ર્યવાળા, જ્યારે જીવન અનિવાર્ય વળાંકો ઉપર લઈ જાય તે વખતે એનો પ્રતિભાવ તેઓ કેવો આપે છે ત્યારે ત્યાં જુદા પડે છે. તેઓ ભાંગી પડતા નથી અથવા શરણાગતિ સ્વીકારતા નથી. તેઓ પોતાની અંદર જ ઊંડા ઊતરી અને પછી તેમનામાં રહેલી ઉચ્ચ પ્રકૃતિને વિશ્વ સમક્ષ રજૂ કરે છે.

હમણાં જ થોડા કલાકો પહેલાં, હું રનવે ઉપર હતો. લંડનથી ઘેર જવા માટે તૈયારી કરી. ફ્લાઈટે ઉડાણ કરવા માટે તૈયારી કરી ત્યાં જ થોડા કલાકો માટે રોકી રાખી. સારું થયું કે ઊડતા પહેલાં જ રોકી દીધી મારી પાસે ipod હતું, વાંચવા માટે નવું પુસ્તક હતું અને મારું જર્નલ હતું. ત્યાં તો પાઈલોટનો અવાજ પબ્લિકની સૂચનામાં આવ્યો: '"એક પૈંડામાં કોઈ લોખંડનું હથિયાર જમીન ઉપરના ક્રુને મળી આવ્યું. અમે દિલગીર છીએ કે આ ફ્લાઈટને રદ કરવી પડશે." આ જાહેરાત પછી તો પ્રતિભાવો જે આવ્યા તેમાં ક્રોધ અને ઉશ્કેરણી પણ મુગ્ધ કરે તેવા. એક માણસ મારી નજીક હતો તે તો ફ્લાઈટના કર્મચારી સાથે યુદ્ધે ચડ્યો. એક પતિ-પત્ની બીજી લાઈનમાં હતાં. એમણે તો મોટેથી બડબડાટ કરવા માંડ્યો. એક બિઝનેસનો માણસ ઘેરા રંગના સૂટમાં હતો તેણે એની આગળની સીટ ઉપર લાતો મારવા માંડી. આમ છતાં કેટલાક પેસેન્જરોનો પ્રતિભાવ જરા જુદો હતો, એકદમ માનવતાભર્યો. એક જરા મોટી ઉંમરના સજ્જને સ્મિત કર્યું અને ઉપરના ખાનામાંથી બીજા લોકોનો સામાન ઉતારવામાં મદદ કરી. એક ટીનએજર, ઘણાં બધાં પેસેન્જરોની જેમ ધક્કા મારીને આગળ જવા પ્રયત્ન કરતો હતો એણે અટકી જઈને એક અપંગ સ્ત્રીને મદદ કરી. મારી બાજુની સીટ ઉપર એક સ્ત્રીને બેઠી હતી, મારી સામું જોઈને જરા હસી અને કહેવા લાગી: "ઓહ, વિશ્વનો અંત હજુ આવશે નહીં." અમારામાંના જે શાણાઓ હતા અને નોંધપાત્ર શક્તિવાળા હતા એ લોકોએ જ્યારે સમય કપરો હતો ત્યારે સ્થિરતા જાળવી રાખી.

કોઈ જીવન સંપૂર્ણ નથી, ચોક્કસપણે મારું પણ નથી. આપણે સૌએ પડકારોનો સામનો, મોટો કે નાનો બન્નેનો કરવો જ પડે. અત્યારે આ જ મિનિટે, વિશ્વના કોઈ સ્થળે,

એવા માબાપો હશે કે તેમના બાળકનું અવસાન થયું હશે. આ જ મિનિટે કોઈકને એક્સિડેન્ટ થયો હશે અને એનાં વહાલાંઓની ખુવારી થઈ હશે અને દુ:ખી થતાં હશે. આ જ મિનિટે કેટલાક માણસો હૉસ્પિટલમાં માંદગીને બિછાને પડ્યા હશે. માંદગી, મૃત્યુ, નિરાશાઓ. કોઈપણ માણસને આવા પ્રકારના અનુભવમાંથી જીવન દરમ્યાન પસાર થવું પડ્યું હશે. પણ તમને અને મને પસંદ કરવાની શક્તિ આપણને આપી છે એટલે આવા બહારના સંજોગોમાં આપણે ઊભા થઈ જવું જોઈએ. આપણને હંમેશાં મજબૂત અને હકારાત્મક રહેવાની પસંદગી મળેલી છે એટલે જ્યારે બધું તૂટી પડે ત્યારે નિર્ણય લઈ શકીએ. આપણને હક્ક છે કે ગબડી પડેલા પથ્થરોનો ઉપયોગ પગથિયાં બનાવવામાં કરી શકીએ, આપણા જીવનની મહાનતા એમાં છે. આ કાંઈ ગતિ ઉત્પન્ન કરવા માટેનો સિંહનાદ કે નીતિવાક્ય નથી. હું દઢપણે માનું છું કે આ સત્ય છે.

“આપણામાંના કેટલાક લોકો અને **અસાધારણ** વ્યક્તિઓ
જ્યારે જીવન અનિવાર્ય વળાંકો ઉપર લઈ જાય, તે
વખતે એનો **પ્રતિભાવ** એ લોકો કેવો આપે છે,
ત્યાં તેઓ જુદા પડે છે.”

શ્રેષ્ઠતા દબાણ નીચે રહેલી છે. એ જ નેતાઓને અનુસરનારાઓ કરતાં જુદા પાડે છે. આ એટલો સુંદર ગુણ છે જે બીજાઓને પ્રેરણા આપે છે અને સારી રીતે વિકસેલા આત્માનું પ્રતિબિંબ પાડે છે. એ એક વિશિષ્ટ ગુણલક્ષણ છે જેના વડે તમે જોઈ શકાય એ રીતે જીવનને કંડારી શકો. – તમે એને માટે અંતમાં ગૌરવ લઈ શકો. મારી સીટની બાજુમાં બેઠેલા સાચા હતા – ત્યારે વાત વધારે વણસી ગઇ હોત. હું સલામત છું. હું નીરોગી છું. મારે બે મઝાનાં બાળકો છે. હું કામ કરું છું મને ગમે છે એ બધા માટે હું કૃપાપાત્ર છું. હવે બીજી ફ્લાઈટ ઘેર પહોંચવા માટે મારે થોડા કલાક રાહ જોવી પડશે. શક્ય છે કે મારો એડિટર બીજી ચોપડી માટે કહેતો હતો તે પુસ્તક હું શરૂ કરી શકીશ.

૪૦

વધારે સર્જનાત્મક થવા, વિશ્રાંત થાવ અને વધારે આનંદ મેળવો.

તમારો બધો સમય કામમાં વ્યતીત કરો એ કોઈ રીતે વધુ ફલદાયક નથી. મારો અનુભવ એવો છે, અને હું ૧૦ વર્ષથી આ કામ કરું છું, પણ થોડા માણસો એવા પણ છે કે ઉત્તમ વિચારો એમને કામ કરતાં જ આવે છે. હું તમને આમંત્રણ આપીને કહું છું કે એક ક્ષણ માટે પણ આ અંગે વિચાર કરજો. દર ૬૦ સેકન્ડે તમારા Blackberry ઉપર ઈ-મેઈલ દ્વારા આવેલા સંદેશાઓને તપાસ્યા પછી તમે વધારે પ્રભાવશાળી બની શકશો નહીં. બન્ને છેડાઓ ઉપરથી મીણબત્તી બળશે તો પણ તમારી સર્જનાત્મક શક્તિના પુલમાં ઓગળેલું મીણ પડશે નહીં. રજા ઉપર જવાની વાતને નકારશો તેથી કાંઈ તમે મોટા નેતા થવાનો દેખાવ કરી શકશો નહીં. અહીં એક મોટો પદાર્થ પાઠ હું ભણ્યો છું: મારા ઉત્તમ વિચારો – જે વિચારોએ હકીકતે મને બિઝનેસમાં ઊંચે લઈ જવાનું કામ કર્યું છે અને મારા જીવનમાં ક્રાંતિ આવી છે – જ્યારે હું માનસિક રીતે વિશ્રાંત હતો અને મઝા કરતો હતો ત્યારે.

થોડો સમયને ઠરવા દો એનું બહુ મોટું મૂલ્ય છે અને પછી કામ કરો, તમારું હૃદય આનંદથી ભરાઈ જશે. ન્યૂટન સબવે લેવા માટે ધસતાં હશે ત્યારે Law of Physics નું નિરીક્ષણ વચ્ચે કર્યું નહીં હોય. આઈન્સ્ટાઈને ટનબંધી સમય તરવામાં ખર્ચ્યો હશે અને પછી પોતાના સ્વને બાળકની જેમ એની સાથે જોડ્યો હશે. (સીવવાના સંચાનું સર્જન જેણે કર્યું હશે તેને પહેલા વિચાર આવ્યો હશે પછી સપનું જોતો હશે કે ટાપુમાં રહેતો આદિવાસી હાથમાં ભાલો લઈને કાણું પાડતો હશે ત્યાં અંત આવ્યો હશે.) *The Monk who sold His Ferrari* પુસ્તક ઉપરથી Leadership Wisdom ની વિચાર-વિભાવના મને આવી હતી: '*The 8 Rituals of Visionary Leaders* ' એ હું દેશમાં લાંબી મુસાફરીમાં ગાડી ચલાવતો હતો ત્યારે વિચાર ઝબક્યો. મેં ગાડીને બાજુમાં માટીના રસ્તા ઉપર ઉતારી દીધી અને વિચારને મારા જર્નલમાં બે કલાકથી વધારે સમયમાં લખી નાંખ્યા. ન ભૂલી શકું એવો એ મારો અનુભવ છે.

"મારા ઉત્તમ વિચારો – જે વિચારોએ હકીકતે મને બિઝનેસમાં ઊંચે લઈ જવાનું કામ કર્યું છે અને મારા જીવનમાં **ક્રાંતિ** આણી છે – જ્યારે હું માનસિક રીતે

વિશ્રાંત હતો અને **મઝા** કરતો હતો.”

હું ઘણીવાર મારા શ્રોતાઓને રમૂજમાં કહું છું કે મોટા ભાગની મારી આવક હું બરફની ટેકરી ઉપર કરું છું. લોકો સ્મિત કરે છે. પણ મારો મુદ્દો તેઓ સમજી શકે છે. તમારામાં રહેલી નૈસર્ગિક લાક્ષણિકતાને વહેવા માટે તમારે જગ્યા કરવી જોઈએ. આપણી સર્જનાત્મક શક્તિને ફૂટવા દેવી જોઈએ, એ બધા વિચારોનો ધોધ એ આપણાં બિઝનેસ અને વ્યક્તિગત જીવનને બીજા લેવલ ઉપર લઈ જાય છે, જ્યારે આપણે બરફ ઉપરથી લપસતા હોઈએ કે કૉફી સ્ટારબક્સમાં પીતા હોઈએ અથવા તો જંગલમાં ચાલતા હોઈએ અથવા તો સૂર્યોદય વખતે ધ્યાન કરતા હોઈએ. એ બધી પ્રવૃત્તિઓ એ સમયનો બગાડ નથી. કોઈ રીતે નહીં. આવી પ્રવૃત્તિઓ પાછળ કરેલો સમયનો ઉપયોગ એ ઉત્તમ છે. સર્જનાત્મકતા જ્યારે તમે વિશ્રાન્ત હો, સુખી હો અને ક્ષણને માણતા હો ત્યારે આવે. અને જ્યારે તે આવે ત્યારે એ વિચારોને લઈ આવે ત્યારે તમારું વિશ્વ નાચી ઊઠે. પહેલાં નહીં કલ્પેલું એવું પરિણામ, માત્ર એક સારો વિચાર તમને લાવી આપે છે. વિશ્રાન્તિ વેકેશન અને મઝા માટે કાઢેલો સમય ખરેખર તમને વધારે સફળતા આપે છે.

આ બધી પ્રવૃત્તિઓથી તમે પૈસા બનાવી શકો છો. Mireille Guilino, Clicquot ના મુખ્ય અધિકારીએ સારી રીતે કહ્યું છે: “આપણે થોડો ‘beach time ’ (દરિયાકાંઠે ફરવું) લેવો જોઈએ, દરરોજ એથી આપણામાં જગ્યા થાય, કારણ કે આપણે બળતરાવાળા વિશ્વમાં જીવીએ છીએ. વધારે નહીં તો પણ ૨૦ કે ૩૦ મિનીટ જેટલો સમય તમારે માટે કાઢો, તો તમે સારા કાર્યકર, સારા સાથીદાર, સારા માણસ બની શકો છો. એનો લાભ તમારી આસપાસ લોકોને મબશે એટલો જ લાભ તમને પણ થશે.

આ સમજો. Hewlett – Packard તાજેતરમાં નોંધે છે કે સતત ટેકનોલોજીની ખલેલથી કામના વાતાવરણમાં સામાન્ય કારીગરનો IQ ખરેખર ૧૦ પોઇન્ટ ઓછો થઈ જાય છે. અને અમેરિકાની સોફ્ટવેર કંપની Veritas કંઈક આશ્ચર્ય થતું જોયું. “Email-free Friday ” એમણે દાખલ કર્યો. પછી સૌથી વધારે ઉત્પાદન અને અઠવાડિયાનો સર્જનાત્મક દિવસ શુક્રવાર બન્યો.

એટલે થોડો આનંદ કરો. સાથી કાર્યકરો સાથે હસો. લંચ વખતે ચાલો. આ વીકએન્ડમાં ફિશિંગ કરવા જાવ અથવા તરવા જાવ અથવા ગોલ્ફ રમો. Caribbean માં એક અઠવાડિયું દરિયાકાંઠે બેસી રહો અથવા મોટા મ્યુઝિયમોમાં ફ્રાન્સમાં મુલાકાત કરો અથવા ઈટાલીમાં અથવા તો માત્ર આડા પડખે થાવ અને આરામ કરો. અને જો કોઈ તમને કહે કે તમે સમય બગાડો છો, તમને મારી અનુમતિ છે, કહેજો: “પણ રોબિને મને કહ્યું છે કે હું સર્જનાત્મક છું” અને પછી પાછા જઈને ઊંઘી જજો.

૪૧

બે જાદુઈ શબ્દો

કેટલીકવાર મને કૃતઘ્નતાનો અનુભવ થાય છે ત્યારે માનસિક રીતે ત્રાસ થાય છે. હું લોકોની સાથે સારું વર્તન રાખું છું, તેમને જીતવામાં મદદરૂપ થાઉં છું અને એમને અભિનંદન પણ આપું છું, તેથી તેઓ જીવનમાં સારી રીતે ઊંચે જઈ શકે. ક્યારેક મને બે જાદુઈ શબ્દો સાંભળવા ગમે છે: "તમારો આભાર".

હાં, હું જાણું છું કે જે તમે કંઈક સારું કોઈકને માટે કરો અને સાથે અપેક્ષા રાખો બદલાની તો એ ઇનામ નથી – એ વેપાર છે. અને હું એ પણ જાણું છું કે લોકોને સારું કરીએ તો સારું લાગે છે. જેઓ સારું કરે એમને પણ. અને હું જાણું છું કે જીવનમાં સારા વ્યવહારની પ્રથા એ ઘણી સારી છે અને 'જેવું વાવો તેવું લણો.' પણ હજુ આ બે જાદુઈ શબ્દો મને વારંવાર સાંભળવા ગમે છે.

એક દિવસ મારે એક મિત્ર સાથે નાસ્તો કરવાનો હતો. એમણે એમની સંસ્થામાં ઘણા બધા માણસોને મદદ કરી હતી અને લીડર તરીકે અને માણસ તરીકે પણ તેમની ઊંચી આંતરશક્તિને તે પહેચાનતા હતા. એમણે મારી તરફ જોયું અને કહ્યું: "રોબિન, ઘણાં બધાં વર્ષોના વેપાર પછી, હું એક બાજુ ગણી શકું એટલા બધા માણસોએ મને કહ્યું છે કે મેં એમને માટે જે કાંઈ કર્યું છે તેનું તેમને ઘણું મૂલ્ય છે."

હું માનું છું કે હું તમને એક સાચા મુદ્દા ઉપર વાત કરું છું. Gallup ના સંશોધન પ્રમાણે, કામદારો તેમની સંસ્થા છોડીને જાય છે એનું પહેલું કારણ એ છે કે એમને પૂરતો પગાર નથી મળતો એ નથી, પણ તેઓ છોડીને જાય છે કારણ કે તેમની જોઈએ તેવી પ્રશંસા કે મૂલ્યાંકન થતું નથી. તમારી કુશાગ્રતાને કારણે હરીફાઈ થાય છે પણ કોઈ તેમનો આભાર માનતું નથી. Max De Pree, Herman Miller અગાઉના મુખ્ય અધિકારી (CEO) એ સંતની રીતે નિરીક્ષણ કર્યું હતું: "નેતાની પહેલી જવાબદારી એ છે કે વાસ્તવિકતાની વ્યાખ્યા આપવી જોઈએ. છેલ્લે આભાર માનું છું એમ કહેવું જોઈએ."

એટલે અત્યારે થોડો સમય લઈને, તમારા જીવનમાં જે માણસો આવ્યા હોય અને જેમને મમતાથી સંભાળવાની જરૂર હોય તેમની પ્રશંસા કરો અને તેમને કહો કે તેમનો ટેકો બહુ મદદ કરે છે. હૃદયની લાગણીથી અને ઉત્સાહપૂર્વક "આભાર તમારો" કહો. આ બે જાદુઈ શબ્દોની કોઈ કિંમત પૈસામાં ચૂકવવાની નથી. પણ તેઓ એક જુદી જ દુનિયા બનાવશે.

"આજે જ થોડો સમય લઈને, તમારા જીવનમાં

જે **માણસો** આવ્યા હોય અને જેમને મમતાથી
સંભાળવાની જરૂર હોય તેમની પ્રશંસા કરો
અને તેમને કહો કે તેમનો ટેકો બહુ મદદરૂપ છે.”

૪૨

દરરોજ મૃત્યુ પામવાનું મૂલ્ય

હું જ્યારે સ્મશાનગૃહમાં હોઉં, મારી ઇચ્છા એવી નથી કે હું એકદમ ધનિક માણસ હોઉં. મને એવું છે કે જીવન સુંદર રીતે જીવવું અને મોટે ભાગે જે લોકોને હું પ્રેમ કરું છું એ બધા મારી ચારેબાજુ હોય, સ્વસ્થ તંદુરસ્ત અને સુખી (આડ વાત કહું – ફિલ્મ સિવાય ક્યાંય કોઈ માણસ હંમેશાં સુખી નથી હોતો), મારી ઊંચી આંતરિક શક્તિથી દરરોજ પગથિયાં તરફ ઊંચે ચડતો હોઉં, મને ગમે છે તે કામ કરતો હોઉં અને મારી આજુબાજુના વિશ્વ ઉપર મારો પ્રભાવ હોય. દરરોજ દબાણથી ભરેલી આ જિંદગીની વચ્ચે કેવી રીતે ધ્યાનસ્થ થઈને ધ્યેયને કેન્દ્રમાં રાખી સ્થિર રહેવું એ બહુ અગત્યનું નથી? દરરોજ મૃત્યુ પામો.

આના વિશે મેં "The Monk who Sold His Ferrari " માં લખ્યું છે પણ આ શાણપણનો મુદ્દો છે એટલે એનું પુનરાવર્તન કર્યું છે: આ હકીકત છે. એને જીવન સાથે જોડતા લાગે છે કે જીવન ટૂંકું છે અને કોઈ જાણતું નથી કે એનો અંત ક્યારે છે એ મોટી વ્યક્તિગત ટેવ ઉપર અવલંબે છે એટલે તમારી મોટી અગ્રિમતાના મધ્યમાં રહો. સવારે ઊઠતાં જ દરરોજ તમારી જાતને પ્રશ્ન પૂછો, "જો આજનો દિવસ મારો છેલ્લો દિવસ હોય તો આજનો દિવસ હું કેવી રીતે વિતાવીશ?'' આ કાંઈ ચીઝ જેવી સુંવાળી ઉત્સાહપૂર્વક કરવાની કસરત નથી. થોડી તાકીદ અને જવાબદારીપૂર્વક આપણા દિવસોમાં જ ગંભીર રીતે વિચારવાનો આ રસ્તો છે. Apple નાં CEO Steve Jobs હું કહું એના કરતાં વધારે શક્તિશાળી રીતે જ્યારે એમણે જોયું ત્યારે કહ્યું: "કોઈને મરવું નથી. અરે માણસને સ્વર્ગમાં જવાની ઇચ્છા હોય તો પણ ત્યાં જવા માટે મૃત્યુ નથી ઇચ્છતો અને છતાં આપણે સૌ જાણીએ છીએ કે મૃત્યુ એ જ અંતિમ મુકામ છે. કોઈ એમાંથી ક્યારેય છૂટી શકતું નથી. અને એ જેવું હોવું જોઈએ તેવું જ છે, કારણ કે મૃત્યુ એકજ એવી ચીજ છે કે જીવનનું ઉત્તમ નવસર્જન છે.''

મોટાભાગનાં આપણે જિંદગી ચલાવે તેમ ચાલીએ છીએ – જિંદગીના ચક્કરમાં આપણે ઊંઘતા જ હોઈએ છીએ. આમને આમ ખરેખર દિવસો અઠવાડિયામાં સરકી જાય છે, અઠવાડિયાઓ મહિનાઓમાં અને મહિનાઓ વર્ષોમાં. આપણે જાણીએ ત્યાર પહેલાં તો આપણે મૃત્યુ શય્યા ઉપર સૂતા હોઈએ છીએ. આ બધો સમય ક્યાં ગયો એનાં આશ્ચર્યમાં આ વિશે મેં ઘણાં વૃદ્ધ લોકો જોડે વાત કરી ત્યારે એમની આંખોમાં આંસુ સાથે આ જ લાગણી વ્યક્ત કરી. એક ભાગ લેનારે હમણાના સેમિનારમાં એક મુદ્દા વિષે સુંદર રીતે વાત કરી અને એના કુટુંબના સભ્યોમાંથી એક જણે આ વાક્ય ટાંક્યું: "જ્યારે સૂરજ ઝળક્યો અને આમંત્રણ આપીને દુકાનો ઉઘાડી – અરેરે – હું ખરીદી કરવાનું ભૂલી ગયો!

હવે તો રાત્રિ પડી ગઈ – અને મને યાદ આવ્યું કે મારે ખરીદી કરવાની તો રહી ગઈ?"

"સવારમાં જાગતાની સાથે જ દરરોજ તમારી જાતને પૂછો:
'જો આજનો દિવસ મારો **છેલ્લો** દિવસ હોય તો
મારો દિવસ કેવી રીતે હું વિતાવીશ?' આ કાંઈ ચીઝ જેવી
સુંવાળી ઉત્સાહપૂર્વક કરવાની કસરત નથી.
થોડી **તાકીદ** અને જવાબદારીપૂર્વક આપણા દિવસોમાં જ
ગંભીર રીતે વિચારવાનો આ રસ્તો છે."

મારો એક સૌમ્ય પડકાર તમને છે: દરરોજ મૃત્યુ પામો. પ્રત્યેક સવારે એને મૃત્યુની સાથે જોડો. પછી તમારી જાતને જીવનને આપો. પછી આવતીકાલ આવવાની જ નથી એમ જીવો. થોડું જોખમ ખેડો. તમારા હૃદયને થોડું વિશાળ કરો. તમે સાચું બોલો. તમને આ જીવનરૂપી બક્ષિસ મળી છે એના માટે તમારું સન્માન બતાવો. આજે તેજસ્વી રીતે ઝળકી ઊઠો. તમારાં સપનાંઓનો પીછો પકડો. ઘણાં માણસો પોતાની સલામતીને વળગી રહે છે પોતાનામાં રહેલા ઉત્તમને પહોંચવા કરતાં, એ કરુણતા છે અને હવે સવારે ઉત્તિષ્ઠ થાવ અને ઉત્તમને પ્રાપ્ત કરો અને અંતમાં, લોકો તમને યાદ કરશે શ્રેષ્ઠ માનવ તરીકે અને તમારી સ્મશાનયાત્રા એ ઉત્સવ બની રહેશે.

૪૩

ગ્રાહક-કેન્દ્રમાં વિરુદ્ધ લંચ બહાર કરો

શનિવારની સવાર છે અને આ પ્રકરણ હું લખી રહ્યો છું. હું સરસ રીતે જાગ્યો અને વહેલો ઊઠ્યો જેથી ઇનામરૂપે મળેલો આ દિવસ એ શરૂ કરું અને કંઈક મહાન પ્રાપ્ત કરું. મેં એક કલાક ડાયરી લખવામાં ગાળ્યો, વાંચ્યું અને મારા બાળકો સાથે સુંદર વાતચીત કરી. પછી કસરત કરવા હું હેલ્થ ક્લબમાં જાઉં છું, ત્યાં જવાનું ગોઠવ્યું અને એ પ્રમાણે, ૮ વાગે ખૂલે એટલે નીકળ્યો. જ્યારે હું ત્યાં પહોંચ્યો, તો બધા માણસો પાર્કિંગ પ્લોટમાં ઊભેલા હતા તે મેં જોયું. વિશેષ કરીને આ ક્લબમાં જવા માટે એક નાની નદીનો પુલ છે તેના ઉપરથી જવાય અને પાર્કિંગ લૉટથી છેક મુખ્ય મકાન અને ટેનિસ કોર્ટ છે ત્યાં સુધી રસ્તો જાય છે. ગઈકાલે ચોમાસા જેવો વરસાદ હતો અને પુલ તૂટી પડ્યો. થોડાક એમના કામદારો કેટલું નુકસાન થયું છે તે તપાસતા હતા.

એટલે હું ચાલવા લાગ્યો. એ વખતે સવારના ૭.૫૦ થયા હતા અને હું સરસ રીતે તૈયાર હતો, મોટું કામ કરીને દિવસ માટે શક્તિ મેળવવી હતી. હું અસીલ છું, એક એવો માણસ જે બધાને વેપારમાં રોકી રાખે. પણ એ લોકોએ આ ધ્યાનમાં લીધું નહીં. અભિનંદન નહીં, સ્મિત નહીં, હૂંફ નહીં, માત્ર ભાંગી પડેલા પુલ વિશેની વાતચીત ચાલ્યા કરે.

મેં પૂછ્યું કે ક્લબ હજુ ખુલ્લી છે? તેઓ હસ્યા. એક કર્મચારી કહે, “હમણાં થોડો વખત તો ખૂલશે નહીં.” સારું... થોડી વધારે માહિતી હોય તો મદદરૂપ થાય, ભાઈઓ. પણ વધારે કશી માહિતી મળી નહીં. ક્લબ ફરી ક્યારે ઊઘડશે એની કોઈ માહિતી મળી નહીં અથવા મારે તો મારા માટે ઉકેલ જોઈતો હતો કે બીજી કોઈ ક્લબો આ ક્લબ જ્યાં સુધી ચાલે નહીં ત્યાં સુધી વચ્ચેના ગાળામાં અમને કામ કરવા દે કે કેમ? હું ત્યાંથી પાછો ફર્યો, વધારે કોઈ માહિતી કે પુરાવા આ સંસ્થાના મળી શક્યા નહીં. અને એ લોકોને પણ કશી દરકાર કરતા હોય એવું લાગ્યું નહીં. પહેલાં એ લોકો કરતા હતા.

ભૂતકાળમાં, એ લોકો ઉત્કૃષ્ટ સેવા આપતા હતા, ઉત્તમ સગવડો અને ઉત્તમ મનોરંજકતા. વર્ષમાં એકવાર મને બર્થ ડે કાર્ડ મળે, આખી ટીમે સહી કરેલો અને જ્યારે હું અંદર પ્રવેશ કરું એ લોકો મારા નામનો ઉપયોગ કરે (મને પણ સારું લાગે હું જાણતો હોઉં તો પણ કે મારા નામને જુએ છે જ્યારે તેઓ મારા કાર્ડને Swipe કરે જ્યારે હું પ્રવેશ કરું ત્યારે: પછી આ બધી વસ્તુઓ ઓસરવા લાગી. તેઓ સફળ થયા. સફળતા જેવી કોઈ નિષ્ફળતા નથી. Richard Carrion સાચા હતા. એમણે એમની કેળવણી આપતી ટીમને બંધ કરી. એમણે એમનાં મશીનોને જૂના થવા દીધાં. અને એટલે એમણે અમને લીધા –

અસીલોને – ચલાવી લીધા. માત્ર પુલ જ એકલો ત્યાં તૂટ્યો છે એમ નથી.

“વેપાર એ લોકોને **પ્રેમ** કરવા માટે છે, જે લોકો વેપાર કરે છે તમારી સાથે અને એમને વધારે **મૂલ્ય** આપે છે તેઓ અપેક્ષા રાખે કે તેમને પણ કોઈ હક્ક છે.”

અને ધારો શું? જો નવી ક્લબ ઊઘડે એ બતાવે છે કે તે સમજે છે એ શા માટે વેપારમાં છે – એનું મૂલ્ય વધે અને એમનાં કસ્ટમરોને આનંદ આપે – હું જ એમને પહેલો બતાવી આપું. મારે મન વેપાર એ લોકોને પ્રેમ કરવા માટે છે, જેઓ તમારી સાથે વેપાર કરે છે અને તેમનું મૂલ્ય વધારીને આપે છે, એ લોકો અપેક્ષા રાખે કે તેમને પણ કોઈ હક્ક છે. તમારા ગ્રાહકોની કાળજી રાખો. ના... તેમને આશ્ચર્યમાં નાખો. તમારી સફળતા અને ટકી રહેવાની તાકાત બંને ખાતરીપૂર્વક મળશે. નમણો સાદો વિચાર. એટલે બહુ ઓછા એ સમજી શકે છે.

૪૪

પદ વિનાની નેતાગીરી

જ્યારે હું સંસ્થામાં એના વિકાસ માટે મદદ કરવા અને નેતાઓ કેમ વધે એ માટે જાઉં છું, ત્યારે કાર્યકરો લીડરશીપ શું છે અને એના વિશે બધું સમજાવવા માટે ઘણીવાર ગ્રાહકો મને પૂછે છે. લીડરશીપ માટે મોટું નામ તમારા બિઝનેસ કાર્ડ ઉપર જોઈએ કે ઑફિસ માટે મોટી જગ્યા જોઈએ એવું કશું નથી. તમે કેટલા પૈસા કમાઓ છો કે કેવાં કપડાં પહેરો છો એ લીડરશીપ માટે જરૂરી નથી. લીડરશીપ એ તત્ત્વજ્ઞાન છે. એ એક જાતનું વલણ છે. એ મનની સ્થિતિ છે. તમે કેવી રીતે કામ કરો છો તે છે. અને આપણામાંના પ્રત્યેક જણને મળી શકે તેમ છે. Robert Joss, Strandford Graduate School ના ડીન છે એમણે નિરીક્ષણ કરીને શ્રેષ્ઠ મુદ્દા વિશે કહ્યું છે: “લીડરશીપનો અર્થ એવો છે કે સંસ્થાની સંપૂર્ણ જવાબદારી અને એનો વિકાસ તથા એને સારી બનાવવી અને વધુ સારી કરવા માટે પરિવર્તન પણ કરવું જોઈએ. સાચી લીડરશીપ એ આબરૂ પ્રતિષ્ઠા, સત્તા કે પદ કે મોભામાં નથી. એ જવાબદારી અંગે છે.” દરેક ગ્રુપના કાર્યકરો સાથે હું કામ કરું છું ત્યાં બધાને આમંત્રણ આપું છું: કોઈપણ જાતના શીર્ષક વિના દોરવણી કરો.

અહીં એક ઉદાહરણ આપું. હું ઘણો બધો વખત વિમાનની મુસાફરીમાં ખર્ચું છું એટલે મને સામાનમાં તકલીફ પડે છે. એકવાર રશિયા ગયો ત્યારે હાથમાં લઈ જવાની બેગનું હેન્ડલ તૂટી ગયું. (એક વખત તમે ગુજરી જાવ ત્યારે પહેલાં તમારે મુલાકાત લેવાનાં સ્થળોની યાદી કરી હોય તો St. Petersburg ની મુલાકાત કરજો) ચાલો, ગમે તેમ હું હેન્ડલ લઈને Evex, Toronto માં ડીલર છે, તેની પાસે ગયો. જુવાન માણસ કાઉન્ટર ઉપર હતો. મારી સાથે એકદમ સુંદર વ્યવહાર કર્યો અને થોડાક દિવસોમાં હેન્ડલ એકદમ બરાબર સરખું કરીને આપ્યું.

પછી ન્યૂયોર્કમાં થોડા સમય પછી હેન્ડલ ફરીથી તૂટી ગયું. મેં ધારી લીધું કે આને રીપેર કરાવીશ ત્યારે મારે પૈસા આપવા પડશે પણ હું ફરી પાછો Evex માં ગયો. ઘણા વેપારીઓ મોટાભાગના વેપારમાં ગ્રાહકોને ઘણી બધી તકલીફો આપે છે. જો તમે રસીદ સાચવી રાખી ન હોય તો તમે કમનસીબ ઠરો. જો તમે પહેલાં રીપેર કોણે કરી હતી તે જાણતા ના હો તો તમે કાંઈ ન કરી શકો. આ જ જગ્યાએથી જો તમે ખરીદી ન હોય તો તમારા અસ્તિત્વનો અર્થ નથી. સારું, પણ Evex એ જુદા જ પ્રકારમાં આવે. તેમણે તરત જ લઈ લીધી. તેઓ સમજે છે કે ગ્રાહકની સાથે સારો વર્તાવ નહીં રાખીએ તો આપણો વેપાર ચાલવાનો નથી. તેઓ ગઈકાલે રાત્રે તેમના ટેબલ ઉપર ખોરાક કોણે મૂક્યો હતો તે પણ ભૂલી જતા નથી. તમારા ગ્રાહકો રાજાશાહી રીતે રાખો અને તમને નહીં ધારો તો પણ જીત તમારી હશે.

જ્યારે મેં હેન્ડલ ફરીથી તૂટી ગયું એના વિશે સમજાવ્યું – કાઉન્ટર ઉપર યુવાન સ્ત્રી હતી – અવઢવમાં એક ક્ષણ પણ બગાડ્યા વિના, જે મુશ્કેલી મારે વેઠવી પડી એ માટે ક્ષમા માગી પછી તે બોલી: "અમે તમને વચન આપીએ છીએ કે આ તમારે સાથે લઈ જવાની બેગ છે તે એકદમ બરાબર સંપૂર્ણ રીતે કરીને ત્રણ દિવસમાં આપી દઈશું, અને સાચે જ, સર, એનો કોઈ ચાર્જ લેવામાં નહીં આવે." આગળ રીપેર કરી આપી હતી તેની કોઈ રસીદની જરૂરિયાત માટે અમલદારશાહી નહીં. કોઈ કકળાટ નહીં. કોઈ પ્રશ્ન નહીં. માત્ર સુંદર સેવા, સાથે બહુ મોટું સ્મિત.

"સાચી **લીડરશીપ** એ પ્રતિષ્ઠા, સત્તા, અથવા પદ કે
મોભા માટે નથી. એ **જવાબદારી** અંગે છે."

આ સ્ત્રીએ સાચી લીડરશીપ બતાવી. એણે ઝડપથી પ્રશ્નનું નિદાન કર્યું, પોતાની જવાબદારી છે એ સ્વીકારી લીધું, અને સાચો નિર્ણય લીધો. થોડો ભાગ ઉકેલ હતો સામે થોડો ભાગ પ્રશ્ન હતો. આ આખી પ્રક્રિયામાં ગ્રાહકને એણે વાહ વાહ બોલાવી. એ કાંઈ માલિક ન હતી. સુપરવાઈઝર-દેખરેખ રાખનાર ન હતી. મેનેજર પણ ન હતી. માત્ર નેતા, મોભા કે ઇલ્કાબ વિનાની.

૪૫

તમારો ભાગ ભજવો

મોટો પ્રશ્ન તમારો માટે: "નવું અને સારું વિશ્વ રચવા માટે તમે શું મદદ કરશો? રાજકારણીઓ ઉપર દોષારોપણ ના કરશો. તેમની આજુબાજુ જેઓ હોય તેમને પણ દોષિત ના ગણશો. તમારાં માતાપિતા કે પશ્ચાદ્ભૂને પણ ઠપકો ના આપશો. એમ કરશો તો તમે દુઃખ ઊભું કરશો અને આ વિશ્વમાં ઘણા બધા માણસો દુઃખની જ સાથે રમતા હોય છે, જ્યારે તેઓ તેમની બુદ્ધિનો ભ્રષ્ટાચાર કરે છે અને ગંભીર ઊંડા ભેદભાવ કરે છે. **મધર ટેરેસા** એ હું કહું એના કરતાં ઘણી સુંદર રીતે કહ્યું છે: "આપણે પ્રત્યેક જણ આપણું પોતાના બારણાનું પગથિયું વાળી લઈએ (સાફ રાખીએ – ચોખ્ખું રાખીએ) પછી આખું વિશ્વ ચોખ્ખું થઈ જશે."

બીજાઓના ઉપર દોષારોપણ કરીએ એ તમારી પોતાની ક્ષમાયાચના છે. તમારી જાતને તમે કહો છો – એક માણસના લશ્કરની જેમ – તમારી સત્તાનો કોઈ પ્રભાવ પડે નહીં. થોડા વખત પહેલાં હરિકેન (વાવાઝોડું) આવ્યા પછી કોલેજના કેટલાક છોકાઓએ ખાલી સ્કૂલ બસોને એમના હાથમાં લઈ લીધી પછી ચલાવીને ઉજ્જડ સ્થળે લઈ ગયા; જ્યારે બીજા બધા કહેવા લાગ્યા કે શહેરમાં અભેદ્યતા છે. એક નાનો માણસ કમરે વીંટેલા કપડાવાળો, મહાત્મા ગાંધી નામના માણસે આખી પ્રજાને સ્વતંત્ર કરી. એક સ્ત્રી Rosa Parks એ બસની પાછળની સીટ ઉપર બેસવાની ના પાડી કારણ કે નાગરિક હક્કનો તણખો એનામાં ઝળક્યો અને એમાંથી ચળવળ શરૂ થઈ. સામાન્ય માણસો ખરેખર અસામાન્ય વસ્તુઓ કરી શકે છે. Anita Roddic, The Body Shop ની સ્થાપક એણે એકવાર કહ્યું હતું, એ મને ગમ્યું: "જો તમને વિચાર આવે કે તમે પ્રભાવ પાડવા માટે બહુ નાના છો તો, રૂમની અંદર પથારીમાં સૂવા જાવ ત્યારે મચ્છરને સાથે લઈ જઈને પ્રયત્ન કરજો."

જેને હું Jennifer Aniston Rule કહું છું એવી રીતે જીવો. *Vanity Fair* માં એક બાબતસર Aniston એ કહ્યું છે કે એક દિવસ તે પોતે એક યાતનાના ભોગનો અનુભવ કર્યા પછી એ બનાવની સામે પડકાર આપવાની રમત કરશે. એ દિવસની શક્તિવિહીનતાની લાગણી પછી અને પોતાને માટે દિલગીર થયા પછી, તે જાગે છે અને પછી પોતે માલિક બને છે એ રીતે એનું જીવન લાગે છે. પોતે વ્યક્તિગત જવાબદારી લઈને પોતાના ભાગનો જે પ્રશ્ન હતો – છતાં એનો સરવાળો તો ૧% હતો. એ વ્યક્તિગત લીડરશીપનો અભિનય હતો. તમે કોણ છો અથવા તમે ક્યાંથી આવો છો એ મહત્ત્વનું નથી. "જીત મેળવવાની શક્તિ તમારા પોતાથી શરૂ થાય છે હંમેશા." મનોરંજનનાં શ્રેષ્ઠ અભિનેતા Oprah Winfrey આમ કહે છે.

"બીજાઓના ઉપર **દોષારોપણ** કરીએ એ તમારી
પોતાની ક્ષમાયાચના છે. તમે તમારી જાતને
કહો છો – એક માણસના લશ્કરની જેમ -
તમારી **સત્તાનો** કોઈ પ્રભાવ પડે નહીં."

તમારા જીવનમાં તમને શું નથી ગમતું, અથવા તો જે સંસ્થામાં તમે કામ કરો છો અથવા તો તમે જે દેશમાં રહો છો એ બધામાં શું નથી ગમતું એની યાદી કરો. એના વિષે લખો. મોટેથી બૂમો પાડો. અને પછી એમાંથી સુધારવાનો કંઈક પ્રયત્ન કરો – ગમે તે શરૂઆત નાનાથી કરો અથવા વધારે મોટાથી કરો. માત્ર કંઈક કરો. જેવી તમે પસંદગી માટે શક્તિ વાપરશો, ધારો શું થશે? તમારામાં શક્તિ વધશે. અને પછી તમારા ક્ષેત્રમાં રહીને અસર કરે એ રીતે અંદર તમે કામ કરશો તો વસ્તુ સારી થશે. ધારો, પછી શું? તમારી અસર કરનારા ક્ષેત્રનો વિસ્તાર થશે. પછી તમે એના ભાગરૂપ બની જશો. આજે, હમણાં વિશ્વ માટે એ સારું છે.

૪૬

તમે રમો છો?

ગયા વીકએન્ડમાં મારો દીકરો કોલ્બી, એના મિત્રને ઘેર જવું હતું એટલે હું એને મૂકવા ગયો. એનો પ્રિય મિત્ર સામે ચાલીને ગાડી સુધી એને લેવા આવ્યો, મેં પૂછ્યું: “તમે લોકો શું કરવાના છો?” જવાબ એક જ મોટા શબ્દમાં આવ્યો: “રમવાના” બરાબર જવાબ.

બાળકો આપણાં શિક્ષકો છે. અમારા ઘરમાં હું ગુરુ (મોટો) નથી – મારાં બાળકો છે. પાછા ફરતાં ઘેર આળતા હું ગાડી ચલાવતો હતો, મારા મનમાં રમતના મહત્ત્વ વિશે ચિંતન ચાલ્યું. તમે કોઈ મોટા માણસને કેટલી વાર પૂછો છો: “આજના દિવસે તમે શું કરવાના છો એનો પ્લાન કર્યો છે?” અને પ્રતિભાવ તમને “રમવાના”? કદાચ એટલા જ માટે આપણી દુનિયા ભાંગી ગઈ છે.

“મોટા માણસો એ **બગડી** ગયેલાં બાળકો કરતાં
જરાય વધારે નથી.”

તમારું જીવન કોના જેવું દેખાશે જો તમે વધારે રમતા હો તો? તમારો કામનો જે અનુભવ છે તે કોના જેવો લાગે, જો તમે વધારે મઝા કરતા હોતો? તમારા કામ વખતે, તમે જે કામ કરતા હો તેનો વાંધો નહીં? તમે હાજરજવાબી, ટીખળી, ઉત્સવપ્રિય અને યુવાન હો તો તમારો વહેવાર કેવો લાગે – ના, જંગલી – કાપી નાખે? જીવનની જવાબદારીઓ આપણે એકવાર ધારણ કરી પછી આપણે રમવાનું છોડી દઈએ છીએ. મોટા માણસો એ બગડી ગયેલાં બાળકો કરતાં વિશેષ નથી. શા માટે? એ એવા ના હોવા જોઈએ. રમવા માટે સમય કાઢો. થોડો સમય એવો કાઢો કે ત્યારે તમે બેપરવા રહો અને મૂરખ બનો. કામ કરો ત્યારે કલ્પનાશીલ રહો અને જિજ્ઞાસાને પાછી તમારા દિવસોમાં લઈ જાઓ. તમારા આશ્ચર્યના દિવસોમાં સમજને લઈ આવો, તમે જાણો છો જીવન કેવું Make-believe ઉપર જીવતા, તમારી સાઈકલ ઉપર સવારી કરતા અને દરેક પળ આનંદ અનુભવતા પ્રવાસ કરતા એને જીવ્યું કહેવાય. અને બીજી કોઈવાર કોઈક તમારી સામે જુએ – હાથમાં બ્રીફકેસ હોય, બિઝનેસને અનુરૂપ સુટ પહેર્યો હોય અને ગંભીર મોઢું – અને પૂછતા હો કે આજે તમારો પ્લાન શું કરવાનો છે. હું વિશ્વાસપૂર્વક આમંત્રણ આપું છું કે મને એવો જ જવાબ મળશે જેમાં એમ હશે: “હું રમવા બહાર કવાનો છું.”

૪૭

બંધનમાંથી છૂટો: "ચાર F ના સિદ્ધાંતો"

ઘણી કેળવણી અને ભણવાનો અંત નથી. એને વળગી રહેવું એ પણ બરાબર નથી. આપણે સેમિનારોમાં જઈએ છીએ અને આપણાં જીવનમાં પરિવર્તન આવે છે તે સુંદર છે. આપણે કહીએ છીએ કે અમે સારાં માબાપો થઈશું, વધારે અસરકર્તા લીડર બનીશું, અને શાણા માણસો થઈશું. બે દિવસ પછી પહેલાની જેમ વેપારમાં પાછા આવી જઈશું – દર વખતની જેમ – નકારાત્મક વલણ જોવાનું, કાવાદાવા કરવાના અને પછી ચીઢિયા. કોઈ કેળવણી કામ આવતી નથી. કારણ કે આપણામાં પરિવર્તન આવતું નથી.

"**કોઈને** નિષ્ફળ થવું નથી. તેથી મોટા ભાગના આપણે **પ્રયત્ન** પણ કરતા નથી."

લાખો લોકોને પરિવર્તન કરવામાં મદદ કરી છે અને ટેકો આપ્યો છે અને વેપારની આજુબાજુની દુનિયાએ બજારમાં જીત મેળવી છે, મેં આ બધામાંથી મુખ્ય ચાર કારણો જુદાં તારવ્યાં છે કે લોકો પરિવર્તનનો પ્રતિકાર કેમ કરે છે અને ઘણીવાર તો એમની કારકિર્દી ઊંચે લઈ જવાનાં પગલાંઓ પણ લેતા નથી અને તેમના જીવનને પણ, જ્યારે તેમની પાસે એવું કરવા માટે તક પણ હોય છે. ચાર F નો સિદ્ધાંત હું જેને કહું છું – તમે એમાંથી સારી પસંદગી કરી શકો છો. અને જ્યારે તમે સારી પસંદગીઓ કરો છો, – ખાતરીપૂર્વક કહું છું કે સારાં પરિણામો તમે અનુભવી શકશો. **મોટો વિચાર** : વ્યક્તિગત લીડરશીપ આત્મ-સભાનતાથી શરૂ થાય, કારણ કે તમે તમારી નબળાઈઓને સુધારી શકો નહીં અથવા તો તમારી અંધશ્રદ્ધાઓ, કદાચ તમે એના વિશે અનભિજ્ઞ હો, એમ પણ બને. બીજા શબ્દોમાં કહું કે એકવાર તમે સારું જાણો તો તમે સારું કરી શકો.

અહીં ચાર વસ્તુઓ છે જે આપણે પરિવર્તન કરવાનું ઇચ્છતા હોઈએ તે કરવામાં આપણને મદદરૂપ થાય.

(૧) ભય (Fear):

સલામત વિસ્તારમાંથી અને પરિચિતતાને છોડીને અજાણ્યામાં સાહસ કરવામાં લોકોને ભય લાગે. માણસ વિશ્વસનીયતા માટે ઝંખતો હોય છે, જ્યારે એની મર્યાદાઓ હોય ત્યારે. મોટાભાગના આપણે કશુંક પણ નવું હોય ત્યારે પ્રયત્ન કરવો ગમતો નથી – એ આપણા માટે અસુખ લાવે છે. અહીં એની એક ચાવી છે કે તમારા ભયને તમે સંભાળી શકો કે જેનો તમને ભય લાગે છે એ જ વસ્તુ તમે કરો. ભયને ખતમ કરવા માટે એ જ

ઉત્તમ રસ્તો છે. જ્યાં સુધી તમે ચોંકી ઊઠો નહીં ત્યાં સુધી કર્યા કરો. ભયથી તમે જેટલા ભાગશો એટલો એ તમારી પાસે આવશે. જ્યાં સુધી તમે એને તમારો નહીં બનાવો ત્યાં સુધી તમે એનામાં એટલે કે ભયમાં રહેશો. પણ દરેક ભયની ભીંત પાછળ અમૂલ્ય ખજાનો રહેલો છે.

(૨) નિષ્ફળતા (Failure):

કોઈને નિષ્ફળતા નથી ગમતી. એટલે મોટાભાગના આપણે લોકો એનો પ્રયત્ન પણ કરતા નથી, દુઃખદ છે. આપણે પહેલું પગલું આપણું સ્વાસ્થ્ય સુધારવાનું છે, તે પણ આપણે ભરતા નથી, અથવા તો જ્યાં કામ કરતા હોઈએ ત્યાંના સંબંધો પણ ગાઢ કરતા નથી, સપનાં પણ સેવતા નથી. મારા મતે ફક્ત જીવનમાં નિષ્ફળતા એ માત્ર પ્રયત્ન કરવાની નિષ્ફળતા છે. અને હજુ વધારે ઊંડાણથી કહું કે જો તમે મોટામાં મોટું જોખમ ક્યારે પણ લો તો એ છે કે તમે જોખમ લેતા જ નથી. પહેલાં નાનું પગલું પણ ભરો અને ઝડપથી ભરો. રમતના શ્રેષ્ઠ સ્ટાર *Michael Jordan* એકવાર કહેતા હતા: “મને ક્યારેય નિષ્ફળતાનો ભય લાગ્યો નથી. ધારો કે એક શોટ હું ચૂકી જાઉં તો શો ફેર પડવાનો છે?” નિષ્ફળતા એ તો બહુ જરૂરી ભાગ છે સફળતાને સમજવા માટે. નિષ્ફળતા વિના સફળતા હોઈ શકે જ નહીં.

(૩) ભૂલી જવું (Forgetting)

ખાતરીપૂર્વક આપણે સેમિનાર રૂમ છોડ્યા પછી પ્રેરણા લઈને વર્કશોપમાં જઈએ ત્યારે દુનિયા બદલી નાંખીશું એવું હોય છે. પછી બીજે દિવસે આપણે ઑફિસમાં પહોંચીએ ત્યારે વાસ્તવિકતા એની એ જ હોય છે. સાથે કામ કરતા માણસો સાથેની મુશ્કેલીઓ હલ કરવાની, અસંતોષી ગ્રાહકોને સંતોષ આપવાનો, અધિકારીઓને માગ્યા પ્રમાણે આપવાનું, માલ પૂરો પાડનારાઓનો અસહકાર. વ્યક્તિગત કે ધંધાકીય રીતે આપણે કરવા માટે જે વચનો આપ્યાં હોય એને માટે સમય જ ના રહે એટલે આપણે ભૂલી જઈએ છીએ. અહીં સફળતાની ચાવી છે: મનમાં જે વચનો આપ્યાં હોય એને પહેલાં યાદ રાખો. એની આસપાસ તમે સભાનતા રાખો. સારી સભાનતા – સારી પસંદગી. સારી પસંદગી – સારું પરિણામ. તમારાં વચનોને આગળ રાખો અને કેન્દ્રમાં રાખો. એમને ભૂલશો નહીં. એને ૩ × ૫ ઈંચના કાર્ડ ઉપર લખીને તમારા બાથરૂમના તખ્તા ઉપર રાખો અને દરરોજ સવારે વાંચો. આમ જરા મૂરખ જેવું લાગે પણ કામ સુંદર રીતે આપે. (તમારે મારા બાથરૂમનો તખ્તો જોવો) જોઈએ. એના વિશે બહુ વાતો કરો. (તમે જે વાત કરશો તેવા તમે થશો.) એના વિશે તમે દરરોજ સવારે તમારા જર્નલમાં લખો.

(૪) શ્રદ્ધા (Faith):

ઘણા બધા માણસોને શ્રદ્ધા નથી હોતી. તેઓ વક્રદષ્ટિવાળા હોય છે. “આ લીડરશીપની કેળવણી અને વ્યક્તિગત વિકાસ જેવી વસ્તુઓ એવાઓને કામ નથી આવતી.” અથવા “હું પરિવર્તન માટે ઘણો વૃદ્ધ છું” આ નિઃસારવાદ એ નિરાશાનું મૂળ છે. નિઃસાવાદી અને અશ્રદ્ધાળુ લોકો હંમેશાં એવા નથી હોતા. તેઓ જ્યારે નાના બાળકો હોય છે ત્યારે શક્યતાઓ અને આશાઓથી ભરેલા હોય છે. પણ કદાચ તેઓએ પ્રયત્ન કર્યો હોય છતાં નિષ્ફળ નીવડ્યા હોય. અને સ્થિર થઈને મેદાનમાં ઊભા રહેવાને બદલે સમજી શક્યા હોત કે નિષ્ફળતા એ સફળતાનો હાઈવે (ખૂબ મોટો રસ્તો) છે, એ બંધ કરી દે છે અને પછી વક્રદષ્ટિ એમાં ઊગે છે. તેઓ પછી ફરીથી હૃદયભંગ કરવાનો રસ્તો ટાળી દે છે.

હવે તમે આગળ જાવ, ચાર F પ્રમાણે, આપણે શા માટે પરિવર્તનનો પ્રતિકાર કરીએ છીએ અને જીવનમાં આપણી પોતાની અંદર સાચી નેતાગીરી બતાવીએ છીએ. એને બરાબર સમજો અને પછી તમે એને હલ કરી શકશો અને તેને ઓળંગી શકશો. કારણ કે સજગતા એ ખરેખર સફળતાને આગળ લઈ જાય છે. અને સામાન્ય માણસો વાસ્તવિકતામાં અસામાન્ય જીવન કંડારી શકે છે. મારો વિશ્વાસ કરો. પણ તમારે શરૂ કરવું પડે. અને જો તમે પ્રયત્ન જ નહીં કરો તો કેવી રાતે જાણી શકશો?

૪૮

સમસ્યાઓ શ્રેષ્ઠતાને પ્રગટ કરે છે

સમસ્યાઓ સેવકો છે. સમસ્યાઓ શક્યતાઓ લઈ આવે છે. તેઓ તમને આગળ વધવામાં અને સારી વસ્તુઓ દોરવામાં મદદ કરે છે. તમારી સંસ્થામાં અને તમારા જીવનમાં પણ, દરેક પ્રશ્નના ગર્ભમાં વસ્તુને સુધારવાની કિંમતી તકો રહેલી છે. દરેક પડકાર વધારે કશું નથી પણ વસ્તુને સારી બનાવવાની તક છે. એનાથી દૂર રહેવું એટલે વિકાસ અને પ્રગતિથી દૂર રહેવું. એમનો પ્રતિકાર કરવો એટલે મહાનતાની પડતીની નિશાની છે. તમારી સામે જે પડકારો છે એને આલિંગન કરો અને એમાં જે કાંઈ સારું છે તે મેળવો. અને સમજો કે ફક્ત માણસ એકલો જ સમસ્યા વિનાનો હોય તો એ મરેલો છે.

એક ગ્રાહક સુખી નથી તે તમારી સામે બૂમબરાડા પાડે એ જાણે કે તમારે માટે પ્રશ્ન છે. પણ જે વ્યક્તિ નેતા જેવો વિચાર કરે છે, તેને માટે આ દૃશ્ય રાક્ષસ જેટલી મોટી તક છે જેથી સંસ્થાની પ્રક્રિયામાં ખાતરી કરાવે કે એવી વસ્તુ ફરી બને નહીં અને વળતો પ્રતિભાવ કંઈક મળે જેથી માલ અને સેવાઓમાં સુધારા કરવામાં ઉપયોગી થાય. મુક્ત માર્કેટનું આ સંશોધન છે.

કામના સ્થળે પણ અંદરો અંદર સંઘર્ષને પણ સમસ્યા તરીકે જોઈ શકાય. પણ તમે જો લીડર તરીકે વિચારતા હો અને સંજોગોનો ઉપયોગ રચવામાં, માહિતીની આપલેથી આગળ વધી શકાય અને સંબંધોને દઢ કરી શકાય, ખરેખર તો સમસ્યા તમને વધારે સારા બનાવે. તમારા વિકાસ માટેનો એ ખોરાક છે, વિકાસ કરે અને તમારી સારી રીતે સેવા પણ કરે છે. એને આશીર્વાદ માનો.

માંદગી અને વિચ્છેદ (divorce) અથવા પ્રિયજનની ખોટ કોઈને સમસ્યા જેવી લાગે. નક્કી એ દુઃખદ છે (એમાં હું હતો, મેં કર્યું, વિચ્છેદની બાજુએથી) પણ એ દુઃખદ અનુભવોએ મને ઘડ્યો. એમણે મારામાં ઊંડાણ, કરુણા અને શાણપણ આપ્યું. એમણે મારી આત્મ-સભાનતા જાગૃત કરી. એમણે મને માણસ બનાવ્યો. આજે હું જે છું એ એને આભારી છે. (એનો વેપાર હું વિશ્વ માટે કરીશ નહીં). આ અનુભવોની વાત હું જાહેર કરવા માંગતો નથી.

"મૃત માણસ જ ફ ક્ત **સમસ્યા વિનાનો** હોય છે."

સમસ્યા નૈસર્ગિક લાક્ષણિકતાનું ઉદ્‌ઘાટન કરે છે. વિશ્વ-કક્ષાની સંસ્થાઓમાં એવો

સંસ્કાર છે કે સમસ્યાઓ તે સુધારા માટેની તકો છે. એ નકામી નથી – એમાંથી બોધ લો અને હૃદયથી સ્વીકારો. વિશ્વકક્ષાના માણસો એમનાં જખમોને ડહાપણમાં ફેરવી દે છે. તેઓ ઉચ્ચાલનની અસરની જેમ તેમની નિષ્ફળતાઓ તેમને સફળતાની નજીક લઈ જાય છે. એને તેઓ સમસ્યા રૂપે નથી જોતા. એ બધી શક્યતાઓ છે. અને આ બધી વસ્તુઓ તેમને મહાન બનાવે છે. યાદ રાખો, ભૂલ એ ભૂલ ક્યારે બને જો તમે બીજીવાર કરો તો.

૪૯

તમારી વ્યથાઓને પ્રેમ કરો

જે વસ્તુઓ તમને ગાંડપણની હદ સુધી લઈ જાય એ ખરેખર તો રાક્ષસ જેટલી મોટી તકો હોય છે. જે લોકો તમારી નબળાઈનાં બટન દબાવે એ ખરેખર તમારા શિક્ષકો છે. જે બનાવો તમને ગુસ્સે કરી નાખે તે હકીકતે સૌથી મોટી ભેટો છે. એને માટે તમે આભાર માનો. તેમને પ્રેમ કરો.

જે લોકો અને સંજોગો તમને તમારા ગજાબહાર લઈ જાય એનું મૂલ્ય અસાધારણ છે. તેઓ તમારી મર્યાદિત માન્યતાઓ, ભયો અને ખોટી ધારણાઓને પ્રગટ કરે છે. નામાંકિત માનસશાસ્ત્રી Carl Jung એ એકવાર કહ્યું હતું: “બીજા માણસોની જે કાંઈ વસ્તુઓ આપણને વ્યથિત કરે એ આપણને આપણી જાતને સમજવા તરફ લઈ જાય.” શક્તિશાળી મુદ્દો છે. તમે કોઈકને કેટલું આપશો, જેમણે તમને વચન આપ્યું હોય કે તેઓ બરાબર નિશાની આપીને કહી શકે કે કઈ વસ્તુ એમને તમારા મહાન જીવનમાંથી પકડી રાખવા જેવી પાછી મળી? તમે જેવા સપનાની આશા રાખી હતી બરાબર એ જગ્યા ઉપર તમે શા માટે નથી, એ વિશેની છેક અંદરની માહિતી અને બૌદ્ધિકતા વિશે જાણવાનું કેટલે અંશે યોગ્ય ગણાય? જે વસ્તુઓ તમને વ્યથિત કરે, ગુસ્સો કરાવે અને હેરાન કરે એ બધા (માણસ તરીકે) વિકાસ અને ઊંચે જવા માટેનાં પ્રવેશદ્વારો છે. એ બધા તમારે શું કરવાની જરૂર છે અને જે ભય છે એનો સામનો કરવાની જરૂર છે, એના રસ્તા બતાવનારા વિગતોવાળા ખોડેલા થાંભલાઓ છે. એ બધાં વિકાસનાં ઇનામો છે. જેમણે તેમને પરેશાન કર્યા હોય અને આ ભધું ઊભું કર્યું હોય એને દોષિત ગણી શકો. અથવા તો હડાપણ એમાં છે કે તમે તમારામાં ઊંડા ઊતરીને શોધી કાઢો કે કયાં કારણોસર તમે નકારાત્મક પ્રતિભાવ આપો છો, તમે આ કરી શકો. પડકારોનો ઉપયોગ આત્મ-સભાનતા વધારવા માટે કરો. કારણ કે જે ભયની તમને ખબર જ નથી અને તમે તેનાથી સજાગ નથી એને તમે કેવી રીતે જીતી શકશો? અને તમે અસલામતી તમને છે કે નહીં તે પણ જાણતા નાહો તો કેવી રીતે સર્વોત્કૃષ્ટ બની શકો?

તમે તમારી વ્યક્તિગત નબળાઈઓ ઉપર પ્રકાશ પાડવાનું શરૂ કરશો અને બધા માટે જવાબદારી લેશો, તમારા ઉપર ખરેખર એના પડછાયાની પ્રક્રિયા શરૂ થશે, આ પડછાયો અજવાળામાં ખુલ્લો થશે અને અદૃશ્ય થઈ જશે. તમે મજબૂત બનશો. વધારે શક્તિશાળી બનશો, વધારામાં તમારે જેવા થવાનું વિચાર્યું હતું તેવા થશો. તમે જુદી જ દષ્ટિથી વિશ્વને જોતા થશો. લોકો વાસ્તવમાં એમનામાં રહેલી મહાનતાને ઊઘડતી જોઈ શકશે – હું દરરોજ તે જોઉં છું.

“જે લોકો અને સંજોગો તમને તમારા ગજા બહાર
લઈ જાય એનું મૂલ્ય **અસાધારણ** છે.
તેઓ તમારી મર્યાદિત માન્યતાઓ,
ભયો અને **ખોટી** ધારણાઓને ઉઘાડી પાડે છે.”

ખલિલ જીબ્રાન મારો પ્રિય વિચારક છે, એણે લખ્યું છે: “હું વાતોડિયા પાસેથી મૌન શીખ્યો છું, અસહિષ્ણુ પાસેથી સહનશીલતા અને ક્રૂર પાસેથી દયા શીખ્યો છું, છતાં, વિચિત્ર એ છે કે એ બધા શિક્ષકોનો આભાર માનું છું.” એટલે હવે બીજી વાર તમારો સાથી કાર્યકર તમારો અસહકાર કરે અથવા ટીનએજર તમને જાકારો આપે, અથવા કોઈવાર અસભ્ય વેઈટર રેસ્ટોરામાં તમને ગુસ્સે કરે, તો સામેથી ચાલીને જજો, તેમને આલિંગન આપજો. તમને એમણે જે ભેટ આપી તે માટે એમનો આભાર માનજો. કારણ કે સાચું એ છે એમણે ખરેખર કર્યું હતું.

૫૦

શ્રેષ્ઠ અભિનેતાની જેમ બોલો

તમે જે શબ્દોનો ઉપયોગ કરો છો તે નક્કી કરે છે કે તમને તેવી લાગણી થાય છે. તમે જે ઘાટ પસંદ કરો તે તમને વાસ્તવમાં મળે. તમારો શબ્દભંડોળ એ તમારા જીવનના અર્થોનું વહન કરે છે. આ મંતવ્ય વિશે મહેરબાની કરીને વિચાર કરો. હું માનું છું કે આ બહુ મોટી વાત છે.

ઉત્તમ સિતારા જેવા વેપારી માણસો જેમને હું શિક્ષણ આપું છું, તેઓ એકદમ બહુ મોટા શક્તિશાળી લોકો હોય છે. એમને મારે અવારનવાર મળવાનું થાય છે. એ લોકો જે રીતે વાતો કરે છે તેમાં તેમનો સંનિષ્ઠ અનુરાગ, ઊંચાઈ ઉપર લઈ જનાર અને માનવીના ઉદ્ધારક જેવું પ્રતિબિંબ પડે છે. તેઓ આઘાત કે “સમસ્યા” જેવું કાંઈ બોલતા હોય તેવું સ્વપ્ને પણ વિચારી શકીએ નહીં – તેઓ એને “કંઈક મહાન સર્જન કરવાની તક” એવું બોલે, અને પછી, જાણે કે જાદુ થયો હોય એમ, એમની હકારાત્મક ભાષા એમના અંતરમાં પણ હકારાત્મક લાગણીઓને ઉત્તેજિત કરે અને એમના વિજયમાં કે દેખીતી રીતે કોઈ મુશ્કેલ પરિસ્થિતિમાં એ તેમને ટેકો આપે. આપણામાં જેઓ મહાન છે તેઓ મુંઝાયેલા ગ્રાહક વિશે કદી કોઈ માહિતી જણાવે નહીં અને આ “ખરાબ સમાચાર” છે એમ બોલવાને બદલે તેઓ એવો સિક્કો મારે કે “આ પડકાર છે, આપણને આગળ વધવા માટે મદદ કરશે.” નકારાત્મક શબ્દોનો ઉપયોગ કરવાને બદલે તેઓ જીતવાળા શબ્દો પસંદ કરે અને તેમની આજુબાજુ લાંબી વાતો શક્યતાઓની કરે અને પ્રેરણા આપે. તેમાં મગજ તો તેમના સપના ઉપર કેન્દ્રિત થયેલ હોય છે. તમે જે શબ્દોનો ઉપયોગ કરો તે જે જીવન તમે જીવો છો એના ઉપર અસર કરે છે. તમે શબ્દો ડહાપણથી પસદં કરજો.

મારે તમને નાની કસરત આપવાની છે. તમારું જર્નલ ખોલો, અથવા એક કોરો સફેદ કાગળ લો, એના ઉપર તમે જે શબ્દો વારંવાર બોલો છો તેની વિગતવાર યાદી બનાવો. તમે જો વધારે સજાગ હો તો તમારી ભાષાની ગુણવત્તા વધારે પસંદગીના શબ્દોનો ઉપયોગ તમારી જાતે જ કરી શકશો. લખાણથી નાટકીય રીતે તમારી આત્મ-સભાનતા વધશે. પછી તમે વધારે વપરાશવાળા શબ્દો તારવી સામાન્ય વપરાતા શબ્દોની બીજી યાદી કરો. દેખીતી રીતે હકારાત્મક શબ્દો વક્તૃત્વ શક્તિવાળા વાચાળ શબ્દો સારું કામ આપશે. – એવા શબ્દો તમારા ક્ષેત્રમાં સુપરસ્ટાર વાપરતા હોય એની કલ્પના કરો. આ શબ્દોને તમે જે શબ્દો દરરોજ વાપરતા હો તેમાં લઈ આવો. પછી તમે જોઈ શકશો કે આ શબ્દો બોલવાથી તમને સારું લાગવા માંડશે. તમને વધારે શક્તિ લાગશે. વધારે જુસ્સો આવશે. ધારો શું?... અને તમારામાં મહાન વસ્તુ હાંસલ કરવાનો આત્મવિશ્વાસ પ્રગટશે.

“તમે જે શબ્દોનો ઉપયોગ કરો છો તે
તમારા જીવન ઉપર અસર કરે છે,
તેથી **વિવેકયુક્ત** પસંદગી કરશો.”

૫૧

અભ્યાસ કરો યા વિનાશને નોતરું આપો

વાર્ધક્યને આવતું અટકાવા માટેનો ઇલાજ છે, પણ એના વિશે કોઈ વાત કરતું નથી. એને અભ્યાસ કહે છે. મારા મતે જ્યાં સુધી તમે દરરોજ કંઈક પણ નવું શીખો, અંગત જીવનમાં એને અગ્રિમતા આપો અને તમે જે વિચારો એમાં સુધારાને અવકાશ આપશો, ત્યાં સુધી તમે વૃદ્ધ થશો નહીં. વૃદ્ધત્વ તો એવા માણસોને સ્પર્શી જાય છે, જેમને જીવનમાં આગળ વધવાની એષણા ખોઈ દીધી છે અને જિજ્ઞાસાની સ્વાભાવિક વૃત્તિથી વિમુખ થઈ ગયા છે. “દર ત્રણ કે ચાર વર્ષે હું કોઈ નવો વિષય પસંદ કરું છું. કોઈવાર જાપાનીઝ કલા, કે કોઈકવાર અર્થશાસ્ત્ર પણ હોય. ત્રણ વર્ષનો સમય એ વિષય ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરવા માટે પર્યાપ્ત નથી, પણ વિષયની સમજ માટે પૂરતો છે. એટલે ૬૦ વર્ષ કરતાં વધારે સમય સુધી મેં આ પ્રમાણે એક વિષયના અભ્યાસ માટે સમય ફાળવ્યો હતો.” Peter Drucker , જે આધુનિક મેનેજમેન્ટના પિતા ગણાય છે, અને ૯૫ વર્ષની ઉંમર સુધી જીવ્યા હતા. તેમનું કહેવું આ પ્રમાણે હતું, તેજસ્વી પુરુષ!

ગયા વર્ષે, ઈઝરાયેલના અગાઉના પ્રાઈમ મિનિસ્ટર શીમોન પીઅર્સ (Shimon Peres) નૉબલ પ્રાઈઝના વિજેતા હતા, એમની સાથે થોડી વાતચીત કરવાનો આનંદમય સમય મને મળ્યો હતો. તે સમયે તેઓ ૮૨ વર્ષના હતા. તેમની આંખોમાં તેજ પ્રગટતું હતું, તેઓ પુસ્તક પ્રેમ વિષે વાત કરતા હતા. ઉદાત્ત વિચારો અને અભ્યાસી. મેં એમને પૂછ્યું: “મિ. પીઅર્સ, તમે કયા સમયે વાંચન કરો છો?” એમણે જવાબ આપ્યો: “રોબિન, હું ક્યારે નથી વાંચતો? સવારે ઊઠીને હું વાંચું છું દિવસ દરમ્યાન જ્યારે સમય મળે ત્યારે, અને દરરોજ સાંજે. મોટાભાગના મારા વીકએન્ડ મહાન પુસ્તકો વાંચવામાં પસાર કરું છું. પુસ્તકો મારા સદાના સતત સાથીદારો છે.” પછી એમણે સ્મિત સાથે ઉમેર્યું: “જો તમે દિવસમાં ત્રણવાર ભોજન કરો તો ધરાઈ જાવ. પણ જો તમે ત્રણવાર દિવસમાં વાંચો તો તમે વિવેકી બનો.”

મોટાભાગના લોકો શાળામાં ભણવાનું પૂરું થઈ જાય પછી પુસ્તક સામે જોતા પણ નથી. ન માની શકાય એવી વાત લાગે છે. જે મહાન માણસો ગ્રહ ઉપર પગ મૂકીને ચાલ્યા છે, એમના મનની ભીતરમાં શું હશે એમાં ડૂબકી મારવાને બદલે, ઘણા માણસો ટેલિવિઝન જોવામાં ઘણો સમય વિતાવતા હોય છે. મોટાભાગના માનવો નવી દષ્ટિ અને શક્તિશાળી વિચારો માટે એમનાં મનને તાળાં મારી દેતા હોય છે. કોઈપણ એક વિચારનું સ્ફુરણ પુસ્તકમાંથી થાય તો તમે જે વિશ્વને જુઓ છો તે આખું બદલાઈ જાય. એક પુસ્તકમાંથી કોઈ વિચાર તમે મેળવો અને પછી એ લોકો સુધી જે રીતે તમે પહોંચાડો, તો બીજાઓમાં પણ પરિવર્તન લાવશે.

પુસ્તકમાંથી પ્રાપ્ત થયેલો એક વિચાર એ તમારી જિંદગીને સારી રીતે જીવવામાં તમને મદદરૂપ થશે, તમને વધારે સુખી બનાવશે, એટલું જ નહીં તમારા વ્યાપારને (ધંધાને) પણ નોંધપાત્ર રીતે સફળ બનાવશે. તમારા હાથમાં પુસ્તક ન હોય, ત્યાં સુધી બહાર નીકળશો નહીં.

"વાર્ધક્યને આવતું અટકાવવા માટેનો **ઇલાજ** છે,
પણ એના વિશે કોઈ વાત કરતું નથી
એને **અભ્યાસ** કહે છે.

૫૨

ઉત્તમ સંબંધો કેળવવાની સાદી પ્રયુક્તિઓ

કોઈપણ સારો માનસશાસ્ત્રી તમને કહેશે કે માનવજીવનની અંતર્ગત ઊંડી જરૂરિયાતોમાં સૌથી મહત્ત્વની જરૂરિયાત એ પોતાના અસ્તિત્વની છે. આપણે જ્યારે સમાજનો એક ભાગ છીએ ત્યારે બીજાઓ સાથે સંકળાયેલા હોઈએ છીએ અને ત્યારે આપણે એકદમ સુખી હોઈએ છીએ. વ્યાપારધંધામાં જે લોકો સૌથી ઊંચી કક્ષાએ પહોંચી ગયા છે એ લોકો તેમની સાથે કામ કરતા સાથીદારો અને તેમના ગ્રાહકો સાથે સંબંધો બાંધવાને અગ્રિમતા આપે છે. એમની આસપાસ જે લોકો સંકળાયેલા હોય છે તેમને માટે તેઓ સમય આપે છે એને તેઓ સમયનો વ્યય કર્યો એમ નથી માનતા. એને બદલે એ લોકો માને છે કે સમયનો એકદમ સુંદર ઉપયોગ કર્યો અને એ ડહાપણભર્યું પગલું છે.

નેતૃત્વ વિકાસના તજજ્ઞ તરીકે, કોર્પોરેટની દુનિયામાં કામ કરતા માણસો સાથે હું વિનિમય કરું છું ત્યારે કહું છું કે સંસ્કૃતિને બાંધવી હોય ત્યારે (સંસ્કૃતિનું નિર્માણ કરવું હોય ત્યારે) માનવ અને એમના સંબંધો સૌથી આગળ મૂકવા જોઈએ. એને પરિણામે સંપર્ક, સહકાર અને વ્યાપાર મજબૂત બને છે. જ્યારે લોકોની પ્રશંસા કે કદર થાય છે ત્યારે તેઓ ઝળકી ઊઠે છે. માનવ સંપર્કોને બાંધવા માટે અહીં મેં ૧૦ જેટલા સાદા વિચારો રજૂ કર્યા છે:

(૧) તમે જે માણસોને ઓળખો એમના પ્રત્યે હકારાત્મક વલણ રાખો.

(૨) નિખાલસ રહો અને સાચું બોલો.

(૩) સમયનું પાલન કરો.

(૪) રુચિકર બોલો અને આભાર માનો.

(૫) વચનબદ્ધ રહો અને વાયદાનું પાલન કરો.

(૬) લોકો તમને મળીને જાય ત્યારે સારી છાપ લઈને જાય એવું કરો.

(૭) કાળજી કરો અને મૈત્રી કેળવો.

(૮) ઉત્તમ શ્રોતા બનો.

(૯) બહુ ધીરજપૂર્વક લોકોમાં રસ લો.

(૧૦) મોઢા ઉપર હંમેશાં સ્મિત રાખો.

“**માનવ** જીવનની અંતર્ગત ઊંડી જરૂરિયાતોમાં સૌથી

મહત્ત્વની જરૂરિયાત એ પોતાના **અસ્તિત્વ** ની છે."

અહીં વધારાના લાભનો મુદ્દો છે: હંમેશાં લોકો સાથે સન્માનપૂર્ણ વ્યવહાર રાખો. મેં એક જોરદાર કાયદો શોધી કાઢ્યો છે, તમારે જે રીતે લોકોનું નેતૃત્વ કરવું હોય અને તમારે જે રીતે જીવવું હોય એમાં થોડો બદલાવ લાવો. સન્માન પ્રાપ્ત કરવું હોય તો પહેલાં સન્માન આપો. ઘણીવાર હું એક માનનીય સલાહકારની વાર્તા બધાને કહું છું: ઘણાં વર્ષોના અનુભવનું ડહાપણ, એક મોટી સંસ્થાના સંચાલકોની ટીમને, વ્યવસ્થિત રીતે મળે, એ માટે ઘણા બધા પૈસા આપી તેમને રોક્યા હતા. આ સલાહકાર ચાલીને મિટિંગ રૂમમાં ગયા, અને સમૂહમાં બેઠેલી વ્યક્તિઓ તરફ અતિશય તીવ્રતાથી લાગણીપૂર્વક જોયું. પછી તેઓ ચોક લેવા ગયા, અને એમની પીઠ પાસે એક બોર્ડ હતું, તેના ઉપર ચાર શબ્દો લખ્યા: "Treat People with respect ." (લોકો સાથે સન્માનપૂર્વક વર્તો.) બધા કાર્યપાલકો સામે જોઈ સ્મિત કર્યું અને પછી ત્યાંથી રવાના થઈ ગયા.

૫૩

કવિઓની જેમ ઝૂમી ઊઠો

હું સંગીતનો ચાહક છું. મેં જોયું છે કે સંગીત જીવનને સુંદર બનાવે છે. સામાન્ય અનુભવમાં થોડુંક સંગીત ઉમેરો, અદ્‌ભુત બની જશે! આ પ્રકરણ લખતાં પહેલાં હું મારાં બાળકોને લઈને શાળામાં જતો હતો. તે વખતે એક નવી CD Our Lady Peace મેં ગાડી ચલાવતાં મૂકી. મારી દીકરી Bianca એ મારી સામે જોયું અને કહેવા લાગી: “ડેડી, આ સંગીત વાગે છે ત્યારે મને નૃત્ય કરવાનું મન થાય છે.” જ્યારે એ બોલતી હતી ત્યારે એની આંખોમાં ચમક દેખાતી હતી. બરાબર એકદમ.

ગઈકાલે રાત્રે હું મારા એક રસિક મિત્ર સાથે કંઈક વિચારણીય વાર્તાલાપ કરતો હતો. નાણાકીય માર્કેટમાંથી એ પોતાનું જીવન નિભાવતો હતો. પણ એ પોતાની લાગણીઓને એવી રીતે ગૂંથતો હતો કે એમાંથી એ DJ તરફ વળી ગયો. પ્રશાંત મિશ્રણ. એ સંગીતને ચાહતો હતો. પોતાનું જીવન એ સુંદર બનાવતો હતો. એણે Morcheeba અને Thievery Corporation અને U 2 અને Dave Matthews Band વિશે વાતો કરી અને એ રીતે મને વિચારતો કરી દીધો. સંગીત આપણને એકદમ નિકટ લાવી દે છે. સંગીતને ભાષાની કોઈ મર્યાદા નડતી નથી. પછી આપણે ન્યૂયોર્કમાં, કે Bogota, Tel Aviv, San Juan , બેંગ્લોર કે બેઈજિંગમાં રહેતા હોઈએ. સંગીતમાં એ અંતર્ગત શક્તિ છે. એ આપણા જીવનને ઊંચે લઈ જાય છે. આપણા સમાજને મૂલ્યવાન બનાવે છે અને વિશ્વને ઊંચી ભૂમિકાએ લઈ જાય છે.

આ વિશે ખરેખર હું શું વિચારું છું: સંગીતકારો એ કલાકારો છે, તેઓ ચિત્રકારો અને કવિઓથી અલગ નથી. તેઓ આપણી સંસ્કૃતિના દસ્તાવેજો છે, વિચારો માટે પ્રેરણા આપે છે, આપણને ઉત્તેજિત કરે છે (કોઈકવાર) નવા વિચારોનો પરિચય પણ કરાવે છે. સારી વાત એ છે કે એમાંથી કોઈક તત્ત્વજ્ઞાની બને છે, ગંભીર બને છે. સંગીત દ્વારા તેઓ આંતરદષ્ટિ મેળવે છે અને આપણને પ્રેરણા આપે છે, એટલું જ નહીં, એ દષ્ટિએ જગતને જોતાં શીખવે છે, અને આપણને સામાન્ય ભૂમિકા ઉપરથી એક પગથિયું ઊંચે લઈ જાય છે, ત્યારે કંઈક વિશિષ્ટ જ્ઞાનના ક્ષેત્રમાં માત્ર બેત્રણ મિનિટ માટે પણ આપણો પ્રવેશ થાય છે.

Bono of U 2 એ એક ઇન્ટરવ્યુમાં કહ્યું હતું કે હું મારી પોતાની જાતને મુસાફરી કરતો સેલ્સમેન જેવો જોઉં છું. આ પૃથ્વી ઉપર જુદી જુદી દિશાઓ તરફ જતી રેખાઓને કાપીને, હું ઈસુ ખ્રિસ્તનાં બોધવચનો અને તેમનાં મૂલ્યો વિશેના સંદેશાઓ, એમનાં હૃદયની વાતોને મંદ સ્વરે દશહજાર જેટલા પ્રેક્ષકો સામે, સ્ટેજ ઉપરથી હું વહેવડાવું છું. Bono એ

કવિ હતો. એમના ખજાનામાંથી માત્ર થોડા વાંચો. એ બહુ ઊંડા રહસ્યમય છે. જ્યારે ઊર્મિ કવિતા અને એની ફિલોસોફી વિશે વિચાર કરું છું ત્યારે મારા મનમાં Alanis Morissette ની યાદ તાજી થાય છે. એ જ રીતે Dave Matthews અને Eminem ના શબ્દો પણ એટલા જ મૂલ્યવાન છે, પણ જ્યારે તે ધર્મની નિંદા કરનારા હોય ત્યારે નહીં, એમના શબ્દોમાં પણ શક્તિ છે. કોઈવાર એને સાંભળો. માણસ જીવંત બની જાય છે.

"સંગીતકારો કલાકારો છે, ચિત્રકારો અને કવિઓ કરતાં
જુદા નથી. તેઓ આપણી સંસ્કૃતિના દસ્તાવેજો છે.
વિચારોના પ્રેરણાસ્રોતો છે, આપણને **ઉત્તેજિત** કરે છે.
(કોઈકવાર) નવા વિચારોનો પરિચય કરાવે છે.
એમાંથી કોઈક **તત્ત્વજ્ઞાની** બને છે."

તો હવે મને પૂછવા દો: તમે તમારી ક્ષણોને સંગીત સાથે માણી છે? કયા પ્રકારનાં ગીતો તમને વિચાર કરતા કરી દે છે, અથવા હસાવે છે, અથવા રડાવે છે? કેવું સંગીત તમારા હૃદયને ઊંચાં ઉડાન કરાવે છે અને તમને યાદ કરાવે છે કે આ પૃથ્વી ઉપર આજે તમે ચાલી શકો છો એ માટે તમને કેટલા સુંદર આશીર્વાદ પ્રાપ્ત થયા છે? ઊંચે ઊડવા માટે તમને કેવા સૂરોએ પ્રેરણા આપી છે? મોટાં સપનાંઓ અને મોટાઈ મેળવવા તમે જે ઝંખતા હતી તેને માટે તમને કેવા સૂરોએ પ્રેરણા આપી છે? અને હા, હવે મને એક છેલ્લો પ્રશ્ન પૂછવા દો: "એવું કયું સંગીત છે, જે તમને એકદમ ઉભા થઈને નૃત્ય કરવા માટે મજબૂર બનાવે છે? અને તમે નૃત્ય કર્યા સિવાય રહી શકતા નથી."

૫૪

સુધારાવાદીનો મંત્ર

સાચા સુધારાવાદી પાસે આ મંત્ર હોય છે. “જે ઉત્તમ છે તેનો ટીકાકાર હોય તે સારું છે” એ લોકો વસ્તુઓને સારી બનાવવા માટે સતત પ્રયત્નશીલ હોય છે. જેને બીજાઓ અશક્ય માને છે તેમાં તેઓ સંભાવના જુએ છે. સામાન્ય રીતે જેનો સ્વીકાર થાય છે તેને તેઓ પડકાર રૂપે સ્વીકારે છે. તેઓ કલ્પના પ્રમાણે જીવે છે – તેમની સ્મૃતિઓ ઉપર નહીં. તેઓ કશું જ ગૃહીત માની લેતા નથી. તેઓ કશાની હદ બાંધી દેતા નથી. એમને મન બધી વસ્તુઓ શક્ય છે.

જો તમારે નેતા બનવું હોય તો, મારે એક સાદું સૂચન કરવાનું છે. કામમાં પરિવર્તન કરતા રહો. ઘરમાં પણ બદલાવ લાવો. તમારા સંબંધોમાં પણ સુધારો કરો. તમે જે રીતે જીવતા એમાં પણ પરિવર્તન કરો. તમે વિશ્વને જે રીતે બદલતું જુઓ તે રીતે તમે પણ બદલાતા રહો. નીરસ, ગતિશૂન્ય કે સુસ્ત થઈ જવું એટલે મૃત્યુની દિશામાં જવાની શરૂઆત કરવી. વિકાસ ઉત્ક્રાન્તિ અને નવસર્જનની આવડત એ જીવન ટકાવી રાખે છે. હા, કોઈવાર એ ચોંકાવી દે, કોઈવાર એ તમને ભયભીત પણ કરી દે, તો શું તમે જીવનમાં એટલું (નાનો ભાગ) જીરવી ન શકો?

આજના યુગમાં તમે ગઈકાલે જેવા હતા એવા જ આજે પણ રહો એમાં સલામતી નથી. જીવનના અંત સમયે જો તમને એમ લાગે કે હું જે જીવ્યો તે મૃગજળ જ હતું, અને તે વખતે હિંમતપૂર્વક સામનો કરવાનું ચુકાઈ ગયું તો તે તમારા હૃદયને ભાંગી નાંખશે. છેલ્લે સંતોષપૂર્વક જીવવાનું તો અણજાણ્યું જ રહી ગયું. હું નાનો હતો ત્યારે મારા પિતાજી વારંવાર કહેતા: “રોબિન, વૃક્ષની ડાળી ઉપર લટકી રહેવું એ જોખમ છે. પણ સત્ય એ છે કે બધાં ફળ ત્યાં જ હોય છે.” જો તમારે એની પાતળી ડાળી ઉપર ટકી રહેવું હોય તો તમારે વધારે પ્રયત્ન કરી સુધારો કરવો પડે. દરરોજ કઠોર થઈને પણ.

હવે જો તમે વધારે સુધારાવાદી થવા જશો અને સંસ્કારિતા વિનય – વિવેક કે સૌજન્યશીલતાની જે પરંપરા છે, એ પ્રમાણે વર્તન કરવાનો વિરોધ કરશો, તો તમે કદાચ નિષ્ફળ પણ જશો. મારાં અગાઉનાં પ્રકરણોમાં આની નોંધ મેં કરેલી છે. તમે તમારી યોજના પ્રમાણે, જોખમ લઈને બધું કર્યું હોય અને બધા પ્રયત્નો કર્યા પછી પણ એ પ્રમાણે ન થાય એમ પણ બને. જીવનમાં ક્યારેક એવું બને પણ ખરું. ખરેખર તો નિષ્ફળતા એ સફળતા પ્રાપ્ત કરવા માટે ખૂબ જરૂરી છે. તમે વધારે પ્રયત્ન કરશો તો આગળ જતાં તમે જરૂર ધ્યેયને પહોંચી જશો. આમ તો નિષ્ફળતા એ બક્ષિસ જ છે. મને તો નિષ્ફળતાએ બહુ મદદ કરી છે. એમાં મને મારાં સપનાંઓની નજીક જવામાં મદદ કરી છે, જ્ઞાનથી વધુ

સજ્જ કર્યો છે અને મને વધારે મજબૂત થવા માટે તૈયાર કર્યો છે. સફળતા અને નિષ્ફળતા બન્ને હાથ મિલાવીને સાથે ચાલે છે, તેઓ ધંધાના ભાગીદારો છે.

> "આજના યુગમાં તમે ગઈકાલે હતા **તેવા જ** આજે પણ રહો, એમાં સલામતી નથી. આ એક **મૃગજળ** છે અને એનો અંત તમારા **ભગ્ન** હૃદયથી થશે."

એક ફાર્માસ્યુટિકલ ક્ષેત્રનો મહાન માણસ ગ્લેક્સો સ્મિથકલાઈન (Glaxo Smith Kline ') હતો એ "વ્યવસ્થા ભંગ"ને વ્યવસ્થાનું મૂલ્ય માનતો. એ ચાહવા જેવી વાત છે. Motorola નો CEO Ed Zander નાં શબ્દોએ મને વિચાર કરતો કર્યો: "જ્યારે સફળતા પૂર્ણ કક્ષાએ પહોંચે, ત્યારે તે તમારો ધંધો 'ભાંગી' નાંખે. જે કંપનીઓ સુધારા નથી કરતી તે ટકી શકતી નથી, એટલે સુધારોઓ એ આગળ વધવાની ચાવી છે. આ પાઠ જ્યારે બધું બરાબર ચાલતું હોય ત્યારે ખાસ કરીને વધુ મહત્ત્વનું છે. જો કે આંતર્જ્ઞાનથી આ વિરુદ્ધ છે. હકીકતે સફળ થયેલી કંપનીઓએ સ્પર્ધા કરતાં વધારે સુધારક થવું જરૂરી છે. નાની ટેકરી ઉપર રાજા થવાની રમત બાળકો રમતાં હોય– બધાનું લક્ષ્ય હોય કે એમનું બાળક સૌથી ઉપર હોય – એના જેવું આ છે. જે નેતાઓ જરા પણ સુધરતા નથી, તેઓ બધા જ લોકો જોખમ ખેડી આગળ આવે છે તેમનાથી ફેંકાઈ જાય છે." એટલે દરરોજ કામ ઉપર જાઓ અને જે વસ્તુ તમે ગઈકાલે કરી હતી તે કરવાની ના પાડો – એટલા માટે કે ગઈકાલે તમે એ કરી હતી. તમારી જાતને સારું વિચારવા, સારુ કરવા અને સારા થવા માટે પડકાર કરો. વિચારોનું વલોણું કરો. તમારી મર્યાદાઓનો સામનો કરો. સામાન્ય થવાનો પ્રતિકાર કરો. શું ઉત્તમ છે એની સાથે ઊભા રહો. તમે જે કાંઈ કરો તેમાં તમારા હૃદય અને મનને મૂકીને ઉત્તમ કરો. તમે ધાર્યું નહીં હોય એટલા ઝડપથી તમે ઉત્તમ બની શકશો.

૫૫

આનંદ વિરુદ્ધ સુખ

સુખ મહાન છે – પણ એ લાંબો સમય ટકતું નથી. સુખ એ પાંચ ઇન્દ્રિયોમાંથી જન્મે છે. સુંદર ભોજન, સુંદર વાઈનનો પ્યાલો અને નવી ગાડી– આ બધી વસ્તુઓ ખોટી છે એમ નથી – જીવન સારું હોવાનો અનુભવ એમાંથી મળે છે. પણ એ બધું ક્ષણિક છે.

"**સુખ** એ બહારથી આવતી વસ્તુ છે
જ્યારે આનંદ **અંદરથી** આવે છે."

આનંદ, એની વાત જુદા પ્રકારની છે. આનંદ એ સુખનું DNA છે. મારો મુદ્દો એકદમ સરળ છે: સુખ એ બહારથી આવતી વસ્તુ છે. આનંદ એ આંતરિક છે. એ એવી સ્થિતિ છે જે તમે તમારી વિવેકશક્તિથી સર્જન કરી શકો છો. એ નિર્ણય છે. એ ઇચ્છાશક્તિનું કાર્ય છે.

લોકો જ્યારે કોઈ મોટી આપત્તિ કે પ્રતિકૂળતામાંથી પસાર થતા હોય છે, ત્યારે એમાંથી સુખી થઈ શકે છે. તે વખતે બહારના જીવનમાંથી કોઈ આનંદ મળતો નથી, છતાં અંદરથી તેઓ સંતુષ્ટ હોય છે. અને એથી વિરુદ્ધ, લાખો લોકો આજુબાજુ સુખથી ઘેરાયેલા હોય (ઝડપથી જતી કાર, સુંદર ઘરો, મઝાનાં કપડાં) પણ એ કશામાંથી આંતરિક આનંદ મળતો નથી. એટલે આનંદી થવાનું પસંદ કરો. તમે બહારથી જીવનને સંતુલિત નહીં કરી શકો. એ અત્યંત કઠિન છે. પણ તમારી અંદર શું ચાલે છે એને તમે કાબૂમાં લઈ શકશો અને જે લોકો આ કરી શક્યા છે તેઓ મહાન બન્યા છે.

૫૬

૬૦૦ ડૉલરની સેન્ડવિચ

મારા જીવનમાં નિષ્ક્રિય ક્ષણ ક્યારેય હોતી નથી. એક દિવસ હું લંચ લઈને પાછો આવ્યો. હું મારી એક નિશ્ચિત જગ્યાએથી સેન્ડવિચ લેવા ગયો હતો. સેન્ડવિચ લીધી. જ્યારે મારા ડેબિટ કાર્ડમાંથી નીકળેલી રસીદ મેં તપાસી, તો તેમાં ૫૭૭.૮૯ ડોલરનો આંકડો બોલતો હતો. આમ તો એ લોકો જરા મોંઘી સેન્ડવિચ વેચતા હતા, પણ મને તે એકદમ વધારે પડતું મોઘું લાગ્યું.

થોડાક નેતૃત્વના પાઠો આ નાનકડા બનાવથી મારે કહેવા છે:

O.A.D. (Obsessive Attention to Detail)

મોટા ધંધાઓ વિશે ખાસ કરીને એની વિગતો ચકાસીને એના સ્થાન વિષે નિર્ણય કરાતા હોય છે. સ્ટેફન જોયે (*Stephen Joy*) એકવાર કહ્યું હતું તે મને ગમ્યું હતું: “ઝીણી વિગતો જ વધુ મહત્ત્વની હોય છે. આ બધામાં ઈશ્વર રહેલો છે, પણ તમે એને ક્યારેય જોઈ શકતા નથી, કારણ કે તમે એને માટે સાચી દિશામાં પરિશ્રમ કરતા નથી.” અમારી કંપનીમાં અમે *OAD* વિષે વાત કરીએ છીએ: એક વિચારને હઠપૂર્વક ચીટકી રહેવું. (*Obsessive Attention to Detail*) એક બહુ સારી કંપનીમાં મેં ઝીણી બાબતો માટે પરસેવો પાડીને તનતોડ પરિશ્રમ લીધો હતો. તેઓની સમજ હતી કે ગ્રાહકો ઝીણામાં ઝીણી વિગતોનું ધ્યાન રાખે છે. કાઉન્ટર ઉપર કામ કરતી છોકરીની પાછળ તે વખતે બીજી સ્ત્રી હાજર ન હતી. એણે કદાચ ડો. ૫.૭૭ એમ પંચ કર્યું હશે. મોટી બૂમરાણ અને એનો બોસ એની બાજુમાં ઊભો હતો. હું તે વખતે વિવેકપૂર્વક વર્ત્યો, અને એને બચાવવામાં મેં મદદ કરી. ઘણાં એવું કરતાં નથી.

જવાબદારી પોતા ઉપર લેવી (અને ત્વરિત કરવું):

જ્યારે મેં બિલ ચેક કર્યું અને બહુ મોટી ભૂલ જોઈ, મેં નમ્રતાથી તે સ્ત્રીનું ધ્યાન દોર્યું. એનો જવાબ એકદમ અદ્‌ભુત હતો: “તમે જ્યારે રકમ ચૂકવી, ત્યારે તપાસીને ચેક કર્યું ન હતું?” કોઈપણ વ્યક્તિ પોતાને શિરે જવાબદારી લેવા ઇચ્છતું નથી. આપણે દોષનો ટોપલો બીજાને જ આપીએ. થોડી મિનિટો પછી એને ડહાપણ આવ્યું અને પુષ્કળ માફી માગી. એણે શું કર્યું હતું તે એણે જોયું, ત્યારે તે એકદમ ડઘાઈ ગઈ, મને ખબર હતી. મોટાભાગના આપણે, જ્યારે ગભરાઈ જઈએ, ત્યારે આપણે જે ભૂલ કરી હોય તેનું જે દુઃખ થાય તેને દૂર કરવા માટે આપણે બીજાને દોષ દઈએ.

ધ્યાન આપો:

મેં બિલ ચેક કર્યું એની મને ખુશી થઈ. ઘણીવાર હું ચેક કરતો નથી. કારણ કે મારું

મન ક્યાંય આકાશમાં ઊડતું હોય. વિશ્વને બદલી નાખવાનાં સપનાંઓમાં. પણ વિશ્વની ઊંચી કક્ષાના નેતાઓ ધ્યાનનિષ્ઠ હોય છે. તેઓ દરેક ક્ષણે જાગૃત હોય છે.

"મેં 'Sweat ' સ્વેટ નામના એક નાના ધંધા સાથે કામ કર્યું, પણ એ **ઉત્તમ** સંસ્થા છે."

હું ફરીથી એ જગ્યાએ જઈશ. એના માલિકે મને સબ વિના મૂલ્યે આપી, અને બધાને એ ગમ્યું નહીં. પણ એમની વિશ્વસનીયતાને ગંભીર રીતે ફટકો પડ્યો અને એ બધાને મારો વિશ્વાસ પાછો મેળવવાની જરૂરત ઊભી થઈ. હું પ્રાર્થના કરું છું કે એ લોકો એ મેળવશે કારણ કે સેન્ડવિચ તેઓ ખરેખર સારી બનાવે છે.

૫૭

"સારો ધંધો એ ધંધા માટે પણ સારો છે."

અહીં એક સારો વિચાર છે, એકવાર જો તમે એ પ્રમાણે અમલ કરો તો તમારી સંસ્થા ઉપર (અને તમારી કારકિર્દી) ઉપર એનો અદ્‌ભુત પ્રભાવ પડશે. લોકોને સારી કંપનીમાં કામ કરવું હોય છે – એક તો એ સારી રીતે ચાલતી હોય છે, એટલા માટે નહીં પણ એનું વિશ્વ સારું બંધાય એમાં એમનો ફાળો હોય છે. સારો ધંધો હોવો એ ધંધા માટે પણ સારું છે. આ માત્ર સુંવાળુ નીતિવાક્ય કે સિંહનાદ નથી, પણ મેં જે કાંઈ નિરીક્ષણ કરી અનુભવ કર્યો છે એની એ નીપજ છે. મેં હકીકતે જગતમાં સાચા લોકો સાથે અને સાચી કંપનીઓમાં કામ કર્યું છે. જે ઉત્તમ કંપનીઓ છે એમનો હેતુ ઉમદા હોય છે અને એમનો ઇરાદો તેમના લોકો સાથે અને તેમના ગ્રાહકો સાથે એકદમ પારદર્શક સ્વચ્છ હોય છે. મોટી કંપનીઓ પણ સમજે છે કે વધારે નફો રળવો હોય તો એ કટોકટીભર્યું મિશન છે. કારણ કે એ માટે સામાજિક જવાબદારી પણ એટલી જ એમને શિરે હોય છે. અમારા ઘણા ગ્રાહકોને ખોટ જતી હોય તો એમને મદદ કરવાનો કાર્યક્રમ ગોઠવવો પડે છે અને સમાજને સારો બનાવવાનો હોય છે. તેઓની હું ઘણી પ્રશંસા કરું છું, એની એમને કદાચ જાણ પણ નથી.

અભિમાન એક એવી ચીજ છે કે ધંધાકીય વર્તુળમાં એના વિષે ઝાઝી વાત કરવી યોગ્ય નથી. લોકો જ્યારે કામ કરવા જાય છે દરરોજ ત્યારે તેમના હૃદયમાં ગૌરવ હોય છે. જે કંપનીમાં એ લોકો કામ કરે છે એને માટે મનમાં સારી ભાવના હાય છે. તેઓ જાણવા ઇચ્છે છે કે એમની કંપની અને – તેઓ જે કામ કરે છે – તે તેમને તેમનું જીવન ઊંચે લઈ જાય છે અને તેઓને કંઈક વિશેષ બનાવે છે, કે કેમ. ધંધાના તત્ત્વજ્ઞાની Peter Koestenbaum એ એક સુંદર પુસ્તક "Leadership: The Inner Side of Greatness " લખ્યું છે, એમાં તેઓ જણાવે છે કે "ધંધો એક એવું સાધન છે તે દ્વારા માણસ વ્યક્તિગત અને સંસ્થા બન્નેનો ઉત્કર્ષ કરે છે. કશુંક યોગ્ય અને ઉમદાને પરિપૂર્ણ કરે છે. વ્યાપાર એ એવી સંસ્થા છે જે સમાજને વિશિષ્ટ બનાવવામાં મહત્ત્વનો ફાળો આપે છે."

"માણસોને **સારી કંપની** માં કામ કરવાનું ગમે છે – એક
તો એ સારી રીતે ચાલતી હોય છે, એટલું જ નહીં
પણ **વિશ્વને સારી** રીતે બાંધવામાં એનો ફાળો હોય છે."

આમ તો પ્રસ્તુત પુસ્તકમાં લગભગ બધે જ મેં સૂચન કર્યું છે, આપણે કોઈપણ મોભા સિવાય પણ સારી રીતે નેતૃત્વ કરી શકીએ છીએ. આપણાં બધામાં પ્રભાવ પાડવાની શક્તિ છે. આપણે બધા સારી રીતે આપણા સમાજમાં કામ કરીએ છીએ. આપણે સેવકો બાંધી શકીએ છીએ. આપણે ધર્માદામાં પૈસા આપીએ છીએ. આપણી કમાણીમાંથી ૧૦% આપણે સારાં કામોમાં આપી શકીએ. સંસ્થાની વ્યવસ્થામાં જ આપણે એવા પ્રોજેક્ટ યોજીને જરૂર હોય ત્યારે સમાજને મદદ કરી શકીએ. (એ માટે કોઈ ફાઉન્ડેશન રચી શકીએ અને એ રીતે મહત્ત્વની યોજનાઓ પહેલ કરી મદદરૂપ થઈ શકીએ). સમર્પણની ભાવનાથી મોટો ફાળો આપણે આપી શકીએ. સામાજિક જવાબદારીઓ નિભાવીએ સાથે ગણતરીપૂર્વક નફો પણ કરીએ. તમારી ઊંચા પ્રકારની શક્તિઓનો અવરોધ નથી કરતા, સાથે વધારે શક્તિઓને આકર્ષી શકો છો, એ રીતે ગ્રાહકોનું તમે માન રાખી શકો છો. સારો ધંધો એ ખરેખર ધંધા માટે પણ સારો જ છે. અને સારું આપવાથી તમે સારું મેળવવાની શરૂઆત પણ કરો છો.

૫૮

સફળતાના માળખાને બાંધો

ગઈકાલે હું કામ ઉપર જતો હતો ત્યારે રસ્તા ઉપર મારી બાજુમાંથી ૧૭-૧૮મી સદીની મર્સીડીસ ગાડીનું એક નવું મોટું મોડલ ખેંચી જતા હતા. જે માણસ એને ખેંચીને લઈ જતો હતો એની બારીનો કાચ અડધો ખુલ્લો હતો, એટલે એની સ્ટીરીઓ સીસ્ટમ ઉપર એક ગીત વાગતું હતું તે મને સંભળાયું. “We are the champion ’s ” એ Queen નું સંગીત હતું. થોડાં વર્ષો પહેલાં અમે એક નેતૃત્વની શિખર પરિષદ ભરી હતી, તેમાં એક CEO (ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર) આ પરિષદમાં આવ્યા હતા. એમણે મોટી કંપનીઓ ચલાવી હતી. એમને પોતાની કંપની અને સાથે પોતાના જીવનને પણ સુધારવું હતું. એમણે મને કહ્યું કે અમારે જ્યારે મોટાં વેચાણ કરવાં હોય ત્યારે પહેલાં હું AC/DC નું “Back in Black ” મોટા અવાજે મૂકીને સાંભળું. આ રસપ્રદ છે.

ઉત્તમ પરિણામ લાવવા માટે તમારે કયા પ્રકારનો અભ્યાસ કરવો પડે? કઈ પ્રયુક્તિઓ તમને ખરેખર પ્રભાવિત કરે અને તમને પ્રકાશિત કરી ઝળકાવે? સફળતાના માળખાના સમયપત્રકની આપણને સૌને જરૂર છે. જેથી એક અઠવાડિયામાં આપણે કેટલા ઊંચે ગયા એની નોંધ કરી શકીએ. આ દિવસોમાં આપણને બધાને એક વ્યવસ્થા ઊભી કરવાની જરૂર છે, જેથી આપણાં પરિણામોમાં એકવાક્યતા રહે, વ્યવસ્થા અને ઊંચી આવક ટકી રહે. જે ઉત્તમ કંપનીઓ છે એ લોકો પાસે વ્યવસ્થા છે જેથી ગુણવત્તા સચવાઈ રહે, એવી તમારે પણ વ્યવસ્થા રાખવી જોઈએ. વ્યવસ્થા રચના માટે ગંભીર રહો તો તમે સફળતા માટે પણ ગંભીર છો તે તમે બતાવી શકો. મેં તમને જે રીતે સૂચન કર્યું એ પ્રમાણે તમે મારા માટે કામ કરશો, એમાં ઘણી બધી મહેનત કરવી પડશે. ઉત્કૃષ્ટ શક્તિ પ્રેરક સંગીત, મહાન પુસ્તકોનું વાચન, અઠવાડિક મિટિંગો – કદાચ ૧૫ મિનિટ જેટલી ફોન ઉપર વાત – પ્રેરણા પોષક મિત્રો અને મારા જર્નલમાં લખવાનું. આ બધું મારા અઠવાડિયામાં, એકદમ અગત્યની મિટિંગની જેમ વણાઈ ગયેલું છે. (અને મારા બાળકો માટે સમય)

“આપણાં પરિણામોમાં એકવાક્યતા, **વ્યવસ્થા** અને ઊંચી ઉત્પાદકતાનું સાતત્ય જાળવવા માટે આપણે આ દિવસોમાં એક પદ્ધતિ અપનાવવી જરૂરી છે.”

સફળતા સહજ પ્રાપ્ત થતી નથી. એ એક યોજના છે અને રોજ રોજ એના ઉપર

કામ કરવું પડે. એમાંથી તરીને બહાર નીકળવું પડે. એ બને જ એવું તમારે કરવું પડે (સાથે એની મેળે એને થવા દો – એ માટે એકવાર તમારે ઉત્તમ કરી બતાવવું પડે. Vaclav Havel એ એકવાર જોયું: “માત્ર દૃષ્ટિ પૂરતી નથી; એની સાથે સાહસ પણ જોઈએ. પગથિયા સામે જોઈ રહેવું એ પૂરતું નથી, આપણે પગ મૂકીને ચડવું પડે.” આ કૂદકો મારવા માટે તમે આજે શું કરશો? તમારી મહાનતાને માંડી વાળશો નહીં. આ સમય તમારો છે. અને જો અત્યારે જ નહીં કરો, તો પછી ક્યારે?

૫૯

માણસ જેને અનુભવો છે તે મોટેભાગે જીત્યો છે

ઉમદા વિચાર: અનુભવી થવા માટે વૃદ્ધ થવાની રાહ શા માટે જોવી? અત્યારે જ્યારે હું યુવાન છું, ત્યારે જ મારે તો વૃદ્ધત્વનો અનુભવ લેવો છે. અને મને લાગે છે કે એ માટે મેં રસ્તો શોધી લીધો છે. સમયની રેખાને તોડી નાંખો. મોટાભાગના લોકો એ માટે ઘણાં જોખમો લેવા ઇચ્છતા નથી, ઘણા નવા માણસો સાથે વાતચીત નથી કરતા, ઘણાં તો નવાં પુસ્તકો વાંચતા નથી, તો કેટલાક પ્રવાસ પણ કરતા નથી. આવી બધી પ્રવૃત્તિઓમાં જોડાયેલા રહીએ અને અનુભવોનું ભાથું બાંધીએ તો ખાતરી થાય છે કે નાટકીય રીતે ગતિશીલતા વધે છે, મારી ગણતરી એવી છે કે મને ૧૦ વર્ષ જેટલો અભ્યાસ અને ભણવાનો સમય માત્ર ચોથાભાગ જેટલો લાગે એ રીતે સમયની રેખા ઓળંગીને વધારે અગત્યનાં કામો ઝડપથી અને તરત જ કરી શકું. માત્ર જવાબદારીપૂર્વક એમાં કેન્દ્રિત થઈને વળગી રહેવું જોઈએ. વધારે સમય દરરોજ મેં એ રીતે જ જીવવામાં આપ્યો.

આપણને બધાને સમય તો સરખો જ મળે છે. આપણામાંના દરેકને દરરોજ ૨૪ કલાક મળે છે. નિરાશાજનક વાત એ છે કે નિરર્થક વસ્તુઓ પાછળ આપણામાંના ઘણા વધારે સમય ખર્ચી નાંખે છે. વધારે ક્રિયાશીલ જીવી શકાય. જે પ્રવૃત્તિઓ માટે આપણે 'હા' કહીએ છીએ ત્યાં આપણે 'ના' પણ કહી શકીએ છીએ. નદીના વહેતા પાણીના પ્રવાહમાં લાકડાનો ટુકડો ગમે તે દિશામાં જાય અને ઢસડાય એમ ધ્યેય વિના જ આપણે ઢસડાતા હોઈએ છીએ. આવું બને છે કારણ કે સમય પરત્વે તેઓ જાગૃત થઈને વિચારતા નથી. એમની અગ્રિમતા વિશે, એમનાં સપનાંઓ અને ધ્યેયો વિશે અને નોંધનીય છે કે એમનું જીવન કેવું બનાવવું છે એ વિશે પણ સ્પષ્ટ હોતા નથી. આમ જ લોકો ઉત્તમ ૨૦ વર્ષો ગુમાવી દે છે. ગંભીર છે.

જીવન પાસેથી તમારે શું મેળવવું છે એ વિશે મનમાં સ્પષ્ટતા હોવી જોઈએ. તમારી આજુબાજુ જે કાંઈ મહત્ત્વનું લાગે એ વિષેની સભાનતાથી તમે ઉન્નત બની શકો. જ્ઞાનપ્રાપ્તિથી તમે પસંદગી પણ સારી કરી શકો, અને સારી પસંદગીથી પરિણામ પણ સારું મળે. સ્પષ્ટતા એ સફળતાનું બીજ છે.

એટલે અનુભવી બનવા માટે જીવનના અંત સુધી રાહ જોવાની જરૂર નથી. સમયની રેખાને તોડી નાંખો. જીવનને સંતોષપૂર્ણ બનાવવા માટે તમારે જે અનુભવની જરૂર છે એને સ્પષ્ટ કરો. – અને પછી હમણાં જ એ શરૂ કરો. પ્રશાંત માણસોનો સંપર્ક કરો. સ્વચ્છ સ્થળોની મુલાકાત લો. ગહન પુસ્તકો વાંચો. તકોને ઝડપી લો. ઘણીવાર અસફળ થાવ – પણ એમાંથી તમારી પહોંચ અને સાહસિકતા પ્રગટ થશે. તમને જો તમારી યાદીમાં

ઉમેરવા એક બીજો અનુભવ મળતો હોય ત્યારે તમે જીત્યા કે હાર્યા એની ચિંતા કે દરકાર કરવાની શી જરૂર? અત્યંત નિરાશાનો સમય પણ તમારું જીવન સમૃદ્ધ બનાવી શકે છે. Benjamin Lander , એ Boston Philharmonic નો ચાલક (Conductor) હતો, એણે એના શિક્ષક પાસેથી નીચેનાં વાક્યો મેળવ્યાં હતાં. શિક્ષક Gaspar Cassado મોટા તંતુવાદક હતા. 'The Art of Possibility ' એમનું સુંદર પુસ્તક છે. એમાં લખ્યું છે: "હું તમારે માટે ખૂબ દિલગીર છું, તમારું જીવન બહુ સરળ છે. જ્યાં સુધી તમારું હૃદય ભગ્ન ન થાય ત્યાં સુધી મહાન સંગીત તમે વગાડી શકો નહીં."

"અત્યારે જ્યારે હું યુવાન છું, ત્યારે જ મારે તો વૃ દ્ધત્વનો **અનુભવ** લેવો છે, અને મને લાગે છે કે એ માટે મેં રસ્તો શોધી કાઢ્યો છે. સમયની રેખાને **તોડી** નાંખો."

સમૃદ્ધ અનુભવો, સુંદર જીવન, જે વ્યક્તિએ આવા અનુભવો મેળવ્યા છે, તેઓ જીત્યા છે.

૬૦

ડીડી (Diddy) જેવી મહોર

આજે સવારે હું ઊઠ્યો અને હું ઠરી ગયો. કોલ્ટ્રેનને (Coltrane) સાંભળ્યો, sade નો એક dose લીધો પછી Diddy નું સંગીત મૂક્યું. (Puff Daddy ને નામે એક કલાકાર બહુ જાણીતો હતો પછી તે P. Diddy ના નામે ઓળખાતો, હવે આ નામ બહુ કંટાળાજનક લાગે છે) મારે કશીક એવી જરૂર હતી જે મને મારો દિવસ શરૂ કરવા માટે કંઈક ધક્કો આપે. (પછી મેં બાળકોને જગાડ્યા) એના ઉપર અને વેપારના વિશ્વ વિશે મનન કરતાં એમણે મારા મનમાં વિચાર બાંધ્યો. છાપ (મહોર) વિશે.

તમારા માર્કેટના વિશ્વને જીતવા માટે, તમારી સંસ્થાને ખૂબ મમતાથી સારસંભાળ રાખી અને એકદમ ઊંચી કક્ષાની સન્માનનીય છાપ ઊભી કરવી જરૂરી છે. (મારા અગાઉના પ્રકરણમાં Saatchi & Saatchi ના CEO (મુખ્ય અધિકારી) Kevin Roberts નો મેં ઉલ્લેખ કર્યો છે: તેઓ “છાપ”, “મહોર” (brand) એવા શબ્દનો ઉપયોગ નથી કરતા, પણ “lovemark ” જેવો શબ્દ પસંદ કરે છે. સુંદર). અને તમારે ધંધાકીય મોટાઈ જોઈતી હોય, તો મારું સૂચન છે કે તમારી વ્યક્તિગત છાપ સુઘડ રહે, જળવાઈ રહે, તમારું નામ સારું રહે એવું કામ કરો. (તમારી મોટી કીર્તિ બાંધવા માટે શક્ય છે કે ૩૦ વર્ષો વીતે – અને એકાદ કામમાં નબળો અભિપ્રાય બંધાય તો માત્ર ૩૦ સેકંડમાં તમે એ રોળી નાખો.)

આ દિવસોમાં દરેક જણ પોતાની છાપ ઊભી કરે છે: કાયદાકીય સંસ્થાઓ, હિસાબના જોખમવાળાં કામોવાળા, પરચૂરણ વેચાણકારો. Paris Hilton એ હમણાં જ કહ્યું: “હું એક મહોર છું.”

આને કારણે પ્રશ્ન ઊભો થાય છે: “આપણે આપણી છાપ કેવી રીતે ઊભી કરી શકીએ અત્યારે આપણે જે છીએ અને હવે આપણે ક્યાં સુધી જવા ઇચ્છીએ છીએ – ત્યારે આપણી છાપ કેવી રીતે ઊભી કરી શકીએ?” મારો જવાબ સરળ છે: (Model Diddy) ડીડીનો નમૂનો.

અહીં તમે પુસ્તકો જરૂર વાંચી શકો (શ્રેષ્ઠ પુસ્તકો ઘણાં છે, જેમકે Seth Kodin ’s નું Purple Cow અને Ries અને એની દીકરી Laura Ries નું The 22 Immutable Laws of Branding). મને ખાતરી છે કે તમે વિશ્વના ઉત્તમ બ્રાન્ડ મેનેજરો મેળવવા માટે મૂડીરોકાણ કરી શકશો. (દરેક કંપનીને બ્રાન્ડ મેનેજરો હોવા જોઈએ). પણ હું સાદા સૂચનથી તમારા થોડા પૈસા બચાવી શકીશ: Diddy જેવા hiphop કલાકારો (કિકિયારી કરતા અને ઠેકડા મારતા નૃત્યો કરતા) અને ૫૦ સેન્ટ અને Jay-Z નો અભ્યાસ કરો

(તાજેતરમાં જ Fortune એને “America ’s Hippest CEO ” – અમેરિકાના કિકિયારો કરતા CEO – મુખ્ય કાર્યકારી અધિકારી કહે છે.) પર્વતની ટોચ સુધી પહોંચે એવી છાપ તમારે ઊભી કરવી હોય તો માત્ર અભ્યાસ કરવાની જરૂર છે, તમે એ કરી શકશો. આ બધી વ્યક્તિઓ નવાઈ પમાડે તેવી છે. સતત તેઓ શોધખોળ કરતા હોય છે. નિષ્ઠુર થઈને સ્થાપિત પ્રણાલિકામાં નવેસરથી સુધારા અને સજાવટ કરે છે, નિરંતર પ્રગતિ કરે છે. એ લોકો સાર્વજનિક સંમતિ સંપાદન કરે છે એને કારણે તેઓ તેમના તરફ, અરે પ્રજાના હૃદય સુધી પહોંચી જાય છે અને તે એટલે સુધી લંબાવે છે કે પછી કપડાં, પુસ્તકો, મુવી, સુગંધી દ્રવ્ય અને બીજી ઘણી વસ્તુઓ માટે એ છાપનો ઉપયોગ કરે છે. સમાજમાં સિમેન્ટ જેટલી મજબૂત વફાદારીને બાંધે છે, એટલી હદ સુધી કે લોકોના મગજના સેલમાં એમની છાપ ટેટુની જેમ છપાઈ જાય છે.

“તમને Jay-Z ના ન **ભૂલી** શકાય એવા
ઉદાહરણ સાથે હું તમને મૂકી જાઉં છું.”

“હું ધંધાદારી માણસ નથી, હું ધંધાનો માણસ છું.”

૬૧

આશીર્વાદને મોટી પ્રાપ્તિ માનો

"મારી પાસે બૂટ નથી એ હકીકત કોઈ મને કહે, તેને હું શાપ આપતો, જ્યાં સુધી હું પગ વિનાના માણસને મળ્યો નહોતો." આ કહેવત પર્શિયન ભાષામાંથી આવી છે. આ વાક્ય મારી કરોડરજ્જુને ધ્રુજાવી દેતી. જેણે આ લખી હશે તેને વાસ્તવમાં એવું હશે. આપણી પાસે જે નથી તેના ઉપર ધ્યાનથી જોવું એ માણસ માટે સહજ છે, પણ આપણી પાસે જે છે તેને માટે આપણે કૃતજ્ઞ નથી. હું શરત મારીને કહું છું, તમારી જિંદગીમાં કેટલી બધી કૃપા છે, પણ તમે તેની નોંધ લેતા નથી.

ગઈકાલે રાત્રે કરોડ બાળકો ભૂખ્યા ઊંઘી ગયા હતા. પરમ દિવસે લોકો જેમને વહાલ કરતા હતા, પૂજતા હતા, એ કુટુંબના સભ્યોને વિશ્વમાંથી ગુમાવી દીધા. તમારા પોતાના સમાજમાં પણ કેન્સરથી અને AID થી પણ ઘણાં ગુજરી ગયાં હશે. મેં એક નાની છોકરી વિશે વાંચ્યું હતું કે એ જન્મી ત્યારે એને ચહેરો જ હતો નહીં, માત્ર બે આંખો અને મુખ. અને આપણે જ્યારે કામ ઉપર જતા હોઈએ ત્યારે રસ્તા ઉપર ભરચક વાહનવ્યવહારની ચિંતા કરીએ છીએ.

"મેં એક **નાની છોકરી** વિશે વાંચ્યું હતું કે એ જન્મી ત્યારે એને ચહેરો જ હતો નહીં, માત્ર બે આંખો અને મુખ. અને આપણે જ્યારે કામ ઉપર જતા હોઈએ ત્યારે રસ્તા ઉપર ભરચક વાહનવ્યવહારની ચિંતા કરીએ છીએ."

અહીં એક શબ્દ છે એના વિશે વિચાર કરો: "દષ્ટિકોણ". ઘણા દેશોમાં મુસાફરી કરો અને આપણી દુનિયાને જોવા માટે દષ્ટિકોણ તમને મળશે. તમે જે લોકો સાથે કદી બોલ્યા નથી એમની સાથે વાતો કરો અને તમને નવો જ દષ્ટિકોણ મળશે, કે જીવન શું હોઈ શકે? તમારા જીવનમાં જે જે આશીર્વાદો (કૃપા) પ્રાપ્ત થયા છે તેનો ઉત્સવ માણો, તમને લાગશે કે તમે કેટલા ભાગ્યશાળી છો. માણસનો એ સ્વભાવ છે કે આપણને કાંઈ પ્રાપ્ત થયું છે એ ગુમાવી દઈએ નહીં ત્યાં સુધી એની કિંમત સમજાતી નથી. એવી ઝંખના માટે મથામણ કરો.

૬૨

“શાણા બનો, વહેલા ઊઠો”

ગઈકાલે CIBC ટેલિફોન બૅન્કિંગ વિભાગની નેતૃત્વ ટીમની કોન્ફરન્સમાં મેં સૈદ્ધાંતિક સંબોધન (ભાષણ) કર્યું. ગ્રુપ મોટું હતું. CIBC એ કેનેડાની આગળ પડતી બેન્ક છે અને શ્રોતાઓ પણ ભરપૂર શક્તિશાળી, ધીરજવાળા અને બુદ્ધિશાળી હતા. મેં એમની સાથે, ઊંચા પ્રકારનું કલ્ચર બાંધવા માટે, આત્મીય સંબંધનો વિકાસ કેવી રીતે કેળવાય, અને કોઈપણ જાતના મથાળા વિના નેતૃત્વ શક્તિશાળી કેમ બને, એ વિષે મારા વિચારોનો વિનિમય કર્યો. ત્યાર પછી મેં આંતરદષ્ટિ, વ્યક્તિગત નેતૃત્વમાં કેળવવા માટે થોડી સલાહ સૂચના આપી, જેમકે માનવી તરીકે આપણે વિશ્વમાં મહાન થવું હોય તો **સવારમાં વહેલું ઊઠવું જોઈએ** . રૂમમાં મૌન છવાઈ ગયું. મેં એમ વિચાર આપ્યો.

શ્રોતાગણમાંથી વ્યક્તિગત રીતે સંપર્ક કરવાનું મને ગમે છે અને મારી રજૂઆત પછી પ્રશ્નોના જવાબ આપવા માટે નિરાંતે હું ત્યાં રોકાયો. ઘણા બધા લોકોએ મને પૂછ્યું કે વહેલા ઊઠવાની ટેવ પાડવાની શી જરૂર, આશ્ચર્યજનક! એક મેનેજરે કહ્યું: “મારે જિંદગી પાસેથી ઘણું બધું મેળવવું છે. એકાદ કલાક સવારે ધ્યાન માટે કાઢવો એ મુદ્દો મને ગમે છે – ૬૦ મિનિટ મારા મનને પોષણ કરવું. મારા શરીરની કાળજી કરવી અને મારા ચારિત્ર્યનો વિકાસ કરવો” બીજા એક જણે જણાવ્યું. “જિંદગી એટલી ઝડપથી પસાર થઈ જાય છે!” વળી એકજણ બોલ્યું: “દિવસો પાસેથી વધારે કશુંક મેળવવા માટે, મારે ખરેખર વહેલા ઊઠવાનું શરૂ કરવું છે.”

આપણા બહારનાં જીવનનો પ્રતિભાવ આંતરિક જીવન ઉપર પડે છે એ બહુ સહેલાઈથી ભૂલી જઈએ છીએ, અને દરરોજ સવારે વહેલા ઊઠીને કંઈક પણ આંતરિક જીવન માટે કરવું જોઈએ, જેથી આપણા દિવસો વધારે સારા બને. જો તમારી પાસે શક્તિનો સ્રોત ન હોય તો પછી તમે પોતે હકારાત્મક શક્તિ તમારી આજુબાજુના માણસોને કેવી રીતે પહોંચીડી શકો? તમે પોતે જો આંતરિક રીતે સુંદરતા સાથે સંકળાયેલા ન હો તો બીજા માણસોમાં એ સૌંદર્ય પ્રેરણારૂપ કેવી રીતે બની શકે? તમે પોતે જ સૈદ્ધાંતિક રીતે અગ્રિમતા પ્રાપ્ત કરવામાં અસફળ હો તો તમે બીજાઓને કેવી રીતે અગ્રિમતા અપાવો? તમારી આંતરિક સમૃદ્ધિ વધારવા માટે તમે વહેલા ઊઠીને કામ કરો, તમારા વિચારોનું ક્ષેત્ર વિસ્તારો, તમારા જીવનની ફિલોસોફી ધારદાર બનાવો અથવા તો તમારાં ધ્યેયોનું મૂલ્યાંકનનું પરીક્ષણ કરો એને સમય બગાડ્યો ન કહેવાય. જે ‘પવિત્ર ધ્યાન માટેનો કલાક’ છે, તમારા જીવનનાં બધાજ વિભાગોને ઊંચે લઈ જાય છે, તમારી દષ્ટિની ઝીણામાં ઝીણી વિગતને તે પોષણ આપે છે. એ જ તમારામાં પરિવર્તન લાવશે. નેતા તરીકે તમને સક્ષમ બનાવશે. માતાપિતા તરીકે અને માનવ તરીકે પણ અહીં ૬ પ્રયોગોની કરામત

છે જે તમને વહેલા ઊઠવામાં મદદ કરશે. (સવારના ૫ એ.એમ. એ સરસ છે.) (અનુકૂળ છે.)

(૧) સાંજના ૭ વાગ્યા પછી ભોજન કરવું નહીં:

તમે ગાઢ નિદ્રા લઈ શકશો સાથે મીઠી ઊંઘ પણ આવશે. એ ગુણવત્તાવાળી હશે, જથ્થાવાળી વધારે નહીં, એ જ ઊંઘ મહત્ત્વની છે.

(૨) પથારીમાં નિરર્થક આળોટો નહીં:

તમારા ઘડિયાળનું એલાર્મ બંધ થાય કે તરત જ કૂદકો મારી પથારીમાંથી બેઠા થઈ જાવ, અને તમારો દિવસ શરૂ કરો. એલાર્મ વાગ્યા પછી પથારીમાં વધારે સમય પડ્યા રહેશો તો તમારા મનમાં કલબલાટ શરૂ થઈ જશે પછી શક્ય છે કે મોટે ભાગે મને કંઈક બીજું જ કહેશે. પથારીમાં પડ્યા રહો. થોડીવાર વધારે સૂઈ રહો. પથારી હૂંફાળી છે. એ માટે તમને અધિકાર છે.

(૩) તમારી શારીરિક સ્થિતિ જગતમાં ઉત્તમ કરો:

આ મોટો વિચાર છે. જ્યારે હું શારીરિક રીતે એકદમ ઉત્તમ સ્થિતિમાં હતો ત્યારે મેં અનુભવ્યું છે – એક વીકમાં પાંચ થી છ દિવસ કામ કરો અને એકદમ પૌષ્ટિક ખોરાક લો તો પછી પથારીમાંથી સવારે પાંચ વાગે અથવા ૪ વાગે આરામથી કૂદકો મારી ઊભા થઈ શકો. તંદુરસ્તી એકદમ સ્વસ્થ હોય તો તમારા જીવનના દરેક પાસાને તમે બૌદ્ધિક રીતે હકારાત્મક અસરથી ઉત્તમ રીતે હલ કરી શકો.

(૪) મનમાં નિશ્ચય કરો:

Jim Collins નામના માણસે આ “ *BHASS* ” શબ્દ બનાવ્યો છે. એનો અર્થ *Big Hairy Audacious Goals* અને ‘ *Built to Last* ’ નામના પુસ્તકમાં ઉપયોગ કર્યો છે, અર્થાત્ તમારા દિવસ દરમ્યાન જીવનમાં ધ્યેયોનો શ્વાસ લો અને શક્તિ પ્રાપ્ત કરો. મોટા ભાગના લોકો સવારમાં વહેલા ઊઠતા નથી કારણ કે એમની પાસે કોઈ ધ્યેય હોતું નથી. સવારે વહેલા ઊઠવાનો હેતુ એ છે કે જુસ્સો પ્રાપ્ત કરવાનું રહસ્ય એમાં છે. ધ્યેયો તમને પ્રેરણા આપે છે અને દરરોજ કંઈક એવી સ્ફુરણા આપે છે જે તમને દરરોજ સવારે વહેલા ઉઠાડે છે. તમારી રોજનિશી હાથમાં લો અને એમાં ૧૦, ૫, ૩ અને ૧ વર્ષ સુધી તમારાં ધ્યેયોનાં મર્મ અને પરિણામો ઉપર તમારા મનને કેન્દ્રિત કરો અને પછી જુઓ કે એ તમને સુંદર પરિણામો તરફ લઈ જશે. તમારા પેટમાં એ અગ્નિ પ્રજ્વલિત કરશે અને શક્તિનો ધોધ વહેશે.

(૫) તમારા એલાર્મને ૩૦ મિનિટ આગળ મૂકો:

“ *Awakening Best Self Weekend* ”નો એક વર્કશોપ હમણાં થોડા સમય ઉપર કર્યો હતો એમાં લગભગ વિશ્વમાંથી ઘણા લોકો આવ્યા હતા અને તેઓને ભયમાંથી કેવી રીતે બહાર નીકળવું અને મહાન જિંદગી કેવી રીતે જીવવી એવા મુદ્દા ઉપર ચર્ચા કરી હતી. સ્પેનમાંથી એક બેન, જેમણે આ વર્કશોપમાં ભાગ લીધો હતો તેમનો ઈ-મેલ મને મળ્યો. એક નાની કરામતે એના જીવનમાં પરિવર્તન આણ્યું. તે એવું વિચારતી હતી કે તે સવારે ૬ વાગે ઊઠે છે. આ સમયે તે પથારીમાંથી ઊભી થઈ જાય અને એને લાગે કે તે વખતે ૫-૩૦ થયા છે. આ સમયનો ઉપયોગ તે ધ્યાન કરવામાં, વાંચનમાં કે કસરત કરવા કરતી. હવે તેણે આંતરિક જીવન વિષે કાળજી લેવાનું શરૂ કર્યું અને પરિણામ એકદમ સુંદર આવ્યું. એનો વ્યવસાય પહેલાં ક્યારેય આટલો સફળ થયો ન હતો, એટલો સફળ થયો.

વર્ષ દરમ્યાન એનું કૌટુંબિક જીવન પણ ઉત્તમ રહ્યું. ન માની શકાય એટલું સુખ એણે એણે અનુભવ્યું. હું જાણું છું કે આ કરામત મૂરખ જેવી લાગે પણ એ ધાર્યું પરિણામ આપે છે.

“એટલે ૫ વાગે ઊઠવાની ક્લબમાં જોડાઈ જાવ
પથારીના યુદ્ધમાં **વિજય** પ્રાપ્ત કરો.
મનને આસન ઉપર બેસાડો. **વહેલા** ઊઠો.”

(૬) ૩૦ દિવસ આપો.

મારા ઘણા બધા ગ્રાહકોમાં એક (*NASA*) નાસા છે, મારું પ્રિય છે. તેઓ એક કાર્યક્રમ એવો પ્રયોજે છે “નેતાઓ વધારો”નો વિકાસ કરીને લોકોમાં નેતૃત્વની શક્તિ વધારો. મને આ સંસ્થા ગમે છે કારણ કે સાચા અર્થમાં એ વિશ્વ કક્ષાની છે. આ નાસા (*NASA*) પાસેથી હું એક વસ્તુ શીખ્યો છું કે અવકાશયાન જ્યારે છોડવામાં આવે ત્યારે પહેલાં થોડી મિનિટો દરમ્યાન એમાં ઘણું બળતણ વપરાય, પણ પછી પૃથ્વીની આખી પ્રદક્ષિણા વખતે એટલું નથી વપરાતું. કેમ? કારણ કે શરૂઆતમાં ગુરુત્વાકર્ષણના બળનો અતિશય બોજો વીંધીને પછી એનાથી ઉપર જવું પડે, પણ પછી ઊંડાણ બહુ સહેલું થઈ જાય છે. આ વિચાર અત્યંત શક્તિશાળી છે. વ્યક્તિગત પરિવર્તનની પ્રક્રિયા પણ શરૂઆતમાં ઘણી મુશ્કેલ હોય છે. આ કાંઈ માત્ર એક દિવસમાં કે એક અઠવાડિયામાં નથી બનતું. પણ આપણી જૂની ટેવોના ખેંચાણમાંથી બહાર નીકળવા માટે થોડો સમય જોઈએ. પણ જો આ તમે પસંદ કરો તો આજથી જ અઠવાડિયામાં તમારું જીવન વધારે સારું બની શકે છે. એક નવી ટેવને સ્થાપવા માટે હંમેશાં ૩૦ દિવસ તમારી જાતને આપો.

એટલે ૫ વાગે ઊઠવાની ક્લબમાં જોડાઈ જાવ. પથારીનાં યુદ્ધમાં વિજય મેળવો. મનને આસન ઉપર બેસાડો. સવારે વહેલા ઊઠો અને બેન્જામીન ફ્રેન્કલીન એકવાર શું કહ્યું છે તે યાદ કરો: “જ્યારે તમારું મૃત્યુ થશે પછી તો ઊંઘવા માટે મબલખ સમય તમને મળશે.” ચતુર માણસ હતો!

૬૩

‘સફળતા’ જેવો અરુચિકર શબ્દ કોણે બનાવ્યો હશે?

ઘણા બધા માણસો માને છે કે સાચેસાચ સફળ થવાનું ધ્યેય રાખવું એ કંઈક ભૂલભરેલું છે. ઘણા બધા લોકો એમાં ઉત્પાદનની પ્રાપ્તિ પછી ધીમા પડી જાય છે. ઘણ બધા લોકો ધીમે ધીમે હણહણે છે અને ચાલ્યા કરે છે, તેઓ તેમના ધ્યેયો નિશ્ચિત કરે છે અને પછી એને પ્રાપ્ત કરવા માટે પોતાની જાતને સમર્પિત કરે છે. હમણાંથી આ દિવસોમાં મેં એક સૂચન સાંભળ્યું છે કે જો તમે સફળ થવા માટે તનતોડ મહેનત કરશો તો પછી તમે એમાં બીજાથી વધારે સારા બનવા માટે કંઈક વિશેષ કે એના મહત્ત્વ સાથે કંઈ લાગશેવળગશે નહીં. એ તો એના જેવું થશે કે ચીલાચાલુ થશે પણ તે કાંઈ સામાજિક ચેતના, માણસની સજ્જનતા કે અનુકંપા સાથે એની સમતુલા થઈ શકે નહીં એ બધું નકામું છે.

“સફળતા વિરુદ્ધ અર્થસભર મહત્ત્વ” આ વિષે મારો અભિગમ આ છે: એકદમ ઉત્તમ જીવનમાં આ બન્ને હોય છે. જીવનનો અર્ક એ સમત્વ છે. સફળતા વિના, મને લાગે છે કે તમારા જીવનના ઉત્તમ ભાગ માટે તમને કદાચ ખાલીપણું થોડું લાગશે. માનવ બનવા માટે આપણ જીવનના થોડા ભાગને સાક્ષાત્કાર થવાની ઝંખના છે ઘણી મોટી બક્ષિસ છે અને પૂર્ણ જીવન જીવવા માટે જરૂરી છે. આપણે મહાન થવા સર્જાયા છીએ. અને જે કાંઈ મહાનતા પ્રાપ્ત થાય છે તે તો આપણું કર્મ કેટલું સર્જનાત્મક છે એનું સરળ પ્રતિબિંબ છે. જેટલું તમે યોગ્ય અને સુંદર કામ કરશો, ત્યારે તમારી કુદરતી સ્વાભાવિક સર્જનાત્મકતા મુક્ત રીતે બહાર આવશે. સફળતા એ સર્જનાત્મક કર્મ છે. આત્મસંતોષ મેળવવા માટેનો આ ઉત્તમ રસ્તો છે, જો એની સાથે જીવનમાં જે કર્મ કરવાનું કે એના માટે સ્વસ્થ સન્માનની મેળવણી હોય તો જીવનની સમતુલા જળવાઈ રહે. મેં જોયું છે કે જ્યારે કોઈ કરવા જેવું કાર્ય આપણે પૂરું કરીએ છીએ ત્યારે કેટલીક વસ્તુઓ ઘણી મોટી લાગણીઓનો અનુભવ આપણને કરાવે છે. જ્યારે પણ કોઈ મહત્ત્વનું કાર્ય થાય છે ત્યારે સુખની લાગણીને ઉત્તેજન મળે છે. સફળતા આનંદને જાગૃત કરે છે. અને છતાં જ્યારે કોઈપણ અર્થસભર કામ વિના, મને લાગે છે કે આપણે આ પૃથ્વી ઉપર ચાલીએ છીએ તે વ્યર્થ છે. અર્થસભર મહત્ત્વ વિનાની માત્ર સફળતા એ હૃદયમાં ખાલીપણાની લાગણી મૂકી જાય છે.

“જ્યારે તમે સફળતાની પાછળ પડી જાઓ છો,

ત્યારે મારે તમને અનુરોધ કરવો છે કે જે જીવન તમે
જીવી રહ્યા છો તેને સમર્પિત રહી ઊંચે લઈ જાવ
અને તમારા વિશ્વને સુંદર બનાવો પછી તમે જોશો કે
તમે જગતને કંઈક સારું આપી ગયા છો.”

નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરવા માટે જરૂરી પગલાં લઈ ઉત્તમ દેખાવ આ જગતમાં તમે કરો તેમાં કશું ખોટું નથી. હકીકતે તો સફળતા એ નીરોગી આત્મમૂલ્યનું પ્રતિબિંબ છે. પણ તમે જ્યારે સફળતાની પાછળ પડી જાઓ, ત્યારે મારે તમને અનુરોધ કરવો છે કે જે જીવન તમે જીવી રહ્યા છો તેને સમર્પિત રહી ઊંચે લઈ જાવ અને તમારા વિશ્વને સુંદર બનાવો, પછી તમે જોશો કે તમે જગતને કંઈક સારું આપીને ગયા છો. એ મહત્ત્વનો ભાગ છે. આ બન્ને સાથે તમે તમારા જીવનની મહાનતા શોધી શકશો.

૬૪

જીવન પાસેથી મહાનતા પ્રાપ્ત કરો

જીવન એ કાર્યકુશળતા છે. બીજી બધી કુશળતાઓની જેમજ, એકવાર એના પાયાના નિયમો, અને તે પ્રમાણે સમયસર આચરણ કરો તો તમે સારું કરી શકો. ઘણું બધું સારું. જો તમે સાચેસાચ તમારા જીવનને સમર્પણ કરો, તો તમે પ્રભુત્વ મેળવી શકો. કેટલાકે મેળવી છે.

મારું એવું સૂચન છે કે ત્રણ સરળ વસ્તુઓ એવી છે કે તમે જો કરી શકો તો તમે જીવનમાંથી ઘણું મેળવી શકો.

(૧) જીવન ઉપર ધ્યાન આપો.

આ જીવનમાં તમારે શું કરવું છે, તમારાં વર્ષો દરમ્યાન તમે શું શીખ્યા, અને વારસામાં શું મૂકી જવા માંગો છો. સમય તમારી આંગળીઓમાંથી સરકી જાય છે – રેતીના કણોની જેમ – પાછો ક્યારેય ફરી આવવાનો નથી. તમારા દિવસોનો ઉપયોગ તમારી કુશલતાઓ સમજવામા માટે કરો. મને યાદ આવે છે *Erma Bombeck* ની પંક્તિ: "મારા જીવનનાં અંત વખતે હું ઈશ્વર સામે ઊભો હતો, ત્યારે મારી પાસે એક અંશ પણ કુશળતા બચી નહોતી અને મને આશા છે કે કહી શકું, 'તેં મને જે આપ્યું હતું તે બધું મેં વાપરી નાખ્યું છે." તમારા જર્નલમાં આ લખી રાખવાનો પ્રયત્ન કરો, તમારા વિશ્વમાં જાઓ ત્યાર પહેલાં દરરોજ વિચાર કરો, તમારે ક્યાં ધ્યેયોને સિદ્ધ કરવાની જરૂર છે, જેથી તમને લાગે કે આજનો દિવસ સફળ થયો, એમ અનુભવી શકો – અને આ બધું લખી રાખો. તમે કયાં મૂલ્યોને તમારી સૌથી નજીક માનો છો એ વિશે પણ વિચારો. આગલા દિવસમાંથી તમે કયો પાઠ શીખ્યા, એ વિશે વિચારો. ભૂલ કરવાથી શું સારું થયું, જો તમે કશો પાઠ એમાંથી ના શીખો તો?

(૨) જીવનમાં કાર્યશીલ રહો:

Angelina Jolie સાચું બોલી જ્યારે એણે કહ્યું: "જીવન માટે એક જ રસ્તો છે કે વચનબદ્ધ રહેવું ગાંડાની જેમ." જેમ હું મોટો થતો ગયો ત્યારે હું થોડું શીખ્યો: તમે જે આપો છો તે જીવન પાછું આપે છે. તમારું જે ઉત્તમ છે તેનું દાન કરો. ગઈકાલે રાત્રે ભોજન વખતે અમે મિત્રો સાથે હતા, અમે ધ્યેય નક્કી કરવા વિશે બોલવાનું શરૂ કર્યું. "પણ જીવન એટલું અચોક્કસ છે જ્યારે, ધ્યેય શા માટે નક્કી કરવા?" એક મિત્રે પ્રશ્ન કર્યો. મેં જવાબ આપ્યો: "જીવન અચોક્કસ છે એનો અર્થ એવો નથી કે મહાન થવાની આપણી શક્તિ માટે પ્રયત્ન ન કરવો. તમારા ધ્યેયો નક્કી કરો. એ માટે તમે યોજના કરો. એના ઉપર કામ કરો અને તમારા સપનાની પાછળ પડો. એ પછી વ્યક્તિગત જવાબદારી

બની જાય છે. પણ એકવાર તમે ઉત્તમ કર્યું જ હોય – જવા દો. અને પછી બાકીનું જીવન ઉપર છોડી દો.

"**અંતમાં,** કરોડપતિ હોય તેને જ્યાં દફનાવે છે એની
બાજુની ગલીમાં ઝાડુવાળાને પણ દફનાવે છે.
આપણે **સૌ** અંતમાં માટીમાં મળી જઈએ છીએ.
એટલે થોડી મઝા પણ કરી લઈએ."

(૩) જીવનમાં આનંદ કરો:

આપણે બધા જીવનને બહુ ગંભીરતાથી લઈએ છીએ. પણ અંતમાં, કરોડપતિને જ્યાં દફનાવે છે અને પછીની ગલીમાં ઝાડુવાળાને પણ દફનાવે છે. આપણે સૌ અંતે તો માટીમાં મળી જઈએ છીએ. એટલું થોડી મઝા પણ કરી લઈએ.'' આપણામાં થોડા લોકોએ મહાન નવલકથાઓ લખી છે " *Mignon MeLaughlin* " એ નિરીક્ષણ કર્યું છે:

"પણ આપણે સૌ એ જીવી શકીએ છીએ."

૬૫

Steve Jobs નો પ્રશ્ન

Steve Job એ મઝાનો માણસ છે. એવા કેટલા માણસો હશે જેમણે તેમની ૨૦ વર્ષની ઉંમરમાં પોતાના ગેરેજમાં કરોડો – ડોલરનો ધંધો કર્યો હશે? કેટલા માણસો એવા હશે જેમણે ત્રણ જુદા જુદા ઉદ્યોગો એમના ક્ષેત્રમાં ચલાવ્યા હશે? (સંગીત – ipod એ સંગીતની દુનિયામાં ઘણી મોટી ક્રાંતિ કરી છે, – અને મુવીમાં પણ સંગીત આપ્યું છે – Pixar ની એ સૌથી મોટી સિદ્ધિએ સ્ટુડિયોને જીવંત બનાવ્યા: અને કૉમ્પ્યુટર –Apple નું લોકભોગ્ય ડિઝાઈનનું અર્પણ અને દંતકથાઓની ઉપયોગિતાની સરળતા.) પણ મને સૌથી વધારે મુગ્ધ તો Steve Jobs ની પોતાની ફિલોસોફીએ કર્યો.

Jobs પોતે ન ભૂલી શકાય એવો પ્રશ્ન, મોટી પસંદગીનો દર વખતે પોતાની જાતને પૂછે અને પછી એનો સામનો કરે: "મારા જીવનની જો આ છેલ્લી રાત્રિ હોય તો હું શું કરું?" એની પાછળ શક્તિશાળી વિચાર રહેલો છે. તે એની પત્નીને પણ એ રીતે મળ્યો.

ઘણાં વર્ષો પહેલાં યુનિવર્સિટીમાં તેઓ વ્યાખ્યાન આપતા હતા. એક સ્ત્રી પ્રેક્ષક ગણમાં બેઠેલી હતી. એ તો એના પ્રેમમાં પડી ગયા અને વ્યાખ્યાન પૂરું થયું પછી એનો સંપર્ક કર્યો. એણે એનો નંબર આપ્યો. એને તો તે જ સાંજે એને ડીનર માટે લઈ જવી હતી પણ તે સમયે એક બિઝનેસ મિટિંગ પુસ્તકો માટે હતી. જીવન એવું જ હોય છે. કારમાં પાછા ફરતા એમણે પોતાની જાતને એટલે કે હું જેને Steve Jobs કહું છું, એને પ્રશ્ન પૂછ્યો: "મારે શું કરવું જોઈએ જો આ મારા જીવનની છેલ્લી રાત્રિ હોય તો?" તમે અને હું, આપણે બન્ને જાણીએ છીએ કે એનો જવાબ શું હશે. એ તો ઓડિટોરિયમમાં પાછા આવ્યા, પેલી સ્ત્રીને શોધી કાઢી અને લઈને બહાર ગયા. ત્યાર પછી હજુ સુધી બન્ને સાથે છે.

"મારા જીવનની જો આ **છેલ્લી** રાત્રિ
હોય તો હું શું કરું?"

જુઓ, આપણે સૌએ વ્યવહારુ બનવું પડે. મને ખબર છે કે આપણે Jobs નો પ્રશ્ન બધી પરિસ્થિતિમાં લાગુ પાડી શકીએ નહીં. પણ, મેં જેમ લખ્યું છે, તમે જ્યારે ગુજરી જશો ત્યારે કોણ રડશે? મૃત્યુની સાથે જોડતાં લાગે છે કે ડહાપણ માટેનું આ ઉદ્‌ગમ સ્થાન છે. આપણી જાતને યાદ રાખવા માટે અને સમગ્ર રીતે જોતાં લાગે કે તમે ઘણો લાંબો સમય નહીં હો – એની ચિંતા કરવાની જરૂર નથી જેટલું જીવાય એટલું સહી – પણ

જીવનના ઊંડાણમાં ઊતરીને આપણી લાગણીઓને દોરવી, ઊંચે લઈ જવી, જોખમ ખેડવું અને જીવનની રમત રમવી એ એકદમ સુંદર રસ્તો છે. વિલંબ કર્યા વિના મળેલા સમયને જીવનની પ્રવૃત્તિ સાથે જોડવી. જેથી પ્રત્યેક ક્ષણનો ધ્યેયપૂર્ણ ઉપયોગ કરી શકાય. ધ્યેયની પ્રાપ્તિ માટે સમયનો સદુપયોગ એ બુદ્ધિશાળી જીવનરીતિ છે.

૬૬

તમારી સ્વસ્થતામાં શું ખૂટે છે?

આજે હું મારી દીકરી સાથે બરફ ઉપર ચાલવા જતો હતો. એને માટે આજે અમે નવી હેલ્મેટ, હાથનાં મોજા અને બોર્ડીંગ સ્નીકર બધું ખરીદ્યું. એની તૈયારી બરાબર હતી એવું લાગ્યું. હવે એને માત્ર એના ઉપર સવાર થઈને કેમ ચાલવું એ શીખવાની જરૂર હતી.

એને માટેની બધી સામગ્રી એને બહુ ગમી, નવી હતી. એને એવું હતું કે બરફ ઉપર સ્કેટિંગ કરવું એકદમ શ્રેષ્ઠ અને આધુનિક સાથે સંપૂર્ણ રમત છે. એટલે અમે ત્યાં ગયા, મઝા માટે. પછી એણે મારી સામે જોયું અને મને કહ્યું, "પિતાજી, મારી સ્વસ્થતામાં કશુંક ખૂટતું હોય એમ મને લાગે છે." શું સુંદર વાક્ય, ઉત્સાહપ્રેરક. મને વિચારતો કરી દીધો.

મારી સ્વસ્થતામાં શું ખૂટે છે? મારી વિશ્વસનીયતા ખૂટે છે? મારી મહાન જિંદગીમાં મારામાં શું ખૂટે છે? સજાગતા હોય તો પસંદગી હોય અને પસંદગી હોય તો પરિણામ આવે જ. (બરાબર, આ વાક્યનું પુનરાવર્તન નહીં કરું, એ એમજ છે. એ ન માની શકાય એટલું મહત્ત્વનું છે) સારી સજગતા સાથે તમારા જીવનને સુધારવા માટે શેની જરૂર છે, તમે સારી પસંદગીઓ કરી શકો છો, અને સારી પસંદગીઓ સાથે તમે સારું પરિણામ જોઈ શકશો. સાચું એ છે કે અમે નબળાઈઓની બાદબાકી કરી શકતા નથી અમને એના વિશે ખબર જ હોતી નથી. અમારી મૃત્યુશય્યા ઉપર દુઃખની વાત એ છે કે અમે પૂરતી વિચારણા કરી નથી હોતી. અમે ઊંડું ચિંતન કે વિચાર કરવા માટે પૂરતો સમય ખર્ચ્યો નથી. તમને એવું થાય નહીં. વિચારણા માટે સમય કાઢો. તમારા સ્વને પૂછો કે તમારા જીવનમાં શું સુધારવાની જરૂર છે. તમારા સ્વને પૂછો કે એમ કરવા માટે શેની જરૂર છે. તમારા સ્વને પૂછો – તમને જીવવા માટે કેવાં મૂલ્યોની જરૂરત લાગે છે. તમારા સ્વને પૂછો તમે કેવી રીતે અપવાદરૂપ છો. આ બધામાં તમે કેટલા "જોડાયેલા" છો, તમે કેટલા રસપ્રદ (અને રસવાળા) છો – તમે કેટલા સ્વસ્થ છો? પછી તમે તમારા જીવનને સંદેશરૂપ બનાવી શકશો. અને તમારી સ્વસ્થતામાં કશું પણ ખૂટવા દેશો નહીં.

"અમારી મૃત્યુશય્યા ઉપર દુઃખની વાત એ છે કે
અમે પૂરતું ચિંતન કર્યું નથી."

૬૭

માંગો નહીં, મળે નહીં.

આ પ્રકરણ હું લખું છું ત્યારે હું વિમાનમાં મુસાફરી કરી રહ્યો છું. મને ૩૫,૦૦૦ ફીટ ઉપર બહુ ગમે છે. કોઈ અવરોધ નહીં. કોઈ દખલ નહીં. સ્વચ્છ વિચાર માટેનો સમય. એક સમસ્યા થઈ. હું મારું પાણી લાવવાનું ભૂલી ગયો એના વિષે હું વાત કરું.

સામાન્ય રીતે જ્યારે હું વિમાનમાં મુસાફરી કરું છું, ત્યારે મારી ટેવ એવી છે કે આકાશમાં હું ટન જેટલું પાણી પીઉં છું. એક લિટર પાણી તો સહજ રીતે હું પી જાઉં છું. એને કારણે પાણીની કમીના સામે રક્ષણ મળે છે. એને કારણે મને શક્તિ મળે છે અને મન તથા મગજ ઘાટમાં રહે છે. મને વિમાનમાં હોઉં છું ત્યારે સૌથી મોટા વિચારો અને ઘણાં બધા આવે છે. અને ત્યારે હું પ્લેનમાંથી ઊતરીને થાકતો નથી પણ સીધો ઘેર જઈને મારાં બાળકો સાથે મઝા કરું છું. પણ ઉડાન પહેલાં – કનેક્શન મેળવવાની ધમાલમાં – મારા નિયમ પ્રમાણે પાણી લેવાનું ભૂલી ગયો. હું તાવ માટેની ધ્રુજારી ખરીદતો નથી. તમે ધારો, મેં શું કર્યું હશે? મેં થોડા પાણી માટે માગણી કરી.

"માગવાથી કશું કદી નુકસાન થતું **નથી** "

પછી હું વિમાનનાં કર્મચારી પાસે ગયો અને તેને સમજાવ્યું કે મારે ઘણું પાણી પીવા માટે જોઈએ છે એટલે આશ્ચર્ય સાથે પૂછ્યું કે તમે મને મદદ કરી શકશો, જો વિમાનમાં વધારાની મોટી બોટલ સારી હોય તો. હું જાણું છું કે સામાન્ય રીતે તેઓ એક કે બે ગ્લાસ પાણી આપે છે, પણ હું પ્રખરપણે માનું છું કે પૂછવાથી કદી નુકસાન થતું નથી. મારા મતે એ વ્યવસ્થાનો સિદ્ધાંત છે અને હું એ પ્રમાણે જીવવા ટેવાયેલો છું – અને એને કારણે મને કોઈ મુશ્કેલી પડી નથી, સારું કામ આપ્યું છે. હું એ રીતે નમ્ર હતો. હું આક્રમક ન હતો. મારે જે જોઈતું હતું તેને માટે જરા માગણી કરી.

"ઘણી ખુશીથી" પ્રત્યુત્તર મળ્યો. અને પછી એની ધાતુની ટ્રોલી લઈને મારી પાસે આવ્યો, ખોલી અને ખેંચીને મને ઇનામ રૂપે ૧.૫ લિટરની Vittle પાણીની બોટલ આપી. એકદમ પૂર્ણ. એટલે હવે હું અહીં બેઠો છું, સુંદર અને તાજગીવાળો. Boozoo Bajou ની પ્રભાવશાળી *CD Dust My Broom* મારા iPod ઉપર સાંભળું છું અને વાંચું છું *The Spirit to Serve* , J. W. Marriott 's પુસ્તક – હોટલોની હારમાળા કેવી રીતે શરૂ થઈ અત્યારે છે તેવી. મને જેટ લેગ (ચક્કર) આ વિમાનમાં આવ્યા નહીં. તક જ ન હતી. કારણ કે મેં માંગ્યું હતું.

૬૮

તમારું ટેબલ વેચો

વેપારમાં સારું કામ કરનારાઓ તેમના ટેબલની પાછળ પોતાને સંતાડી રાખનારાઓ નથી હોતા. તેઓ જાણતા હોય છે કે વેપાર એ લોકોને જોડનાર વસ્તુ છે. જ્યારે લોકોને તમે ગમો છો અને તમને ઓળખે છે અને તમારામાં વિશ્વાસ મૂકે છે, તમને મદદ કરે છે. એ સહજ વ્યવહાર છે. આ માનવની પ્રકૃતિ છે.

જેઓ સારા વ્યવસ્થાપકો છે તેઓ તેમના ટેબલ પાછળથી બહાર આવે છે અને તેમની ટીમ સાથે કિંમતી અને અર્થસભર વાર્તાલાપો કરે છે. તેઓ જાણે છે કે આ વૃત્તિ ચેપી હોય છે અને કોઈક તમારી સાથે હાથ મિલાવે ત્યાર પહેલાં તેઓ તેમના હૃદયને સ્પર્શી જવાની જરૂર છે એમ માને છે. સારા સેલવેપારીઓ પોતાના ટેબલ પાછળથી બહાર આવીને તેમના ગ્રાહકોની સાથે નાસ્તો પણ કરે છે. તેઓ સમજે છે કે સંબંધની શક્તિ-વેચાણ છે.

(**મોટો વિચાર:** લોકો માલ અને સેવાઓ ખરીદતા નથી – તેઓ લોકો અને સંબંધનો વ્યવહાર ખરીદે છે.) સારા કાર્યકરો તેમના ટેબલની પાછળથી બહાર આવે છે અને તેમના સાથીકાર્યકરો જોડે સહકારપૂર્વક કામ કરે છે. તેમના સાથીદારોને ટેકો આપે છે અને ઉત્સાહનો વિસ્તાર કરે છે.

"વેપારમાં **સારું કામ** કરનારાઓ તેમના ટેબલની પાછળ પોતાને સંતાડી રાખતા નથી. તેઓ જાણતા હોય છે કે વેપાર એ **લોકોને** જોડનાર વસ્તુ છે."

મારા પોતાના જીવનમાં સૌથી વધારે ઑફિસની બહાર રહેવાનો હું પ્રયત્ન કરું. હું મારી ટીમને ચાહું છું પણ તેઓ જાણે છે કે તેઓ શું કરે છે. તેઓને મને વધારેવાર ત્યાં રહેવાની જરૂર નથી લાગતી. કોઈપણ જાતનાં હોદ્દા વિના પણ તેઓ અધિકાર સંપન્ન છે. જો હું એમની આસપાસ વધારે પડતો હોઉં તો મને એમ લાગે કે હું એમના રસ્તામાં વચ્ચે આડો આવું છું. મારી જરૂરત બહાર જઈને મમતાથી સંભાળ રાખનારા વાચકોની મિટિંગમાં છે. મારે મારા વહાલા અસીલોની સેવા અને મદદ કરીને તેમને સંસ્થાઓને વર્લ્ડ ક્લાસ બનાવવાની જરૂર છે. મારે નવા વિચારોનો અભ્યાસ કરીને રસપ્રદ દષ્ટિની જરૂર છે, એનાથી મારો બ્લોગ (blog) તેમને રસ્તો શોધવામાં મદદ કરે, અથવા તો મારા Podcasts અથવા તો મારા બીજા વ્યાખ્યાન અથવા પુસ્તક. મારા ટેબલની પાછળ

સંતાઈને રહેવું એ મારે માટે સૌથી ખરાબ જગ્યા હોઈ શકે. “કાગળ વિનાની ઑફિસ?” મારા જીવન દરમ્યાન તો આ કદી શક્ય બનવાનું નથી. પણ “ટેબલ વિનાની ઑફિસ”? મને એક વર્ષ આપો. (શક્ય છે કે કરી શકું.)

૬૯

દોરવણી આપવા માટે તંદુરસ્ત બનો

તમે જાણો કે હું સાધક છું, એની પાછળ આખો વિચાર એવો છે કે જો તમારે સારી રીતે જીવવું હોય તો સ્વાસ્થ્ય એકદમ ઉત્તમ હોવું જોઈએ. તમારી શારીરિક સ્થિતિ વિશ્વ-કક્ષાની હોય તો તમે ચપળતાથી હરીફરી શકો. કસરત તમને ઘાટીલા બનાવી શકે, સશક્ત લાગો અને અમેય શક્તિ ભરી આપે. સારું સ્વાસ્થ્ય તમને વધારે સુખી પણ બનાવી શકે.

ગયું અઠવાડિયું મારે માટે મોટા પરિવર્તનનો સમય હતો. હું મારા વેપારને નવેસરથી કેન્દ્રિત અને ઝડપી બનાવતો હતો. હું મારી ટીમને શિક્ષણ આપતો હતો, જેથી તેઓ નવાં ધોરણો અને ધ્યેયોથી પરિચિત બને. હું મારી જાતે સખત મહેનત કરતો હતો. જેથી વધારે કરી શકું અને સારું પરિણામ નિપજાવી શકું. અને હું મારાં સપનાંઓના માપ પ્રમાણે સળિયો ઊંચકતો હતો. મારે બહુ મોટો ફેરફાર કરવાની જરૂર હતી. હું ધીરજથી તે અનુભવતો હતો. જ્યારે આ બધામાંથી હું પસાર થયો એમાં અનેકમાંથી એક પ્રૅક્ટિસ એવી હતી જેણે મારી સારી સેવા કરી, પછી હું જીમમાં દરરોજ યાત્રાની જેમ જતો.

મને યાદ છે એક ધંધાકીય વાર્તાલાપ આપનાર Peter Urs Bender એકવાર મને કહેતા હતા : “Robin , કેટલાક લોકો દરરોજ ચર્ચમાં જાય છે. સારું, મારું ચર્ચ તો જીમ છે. અને દરરોજ એટલે જાઉં છું કે ત્યાં મને આશીર્વાદ મળે છે.” મને એ પણ યાદ છે કે મારા એક લીડરશીપ સેમિનારમાં એક ભાઈ મારી સાથે વાત કરતા હતા : “કસરત એ મારી વીમાની પૉલિસી છે અને મેં મારી તબિયત માટે લીધો છે. અને દરરોજ હું ત્યાં જીમમાં જાઉં છું, અને હું એનું પ્રીમિયમ (હપ્તો) ભરું છું.” એક બીજા માણસે તાજેતરમાં એક પુસ્તક ઉપર સહી આપતા મને કહ્યું : “સારી તંદુરસ્તી એ સારા માણસના માથાનો મુગટ છે તે માત્ર માંદો માણસ જ જોઈ શકે છે” ચકોર મુદ્દો છે. શાણો માણસ.

હું ગમે તેટલો વ્યસ્ત ના હોઉં, અથવા તો મારા ખભા ઉપર ઘણું ભારણ હોય, છતાં સારું કામ થાય ત્યારે મને હળવાશ લાગે છે. હું જ્યારે ટ્રેડમીલ કરીને આવું ત્યારે માનસિક રીતે રાહત લાગે છે, અને મારી સામે જે વિષયો હોય તેના ઉપર સમજની દષ્ટિએ આનંદથી ભરેલો હોઉં છું. જ્યારે હું દોડતો હોઉં ત્યારે મને ઘણા મોટા વિચારો આવે છે અને વેઈટ લિફ્ટિંગ કરું ત્યારે ઘણી સ્પષ્ટતા થાય છે. અને સ્વસ્થતા મને સુખી અને હકારાત્મક રાખે છે. જુઓ, હું જાણું છું કે હું કદી મિ. યુનિવર્સ થવાનો નથી. પણ હું તબિયતની કાળજી રાખું છું, મારું જીવન ઘણું સારું રહેશે, હું કાંઈ પણ ના કરું તો પણ વધુ ફલદાયી અને દીર્ઘ અને એટલું મારે માટે સારી રીતે પર્યાપ્ત છે.

"સારી તંદુરસ્તી એ સારા માણસના માથાનો **મુગટ** છે
તે માત્ર માંદો માણસ જ **જોઈ** શકે."

૭૦

શ્રેષ્ઠ નેતાગીરી અને બાળકોનાં કપડાં

આ પ્રકરણ લખું ત્યાર પહેલાં સવારમાં હું અમારા દરજી પાસે ગયો હતો, એ મારાં બાળકોનાં સ્કૂલનાં કપડાંને સરખાં બેસતાં કરી આપે છે. હું એને ઘણા લાંબા સમયથી ઓળખું છું અને અમારી પ્રત્યે સજ્જનતાભર્યો એનો વ્યવહાર છે. એ ૪૦ વર્ષથી આ ધંધામાં છે અને એણે એનો ધંધો બનાવ્યો છે એટલે મને થયું કે એની આંખોમાં કેવી દૃષ્ટિ રહેલી છે એનું સંશોધન કરું, બન્ને રીતે સફળતાની રીતે અને હજુ સુધી ટકી રહ્યો છે એ રીતે. પછી મેં એને પ્રશ્નો પૂછવાના શરૂ કર્યા.

"રોબિન, અમારી દુકાનમાં અમે ચાર સાદા સિદ્ધાંતોનું પાલન કરીએ છીએ. અને એ સિદ્ધાંતોએ મારા જીવનની સારી સેવા કરી છે. ખરેખર તો હું જેમ મોટો થતો ગયો તેમ મારી માતાને જોતો હતો અને તેમની પાસેથી હું શીખ્યો. એ એટલા બધા નવાઈ પમાડે તેવા હતા, હું તેમને જ્યારથી ઓળખતો થયો," એણે કહ્યું, પછી થોડીવાર શ્વાસ લીધો. "હું એની ભયંકર રીતે ખોટ અનુભવું છું."

મને વિચાર આવ્યો કે હું Neil ના ચાર સિદ્ધાંતો છે, જે રીતે તમે તમારી કક્ષાને ઊંચે લઈ ગયા છો અને તેજસ્વી રીતે ઝળકી રહ્યો છો તમારા કામમાં – અને ઘેર પણ, એના વિશે વાત કરું :

ચાર નેતાગીરીના પાઠો એક શાણા દરજી પાસેથી –

(૧) સુધારો :

હંમેશાં સારું કરો અને સારું મેળવો. મામૂલીપણા પાસે કદી અટકી જશો નહીં.

(૨) નિરીક્ષણ કરો :

જે માણસો સાથે તમે કામ કરતા હો એમની સાથે વાત કરો. અને સાચા અર્થમાં સાંભળો અને તમારી આંખને ધંધા ઉપર રાખો. કારણ કે તમે જે નિરીક્ષણ કરશો તેવી જ અપેક્ષા રાખશો.

(૩) જોડાયેલા રહો :

લોકો સાથે ખરેખર સારા રહો. તમારા ગ્રાહકો સાથે માનપૂર્વક વર્તન રાખો. એમને સારી કિંમત આપો. કાળજી કરો અને ફરિયાદોનો જલ્દી નિકાલ કરો.

(૪) સ્વીકાર કરો :

સંજોગો બદલાય છે. હરીફાઈ વધી છે. અચોકસાઈ એ નવી સામાન્ય ઘટના છે. ઝડપી રહો. વિનમ્ર રહો. ચાલાક રહો.

૭૧

સંપત્તિનાં સાત સ્વરૂપો

તાજેતરમાં હું આખા દિવસનો સેમિનાર, મેનેજરો અને અમેરિકન એક્સપ્રેસ, ઈન્ફોસીસ, ગેપ અને ડેલ જેવી કંપનીઓના અધિકારીઓનો હતો તેમાં હાજર રહ્યો હતો. રૂમમાં હાજર રહેલા ઘણા બધા માણસોને મારો એક વિચાર બહુ મદદરૂપ થયો હતો તે "સંપત્તિનાં સાત સ્વરૂપો" એક નમૂનો હતો અને અમારા જૂથનાં અસીલો પાસે ગયા વર્ષે એ વિષે વાતચીત કરી હતી.

મારા મતે સંપત્તિનો અર્થ એ માત્ર પૈસા જ બનાવવા એ નથી. ખરેખર તો સાત તત્ત્વો એવાં છે કે તમારે એને ઊંચે લઈ જવા જોઈએ અને વિશ્વકક્ષાના સ્તર સુધી પહોંચાડો પછી તમે તમારી જાતને ધનિક કહી શકો. હું એનું પૃથક્કરણ કરીશ.

(૧) આંતરિક સંપત્તિ :

એમાં હકારાત્મક માનસિક વલણ, ઊંચું સ્વમાન, આંતરિક શાંતિ અને મજબૂત આધ્યાત્મિક જોડાણ.

(૨) શારીરિક સંપત્તિ :

તમારું સ્વાસ્થ્ય એ સંપત્તિ છે. તમારી કારકિર્દીમાં મહાન પદ તમે મેળવ્યું હોય પણ એ કરતી વખતે તમે માંદા રહો તો એનો શો અર્થ?

(૩) કુટુંબ અને સામાજિક સંપત્તિ :

તમારું કૌટુંબિક જીવન સુખી હોય તો તમે કામ ઉપર પણ સારો દેખાવ કરી શકો છો. જીવનના અંત સુધી ઘણા માણસોને એવું જીવન મળતું નથી હોતું અને કુટુંબને તેમની પહેલી અગ્રિમતા આપતા નથી પછી દિલગીર બને છે. આ અંગે કહેવાનું કે પરિશ્રમ કરીને પણ અવિભાજ્ય ઊંડા સંપર્કો મિત્રો સાથે અને તમારા અંગત સગાસંબંધી (ઉપરાંત, તમારા હિતેચ્છુઓ, આદર્શ હીરો અને વિશ્વાસુ સલાહકાર) સાથે રાખવા જોઈએ.

(૪) કારકિર્દીની સંપત્તિ :

વાસ્તવિકતા એ છે કે તમારામાં રહેલી ઊંચામાં ઊંચી આંતરિક શક્તિ સુધી પહોંચીને તમારી કારકિર્દી ઉત્તમ બનાવવી એ ન માની શકાય એટલું મહત્ત્વનું છે. તમારા ધંધામાં મહાનતા લાવી તમને સંતોષની લાગણી થશે અને કામ પણ સારું થશે. તમારી પ્રતિષ્ઠા ઊભી થવામાં મદદરૂપ બનશે. તમારા કામમાં વિશ્વ-કક્ષા સુધી પહોંચો એ તમારા સ્વમાન માટે પણ સારું છે.

(૫) આર્થિક સંપત્તિ :

હા, ધન એ મહત્ત્વનું છે પરંતુ વધુ પડતું મહત્ત્વ એનું નથી; જીવનમાં અગત્યનું છે. જીવન એકદમ સરળ અને સુંદર બનાવે છે. ધન તમને સારા ઘરમાં જીવન જીવવાનું આપશે. સુંદર વેકેશનો લઈ શકશો, અને તમારા વહાલાઓને સારી રીતે રહેવાનું મળી રહેશે. અને *Yvon Chouinard, outdoor gear company Pantagonia* કહે છે: "હું વધારે બનાવીશ, તો વધારે આપી શકીશ."

"ખરેખર તો સાત તત્ત્વો એવાં છે કે તમારે એને ઊંચે
લઈ જવાં જોઈએ અને **વિશ્વ-કક્ષાના** સ્તર સુધી પહોંચાડો
પછી તમે તમારી જાતને **ધનિક** કહી શકો."

(૬) સાહસ સંપત્તિ :

પરિપૂર્ણ થવા માટે, આપણામાંના પ્રત્યેકને જીવનમાં રહસ્યમય કશાકની જરૂર છે. સુખ માટે પડકાર જરૂરી છે. માણસના મગજને નવીનતા માટેની ઝંખના હોય છે. અને આપણે સર્જનાત્મક છીએ એટલે સતત કાંઈક સર્જન કરવાની જરૂરત રહે છે. જો આપણે આનંદ અનુભવવો હોય તો, ઘણાં બધાં સાહસો (નવા માણસોને મળવાથી માંડીને નવી જગ્યાઓની મુલાકાત કરવી) કરવાં એ આવશ્યક તત્ત્વ શ્રદ્ધાની સંપત્તિ છે.

(૭) પ્રભાવ સંપત્તિ :

કદાચ માણસના હૃદયની ઊંડામાં ઊંડી ઝંખના એવી હોઈ શકે કે કાંઈક મહાન વસ્તુ માટે જીવીએ. આપણામાંના દરેકને કંઈક અર્થપૂર્ણ વિશેષ માટે ઝંખના હોય છે. કાંઈક જુદા બનવું. જાણવા માટે કે આ વિશ્વ કઈ રીતે સારું છે કારણ કે આ ગ્રહ ઉપર આપણે ચાલીએ છીએ. *Richard Bach* એ લખ્યું છે એના ઉપર વિચાર કરીએ: અહીં એક કસોટી છે કે તમારું મિશન આ પૃથ્વી ઉપર પૂરું થયું છે કે કેમ એ શોધી કાઢો: જો તમે જીવંત છો, એ જ નથી?

હું તમને નિમંત્રણ આપું છું કે આ સાતમાંનાં બધાં તત્ત્વો ઉપર તમે કેન્દ્રિત થાવ, જો તમારે સાચી સંપત્તિનો અનુભવ કરવો હોય તો માત્ર પૈસા એકલા ધનવાનની વ્યાખ્યા નથી. ઘણાં બધા ધનવાન માણસો સુખી અને માણસ તરીકે સફળ નથી.

આ સાત ક્ષેત્રો વિશ્વ-કક્ષાનાં સ્તર સુધી ઉપર લઈ જવા માટે તમે ધ્યાન કેન્દ્રિત કરશો તો તમે તેજસ્વી રીતે ચારે બાજુ માત્ર ઝળકી ઊઠશો એટલું જ નહીં – તમે જીવનનો પરમ સંતોષ શોધી શકશો, તે શાશ્વત હશે.

૭૨

U 2 કક્ષા માટે અરજી કરો.

U 2 એ જગતમાં સૌથી શાંત (coolest) rock બેન્ડ ગણાય છે. પણ એ મને બહુ ગમે છે એનું મુખ્ય કારણ એ નથી. હા એનું સંગીત એકદમ અદ્ભુત છે. હા, એનાં ગીતો ગહન અને સૂક્ષ્મ દષ્ટિવાળાં હોય છે. હા, તેમની રંગમંચ ઉપર કાર્યસિદ્ધિ નામાંકિત હોય છે. (માત્ર તેમની *DVD Go Home : Live from Slane castle* જો તમને શંકા હોય તો જોજો.) પણ સાચેસાચ મને U 2 તરફ ખેંચીને લઈ જાય છે એ એમની કઠોર વચનબદ્ધતા સારું કરવાની – કાંઈ નહી તેઓ ગમે તેટલા મોટા હોય. એમને માટે પૈસા વિશે કશું નથી. પ્રસિદ્ધિ કે કીર્તિ માટે પણ નહીં. એ મેગેઝીનના પરબીડિયા ઉપર છપાવવા માટે નહીં. મોટાભાગે એમની કક્ષામાં પ્રભુત્વ કે શ્રેષ્ઠતાથી ઓછું કશું જ સ્વીકારતા નથી. Bono એ નિરીક્ષણ કર્યું છે : “એ U 2ની બાબત છે. આ બેન્ડ તમને હંમેશ અનુભવ કરાવે કે એ અંદરથી આવે છે, એ કદી ઉપરથી આવતું નથી.” એ જ સૌંદર્ય છે.

બધા મોટા નેતાઓ, ક્રમિક સુધારા કરનારા, સફળ નવા જુવાન વેપારીઓ, સર્જનાત્મક સુપરહીરાઓ, એ બધાઓમાં હંમેશાં તેમના હૃદયના ઊંડાણની તીવ્ર ઝંખના રૂપે રહેલો તેમનો આત્મા કામ કરતો હોય છે, અને કંઈક વિશેષ તેમના જીવન દરમ્યાન જોતા હોય છે. એમનામાંના પ્રત્યેક જણને, એમના પેટમાં અગ્નિ પ્રજ્વલતો હોય છે. તમે કદાચ ખાતરીપૂર્વક કહી શકો કે આવા લોકોને કંઈક નીરોગી નહીં એવી ભૂખ હોય છે અને એવું સૂચવે કે આવા લોકોને સંતોષનો અભાવ છે – અર્થાત્ અસંતોષી છે. અને તમે કદાચ સાચા પણ હો. પણ મારાં આગળનાં પ્રકરણોમાં મેં સૂચન કર્યું છે, કે આવા માણસોએ જ વિશ્વને પ્રગતિ કરી આપી છે. આવાં સ્ત્રી અને પુરુષોએ દેખાઈ આવે એવી રીતે વેપારો અને સંસ્થાઓને બાંધ્યા છે અને આપણા જીવનમાં મૂલ્યોનું ઉમેરણ કર્યું છે. એ લોકોએ જ લાક્ષણિક પ્રકૃતિદત્ત નવસર્જન કરીને આપણને સેટેલાઈટથી વસ્તુઓ પૂરી પાડી છે, અને વસ્તુઓને સરળ બનાવી છે. વૈજ્ઞાનિકો જેઓ આપણને મદદ કરે છે, તેઓનું સ્વાસ્થ્ય સારું હોય છે અને જીવન પણ લાંબુ હોય છે. આવા માણસોએ આપણને સુંદર કલાકારીગરી જોવાના સાક્ષી બનાવ્યા છે અને સમધુર સંગીત આપ્યું છે. મહાનતા એમની પાસે આવે છે જેઓ એમની પાસે જે છે એમાં સંતોષ માનીને કદી બેસી રહેતા નથી, ભલેને એ ગમે તેટલું સુંદર દેખાતું હોય. હા, પ્રત્યેક માણસે જીવનમાં સુખને શોધવું જોઈએ અને આપણને જીવનમાં પ્રવાસમાં આનંદની જરૂર છે. ખાતરીપૂર્વક હું સાધુ છું અને જ્યાં હું જાઉં છું ત્યાં સંદેશ (ઉપદેશ) આપું છું. જીવનમાં સમત્વ એ ન માની શકાય એટલું મહત્ત્વનું છે.

હું જે બધું રજૂ કરું છું, તે આપણામાંનાં ઘણાંને બીજા છેડાની વાત લાગે છે. સુખની

પાછળ પડવું, આંતરિક શાંતિ અને સમત્વ. દેખીતી રીતે કંઈક સર્જન કરવું, પ્રકૃતિદત્ત અંતર્જ્ઞાનથી, જ્યારે એ બધું છોડી દઈએ જીવનના હાઈવેની બાજુમાં એ જાણે કે ગઈકાલના રસ્તાનો અકસ્માત છે. અને સર્જન કરવું, ઝળકવું, મહાન બનવું એ બધું જીવન જીવવા માટેનાં મુખ્ય કારણો છે એ ચૂકી જઈએ છીએ.

“**મહાનતા** એમની પાસે આવે છે, જેઓ એમની પાસે
જે છે એમાં સંતોષ માનીને કદી બેસી રહેતા નથી,
ભલેને એ ગમે તેટલું **સુંદર** દેખાતું હોય.”

એટલે U 2 કક્ષા લાગુ પાડો. પ્રત્યેક દિવસે – બધા દિવસે જ્યાં સુધી તમારા છેદલા શ્વાસ ચાલતા હોય ત્યાં સુધી. તમારા આંતરમાંથી આવે છે એની જેમ અનુભવો – નહીં કે એ તમારી પાસે સામેથી આવે છે. તમે જે કાંઈ કરો એમાં પારંગતતા અને કુશાગ્રતા અને શ્રેષ્ઠતા માટે મથામણ કરો. બહુ થોડી વ્યક્તિઓ જ્ઞાની હોય છે. એમના અંત વખતે બહુ ઓછી ક્ષતિઓ હોય છે અને ઘણો ઓછો સંતાપ હોય છે, એમની સાથે જોડાઈ જાઓ. તમને આ હકીકતથી આનંદ આવશે કે જીવનમાં જે કાંઈ ઉત્તમ હતું તેને તમે નિચોવી લીધું છે અને તે તમે મોટેભાગે આપી દીધું છે. તમને લાગશે કે સાચી સમજથી સુખ શું છે તે અનુભવ્યું છે, અને એ તમારી ઉત્કટ અભિલાષા છે પણ આપણામાંથી ઘણા ઓછા કદાચ પહોંચી શકે. અને ધારો કે પછી બીજું શું? તમે જ્યારે સ્વર્ગનાં રાહ જોવાના (waiting) ખંડમાં હશો – ત્યારે તમે કદાચ Bono ને મળી શકો.

૧૩

જ્ઞાન વધારાથી કમાણી વધારો

એક સાદો વિચાર તમને બીજી કક્ષા સુધી લઈ જવા માટે, તમારે વધારે કમાવું હોય તો તમારે વધારે ભણવું જ જોઈએ. તમને જે વળતર નિયોજક તરફથી નક્કી થાય તેમાં તમારું મૂલ્ય ઉમેરાય. તમે વધારે જાણો તો તમારું મૂલ્ય વધે. વધારે કમાવા માટે વધારે ભણો. હરીફાઈમાં બહારનું વાચન ઉમેરાય. તમે બહારનું વાંચો. બહારથી તમે વધારે સુધારા કરો. તમે વધારે સફળ થાવ.

હું જ્યારે વકીલ હતો, મને યાદ છે, મારી ધંધાકીય કારકિર્દી માત્ર શરૂ થયેલી. મેં મારા ઉપરના વકીલને ફર્મમાં પૂછ્યું, મારી કારકિર્દીને અહીં સાચવવી હોય તો મારે શું મેળવવાની જરૂર છે. એનો જવાબ હું કદી ભૂલ્યો નથી : "Robin તું બુદ્ધિશાળી. કાબેલ અને તેજસ્વી બન, તું એવું કામ કર કે જેથી સંસ્થા તારા વિના ચાલી શકે નહીં. અનિવાર્ય બન.'' દર્શકની સલાહ. જાગરૂકતા પસંદગી કરતાં આગળ છે જે પરિણામને આગળ કરે છે. શું કરવું વધારે સારું છે એ જો તું ભણે (શીખે) તો તારી જાગરૂકતાનો વિકાસ થશે. સારી જાગરૂકતા સાથે તું સારી પસંદગી કરી શકીશ. અને સારી પસંદગીઓ સાથે તમે ખાતરીબંધ સારું પરિણામ જોઈ શકશો. જ્ઞાન માટે કરેલું રોકાણ અને વિશ્વ કક્ષાની કાર્યકુશળતા પ્રાપ્ત કરવી એના જેવું વિચક્ષણ રોકાણ બીજું કોઈ નથી. તમારી કારીગરીને શ્રેષ્ઠ બનાવો અને મહાનતા તમને પ્રાપ્ત થશે.

મહેરબાની કરીને મને એવું ના કહેશો કે તમે અત્યંત વ્યસ્ત છો એટલે ૬૦ મિનિટ ભણવા માટે કાઢવી દુષ્કર છે. એકદમ વ્યસ્ત રહેતા કેટલાક માણસોને હું ઓળખું છું, તેઓ વાંચવામાં અથવા CD સાંભળવામાં અથવા online ટ્રેઈનિંગ લેવા માટે ઓછામાં ઓછો દિવસમાં એક કલાક કાઢે છે. પુષ્કળ માણસો વ્યસ્ત રહેવા ખાતર જ વ્યસ્ત રહે છે. વ્યસ્ત રહેવા કરતાં સારું પરિણામ મેળવવા થોડો ફેરફાર કરો. robinsharma.com ઉપર વિપુલ પ્રમાણમાં તમને મદદ કરી શકે અને જીવન દરમ્યાન શીખી શકો એવા ઉપાયો અને યોજનાઓ મળી શકશે. એ ઉપરાંત મારો blog, free podcasts , મારાં પ્રિય પુસ્તકો અને જ્ઞાનનો ખજાનો, સાધનો, તમારું ઉત્તમ કરવા માટે છે તેથી ઝડપ કરો.

"**જ્ઞાન** માટે કરેલું રોકાણ અને વિશ્વ-કક્ષાની
કાર્યકુશળતા પ્રાપ્ત કરવી એના જેવું
વિચક્ષણ રોકાણ બીજું કોઈ નથી."

એટલે પહેલું પગલું આજે જ ભરો. TV જુઓ આજે રાત્રે, એના કરતાં સમયનો ઉપયોગ વાંચવામાં કરો. તમારા વ્યવસાયમાં ઊંચા સ્થાને રહેવા માટે તમારા સુપર સ્ટારો શું કરે એ વિષે જ્ઞાન મેળવો. તમારું જીવન વધુ સુશોભિત કેવી રીતે રચી શકો એનું જ્ઞાન પ્રાપ્ત કરો. તમારા સમયને કેવી રીતે તમારો બનાવી શકો એનું જ્ઞાન મેળવો. શ્રેષ્ઠ જીવન કેવી રીતે જીવી શકાય એનો અભ્યાસ કરો.

૭૪

સમજણની આંખો મારફત જુઓ

એક દુ:ખદ હકીકટ એવી છે કે ઘણા બધા લોકો બીજાનું ખરાબ કેમ થાય એ જુએ છે. તેઓ તેમની પોતાના ક્રોધ, ભય અને મર્યાદાની આંખો મારફતે બીજાને જુએ છે. જો કોઈ મિટિંગમાં મોડા પડે તો, તેઓ નકારાત્મક ઈરાદાનું આરોપણ એ વ્યક્તિ ઉપર કરે, કહે : "તેઓ અવિવેકી કે ઉદ્ધત છે." જો કોઈ ખર્ચના અહેવાલમાં ભૂલ કરે, ત્યારે બડબડાટ કરે, "એ માણસ એટલો અપ્રામાણિક છે." જો કોઈ મુદ્દામાં માહિતી આપવામાં જરા ભૂલ થઈ જાય, તો તેઓ ધીમે રહીને કહે, "એ તો જુઠ્ઠો છે." સાચા નેતાઓ જુદા પ્રકારના હોય છે. તેઓ બીજામાં સારું, ઉત્તમ શું છે તે જુએ છે. Jack Welch , આગળનાં CEO, GE એ બહુ સારી રીતે કહ્યું : "તમારું સૌથી મોટું અગત્યનું કામ એ છે કે તમારે તમારા માણસોને આગળ લઈ જવાના છે, એમને એવી તક આપો જેથી તેઓ તેમના સપનાંઓ સુધી પહોંચી શકે."

હું અહીં સ્પષ્ટ થવા માંગુ છું. હું એવું સૂચન કરવા નથી માગતો કે તમારા નેતાઓએ વાસ્તવિકતાની ઉપેક્ષા કરવી. જરાપણ નહીં. જ્યારે જરૂર પડે ત્યારે તેઓ સખત કોલ કરી શકે છે. આ પહેલાંના પ્રકરણમાં મેં નિર્દેશ કર્યો છે, જે લોકો ઉત્તમ છે તેઓ બીજાને તેઓ ગમશે કે નહીં એની ચિંતા નથી કરતા – તેઓ માત્ર તેમનો આત્મા તેમને જે કહેશે તે સાચું છે, એમ કહેશે. હું તમને ખરેખર શું કહું છું. કે જે શ્રેષ્ઠ નેતાઓ છે તેઓ સમજની દષ્ટિથી જુએ છે. જો કોઈ મોડા પડશે તેઓ સત્ય જાણવાનો પ્રયત્ન કરશે. શક્ય છે કે કોઈકવાર વાહનને આજુબાજુના સમયની વ્યવસ્થાની સમસ્યા હોઈ શકે અથવા તો માંદા બાળકને મદદની જરૂર હોય. ખર્ચના હિસાબમાં ભૂલ હોય તો એ તો ખોટી જગ્યાએ મુકાયો હોય એનું પરિણામ હોઈ શકે કે નબળી પ્રક્રિયા હોય અથવા કાર્યકરની અવ્યવસ્થા હોય. આ બધો આદાનપ્રદાનનો વ્યવહાર ખોટી રીતે થાય ત્યારે આ બધું માણસની રજૂઆત કરવાની નબળી આવડતને કારણે બને, આ ક્ષેત્રમાં – એને સુધારવાની તક છે એમ કહેવાય.

આજે, માણસમાં ખરાબ જોવું એના કરતાં મને એમનામાં અંદર શું સારું પડેલું છે તેને પ્રોત્સાહન આપવું ગમે. ખાતરીથી કહું કે થોડાક માણસો ખરેખર અવિચારણીય અથવા અપ્રામાણિક અથવા બેદરકાર પણ હોય છે. પણ મારો અનુભવ – મેં પુષ્કળ માણસો સાથે કામ કર્યું છે અને ઘણાં વર્ષોથી – એવો છે મોટા ભાગના લોકો સારા હોય છે. થોડા માણસો એવા પણ છે કે સવારે વહેલા ઊઠે છે અને પોતાને પૂછે છે : "હું શું કરું જેથી કોઈકનો દિવસ બગડે અથવા તો મારી વિશ્વસનીયતાને હાનિ પહોંચાડશે અથવા તો મારા ધંધાને તોડી નાંખશે?" મોટાભાગના માણસો સહજ જ જાણતા નથી કે શું સારું છે –

એટલે હવે વ્યક્તિગત રીતે લેવાનું બંધ કરીએ.

“**થોડાક** લોકો સવારમાં વહેલા ઊઠે છે અને પોતાની જાતને પૂછે છે : હું શું કરું, જેથી કોઈકનો દિવસ બગડે અથવા તો મારી વિશ્વસનીયતાને તે હાનિ પહોંચાડશે અથવા તો અમારા ધંધાને તોડી નાંખશે?”

અહીં તમારું વળતર છે : તમે જો લોકોમાં સારું જોશો, તો લોકો પણ હોંશથી તમારે માટે સારું કરીને બતાવશે, એટલું જ નહીં, પણ તમને તમારા વિશ્વમાં પણ વધારે સારું દેખાશે.

૭૫

તમારા ઘરનું હૃદય

દરેક મોટા બિઝનેસને એક સ્પષ્ટ બિઝનેસનો નમૂનો અને વ્યૂહાત્મક યોજના હોય. અને તે બિઝનેસની આખી ડિઝાઈન અને કેન્દ્ર હોય. પણ બહુ થોડા માણસો સમય લઈને તેમના પોતાના જીવનનું ચિત્ર કરતા હોય છે. જો તમે ક્યાં જવાનું છે એ જાણતા ના હો, તો પછી તમે કેવી રીતે જાણશો? ક્યારે તમે ત્યાં પહોંચશો? અને તમે લક્ષ્ય સુધી કેવી રીતે પહોંચશો તમે એ જોયું પણ ના હોય તો?

હોટલના ઘંધામાં, બધી વસ્તુઓનાં નામ હોય છે અને બધા દેખાવની પાછળ એ જાય છે પણ મહેમાનો એને જોતા નથી. બધી જ વસ્તુઓ ત્યાં હિસાબમાં ખુદત્રી રાખવાની જરૂર હોય છે, હાઉસકીપિંગમાં, રસોડામાં અને કપડાં ધોવામાં એ બધું મિશન જેટલું કટોકટીભર્યું છે પણ જાહેર નથી. આ બધી પ્રવૃત્તિને “He heart of the house – ઘરનું હૃદય'' કહે છે. જ્યારે “ઘરનું હૃદય એકદમ શ્રેષ્ઠ રીતે વ્યવસ્થિત હોય અને લગભગ સ્થિરપણે કાર્યવાહીનો અમલ થતો હોય, આ બધું સાચું હશે એ બહારનાં મહેમાનો અનુભવશે.

“તમારી પાસે ‘ઘંધાનો નમૂનો’ તમારા **જીવનમાં** છે?
તમારી પાસે કટોકટીની **યોજના**
તમારાં સપનાંઓ માટે છે?''

અહીં હું તમને મોટો વિચાર આપું છું: તમારે જીવનને બહેતર જોઈતું હોય, હું તમને સૂચન કરું છું કે તમારા ઘરને સુંદર અને સ્વચ્છ સુઘડ હૃદયવાળું સલામત રાખજો. જીવન માટે તમારી પાસે “બિઝનેસ મોડલ” છે? તમારાં સપનાંઓ માટે તમારી પાસે વ્યૂહાત્મક યોજના છે? તમે નિકટતાથી પ્રિય ગણેલાં મૂલ્યોની નોંધ રાખી છે અને જીવનની સૌથી વધુ મહત્ત્વની અગ્રિમતાને કાગળના ટુકડા ઉપર લખી રાખી છે. જેને દરરોજ સવારે તમે ફરીથી વાંચી શકો કે પછી તાળાકુંચીમાં રાખી મૂકો છો, આમાં તમને સૌથી અગત્યનું શું લાગે છે? આ બધા દષ્ટિકોણો “ઘરનાં હૃદયનાં” છે. તમારી આંતરિક કાર્યવાહીની પ્રક્રિયા આ છે એ તમને દોરશે અને તમારા બહારના પરિણામોનું સંચાલન કરશે.

આ આંતરિક કામ કરવામાં સમય જશે એ નક્કી છે. અને એ પણ નક્કી છે કે આપણને ટનબંધી જરૂરી કામો છે પણ હમણાં જ આ કરવાની જરૂર છે, તાત્કાલિક પણ તમે વ્યસ્ત છો એમ કહેવાનો અર્થ નથી, જો તમે ખરેખર વ્યસ્ત હો તો તમે ખોટા કામો

કરો છો.

૭૬

પ્રેરણાદાયી માનવ બનો

એક દિવસ હું મારા દીકરાને નિશાળમાં મૂકવા ગયો. તે ક્લાસરૂમમાં ગયો ત્યારે તેણે જે કર્યું, તેનાથી હું રોમાંચિત થઈ ગયો. એ ચાલતો જતો હતો ત્યારે એનો એક મિત્ર પસાર થયો અને બોલ્યો: "કેમ તું આટલો નિરાશ છે? એનો મિત્ર ઘણો ઘનિષ્ટ હતો." તેનો મિત્ર ઘણો ગંભીર હતો તેણે આ સાંભળી ઊંચું જોયું. બન્ને મિત્રો ખડખડાટ હસવા લાગ્યા. એમને જોઈ હું પણ ખુશ થયો અને આ ઘટનાએ મને વિચારતો કરી મૂક્યો.

જીવન હોય કે બિઝનેસ – અંતઃપ્રેરણા ધરાવતો માનવ જ મહાન બની શકે છે. આપણા અભિગમ કે આપણી હાજરી માત્રથી જ આપણે અન્યને વધુ ઊંચે લઈ જવા જોઈએ. જ્યારે આપણે કોઈને નિરાશ જોઈએ, મુશ્કેલીનો સામનો કરતા જોઈએ કે પોતાની શક્તિમાંથી તેનો વિશ્વાસ ઊઠી જતો જોઈએ અથવા તો દયાના શબ્દોની જરૂરત લાગતી હોય ત્યારે આપણી ફરજ છે કે તેમને મદદ કરવી. "કેમ તમે નિરાશ છો ભાઈ?" એમ પૂછવાથી પણ એમને ઘણું બધું મળી જતું હોય છે.

આપણાં સહ-કાર્યકર, કુટુંબનાં સભ્ય કે મિત્ર ગમે તે વ્યક્તિને દોરવણી આપવા કે વધુ ઊંચે લઈ લઈ જવાનો શ્રેષ્ઠ રસ્તો છે – તમે તેને જેવું વર્તન કરવા જોવા ઈચ્છતા હો તેવું વર્તન કરીને બતાવવું. ઉદાહરણરૂપ બનવું એ જ બીજા જુએ, એ અસર ઉપજાવવાનો શ્રેષ્ઠ રસ્તો છે. તમારા શબ્દો કરતાં તમારી જિંદગીથી તમે વધુ સારો ઉપદેશ આપી શકો છો, માત્ર વાતો કરવી એ બેહૂદુ છે. અસાધારણ માણસ તેમનો સંદેશ જીવનથી આપે છે. ઉપરાંત બીજું કાંઈ નહીં તો તેઓ અંતઃસ્ફુરણાવાળા હોય છે. તમે એવા છો?

કેન-ફીટ-પ્રો નામની સંસ્થાનાં ૨૦૦૦ ફિટનેસ પ્રોફેશનના ધંધાકીય માણસોને મેં, લાગણી અને સિદ્ધાંત ઉપર વ્યાખ્યાન આપેલું, ત્યારબાદ એક મહિલાએ મારી પાસે આવીને જે કહ્યું, તેને સૌથી સારા અભિનંદન હું ગણું છું.'' "Robin મને તમારી રજૂઆત કરવાની રીત બહુ ગમી ગઈ" લાગણીસભર તેણે કહ્યું. મેં પૂછ્યું: "શા માટે?" "મને ખરેખર ખાતરી નથી, પણ હું ધારું છું કે મને સારા માનવ થવા માટે આપે સહજ પ્રેરણા આપી." જે સંસ્થામાં અમે કામ કરીએ છીએ અને જે સમાજમાં અમે રહીએ છીએ અને પૃથ્વી ઉપર અમે ચાલીએ છીએ – એ બધામાં વસતા માનવોને આપણે પ્રેરણારૂપ કેમ ન બનીએ? આપણે અંધકારની ફરિયાદો જ કરીશું કે એક દીવો પ્રગટાવીશું? આપણા જગતને પ્રકાશની જરૂર છે. ચાલો, આજે જ આપણે અંતરમાં પ્રેરણારૂપી દીપ પ્રગટાવીએ. વિશ્વને વધારે પ્રકાશની જરૂર છે. ઝળકી ઊઠો આજે જ.

"વેપારમાં અને જીવનમાં મહાનતા
અંતઃસ્ફુરણાવાળા માનવને જ આવે છે.''

૧૧

વિશ્વમાં અપૂર્વ શોધ કરો

રોજના કરતાં આજે જરા વહેલો ઊઠી ગયો પછી આ પ્રકરણ લખી રહ્યો છું. થોડું મધુર સંગીત સાંભળ્યું, ઠંડી ઉડાડી અને થોડું ભારતીય સંગીત સાંભળ્યું. મારી ડાયરીમાં થોડું લખ્યું. મારાં બાળકોને હું બહુ પ્રેમ કરું છું એના વિશે લખ્યું. મારું જીવન અત્યારે ક્યાં છે એના વિશે લખ્યું. મારે ક્યાં લઈ જવું છે તે વિશે લખ્યું. અને મારો પ્રભાવ કેવો હોવો જોઈએ એની ભૂખ વિશે લખ્યું. નેતાગીરી – માણસ તરીકે – એનો પ્રભાવ હોવો જોઈએ એ વિશે લખ્યું. એમાં ફરક પડે છે. તમને વસ્તુઓ જેવી મળે છે એના કરતાં વધારે સારી કરીને મૂકી આપો.

જ્યારે હું Shimon Peres ને મળ્યો, મેં એમને પૂછ્યું: "જીવનનો હેતુ શો છે તે વિશે તમે શું માનો છો?" સહેજ પણ અવઢવ વિના એમણે જવાબ આપ્યો: "તમારા સિવાય કોઈ મોટું ધ્યેય શોધવું અને પછી તમારું જીવન એને આપવું." આ આપણું વિશ્વ કોના જેવું લાગે જો આપણામાંના પ્રત્યેક જણે જો ધ્યેય શોધ્યું હોય અથવા જીવનનો હેતુ અને પછી ધીરજપૂર્વક તેનું અનુસરણ કર્યું હોત તો? તો પછી તિરસ્કાર ઓછો થયો હોત, યુદ્ધો થોડા થયા હોત અને ઘણો બધો પ્રેમ હોત. અને આપણે બધા જ ભેગા થઈને એક જ જાતિના હોત. Coretta Scott King એવું કહે છે: "જ્યારે સમર્પણ કરવાની તમારી ઇચ્છા હોય એક મોટા ધ્યેય માટે, તમે ક્યારેય એકલા નહીં હો."

Apple ના CEO Steve Jobs એમના માણસોને કહેવા ટેવાયેલા છે કે તમે તમારું ઉત્તમ બતાવશો તો તમને બધાને તક મળશે, "વિશ્વમાં અપૂર્વ શોધ કરો" કામ કરશો તો – નક્કી મેળવી શકશો. વેપારમાં નફો કરવો એ અગત્યનું છે એ નક્કી છે. તમારા સાહસને સુંદર રીતે તમારા પાર પાડીને બતાવી આપવું જોઈએ એ નક્કી છે. ઉચ્ચ ગુણવત્તાવાળો માલ અને સેવાઓ તમારે આપવી જોઈએ એ પણ નક્કી છે. અને તમારે સુધારાઓ પણ કરવા જોઈએ અને તમારી છાપનો વિકાસ કરવો એ પણ જરૂરી છે અને નક્કી છે. પણ જો વિશ્વમાં એનો પ્રભાવ ના પડે – તમારા ગ્રાહકોને મદદ કરીને અને સકારાત્મક અસર બીજાઓ ઉપર પડે નહીં – તો પછી આખરે વેપાર એ શું છે?

"તમારા ગ્રાહકોને મદદ કરીને અને **હકારાત્મક** અસર બીજાએ ઉપર પડે નહીં અને વિશ્વમાં એનો પ્રભાવ પડે નહીં – તો પછી **આખરે** વેપાર એ શા માટે છે?"

એટલે એક માણસ જે તમારું શુભ ઇચ્છે છે તે એક નમ્ર પ્રશ્ન કરે છે:

“આજે તમે અપૂર્વ એવું શું આપશો?

કયું લક્ષ્ય નિશ્ચિત કરશો?

કામના સ્થળે, ઘરમાં કે જીવનમાં કેવી પ્રેરણા આપશો?’’

૧૮

બધા નેતાઓ સમાન નથી

ઘણા અધિકારીઓ મારી પાસે આવ્યા મારી રજૂઆત પછી અને મારા સ્ટેટમેન્ટ વિશે મને પૂછ્યું: "દરેક જણે નેતા બનવું જોઈએ" મારા લીડરશીપ ઉપરના સેમિનારમાં મેં સૂચન કર્યું હતું. હું હંમેશાં એક મુદ્દો-કંપનીએ મહાનતા મેળવવી જોઈએ, ટીમના દરેક માણસે પોતાના તરફ જોવાની જરૂર છે અથવા પોતે નેતા છે એમ માનવું જોઈએ. આ પૃથ્વી ઉપર જે સારી કંપનીઓ છે તેઓ નેતાઓને વધારે છે અને નેતાગીરીનો વિકાસ તેમનામાં રહેલી આંતરિક શક્તિઓ સળંગ સંસ્થાને તેમની હરીફાઈને બદલે વધારે ઝડપી બનાવે છે. આ રીતે કરીને તેઓ એક નંબરનું કેન્દ્ર બનાવે છે. અને તેઓ ઝડપથી આ કરે છે. મેં પહેલાં આ વાત કરી છે પણ એનું પુનરાવર્તન યોગ્ય જ છે.

"**દરેક જણ** નેતા છે,
પણ પ્રત્યેક જણ સરખા નથી હોતા.''

પણ હું એમ નથી કહેતો કે બધાએ કંપની ચલાવવી જોઈએ. એમાં કાંઈ બુદ્ધિ નથી. બધા નેતા છે પણ બધા સરખું કરી શકે છે એવું નથી. અહીં હું તમને એક રૂપક દ્વારા દાખલો આપું છું જેથી તેનો ભેદ તમે ઘેર જઈને પણ વિચારી શકો. હું U 2 ને બહુ ચાહું છું. Bono એનો દોરવણી આપનાર ગાયક છે. Larry Mullen Jr. એ ઢોલ વગાડનાર છે. પણ જો Larry દોરવણી આપનાર ગાયક થવાનો પ્રયત્ન કરે અને Bono તબલાં વગાડવાનું શરૂ કરે તો ગૂંચવાઈ જાય અથવા કલ્પના કરો, જો પ્રવાસનો મૅનેજર વિચારે કે પોતે Bono છે આજની રાત પૂરતો અને સ્ટેજ ઉપર ચાલી આવે ગાવા માટે જ્યારે Bono હજુ એના ડ્રેસિંગ રૂમમાં હોય. એ કોઈ રીતે સારું નથી. (યોગ્ય નથી.)

તમારો રોલ જાણો. બધાએ નેતાની જેમ વર્તન કરવાનું છે – એ કરે એનો વાંધો નથી. દરેક જણે નેતાગીરીનાં ગુણલક્ષણો ભજવવાની જરૂર છે – એમના પદની ચિંતા કર્યા વિના. એનો અર્થ એ છે કે દરેક જણને પોતાની જવાબદારી પરિણામ લાવવાની છે, તે જાણવું જરૂરી છે. સંસ્કારને ઘાટ આપવામાં સૌને પોતાનો હિસ્સો છે અને બધાએ કામ કરવાની જરૂર છે. સૌએ હકારાત્મક અને પ્રેરક બનવાની જરૂર છે. બધાએ ગ્રાહકોને સુખી રાખવાની જરૂર છે અને એમની પોતાની છાપને જાળવી રાખવી જોઈએ. બધા નેતા છે, પણ બધા સમાન નથી.

૭૯

ધ્યેયો નક્કી કરવાના છ કારણો

તમે શું વિચારો છો એ હું જાણું છું: “Robin , મને એક વિષય એવો આપ કે એમાં તાજગી હોય, મૌલિક હોય, અને પડકારરૂપ હોય. તમે ધ્યેયો ઉપર શું કરવા લખો છો? અમે આ બધા વિશે તો જાણીએ છીએ. એ બધું કંટાળાજનક છે!” તમારી પાસે બહુ અગત્યનાં નિશ્ચિત ધ્યેયો હોય એનાં સફળ આચરણ માટે મહત્ત્વના અને સ્પષ્ટ હોય પછી દરરોજ તેનું વારંવાર વાચન કરો. તમારા મનમાં એ બંધ બેસતાં હોય અને એમાં તમે પ્રભુત્વ મેળવ્યું હોય અને પછી એ તમારાં ધ્યેયો છે એમ સ્વીકારો ત્યારે એના પાયામાં સાતત્ય મહાન જીવન માટે બહુ જરૂરી છે. અને છતાં ધારો: શું હશે? મોટાભાગના લોકો આ બધું કરવા પાછળ વર્ષ દરમ્યાન એક કલાકથી વધારે સમય આપતા નથી. એ સાચું છે: લોકો એમના ઉનાળુ વેકેશન માટે યોજના કરવામાં વધારે સમય આપે છે પણ એમના જીવનના ઘડતર માટે નહીં.

મારા મનમાં છ મોટાં કારણો છે – તમારા ધ્યેયો વ્યવસ્થિત કરવા માટે – કેન્દ્ર, વિકાસ, સંકલ્પવૃત્તિ, માપધોરણો, એકવાક્યતા અને પ્રેરણા.

(૧) કેન્દ્ર:

જ્યાં તમારું કેન્દ્ર હોય ત્યાં તમારી શક્તિ વહે છે. વેપારના ક્ષેત્રમાં કેટલાક પ્રામાણિક ઉત્તમ સ્ટારોના સફળ શિક્ષક તરીકે કામ કરવાનું મને મળ્યું એ માટે હું આશીર્વાદ પ્રાપ્ત કરી શક્યો એવું મને લાગે છે. કરોડપતિઓ, નામાંકિત નવા સાહસિક વેપારીઓ અને ઈન્ડસ્ટ્રીના માંધાતાઓ. એમની મહાનતાનું પ્રાથમિક લક્ષણ એ તેમનામાં રહેલી કેન્દ્રીયતા છે. તેઓ જાણતા હતા તેમની પોતાની “આવશ્યક થોડી શક્તિ”. બીજા શબ્દોમાં ચાવીરૂપ ધ્યેયો તેમને પ્રાપ્ત કરવાની જરૂર હતી અને અસામાન્ય વિલક્ષણતા મેળવવી હતી. અને પછી તેઓ ગાંડાની જેમ ધ્યાન કેન્દ્રિત કરતા. ધ્યેયો કેન્દ્રને જન્મ આપે છે. સાદો પણ શક્તિપ્રદ વિચાર.

(૨) વિકાસ:

ધ્યેયોની નિશ્ચિતતા વ્યક્તિગત વિકાસને ઉપર લઈ જાય છે. ધ્યેયને પહોંચવાનમું સાચું મૂલ્ય એ પરિણામ પ્રાપ્ત કરવું એ નથી, પણ એ ધ્યેય પ્રાપ્ત કરવા તમે કેટલું ચાલ્યા જેથી એ ધ્યેયે તમને માણસ બનાવ્યા, એ મહત્ત્વનું છે.

(૩) સંકલ્પવૃત્તિ:

તમારા દિવસો દરમ્યાન અકસ્માત યા તો ઊંઘમાં ચાલી જીવન જીવવું એ બહુ સરળ છે. જો તમે જીવન ઉપર કામ ના કરો તો જીવનને તો રસ્તો છે એ તમારા ઉપર કામ કરશે.

તમારાં ધ્યેયોને સ્પષ્ટ કરી પછી એના ઉપર વિમર્શ કરી, સવારમાં પાંચ મિનિટ તમે પરિશ્રમ કરશો તો જીવન ઉપર તેની અસર પડશે અને તમારી રીતભાતમાં પ્રતિકારને બદલે પહેલેથી કામ કરતા થશો. એકવાર ધ્યેયો નક્કી થઈ જાય, તમારી પાસે એક માળખું અથવા નિર્ણયનું બીબું આવશે અને તે તમને સારી પસંદગી તરફ લઈ જશે. તમે સભાન થઈ જશો – થોડી સેકંડોમાં – અને યોજનામાંથી બહાર નીકળી જશો. થોડીક ભૂલો થાય પણ ઓછા સમયમાં ઘણું થઈ શકશે. નવલકથાકાર *Saul Bellow* કહે છે: "યોજના તમને પસંદગીના માનસિક સંતાપમાંથી છોડાવશે."

"તમારા ઉત્તમ જીવન માટે ધ્યેયો નક્કી કરવા એ હિંમતનું કામ છે. ધ્યેયોની નિશ્ચિતતા એ વીરતાનું લક્ષણ છે, કારણ કે તમે આંતરિક શક્તિ સુધી પહોંચો છો જે તમારામાં સ્થાપિત થયેલી છે."

(૪) માપધોરણો:

અમારી સંસ્થાના ગ્રાહકો *El Al* ઈઝરાએલની નેશનલ એરલાઈનના હતા. અમે એમની મૅનેજમેન્ટ ટીમને લીડરશીપની ટ્રેઈનિંગ આપી હતી. *Amos Shapiro, CEO* હતા અને એરલાઈન ચલાવતા હતા અને *Tel Aviv* ના જોઈ શકાય એવા એરપોર્ટ ઉપર પ્રવાસ કરવાનું આમંત્રણ આપ્યું, છેલ્લે હું ત્યાં ગયેલો. સ્ટાફ માટે ઉપયોગ કરવાની મિટિંગ રૂમો હતી, એમાંથી એકમાં હું ગયો તેમાં એક દીવાલ ઉપર ચોળાઈ ગયેલા કાગળના કકડા ઉપર એક વાક્ય દેખાતું: "જેનું માપ હોય છે તે સુધરી શકે છે." મોટો વિચાર. ધ્યેયોની નિશ્ચિતતા તમને કંઈક માપ આપે છે. જો તમારા શરીરનું ધ્યેય હોય તો ૧૨% શરીરની જાડાઈ ઓછી કરી શકાય. એની સામે તમારી સામે પ્રમાણભૂત ધોરણ હોવું જોઈએ જેથી તમે વિકાસ માપી શકો. અને તમે જેવા માપો, તમારી પાસે એક આધારભૂત ભૂમિકા આવે જેથી તમે સુધારા કરી શકો. તમને તમારા ધ્યેયો માટે સભાનતા સ્પષ્ટ હોય તો તમે સારી પસંદગીઓ કરી શકો. સારી પસંદગીઓ સાથે તમે સારાં પરિણામો જોઈ શકો.

(૫) એકવાક્યતા:

મારું જે ઉત્તમ "સફળતાનું રહસ્ય" છે એના વિષે તમારી સાથે વાત કરું. તમારું રોજનું જે કર્તવ્ય છે તેનું અનુસંધાન તમારાં ઊંડાં મૂલ્યો સાથે છે કે નહીં તેની ખાતરી કરી લો. એને હું બીજી રીતે કહું: "તમારી જે માન્યતાઓ છે એની સાથે તમારી વચનબદ્ધતાનો સુમેળ જો નહીં હોય તો પછી તમને સુખની પ્રાપ્તિ નહીં થાય. આ બધું નીતિમત્તા, પ્રામાણિકતા કે ન્યાયનિષ્ઠામાં આવે, તમારી યોજના પ્રમાણે તમારાં મૂલ્યોનો પ્રતિભાવ પડે છે કે નહીં તેની ખાતરી કરી લેવી જોઈએ નહીં તો પછી તમે શા આધારે ઊભા રહેશો? તમારાં સ્પષ્ટ ધ્યેયો તમારા મહત્ત્વનાં મૂલ્યોની સાથે જોડાએલાં હશે તો વ્યક્તિગત મહાનતા મેળવવાનો એ ઉત્તમ રસ્તો છે.

(૬) પ્રેરણા:

ધ્યેયો એ તમારા જીવનનાં શ્વાસપ્રાણ છે. તમારાં ધ્યેયોને સ્પષ્ટ રીતે એક સફેદ કાગળ ઉપર લખી રાખો કારણ કે એ નવી શક્યતાઓનું પહેલું પગથિયું છે જે તમારી જિંદગી બનાવશે, ધ્યેયોની નિશ્ચિતતા એ તમારી કેફિયત છે, એને તમે નકારો તો તમે સામાન્ય થઈ

જશો. ધ્યેયોની નિશ્ચિતતા એ હિંમતનું કામ છે. ધ્યેયોની નિશ્ચિતતા એ વીરતાનું લક્ષણ છે, કારણ કે એ દ્વારા તમે આંતરિક શક્તિ સુધી પહોંચો છો જે તમારામાં સ્થાપિત થયેલી છે. *Mark Twain* એ નોંધ્યું છે: "જો બધા માણસોને તેમના પોતાનાથી સંતોષ થયો હોત તો પછી કોઈ શૂરવીરો થયા જ ના હોત."

૮૦

બૂમબરાડાની અસર યાદ કરો

મોટો વિચાર: તમારા જીવનમાં તમે જે વસ્તુ વધારે જોવા ઇચ્છતા હો એ જ વસ્તુની તમારે છોડી દેવાની જરૂર છે.

તમે જે બધું કરો તે માટે તમારે વધારે નામના, પ્રતિષ્ઠા, શ્રદ્ધા વિશ્વાસ જોઈએ છે અને તમે કોણ છો? તમે એવા બનો જે બીજાને બધું આપે. જંગલી આગની જેમ પ્રસાર કરો. જે તમારે સૌથી વધારે જોઈએ તેનો ત્યાગ કરો. એથી મનમાં અને હૃદયમાં જગ્યા થશે અને તમારી આસપાસના લોકો તમને વધારે યશ (ક્રેડિટ) આપશે. યશ

"તમારે જે સૌથી **વધુ જોઈતું** હોય તેનો ત્યાગ કરો,
તે **પાછું આવશે.** "

બીજાઓ પાસેથી વધારે સમજશક્તિ જોઈએ છે? વધારે સમજવાળા બનો અને તે બહાર બધાને આપો.

વિશ્વસનીયતા વધારે જોઈએ છે? તમે જેમને ઓળખો છો, તે વધાને માટે વિશ્વાસુ બનો. પછી જુઓ શું બને છે?

પ્રેમ વધારે જોઈએ છે? વધારે પ્રેમ આપો.

હું માનું છું કે જીવન તમારી જીત ઈચ્છે છે. મોટા ભાગના લોકો એમની રીતે એમને રસ્તે જાય છે અને એમની સફળતાની ભાંગફોડ મેળવે છે. તેઓ તેમના ભયોને સાચવી રાખે છે, મહાનતાને બદલે. તેઓ તેમની મર્યાદાઓને રહેવા દે છે એ જ એમની સાંકળો બને છે. તેઓ પોતે જ પોતાના ખરાબમાં ખરાબ દુશ્મન બને છે. આ બધું તમે મેળવો એ જ જીવન તમારી પાસે ઇચ્છે છે, જેને હું (Boomerang Effect) બૂમબરાડાની અસર કહું છું તેને લાગુ પાડો. તમારે જે વધુ જોઈતું હોય તેનો ત્યાગ કરો એ જ પાછું આવશે. એ ભવ્ય જીવન તમારામાં અંદર પડેલું છે. બહાર જાઓ અને તે મેળવો.

૮૧

લોકોને સારું લાગે એવું કરો

લોકો વેપાર કરે છે, જે તેમને સારું લગાડે છે તેવા લોકો સાથે. માનવી એ લાગણીનું પ્રાણી છે. આપણને એવા માણસો સાથે રહેવાનું ગમે છે જે આપણને સુખની લાગણીનો અનુભવ કરાવે અને અંતરંગી ગણે અને આપણી કાળજી કરે અને સલામત રાખે.

મારે તમને બે માણસોનો પરિચય કરાવવો છે: એક ખેડૂત છે અને Steve નામ છે અને બીજો Jake છે, ઘણી જાતની વસ્તુઓની દુકાન છે, તેના માલિક છે. બન્ને માણસો વેપાર કેવી રીતે કરવો એ બહુ સારી રીતે જાણે છે CEO કરતાં પણ. Steve કોળાં (Pumpkins) વેચે છે. હું કેનેડામાં રહું છું, અને દરેક પાનખર ઋતુમાં છોકરાંઓ અને હું ગાડીમાં બેસીને ધસી જઈએ છીએ અર્ધા કલાકમાં અને Halloween માટે આ ખેડૂત પાસેથી અમે કોળાં લઈએ છીએ. એ ક્યારેય વૃદ્ધ થયા હોય એવા નથી લાગતા. અમારા ઘરેથી પાંચ જ મિનિટના રસ્તે ગ્રોસરી સ્ટોરમાંથી અમે કોળાં લઈ શકીએ તેમ છીએ. પણ જે લાગણીનો સંચાર Steve અમારામાં કરાવે છે તે અમે ચૂકી જઈએ. અમારાં નામો એમને યાદ હોય છે. અમને ખૂબ હસાવે છે. એ અમને વાર્તાઓ કહે છે. એ અમને વિશ્વમાં ઉત્તમ શું છે તેની યાદ આપે છે. (ખેડૂતો એ રીતે સારા હોય છે). અને અમે મોટા કોળાનો ઢગલો અને હૃદયમાં આનંદ ભરીને ગાડી ચલાવીને પાછા આવીએ છીએ. એક આડ વાત કહું Steve નો વેપાર ન માની શકાય એટલો સફળ થયેલો છે.

હવે Jake આવે છે. Jake વિવિધ વસ્તુઓનો સ્ટોર ચલાવે છે. જ્યારે બાળકો અને હું જઈએ છીએ ત્યારે નામથી અમારું અભિવાદન કરે છે. એમને અમારી જન્મતારીખો પણ ખબર છે. (એમની નાની કાળી ડાયરીમાં એ નોંધી રાખે છે). Jake મેગેઝીનો જેવાં કે Dwell, Alure અને Business 2.0 ખાસ મારા માટે (વધારાની કિંમત લીધા વિના) રાખી મૂકે છે. એમની રીતભાત સરળ વિનયી છે. તેઓ હંમેશાં હસતા જ હોય છે. અમને એકદમ સારું લાગે છે. આમ તો અમારી પાડોશમાં ખૂણામાં બીજી દુકાનો છે, પણ Jake સંબંધ-બાંધવામાં એક્કો છે. એને અમારો વિશ્વાસ છે. અરે હા, એ માણસ કરોડપતિ છે.

સારા થવું એ ડાહ્યા થવા બરાબર છે. વેપારની એ કુશળ તરકીબ છે. એટલે Steve જેવા થાવ, Jake નો આદર્શ રાખો. તમારી સાથે વેપાર કરવાનું ગમે એવું લોકોને સારું લાગે એવું કરો. તમે તમારા ક્ષેત્રને આગળ લઈ જાવ. એમ કરતાં તમને મઝા આવશે. અને એમ કરવું એ જ સાચું છે.

"શુભ કરો અને સદ્‌ગુણને પાછળ છોડતા જાવ જેથી

સમયનો વંટોળિયો એનો **કદી** વિનાશ કરી શકે નહીં."

મને એક કાગળ ઉપર ચીતરેલા શબ્દો વિચાર કરતો કરી દે છે, એક સેમિનારમાં ભાગ લેનાર ભાઈએ એક પ્રસંગ થોડા મહિના ઉપર મને લખીને આપ્યો હતો, માત્ર વાંચું છું: "શુભ કરો અને સદ્ગુણને પાછળ છોડતા જાવ જેથી સમયનો વંટોળિયો એનો કદી વિનાશ કરી શકે નહીં." મેં પૂછ્યું: "આ શબ્દોના લેખક કોણ છે?" એમનો જવાબ ટૂંકો હતો: "એક અતિશય ડાહ્યા માણસ હું એમને હંમેશાં જાણું છું – મારા દાદા"

૮૨

પહેલા વર્ગને અર્પણ

એક મારી અંગત ટેવ છે, હું સતત નિરીક્ષણ કરું છું સ્ટાર અભિનેતાઓ અને અસામાન્ય નેતાઓને હું ભણાવું છું પણ તેમને સલામતીની વચનબદ્ધતા હોય છે કે તેમની આજુબાજુ તેમનું સમર્પણ વિશ્વ-કક્ષાના થવા માટે હોય છે અને તેનું પ્રતિબિંબ પડતું હોય છે. તેઓ એકદમ ઊંચી ગુણવત્તાવાળી ગાડી ચલાવતા હોય છે. ઉત્તમ ઘરોમાં રહે છે અને સૌથી સુંદર કપડાં પહેરતા હોય છે. તેમની ફિલસૂફી સામાન્ય એવી દેખાય છે, “હું ઉત્તમ માટે છું એટલી માત્ર સમજ તેઓ રાખે છે એટલે ઉત્તમ માટે મારે ખર્ચ કરવો જોઈએ.” અહીં હવે મોટો વિચાર છે: તેઓ આ માન્યતા પકડી રાખે છે એટલે જ્યારે સફળ નથી હોતા ત્યારે પણ એમ જ રહે છે.

મહાનતા, બીજા બધાને મુકાબલે, મનની સ્થિતિ છે. તમારે તમારી આંતરશક્તિ અને સત્તાની માન્યતાની જરૂર છે, એ જીવનમાં લાવો ત્યારે, તમે અસામાન્ય છો એ તમે અસામાન્ય બનો ત્યાર પહેલાં એ લાગણીની તમને જરૂર છે. હું એને “લાગણીની બ્લુપ્રિન્ટ” કહું છું. બહારના જીવનમાં પરિણામ નજરે જોઈ શકાય, એ માટે viscerally તમારે લાગણીઓને – જઠર સહિત અંદર અવયવો સુધી માનસિક રીતે તમારી દૃષ્ટિ પ્રમાણે તમારા આંતરિક જીવનમાં અંદર એની બ્લુપ્રિન્ટ સર્જવી જોઈએ.

આ માટેનો એક ઉત્તમ રસ્તો મેં શોધી કાઢ્યો છે કે આવી લાગણીનું રક્ષણ કરવા માટે તમારી જાતે અને તમારી આજુબાજુ એકદમ ઊંચી કક્ષાનું વાતાવરણ પ્રાપ્ત કરવું જોઈએ. વર્ષો પહેલાં મેં એક પુસ્તક વાંચ્યું હતું અને એક જાદુગર એનું નામ Al Koran હતું એણે લખ્યું હતું “*Bring out the Magic in your mind* ” એનું નામ હતું. એમાંનો એક વિચાર મને યાદ રહી ગયો છે એનું સૂચન એવું હતું કે સફળ થવા માટે જ્યાં સફળ માણસો હોય ત્યાં જવું બહુ અગત્યનું છે. ધારો કે તમારી પાસે માત્ર ૧૦ ડોલર જ હોય તો પણ તમારા શહેરમાં જ્યાં ઉત્તમ રેસ્ટોરાં હોય ત્યાં જ જઈને કૉફી પીવી. એનો મુદ્દો? તમારું આજુબાજુનું વાતાવરણ એ તમારી લાગણીઓનો ઘાટ ઘડે છે. અને તમને જેવી લાગણી થાય, એ તમને દોરે, તેવું ગમે કરો. તમે વિશ્વ કક્ષાનું વિચારશો તેવું વિશ્વ-કક્ષાનું તમે વર્તન કરશો.

“તમારી જાતને જેવું બદલામાં ઇનામ આપશો
સારી વસ્તુઓનું, એ ઊંડે સુધી સંદેશો લઈ જશે –
અને સૌથી **શ્રેષ્ઠ** – એ જ તમારો પોતાનો ભાગ થઈ જશે.

તમે એમ કહો: **"હું એને માટે યોગ્ય છું** – અને હું લાયક છું."

તમે ઉત્તમમાં રોકાણ કરો. મોટે ભાગે તમને પોષાય એટલું ઉત્તમ ગુણવત્તાનો માલ ખરીદો. ઉત્તમ બુટ ખરીદો – ત્રણ જોડ સસ્તા લેવા કરતાં. (એ ટકશે વધારે અને જ્યારે તમે પહેરશો ત્યારે તમને મહાન છો એવી લાગણી થશે.) મને આ પંક્તિ ગમે છે: "ગુણવત્તા યાદ રહેશે લાંબો સમય, પછી કિંમત ભૂલી જશો" એ નક્કી છે. હું જ્યારે યુવાન વકીલ હતો, હજુ તો શરૂ જ કર્યું હતું. મારે પહેલો પગાર આવ્યો અને મેં એક મોટા ઘડિયાળમાં પૈસા ખર્ચ્યા. એ Rolex કે Cartier ન હતું. પણ એ સારું જરૂર હતું – મને પોષાય એવું ઉત્તમ. મારી વિચારણા એવી હતી કે એ ઘણાં વર્ષો સુધી ચાલશે, મને સફળતાની લાગણી થઈ જ્યાં સુધી પહેર્યું ત્યાં સુધી અને હકીકતે મારા પૈસા અંત સુધી બચ્યા કારણ કે એમાં ભાગ્યે જ રીપેર કરવાની જરૂર ઊભી થઈ. મારો એક મિત્ર હંમેશાં સસ્તામાં સસ્તી પસંદગી કરે. મારી સામે જોઈને હસે. પણ હું સાચો ઠર્યો (વખતોવખત હું લગભગ સાચો હોઉં છું) હજુ પણ એ ઘડિયાળ પૂરેપૂરું કામ આપે છે. એકવાર પણ રીપેર કરવાની જરૂર ઊભી નથી થઈ. આ સમય દરમ્યાન મારા મિત્રે છ ઘડિયાળ બદલ્યાં. એણે હકારાત્મક લાગણી નકારી નહીં, ઊંચી ગુણવત્તાવાળું એ ખરીદી શકયો હોત પણ એણે વધારે પૈસા અંત સુધી ખર્ચ્યા મારા કરતાં. વૃક્ષો માટે જંગલ ગુમાવ્યું.

હું કોઈ રીતે ભૌતિક ચીજો માટે અક્કલ વિનાની ટેવને ઉત્તેજન આપતો નથી. આ બધાની પાછળ મારા કહેવાનો ભાવાર્થ એ છે કે જો તમે ખરેખર ઉત્તમ માટે ગંભીર હો (અને હું જાણું છું કે તમે છો) તો આજુબાજુ તમે સારા માટે જ નજર રાખો. સારી વસ્તુઓ માટે તમે જાતે ઇનામ મેળવો એ તમને ઊંડો સંદેશો આપશે – અને એકદમ ઉચ્ચતમ – એ તમારો ભાગ છે. કોઈ એમ કહે: "હું એને માટે યોગ્ય છું – અને હું એ માટે લાયક છું." એ તમને ઊંચે પહોંચવા માટે પ્રેરણા આપશે, વધારે અઘરું કામ કરશો અને તમે પણ સારાંશથી શોભશો. કોઈપણ માણસ એમ કહે કે હું પોતે લાયક છું એ મજબૂત હશે જ્યારે ઊંચી ગુણવત્તાવાળો માલ આપણને લાગણીની એવી અસર નહીં જન્માવે. હું બહુ વિનયપૂર્વક તમને આ સૂચન કરું છું આવાં વાક્યો માનવીની વાસ્તવિક પ્રકૃતિને ચૂકી જાય છે.

હું એકદમ આદર્શવાદી માણસોમાંનો એક છું જો તમે મળ્યા હો તો. પણ હું એટલો જ વાસ્તવિક ("બધામાં સમતા" બુદ્ધ કહે છે તેમ) છું. આપણામાંનાં બધાને સારી વસ્તુઓ ગમે છે. એ આપણને આનંદ પણ આપી જાય છે. આપણી લાગણીઓને સ્પર્શી જાય છે આથમતા સૂર્યની જેમ અથવા ભવ્ય પર્વતની જેમ સત્ય એ છે કે ભૌતિક વસ્તુઓ શાશ્વત સુખ આપતી નથી. અને જીવનમાં ઘણી બધી વસ્તુઓ એવી છે જે અતિશય મહત્ત્વની છે. પણ આવી વસ્તુઓની હજુ અગત્યતા છે.

ઉત્તમનું વાવેતર ઉત્તમમાં કરો. આવા બધા મુદ્દાઓ વિશે વાત કરવા માટે હું બહુ જાણીતો નથી. પણ મારા સત્ય માટે તમે ઋણી છો. મારા એક અસીલના શબ્દો મને યાદ આવે છે. "મારી રુચિઓ સાદી છે – પણ મારે માત્ર ઉત્તમ જોઈએ છે."

૮૩

સાવરણીથી વાળીઝૂડી સફાઈ કરો

છેદત્રા ૧૨ માસ મેં કટોકટી અને નિષ્ક્રિયતામાં વીતાવ્યા – મારા જીવનનાં "business " – વ્યસ્તપણામાંથી મારી જાતને પાછી વાળી લેવી અને નવેસરથી મારી અગ્રિમતા, મારાં મૂલ્યો અને અંગત ફિલસૂફી અંગે નવેસરથી વિચારણા કરી. મેં થોડાંક આમંત્રણો, મર્યાદિત પ્રવૃત્તિ અને ઘણો વધારે સમય મેં ચિંતન અને નિદિધ્યાસનમાં વિતાવ્યો – જરા ખાતરી કરી લેવી હતી કે હું જ્યાં ચડવા માટે જાઉં છું તે સાચો પર્વત છે અને મારે જે રસ્તે મારા દિવસો પસાર કરવા છે એ રીતે હું પસાર કરી શકીશ કે કેમ? આ ઉપરાંત આ વર્ષે ઘણું બધું "વાળીચોળીને સાફ" કર્યું.

ઝાડુથી સાફ કરવું એ ઉત્તમ રસ્તો છે, એક તો જીવન સતત વહેતું રહે, સરળતા રહે અને કેન્દ્રવર્તી બને. મોટાભાગના આપણે ટનબંધી કચરો, સામાન અને ધાંધલ ધમાલ આપણાં જીવનની મુસાફરીમાં સાથે રાખીએ છીએ. શક્ય છે કે આ બધું "ગંદવાડ"માં આવી જાય જાણે કે અધૂરા સંબંધો અથવા તો લોકોને હજુ આપણે માફી આપવાની (અથવા માફી માગવાની). આ સામાનમાં તમારા જીવનમાં "નહીં કરેલાં કામો" ને પણ ઉમેરવાનાં જાણે કે એને માટે તૈયાર રહેવાનું અથવા તો જીવનના વીમાની પૉલિસીને અદ્યતન કરવાની કે કચરાને તો આપણે ન વપરાતા યાર્ડમાં અથવા તો ખોખાંઓમાં થપ્પી કરીને વધારાની રૂમમાં રાખી શકીએ. શક્તિશાળી વિચાર એ છે કે: જ્યારે તમે કચરો સાફ કરો ત્યારે – આ વધી વસ્તુઓ કાં તો વ્યવસ્થિત મૂકો અથવા તો કાઢી નાખેલી હોય તો તમારે જીવનમાંથી ભૂંસી જ નાખવાની જરૂર છે – તમને હળવાશ લાગશે, સુખની લાગણી થશે અને તમારું મન વધારે શાંતિનો અનુભવ કરશે.

વધારે સફાઈમાં તમારી ઇચ્છા પણ ભળેલી હોવી જોઈએ, ઘણી બધી વસ્તુઓથી છુટકારો મેળવવો, જે વપરાતી જ ના હોય, આર્થિક યોજનાને જગ્યાએ રાખવી, મારાં કસરતનાં સાધનો બાંધી દીધાં, એમને અલવિદા કહ્યું કારણ કે વ્યક્તિગત અંગત રીતે કે ધંધાકીય રીતે એને બહુ પકડી રાખવા જેવું ન હતું, વધારે શક્તિ અને સમયને ખર્ચીને મારા વેપારના આદર્શને સુધારી લીધો. શું થયું હશે ધારો? એણે કામ કર્યું – સુંદર રીતે.

"તમારા જીવનમાં જેની બાદબાકી કરવાની છે
તેને ચેકી નાખો – તમને હળવાશ લાગશે, સુખી થશો
અને તમારા મનને વધારે **શાંતિનો** અનુભવ થશે."

જે સૌથી વધુ અગત્યનું છે તે કરવા માટે મને વધારે સમય મળ્યો છે. હું વધારે હળવો બન્યો છું અને ગતિ વધી છે. મને વધારે શક્તિ મળી છે (કચરો – શરીરનો કે લાગણીઓનો તમને નિચોવી નાખે છે). હું વધારે રચનાત્મક બન્યો છું. અને હવે હું વધારે મઝા કરું છું. એટલે તમારામાંથી વાળીઝૂડીને સફાઈ કરો અને તાકીદે શરૂ કરો. તમે અચંબામાં મુકાઈ જાવ એવું પરિણામ તરત જ આવશે.

૮૪

" Million Dollar Baby Rule "ને અનુસરો

મને Milion Dollar Baby ફિલ્મ ગમે છે. હૃદયથી હલાવી નાખે તેવી છે. ન ભૂલી શકાય તેવી. એટલે કે મૂલ્યવાન, ઘણા બધા જીવનના પાઠો સાથે, ખાસ કરીને એક જેના વિશે હજુ હું વિચારું છું: "તમારું પોતાનું રક્ષણ કરો."

હું માનું છું કે હું વિશ્વ-કક્ષાનો આશાવાદી છું. ન માની શકાય એટલી હદ સુધીનો હકારાત્મક રહેવા માટે પ્રયત્નશીલ છું. બધા સંજોગોમાં હું શ્રેષ્ઠ જોવા વચનબદ્ધ હોઉં છું અને જેમને મળું એમનું શુભ ઇચ્છું છું. હું વાસ્તવમાં જીવન પાસેથી શ્રેષ્ઠની અપેક્ષા રાખું છું. છતાં અશુભ માટે પણ એટલો જ તૈયાર હોઉં છું. એ મારામાં સમજણ વધારે છે. જીવન એ કાંઈ પરીઓની વાર્તા નથી. મારે કહેવું જોઈએ કે શ્રેષ્ઠની અપેક્ષા અને અશુભ માટેની તૈયારી એ સમત્વ માટે સહેલું કામ નથી. પણ મને લાગે છે કે એ મહત્ત્વનું છે આપણા માટે કે સત્ય મેળવવા માટે આપણામાં જે અદ્વિતીય આપણી પોતાની મોટાઈ રહેલી છે એને પહોંચવા માટે એના ઉપર કામ કરવું પડે.

એટલે ભવ્ય રીતે પ્રેમ કરો અને લોકો ઉપર અચૂક દયા કરો. તમારી જાતને મૂકીને તમારી આજુબાજુના સૌને જેટલી વધારે થઈ શકે એટલી મદદ નિઃશંક કરો. એવા વિશેષ માણસો જે તમારા કરતાં સારા લોકોને છોડીને તમે જેને શોધ્યા હોય તેવાને પણ હું તમને સૂચન કરવા માંગુ છું કે એ માટે તમારે શહીદ થવાની જરૂર નથી. શહીદો માટે તો એવું છે કે તેઓને કોઈક કારણસર જીવતા થાંભલા ઉપર બાંધીને બાળવા માટે આવ્યા હતા. સમત્વ એ છે કે દયાળુ બનવું અને વિચારશીલ થવું, બીજાઓ માટે, સાથે પોતાને માટે પણ દયાળુ અને વિચારશીલ બનવું. સમત્વ એ તમને બીજાઓ માટે શક્તિની પ્રેરણા આપે છે, સાથે તમને પણ અમર્યાદ શક્તિ મળે છે અને તમને પણ પ્રેરણા મળે છે આ નાજુક સમત્વ બીજાઓને પ્રેમ કરવામાં અને તમારી જાતને પ્રેમ કરવામાં વચ્ચે રાખો.

"**શહીદો** માટે તો એવું છે કે મોટા ભાગના તેઓને
જીવતા **બાળવામાં** આવેલા થાંભલા ઉપર બાંધીને."

તમારી હદ બાંધો. તમારી મર્યાદાઓ જાણો. પરાકાષ્ઠા સુધી ના જાઓ. તમારું રક્ષણ કરો.

૮૫

પૃથ્વી નાની છે

અમારા ઘણા બધા અસીલો Thomas Friedman ’s નું પુસ્તક ‘*The Earth is Flat* ’ વિશે વાતો કરે છે. એ બધું વિશ્વસ્તરને (globalization) લગતું અને અત્યારની આર્થિક પરિસ્થિતિમાં રમતના મેદાન માટે સમથળ જમીન અંગે છે. સુંદર પુસ્તક છે. એના શીર્ષકે મને વિચાર કરતો કર્યો પણ એનો વિષય એકદમ જુદો હતો છતાં એમાં રહેલી દષ્ટિકોણનું મૂલ્ય છે.

પૃથ્વી સપાટ નથી – વિશ્વ નાનું છે. અહીં એક મુદ્દો છે એના વિશે હું કંઈક કહેવાનો પ્રયત્ન કરું છું: આ વિશાલ વિશ્વના એક નાના ગ્રહ ઉપર આપણે બધા રહીએ છીએ. Stephen Hawking , જાણીતા ભૌતિકશાસ્ત્રી કહે છે કે આપણે એક નાના ગ્રહ ઉપર બહુ સામાન્ય તારા જેટલા લાખો ગેલેક્સીના સબઅર્બની બહાર રહેતા હોય એવું છે. અને તમે અને હું કરોડો જેટલા લોકોમાંનાં માત્ર એક છીએ. આપણે જે સમસ્યાઓ, આપણા દિવસો દરમ્યાન આપણી પાસે આવે છે એ ખરેખર એટલી બધી મોટી છે? એક નાના પરિમાણથી જોવાથી જીવન સરળ રીતે ગોઠવી શકાય.

એક પ્રશ્ન ઘણીવાર હું મારી જાતને પૂછું છું. જ્યારે કોઈક મથામણ થાય ત્યારે એમાંનો એક: “આ વસ્તુ અત્યારથી એક વર્ષ સુધી ચાલશે?” જો જવાબ ‘ના’ હોય, હું જલદી આગળ વધું છું. બીજો એક મોટો પ્રશ્ન, “હું આમંત્રણ આપું છું એ તમે તમારી કામની ટીમ સાથે અથવા તો તમારા કુટુંબ સાથે ઘરે ચર્ચા કરજો: ‘અહીં કોઈ હમણાં ગુજરી ગયું?’ જો ના હોય તો પછી વસ્તુ સ્વસ્થ અને શાંત મનમાં સામાન્ય રહે.”

તમે પરિમાણ રાખો: ઘણા બધા પ્રશ્નો આપણે વિચારીએ ત્યારે હોનારત જેવા લાગે પણ એ આશીર્વાદ રૂપે બદલાઈ જાય છે. મેં મારા જીવનમાં વસ્તુઓ જોઈ છે કે પહેલા તે દુ:ખદ દેખાય છે. વિચારું કે હવે જગતનો અંત છે. પણ સમય જતાં, જેમાં એકદમ ગરકાવ થઈ ગયા હતા એણે જ મારી જિંદગીને સારી અને વધારે સુખી અને સારું ફળ આપ્યું છે અને મારું ધારવું અ□ેવું છે કે તમારે માટે પણ સત્ય એ જ છે.

“જીવન **ટૂંકું** છે અને વિશ્વ નાનું છે –
પણ હકીકતે ખરેખર તે **વિશાળ** છે.”

એટલે પરિણામ વિષે જે થોડું વિચારો. સારાપણા ઉપર ધ્યાન કેન્દ્ર કરો. સ્મિત કરો અને વધારે ખડખડાટ હસો. જીવન ટૂંકું છે અને વિશ્વ નાનું છે – પણ ખરેખર એ સાચે જ

વિશાળ છે.

૮૬

અતિથિ દેવો ભવ

જીવનના થોડા ઊંડા પાઠો હું ટેક્ષીના એક ડ્રાઈવર પાસેથી શીખ્યો છું. થોડું મોટા સમયનું શાણપણ જોઈએ છે? લાંબી ગાડી (cab)માં કૂદકો મારી બેસી જાવ. તમારું Blackberry અથવા સેલફોનને બાજુમાં મૂકી દો અને તમારી આગળ બેઠેલા માણસને ઓળખવા પ્રયત્ન કરો. દરરોજ એ સો કરતાં વધારે માણસો સાથે બોલે છે. ઘણીવાર તમે કલ્પના કરી શકો એના કરતાં એ વધારે ડાહ્યા હોય છે. ગઈકાલે રાત્રે મને એ યાદ આવ્યો.

આ પ્રકરણ હું લખું છું ત્યારે મુંબઈમાં છું. અહીં આખા દિવસનો લીડરશીપનો સેમિનાર અને પછી બીજું એક વ્યાખ્યાન રાત્રે Young Presidents' organization માં છે. હું આ સ્થળને પ્રેમ કરું છું. મને અહીંનું ભોજન ગમે છે. અહીંના લોકો અને તેમની શક્તિને ચાહું છું. ડ્રાઈવરનું નામ રમેશ શર્મા હતું. એણે મારું નામ ટેક્ષીના રીઝર્વેશન કાર્ડ ઉપર જોયું "રોબિન શર્મા... તમારા પિતાજી ક્યાંના છે?" અમે લાંબી વાતો શરૂ કરી (મુંબઈનો ટ્રાફિક ગાંડો છે – અમને ઘણો બધો સમય હતો) અને ખરેખર એકબીજા સાથે લાગણીના તંતુથી જોડાયા. એ બાળક જેવું નિર્દોષ હસતો હતો. ભારતના લોકોને દુનિયાના સુખી માણસોમાં ગણી શકાય, મને વિશ્વમાં જ્યાં જ્યાં મળ્યા ત્યાં આનંદ થયો. એણે મને એના કુટુંબની, તેની વાંચનની વૃત્તિની તેની ફિલસૂફીની વાત કરી. અને પછી એણે જે કહ્યું તે હું કદી ભૂલીશ નહીં.

"હું ભારતનો છું, ઉત્તર પ્રદેશનો" એણે બહુ ગૌરવથી કહ્યું. "અમારે ત્યાં મહેમાન એ ભગવાન છે. જ્યારે અમારે ઘેર કોઈ આવે ત્યારે અમે એમનું ઊંડા સન્માનથી અને પ્રેમથી સ્વાગત કરીએ છીએ. જો અમારે એમના માટે જમવાનું જતું કરવું પડે, તો પણ અમે એમને જરૂર સારી રીતે જમાડીએ છીએ. એ અમારી સંસ્કૃતિ છે. અમને એનો આનંદ આવે છે." એકદમ બુદ્ધિગમ્ય વિચાર!

તમે તમારા જીવનમાં અને તમારી સંસ્થામાં, તમારા "મહેમાનોને ભગવાનની જેમ" આવકાર આપો? આવા વિચારો તમારા અંગત અને સંસ્થામાં સંસ્કારના ભાગરૂપે વણાયેલા છે? અને મને પૂછવા દો : તમારું અંગત જીવન કેવું દેખાશે જો તમારે ઘેર આવતા માણસો, અને દિવસ દરમ્યાન ગમે ત્યારે તમારા સંપર્કમાં આવે તો ભગવાન જેમ આવકારો ખરા? (એ માણસ એ તમારા કુટુંબનો સભ્ય હોય કે રસ્તાનો કોઈ વટેમાર્ગુ હોય)! તમારી ધંધાકીય જિંદગીમાં તમારા ગ્રાહકોને માન આપો અને પ્રશંસા કરો તો કેવું લાગે? તમે વિશ્વ કક્ષાના લાગો. તમે વધુ સફળ થાવ. તમે સુખી થાવ. તમે મહાનતા મેળવો.

“તમારા અંગત જીવનમાં અને તમારી સંસ્થામાં તમે
‘**મેહમાનો ભગવાન જેવા છે** ’ એવો વર્તાવ કરો?”

એટલે આજે ૩૦ મિનિટ વહેલાં કામ ઉપરથી છુટ્ટી. ગાડીમાં કૂદી પડો અને ફરવા જાવ. ન્યુઝપેપર કે ફોન જોડે લાવશો નહીં. માત્ર ખુલ્લું મન, (અને પેન) અને તમારી સાથે કારમાં જે માણસ હોય તેને ઓળખો. તમને જે સાંભળવા મળશે તેનાથી તમને પ્રેમ થશે.

૮૭

સમયનું સૌંદર્ય

સમય એ સુંદર વસ્તુ છે. જીવનને ચલાવવા માટેનો એક ઉપયોગી ભાગ છે. એના ઘાટનું શું કામ છે? ઘણી બધી બાબતોમાં તમારું જીવન એથી ઘડાય છે! અને છતાં આપણામાંના ઘણાં બધાને વધારે સમય જોઈતો હોય છે, આપણી પાસે જે ટાઈમ છે તેનો દુરુપયોગ આપણે કરીએ છીએ.

હું ગુરુ નથી, એ તમે જાણો છો. પણ સારી રીતે સમયનો ઉપયોગ કરવાનું ઠીક ઠીક જાણું છું. જે સમય બગાડીએ એ ગુમાવી દીધો અને મોટો વિચાર સમય વિશે એ છે કે એકવાર એ જતો રહ્યો. એ કદી પાછો મેળવી શકાતો નથી.

"**મોટો** વિચાર સમય વિશે એ છે કે એકવાર એ જતો રહ્યો, એ **કદી** પાછો મેળવી શકાતો નથી."

મેં હમણાં વાંચ્યું કે John Templeton , નામાંકિત ફાઈનાન્સર, ગમે ત્યાં જાય, એના પાકીટમાં ચોપડી ના હોય એવું કદી બને નહીં. આ રીતે, એને પોતાને ખબર પડે કે લાંબી લાઈનમાં ઊભા રહેવાનું છે, તો એ સમયનો ઉપયોગ એ વાંચવામાં કરે, શીખે અને આગળ વધે. હું પણ વાંચું છું. "*Rolling Stone* " (ગબડતા પથ્થરની જેમ) પણ Madonna , એને સમયનો બગાડ કહે છે અને તિરસ્કારે છે. તે હંમેશાં પોતાની સાથે ચોપડી રાખે છે અને જ્યારે નાઈટક્લબમાં જાય ત્યારે સમયનો ઉપયોગ કરે, જ્યારે એ સારી રીતે નૃત્ય ના કરી શકે ત્યારે. મારા શૈક્ષણિક અસીલો પણ એમ જ કરે છે. અને સમયની વ્યવસ્થા પ્રત્યે ઘણાં સમર્પિત હોવાને કારણે એ લોકો પરિણામ રૂપે સારી મોટી જિંદગી તે વહન કરી શકે છે.

હું આ વિશે સ્પષ્ટ થવા માંગુ છું : હું તમને કોઈ રીતે એવું સૂચન કરવા નથી માંગતો કે તમારા દિવસોની પ્રત્યેક મિનિટ, કે મહિનાના અઠવાડિયાઓનું સમયપત્રક બનાવવાની જરૂર છે. તત્કાલીન જે ગમે તે કરો. એ માટે રાજી રહો. મુક્ત રહો. હું હૃદયથી મુક્તાત્મા છું. મે સહજભાવે જોયું છે કે જે લોકો મોટો સમય મઝા માટે કાઢે છે એ જાણે છે કે યોજના કેવી રીતે કરવી અને પછી સમયનો સદુપયોગ કરે છે. મારો અનુભવ એવો છે કે જે લોકો અત્યંત સ્ટ્રેસ અનુભવે છે અને તેમની જિંદગીને પાંચ-વાગ્યાની ઘંટડી આગની જેમ વાગી પછી દોડે, તક મળી હોય તેમ અને સમયની કોઈ વ્યવસ્થા નહીં, ધ્યેયોની કોઈ સ્પષ્ટતા નહીં અને સારી રીતે વિચારીને કરેલા પ્લાન પ્રમાણે અનુસરવાનું નહીં : "અંકુશ,

વ્યવસ્થા, તૈયારી અને કર્મ બધામાં ઊણપ એ ચિંતાનું કારણ બને છે." David Kekich વિચારક એનું આ તારણ છે : શક્તિશાળી વિચાર.

૮૮

પર્વતની ટોચ ઉપર અને પરિવર્તનની પારંગતતા

પુસ્તક ઉપર સહી કરતી વખતે એક વાચક જરા મળ્યો. એ નિરાશાવાદી હતો – મારાં પુસ્તકો વાંચ્યા પછી પણ ફિકર નહીં – બધા મારા શબ્દો માટે ખુલ્લા હોય એમ ન બને. અને હું સાચો હોઉં એવી કોઈ જરૂરત મને નથી. હું તો માત્ર મને જે તત્ત્વ સચ્ચાઈવાળું લાગે તેના વિશે વાત કરું. જો કોઈ એમાં સમ્મત ના પણ થાય – સારું, બધાને કૉફી ભાવે જ એવું નથી તેની જેમ. અભિપ્રાયમાં વિભિન્નતા હોય એને લીધે જીવન રસપ્રદ બને. આ વાચક જો કે નમ્ર હતો. એણે કહ્યું કે પુસ્તક ખરેખર મને ગમ્યું : પણ એને લાગે છે કે એ એને મદદરૂપ નહીં થઈ શકે. હંમ...હં.

શ્રદ્ધા અને માન્યતાઓ ડુંગરાઓને હલાવી શકે. પણ જો તમે ના માનતા હો તો એ વિચાર કામ નહીં આવી શકે, પછી એમાં કોઈ તક નથી કે તમે એના ઉપર કામ કરી શકો (અને તો તમે કામ કરો જ નહીં તો પરિણામ કેવી રીતે મેળવી શકો?) વિચાર એ કર્મની માતા છે અને તમારી માન્યતાઓ એ આત્મસંતોષની આગાહી છે.

તે વાચકની ટીકાઓ પછી મેં પુષ્કળ વિચાર કર્યો પુસ્તકની સહી કર્યા પછી. જો મને એમને ફરીથી મળવાની તક મળે તો હું પર્વત ઉપર ચડવાના રૂપક દ્વારા એમને સમજાવવાનો પ્રયત્ન કરી મદદ કરું કે માણસ સાચે જ પરિવર્તન કરે તો એ છેવટ સુધી ટકી શકે. આ અંગે આ મુદ્દા ઉપરની મારી વિચારણા તમને જણાવું. મારી પાસે ત્રણ વિચારો છે, અને ખાસ કરીને તમને મદદ થાય માટે આ વિચારો મોટે ભાગે "The Greatness Guide "માં આપ્યાં છે એને તમારા જીવનમાં ઉતારીને પૂર્ણ કરો, એટલે તમે વાસ્તવમાં અને શાશ્વત પરિણામો જોઈ શકશો.

(૧) પર્વતનું શિખર કેવું દેખાય છે તેની વ્યાખ્યા આપો :

હું તમને સૂચન કરું તેને સ્પષ્ટ કરો, લખાણમાં, સફળતા તમને કેવી લાગે છે? તમારા જીવનમાં સફળતા તમે જોઈ શકો એ માટે તમારે કેવા પરિવર્તનની જરૂર છે તે લખો અને જો તમે સુધારો ના કરો તો શું થશે? તમારા જીવનના મહત્ત્વના વિભાગો માટે તમારાં ધ્યેયોની યાદી કરો. અત્યારથી પાંચ વર્ષ સુધીમાં કેવા પ્રકારની વાસ્તવિકતા દેખાય અને તમારે કેવી જોઈએ તેના વિશે નોંધ કરો. તમે કેવાં મૂલ્યો ઉપર સ્થિર થવા માગો છો એની યાદી કરો. સ્પષ્ટતાથી સફળતા અને પરિવર્તનથી જાગરૂકતા આવે છે.

(૨) ચડવાનું શરૂ કરો :

શરૂઆત કરવા માટે મોટી શક્તિ જોઈએ (એને શરૂઆત કરવાની શક્તિ કહું છું). એક કર્મ – હમણાં કરો – એના અમલ માટે આગ્રહ રાખો એનાથી ગતિ ઉત્પન્ન થશે અને

કર્મની સાથે હકારાત્મક પરિણામનો અનુભવ શરૂ થશે. એનાથી હકારાત્મક પ્રતિભાવનો ગાળો શરૂ થશે. વધારે કર્મ, વધારે પરિણામો. અને એ બદલામાં આત્મવિશ્વાસને વધારશે.

"તમે પર્વત ઉપર કૂદકો મારો તેથી કાંઈ એવરેસ્ટના
શિખર **ઉપર** ના પહોંચો. તમારે પર્વતની ટોચ ઉપર
ચડવા માટે વધારે પ્રમાણમાં પગલાં લેવાં પડે.
એક પગથિયા પછી બીજું પગથિયું એમ
ધ્યેય સુધી પહોંચી શકાય."

(૩) નાનાં પગલાં લો :

પર્વત ઉપર કૂદકો મારો તેથી કાંઈ એવરેસ્ટના શિખર ઉપર પહોંચાય નહીં. તમારે પર્વતની ટોચ ઉપર ચડવા માટે વધારે પ્રમાણમાં પગલાં લેવાં પડે. એક પછી એક પગથિયા ઉપર ચડી ધ્યેય સુધી પહોંચી શકાય. જીવનમાં પણ એવું જ છે. દરેક દિવસે એક નાનું પગથિયું તમને મહાનતા તરફ લઈ જશે. – એ મેળવતાં સમય લાગશે – શા માટે? કારણ કે દિવસો જ ખરેખર અઠવાડિયું બનાવે છે અને અઠવાડિયાઓ મહીનાઓ બનાવે છે અને મહિનાઓ વરસ બનાવે છે. કોઈ રીતે જીવનના અંત સુધીમાં તમે એ મેળવશો – તો પછી શા માટે એ જગ્યાએ અસામાન્ય માનવ થઈને ના પહોંચીએ?

૮૯

"પ્લીઝ- Please "ને શું થયું છે?

હું સ્ટારબક્સમાં બ્રાઉન સુગર સાથે કૉફી પીતો હતો (મને ગમે છે બ્રાઉન સુગર). મારી બાજુમાં એક સ્ત્રી હતી એણે કીટલીમાંથી કૉફી લીધી અને પછી બોલી : "હું ટ્રે લઈ શકું છું?" એણે અસભ્ય રીતે નહોતું કહ્યું – પણ એમાં નમ્રતા ન હતી. એને કારણે મને વિચાર આવ્યો. આ "please – મહેરબાની 'શબ્દ' ને શું થયું છે?

મારે મન "please "નો અર્થ "હું તમને માન આપું છું.'' "Thank you "નો અર્થ "હું તમારી પ્રશંસા કરું છું" તમારી આસપાસ જેઓ હોય તેમના પ્રત્યે સારી રીતભાત બતાવવી એ શક્તિ પ્રદાન છે અને તમે એમની કાળજી કરો છો. મને Frankie Byrne 's ની પંક્તિ કે "સન્માન એ સાદા કપડામાં પ્રેમ છે'' તમે કેટલીવાર કંઈક ખરીદવા સ્ટોરમાં જાવ છો અથવા તો રેસ્ટોરાંમાં કશાક માટે ઓર્ડર આપો છો પછી, સારી રીતભાત સાંભળવા માટે સતત લાંબી વેદના કેટલી સહન કરો છો?

વિશ્વસનીય સફળતા એ ગૂંચવણભરી નથી. મૂળભૂત તત્ત્વોની હરોળમાં અનુસરતી એ એકધારી આવતી હોય છે. જે લોકોએ મહાનતા પ્રાપ્ત કરી છે ત્યાં મૂળભૂત તત્ત્વો દોડતા – ધીમે ધીમે, દિવસે દિવસે – ઘણા મહિનાઓ પછી અને વર્ષો પછી પણ આવે છે. એ મુશ્કેલ નથી. એ માત્ર દરરોજની શિસ્તની આજુબાજુ અને થોડી મહત્ત્વની વસ્તુઓનાં નાનાં કાર્યોમાં આવતી હોય છે. પણ એનો સમય પૂરો થઈ જાય – આશ્ચર્યકારક પરિણામો દેખાય છે. આપણામાંના મોટાભાગના લોકો આ જાણતા જ હોય છે અને તે સહજભાવે કરતા જ હોય છે, આપણે અસામાન્ય જીવન સારી રીતે જીવવું હોય તો આપણે એ પ્રમાણે કરવું જોઈએ, અને તેઓ સતત કરતા હોય છે. આ બધામાં ચાવીરૂપ વસ્તુ તેઓ "Please " હું તમને માન આપું છું એ પુષ્કળ વખત બોલે છે.

સારી રીતભાત વિશિષ્ટ માનવ બનવા માટે ઉપર ચઢવાનું નોંધપાત્ર પગથિયું છે. પછી એ મા, બાપ, સેલ્સ વ્યક્તિ કે CEO હોય તેઓએ હકીકતે લોકોને માન આપવું જોઈએ. હા, આમ તો સારી રીતભાત એ સામાન્ય બુદ્ધિ છે. પણ એક ફ્રેન્ચ ફિલોસોફર Voltaire એ એકવાર કહ્યું હતું : "સામાન્ય બુદ્ધિ એ કંઈપણ હોય પણ સામાન્ય જ છે અને આ બધી વસ્તુઓ જે એટલી બધી સ્પષ્ટ છે, પણ મોટાભાગનાં માણસો શા માટે તે નહીં કરતાં હોય?

"વિશિષ્ટ માનવ બનવા માટે
સારી રીતભાત એ **મહત્ત્વનું** પગથિયું છે"

૯૦

Bon Jovi અને એકાગ્રતાની શક્તિ

કોઈકે મને થોડા વખત પહેલાં કહ્યું કે Jon Bon Jovi એ 'The Monk who sold His Ferrari ' નો સમર્થ પ્રશંસક છે. રસ પડે એવું છે. મને હંમેશાં લાગણીવાળો એ માણસ અને તેનું સંગીત બન્ને પ્રશંસનીય લાગ્યાં છે. આજે સવારે મેં એનું કાવ્ય સાંભળ્યું અને એમાં એણે ગાયું : "જ્યારે વિશ્વ મારા મુખ સામે આવે છે, હું કહું છું તમારો દિવસ સારો જાય." (Have a nice day) એણે મને Bon Jovi વિશે વિચાર કરતો કર્યો। એની લાંબી કારકિર્દી છે અને આટલાં બધાં વર્ષો પછી હજુ પણ વધારે મજબૂત બનતો જાય છે.

તમારે જે જોઈતું હોય તેના ઉપર ખૂબ શક્તિથી એના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. જોવામાં તો જાણે એટલું સ્પષ્ટ નિવેદન છે, પણ આપણામાંથી ઘણાં એ ચૂકી જાય છે. સ્વપ્નો શક્ય છે કે સાચાં પડે. તમે તમારી કારકિર્દી દરમ્યાન અસામાન્ય પદ ઉપર પહોંચ્યા હો, તમે કલ્પ્યો ન હોય એવો અગાધ પ્રેમ તમે પામી શકો. તમે વિશ્વ-કક્ષાની જીવનશક્તિ અનુભવી શકો અને શાશ્વત સંતોષ શોધી શકો. પણ એ બધા માટે તમારે કેન્દ્રિત થવાની જરૂર છે. માણસ બધું કરવા પ્રયત્ન કરે અને તે કશું મેળવી શકે નહીં. મોટાભાગના માણસો બધી વસ્તુઓ અને દરેક માટે પ્રયત્ન કરે. અને તેઓ અંતે કંઈ કરતાં કંઈ પામે નહીં. કૉન્ફ્યુસીઅસે ખીલી ઠોકીની કહ્યું છે : "જે માણસ બે સસલાને પકડવા પાછળ પડે બેમાંથી એકપણ ના પકડી શકે" મોટો વિચાર છે.

જેના ઉપર તમે ધ્યાનસ્થ હો તે વધે. તમે જેના ઉપર એકાગ્રચિત્ત થાવ તમારા જીવનમાં તમે વધુ જોઈ શકો. આ પંક્તિ વિષે વિચાર કરો, તમે આર્થિક બાબતો ઉપર એકાગ્રચિત્ત થાવ અને તમે જોઈ શકશો કે જીવનમાં આર્થિક સ્થિતિ સુધરે છે. પ્રેમ અને તમારા સંબંધો ઉપર તમે વધુ એકાગ્ર બનો તો એ સુધરશે. તમારા શરીરના વિસ્તાર ઉપર એકાગ્ર થઈ કસરત કરો અને ખોરાક ઉપર સારું નિયંત્રણ રાખો, અને તમારું સ્વાસ્થ્ય સુધરશે. એકાગ્ર, એકાગ્ર, એકાગ્ર. તે જ ઉત્તમમાં ઉત્તમ કરવા જેવું છે. ટનલ દષ્ટિથી જેવી ગોળ એકાગ્રતાથી તે આજુબાજુ જુઓ અને જે કરવાનું છે તે ઉત્તમ રીતે કરો. તે એકદમ ચોટીને ગૂંથાય છે અને બુદ્ધિને વેરવિખેર નથી થવા દેતી. થોડા મહિના ઉપર મારા એક કરોડપતિ અસીલ સાથે જમવાનું હતું. મેં એમને પૂછ્યું આર્થિક શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે આપે એક જ ઉત્તમ વસ્તુ કઈ કરી. "મેં આ ધ્યેયને મારા સમગ્ર વિચારનું કેન્દ્ર બનાવ્યું." તત્કાલ જવાબ આવ્યો.

"જે વ્યક્તિ **બધું** જ કરવા માગે છે
તે કશું પૂરું કરી શકતો **નથી** ."

પાછા Jon Bon Jovi ઉપર આવીએ. ક્યાંથી કહેવાનું હું શરું કરું, હજુ એ એની ધ્યેયની આસપાસ છે અને જબરું કરે છે કારણ કે એની પાસે એના વિશેનો વિચાર છે, તેનું સંગીત શું છે, કેવું થશે અને ક્યાં એ લઈ જઈ શકશે અને પછી એના મિશન ઉપર સ્થિર થઈને એકાગ્ર થાય છે. મેં સાંભળ્યું છે કે એને કેટલોક સમય કઠણાઈ હતી (ક્લબમાં જોડાયો) પણ એણે છોડી દીધું નહીં. એ કાવાદાવા નથી કરતો. એ કડક થઈને વળગી રહે છે પોતાના સ્વાધ્યાયને. એ પોતાના મિત્રો સાથે અને પોતાની જાતે પણ સત્યને વળગી રહે છે.

૯૧

"હું ગુજરી જાઉં તે પહેલાં ૧૦૧ વસ્તુઓ કરવાની" એની યાદી

આ એક શક્તિશાળી વિચાર છે. મેં એક લેખ વાંચ્યો – Ted Leonsis, Vice-Chairman of AOL નો, એમાંથી આ વિચાર લીધો છે. ઘણાં વર્ષો પૂર્વે તેઓ વિમાનમાં હતા અને એમને લાગ્યું કે વિમાન તૂટી પડવાનું છે, પણ મૃત્યુએ હાથતાળી આપી રસ્તો બદલ્યો, એમ એમણે જીવનનો અંદાજ કાઢ્યો અને એ રીતે જીવ્યા. પ્લેનમાંથી ઊતરીને જેવા એ નીચે આવ્યા, એમણે નિર્ણય લીધો કે લાગણીની મોટી સમજ, હેતુ અને તાકીદ સાથે જીવવું. એટલે એમણે કાગળનો કટકો લીધો અને જેવા તેવા અક્ષરોથી ૧૦૧ વસ્તુઓની યાદી બનાવી અને પોતે નિરપેક્ષ કબુલાત કરી કે તેઓ ગુજરી જાય ત્યાર પહેલાં આ ૧૦૧ વસ્તુઓ પાર પાડવી. એમના દૃષ્ટાંત ઉપરથી ઉછીનું લઈને મેં પણ એમના જેવું જ કર્યું. એણે મારા જીવનમાં આશ્ચર્ય સર્જ્યું.

એનું આશ્ચર્ય કદી અટકી જવાનું નથી, એટલે શક્તિપ્રદ ધ્યેયોને નક્કી કરીને લખવાની આ વ્યવહારુ રીત છે. કોઈને પૂછી જુઓ કે આવું સતત કોણ કરી શકે? Leonsis ની યાદીમાં કુટુંબથી માંડીને પોતાની ધંધાકીય રમતોની ફ્રેન્ચાઈઝ સુધીનું બધું સમાવ્યું છે. પારદર્શિતા, સ્પષ્ટતા, સફળતા અપાવે છે. અને ઊંચી જાગરુકતા સાથે જે સૌથી અગત્યનું છે, ડહાપણભરી પસંદગીઓ તે આવે છે.

મને લાગે છે કે, હજુ હું મારાં સપનાંઓ સિદ્ધ કરવા સતત પ્રયત્નશીલ છું. ઘણાં બધાં ધ્યેયો મારી યાદીમાં છે, તે મેં પ્રાપ્ત કર્યાં છે. લાભથી વંચિત બાળકોને મદદ કરવાથી તેઓ નેતૃત્વ પ્રાપ્ત કરી શક્યાં છે. નાનકડા ગ્રીક આઈલેન્ડમાં Santorini આથમતા સૂર્યનાં દર્શન અને Michelangelo માં David પૂતળું, મારા બાળકોને બતાવવાનું હજુ હમણાં મેં શરુ કર્યું છે. અને તમે પણ એમ કરો.

"એમણે કાગળનો કકડો લીધો અને
જેવા તેવા અક્ષરોથી **૧૦૧** યાદી બનાવી,
અને પોતે નિરપેક્ષ **કબુલાત** કરી કે તેઓ ગુજરી જાય
ત્યાર પહેલાં ૧૦૧ વસ્તુઓ લખવી."

૯૨

તમારાં બાળકો સાથે સમય પસાર કરો

જીવનની સંધ્યાએ આપણામાંના થોડા પસ્તાવો કરતા હશે કે પૈસા બનાવ્યા નહીં. એમ સહજ નથી બનતું. આપણને સાચો પસ્તાવો તો આપણે બહાર નીકળીને જોવા જેવી જગ્યાઓ જોઈ નહીં, મૈત્રીની માવજત કરી શક્યા નહીં, જોખમો લીધાં નહીં, અને આપણે જે નથી કર્યું તે આપણાં વહાલાઓ માટે. આ મુદ્દો મને અહીં લઈ આવે છે કે મારે આવેશપૂર્વક આ કરવાની જરૂર છે : તમારાં બાળકો સાથે સમય વિતાવો.

હું જે કરું તે મને ગમે છે. આમ તો પુષ્કળ એરોપ્લેનો છે (હજુ મને બાળકની જેમ જ દરેક વિમાન જ્યારે ઊડવાનું થાય મને એ અનુભવવું ગમે છે). શાંત જગ્યા ઉપર જઈને મોટા પ્રસંગો ઊભા કરવા, રસ પડે એવા મોટા માણસો સાથે ઘણી વાતો કરવી, જેમને જરૂર લાગે એવા માણસો સાથે મારા સંદેશ વિષે અવનવી તકો મળે તો વાતો કરવી. પણ કંઈ બની શક્યું નહીં. – અને ખરેખર એ માટે કાંઈ હેતુ મને નથી – મને જે વધારે અગત્યનું લાગ્યું છે તે એ છે કે હું પિતા તરીકે મહાન હોઉં. મેં ઘણા મોટા અધિકારીઓ સાથે કામ કર્યું છે (અને તારવ્યું છે કે) અને તેઓ પર્વતનાં શિખરે પહોંચ્યા છે, અને તારવ્યું છે કે જે સૌથી અગત્યનું હતું અને અમારી સાથે જ હતું તે જ ગુમાવ્યું છે.

માણસની પ્રકૃત્તિ છે કે જે આપણને ચાહતા હોય છે એમની જ આપણે ઉપેક્ષા કરતા હોઈએ છીએ. હું એમ નથી કહેતો કે એ સારી વાત છે – હું કહેવા માંગુ છું કે આપણે એવા તારથી બંધાયેલા છીએ. આપણે આપણી પ્રકૃતિને અટકાવવાની જરૂર છે અને કુટુંબ માટે કૃતજ્ઞતાપૂર્વક કિંમતી સમજ વિકસાવવી જોઈએ. એવા માણસ નથી થવું કે ખોટનો અનુભવ થાય (વિચ્છેદનો કે મૃત્યુનો) ત્યાર પહેલાં જ આપણે જાગીએ અને આશીર્વાદ મેળવીએ. એવું બનતું મેં જોયું છે બધી વખત વિશ્વનાં બધા માણસો સાથે.

તમારી પાસે માત્ર ૩૦ મિનિટનું જીવન બાકી હોય તો પણ તમે ફોન સુધી પહોંચીને તમારા નજીકમાં નજીક હોય તેમને કહેજો કે તમે એમને કેટલો બધો પ્રેમ કરો છો. અને પછી દોડતા ઘેર પહોંચજો અને તમારા હૃદયને હાથમાં પકડી રાખજો, સાચું બોલજો પ્રેમ વિશે તમને જે લાગણી થતી હોય તે વ્યક્ત કરજો. જરા ૯/૧૧ની કરુણિકા વિશે વિચાર કરો. જે લોકો ટાવરમાં ફસાઈ ગયા હતા તેમના સેલ ફોનના કોલ, મને હુજ યાદ છે. હૃદયના ચૂરેચૂરા થઈ જાય.

"તમારી પાસે માત્ર **૩૦ મિનિટ** નું જીવન બાકી
હોય તો પણ તમે ફોન સુધી પહોંચીને

તમારા નજીકમાં **નજીક** હોય તેમને કહેજો કે
તમે એમને કેટલો બધો પ્રેમ કરો છો.”

હું જાણું છું કે તમે બહુ વ્યસ્ત છો. ટનબંધ કામ કરવાનું છે. અનેક જગ્યાએ જવાનું છે અને લોકોને મળવાનું છે. પણ એક મિનિટ લેજો, હમણાં અહીં જ અને ક્ષણનાય વિલંબ વિના કોલ કરો. તમારા બાળકોને કહો કે તમે તેમની કેટલી બધી કાળજી કરો છો. તમારી પત્ની અથવા તમારા પતિને કહો અથવા તમારી માતા અથવા તમારા પિતા, અથવા તમારા ભાઈ, અથવા તમારી બેન, અથવા તમારા મિત્રને કે તમે એમના માટે ઘણી લાગણી ધરાવો છો. તમને ક્યારેય પસ્તાવો નહીં થાય. મારામાં વિશ્વાસ રાખો.

૯૩

કામમાં થોડું રમતિયાળપણું રાખો.

તમે કાંઈ પણ કરો છતાં તમને મઝા ના આવે તો પછી કરવાનો શો અર્થ? આમેય જીવન ઘણું ટૂંકું છે અને આખો વખત દયાજનક, દુઃખી એમાં તમે સંમત થાઓ છો? ઉત્તમ સંસ્થાઓએ તો આનંદની જગ્યાઓનું સ્થાન લેવું જોઈએ. પણ એ માટે અસામાન્ય દેખાવ, થાક્યા વિના સુધારાઓ અને ઉત્તમ કાર્યક્ષમતાની અપેક્ષા આવનારાઓ રાખે. પણ એ લોકોએ મઝાને ઉત્સાહ પ્રેરવો જોઈએ. સુખી થઈને – અને હસીને – કામ કરવાથી સંગઠન અને સર્જનાત્મકતા અને વચનબદ્ધતાને પ્રોત્સાહન મળે છે. કંપનીમાં ભાઈચારો વધે છે. એનાં મૂળમાં આનંદ હોય તો લોકોને લોકો સાથે વેપાર કરવો ગમે છે કારણ કે લોકો વેપારને ચાહે છે.

"જીવન **બહુ ટૂંકું** છે, શા માટે દુઃખી થવું?"

તમારી અંગત જિંદગી અંગે વાત કરીએ. તમારામાં કોઈ રમૂજ છે? મારી વીસી અને ત્રીસીમાં હું બહુ ગંભીર હતો. મિ. ગંભીર. "જીવનનો હેતુ, એ હેતુ માટે જીવન હતું" એવી મારી માન્યતા હતી. મારે દુનિયા બદલવી હતી અને સેવાની નેતાગીરી એવું નામ મને મળેલું. હું કામ સખત કરતો અને રમવાનું ઘણું ઓછું, હમણાંથી હવે હું મોટેભાગે "આ-હા" કરું છું અને મઝાની કિંમત જીવનમાં આગળ વધતો ગયો ત્યારે સમજાઈ. હવે હું જુદો જ છું. હજુ મારી આંખ પર્વતના શિખર ઉપર છે પણ હવે હું જરા વધારે ધ્યાન ઉપર ચડવાના આનંદમાં લઉં છું. મને બાળકો સાથે સતત રહેવાથી રમતિયાળપણું કરવાની મઝા આવે છે. મારા મિત્રો સાથે પાટિયા (બરફ ઉપર લપસવા) માટે જાઉં છું. એમાં વેપાર અર્થે મુલાકાત લેવા બહાર જવાનું મેં ઉમેર્યું છે, હમણાં જ હું લંડન ગયો ત્યારે ત્યાંની આર્ટ ગેલેરીની મુલાકાત લીધી હતી. કારણ કે સારો સમય જીવનને સારું બનાવે છે. અને વધારામાં ઘણો આનંદ આપે છે.

૯૪

સુંદર ડિઝાઈનો માટે આધરભાવ રાખો

હું પાછો ફ્રેન્કફર્ટના એરપોર્ટ ઉપર છું અને અત્યારે આ પ્રકરણ લખી રહ્યો છું. જર્મનીમાં હોવાને કારણે મારી ધ્યાનમાં આવ્યા વિના રહેતું નથી કે આ દેશમાં લોકોને ડિઝાઈનનું મૂલ્ય છે. બાથરૂમમાં હાથરૂમાલ એ લોકો જે રીતે ગોઠવે છે એકદમ કરચલી વિનાનો અને અદ્વિતીય. લોન્જમાં પડેલા (કૉફીના) મશીનને મારા મને જોઈ લીધું. સામાન લઈ જવાની કાર્ટ એકદમ સરસ કામ આપે એટલું જ નહીં દેખાવમાં સુંદર. જર્મનીઓએ આ પ્રાપ્ત કર્યું છે – ડિઝાઈનનું એમને મૂલ્ય છે.

ફોર્ડનું નામ જાતે જ એક પદસ્થાનને પામ્યું છે ડિઝાઈનને કારણે અને એમની સંસ્થા ગાડીઓ વેચે છે. મને ગમે છે. આ વિશ્વમાં ગ્રાહકોને વધારે પસંદગી મળે છે પહેલાં કરતાં. હંમેશાં સારી ડિઝાઈન એ તમારે માટે સારો રસ્તો છે, તમારો માલ અને તમારી સંસ્થા ટોળામાં એકદમ ઊપસી આવે અને તમારું ધ્યાન ખેંચે. Apple ipod ને જુઓ. એકદમ પ્રેમમાં પડી જાવ એવું ચાતુરીવાળું સાધન તમારી આંખોની ઉજાણી (એના વિના મારી મુસાફરી હું સપનામાં પણ જોતો નથી). એક સાથે ૧૦,૦૦૦ ગીતો તમારા પાછલા પોકેટમાં રાખી શકો એ કેટલું કલ્પી ન શકાય તેવું અદ્વિતીય છે. અને અ□ેની ડિઝાઈન! એના પ્રેમમાં પડી જવાય એવી છે. Apple ની i Book પણ જોવા જેવી છે. હકીકતે તે સર્જનાત્મક અને મજબૂત કંપની છે, તમે એની કોઈપણ વસ્તુ જુઓ એકદમ વિશ્વકક્ષાની અને દેખાવમાં એની ડિઝાઈન ઊડીને આંખે વળગે એવી.

Google માં Philippe Starck માં શોધ કરો, અદ્દ્ભુત ડિઝાઈનો જોવા મળશે. જુઓ, એણે શું કર્યું, એના ભાગીદાર Ian Schrager ની સાથે એક દશકા પહેલાં એક boutique હોટલ કક્ષાની કરી અને માણસના જડબાનો આકાર, તમે હોટલમાં દાખલ થાવ ત્યારે તેમાંથી હોટલોમાં દાખલ થવાય. (St. Martin 's Lane in London & The Hudson in Newyork એ બન્ને મારી પસંદગીની જગ્યાઓ છે સૂવા માટે). સારી ડિઝાઈનો શું કરી શકે એનું આ ઉદાહરણ છે. અથવા Bodum French Press કૉફી બનાવે છે એમાં રોકાણ કરો. એકદમ ઉત્તમ Java બનાવે છે. મારા રસોડામાં તમે એ જોઈ શકો. એની સુંદર ડિઝાઈને મને બધાને કહેવાની પ્રેરણા આપી હું એના વિશે જાણું છું. શ્રેષ્ઠ ડિઝાઈનો માલના સાધુ જેવા પ્રચારક બની જાય છે.'' વેપારી માણસો ડિઝાઈનરોને સારી રીતે સમજવાની જરૂર જોતા નથી. એમણે એ માટે ડિઝાઈનરો બનવું પડે.'' Roger Martin, The Rotman Management School , ટોરન્ટોના ડીને આ નોંધ્યું છે:

“વેપારી માણસોએ ડિઝાઈનરોને સારી રીતે સમજવાની જરૂર છે. એ માટે એમણે **ડિઝાઈનરો** બનવું પડે.”

અહીં એક શક્તિપ્રદ વિચાર તમારે માટે છે. જીવનમાં સુખી થવું હોય તો માણસને રહસ્યની જરૂર છે. જીવન સાવ જો શાંત કે સૌમ્ય હોય તો જે અનુભવ આનંદનો છે તે ના કરી શકીએ. સારી ડિઝાઈનો રહસ્યમાં ઉમેરો કરે છે. જીવનને રસમય બનાવે છે. તે આપણને કલાકાર સાથે જોડી આપે છે, જે આપણા સૌમાં અંદરની બાજુ રહેલો છે. અને જે માણસનું ધ્યેય વેપાર મુખ્ય હોય અને એમાં જો કલા ઉમેરાય તો પછી જીવન અસામાન્ય બની જાય એ આશ્ચર્યજનક નથી?

૯૫

પાણી વિશે Evian નો વિચાર અને સમયના સ્વપ્નદષ્ટા એવા તમે

જો લોકો અઠવાડિયામાં એકવાર પણ તમારી સામે જોઈને હસે નહીં અને તમારા વિચારો વિશે બોલે નહીં તો એનો અર્થ એવો થાય કે તમે એના માટે વધારે પરિશ્રમ લઈ નવા ખ્યાલનું સર્જન કર્યું નથી. ત્યારે, મેં કહ્યું કે તમારે એ માટે કંઈક કરવું જરૂરી છે. હું વેપારને કંટાળો આપનારો જોઉં ત્યારે થાકી જાઉં છું અને લોકો પણ વણખેડાયેલા ક્ષેત્રમાં કે ઓછા જાણીતા વેપારમાં જતાં બીવે છે. મોટાભાગની વસ્તુઓ આપણને ભયથી ભરી દે એવું નથી બનતું. પછી આપણે એને શા માટે નાની રાખીએ?

મોટા માણસે ટકી રહેવા માટે મુશ્કેલીમાં સામેથી દોડીને જાય છે અને પકડેલા માર્ગને મરણિયા થઈને વળગી રહે છે. અને મોટી કંપનીઓના બાંકડા ઉપર બેસી રહેવા માટે ઘણો ઓછો સમય ખર્ચે છે. બીજાઓના કરતાં અને મરણિયા થઈને એમના ગ્રાહકોનું મૂલ્ય નવા રસ્તાઓ શોધીને માલ આપીને સાચવી રાખે છે. કેમ? કારણ કે વિશ્વને વધારે સારી જાતની જરૂર નથી. આપણને વધારે નકલી માલ નથી જોઈતો. વિશ્વને વધારે માનવની જરૂર છે અને નવા સાહસિકોની જરૂર છે, જે આપણને વાહ વાહ બોલતા કરી દે. તે વિશ્વને ડોલાવી નાંખે. વિશ્વને વધારે રાક્ષસ જેવડા મોટા વિચારોની જરૂર છે, આપણાં ગ્રાહકોને સદ્ધર કરવાનો વિચાર કોઈ નથી કરતું અને સમાજને સુધારવા માગે છે અને પૃથ્વી ઉપર ઊંચે લઈ જવા ઇચ્છે છે. વિશ્વને તો વધારે દીર્ઘ દષ્ટિવાળા, સ્વપ્નદષ્ટા અને તદન ક્રાંતિકારીઓની જરૂર છે. Tom Chappell, Tom 's of Maine ના સ્થાપકને હું ચાહું છું, એણે કહ્યું હતું: “સફળતાનો અર્થ હરીફાઈ, તમારી ઓળક આપે એવું કદી થવા દેવું નહીં, એને બદલે તમારી જાતે જે દષ્ટિબિંદુની તમે ઊંડી કાળજી કરતા હો, એના પાયા ઉપર તમારી ઓળખ થવી જોઈએ” એકદમ સુંદર.

એક અસીલે હમણાં ચર્ચા કરી કે મેં વિચાર્યું છે કે, મારી સાથે મારી ટીમનું એક પિક્ચર, અમારી બ્રાન્ડને હમણાં નવેસરથી છાપ બનાવી છે, તેને મારી બંધ આંખો સાથે હાથમાં શાંતિ અને પ્રેમના પ્રતીકરૂપે કબૂતરને રાખીને Website ઉપર મૂકવું, આમતો મારે માટે હિંમતભર્યું પગલું છે. પછી એણે મને પૂછ્યું કે: “તમારા કોર્પોરેટના અસીલો જેવી કે માઈક્રોસોફ્ટ, IBM, NIKE અને Fedex . એમ વિચારે છે?”

મેં જવાબ આપ્યો: “મને લાગે છે કે આ મજબૂત પ્રગતિ માટે અભિનંદન આપવા જોઈએ. પણ આ કંપનીઓ સંશોધન અને સુધારાઓ માટે હંમેશાં તૈયાર હોય છે.”

"નવા મલ્ટિમીડીઆના શો માટે એના ડિઝાઈનર સાથે હું મારી રજૂઆત કરી ચર્ચા કરું છું કે જે રંગો હું પસંદ કરું છું તે જોખમકારક છે, કારણ કે એ બધા "સ્ટાન્ડર્ડ કોર્પોરેટ કલર્સ" નથી.

"પ્રશંસા માટે આભાર" મેં હળવાશથી કહ્યું. વેપાર હિંમત માંગી લે છે. વધારે લોકોએ જોખમ લેવાની જરૂર છે, એ માટે ઇચ્છાશક્તિ હોવી જોઈએ અને તે માટે પાતળી ડાળીઓ ઉપર રહેવા માટે જોખમ ખેડવું પડે. વેપારમાં વધારે માણસોની જરૂર છે. Richard Branson ટુરિસ્ટોને અવકાશમાં મોકલે છે, પોતાની કંપનીના Virgin Galactic સાથે એ એમનું સમર્પણ છે. મને એમના જેવા લોકો ગમે છે. તે મને પ્રેરણા આપે છે.

"વેપારમાં વધારે **હિંમતની** જરૂર છે. વેપારમાં વધારે માણસોએ જોખમ લેવાની જરૂરત છે અને એ માટે ઇચ્છાશક્તિ હોવી જોઈએ અને **પાતળી** ડાળીઓ ઉપર રહેવાનું જોખમ લેવું પડે."

બધા સુધારાવાદીઓ પહેલાં તો હસી કાઢે છે. એ સહજ છે. જ્યારે કોલંબસે કહ્યું કે પૃથ્વી ગોળ છે ત્યારે એ જ રીતે લોકો હસ્યા હતા. Wright Brothers ને પણ લોકો હસતા હતા, જેમણે માનવીને વાદળામાં ઊડતો કર્યો, આપણી સલામ. અરે RIM ને પણ હસતા હતા, એમણે Black Berry ને નવું પ્રસ્થાન કરાવ્યું. તેઓ Evian સંશોધક માટે માનતા હતા કે માણસને પાણી માટે પૈસા આપવા પડશે. હવે કોણ હસશે? મારું ધારવું છે કે વિશ્વ જે શ્રેષ્ઠ છે તેના ઉપર ખરેખર અનુગ્રહ કરે છે.

જે લોકો મૌલિકતા ધરાવે છે એને આપે છે. (મોટો વિચાર). જે ક્ષેત્રમાં તમે વેપાર કરતા હો તેમાં તમે લોકોને દોરવણી આપવા માગો છો? તમે જુદા જ નિખરી આવો. લોકોને હસવા દો. ભલે તમને ઘેલા કહે. તેમને હણહણવા દો. તમારી સત્ય દષ્ટિ ઉપર સ્થિર રહો. માટે સપનાં જુઓ. સામાન્ય ના બનશો. એ મૃત્યુનું ચુંબન છે, એટલું હું તમને કહી શકું છું.

૯૬

Garth જેવા બનો

આ પુસ્તકમાં સળંગ મેં તમને ઉત્સાહિત કર્યા છે કે "પદ કે શીર્ષક વિના દોરવણી આપો." સંપૂર્ણપણે બતાવી આપો અને અનોખા બનો. એક માણસ હતો જે તત્ત્વજ્ઞાન જીવ્યો હતો, મેં એને સાધુ કહ્યો છે. એનું નામ Garth Taylor હતું. થોડા સમય પહેલાં એમનું અવસાન થયું. મારે એમનું સન્માન કરવું છે.

Dr. Garth Alfred Taylor, Montego Bay, Jamaica માં ૧૯૪૪માં જન્મ્યા હતા. તે નામાંકિત આંખના સર્જન હતા, કુટુંબવાળા અને – બીજા બધાની ઉપર – એ માનવતાવાદી હતા. એમની ગમતી ઉક્તિ હતી: "હું આ દુનિયામાં ખાલી હાથે આવ્યો છું, અને હું જઈશ ત્યારે મારો આત્મા મૂકીને જઈશ." હું માનું છું કે એમણે એમજ કર્યું.

મારા ભાઈ સંજય મારફતે Dr. Taylor એ પહેલાં મારું ધ્યાન દોર્યું, એ નામાંકિત આંખના સર્જન હતા. Garth એ સંજયના સાથીદાર હતા અને મારાં પુસ્તકોના ચાહક હતા. એટલે મેં સહી કરીને એક સવારે થોડાં પુસ્તકો મોકલી આપ્યાં. મેં સાભળ્યું હતું કે એનાથી એમને ઘણો આનંદ થયો.

Garth નો પ્રભાવ એટલે સૂક્ષ્મ દૃષ્ટિવાળો અસર ઉપજાવે તેવો હતો, એમણે માત્ર દાક્તરીની પ્રૅક્ટિસ જ નથી કરી – તેઓ એ પ્રમાણે જીવ્યા છે. ૨૦ વર્ષો કરતાં વધારે તેઓએ આખી દુનિયામાં મુસાફરી કરી છે. અનેક દેશોનો વિકાસ કરવા માટે નિઃસ્વાર્થભાવે મદદ કરવા લોકોની આંખોને બચાવવા માટે. એમના પોતાના શબ્દોમાં: "મેં ૨૩ વર્ષો પહેલાં નિર્વાણને શોધી કાઢ્યું છે... અંધાપાને દૂર કરવાની ચિકિત્સા કરીને. લોકો તેમની દૃષ્ટિ પાછી મેળવતા એટલું જ નહીં તેઓ પોતાનો આત્મવિશ્વાસ પાછો મેળવતા." કારણ કે એમણે કાળજી કરી અને હિંમતપૂર્વક કર્મ કર્યું – હજારો માણસોની જિંદગીને એમણે આશીર્વાદ આપ્યા. સંજય એમની સ્મશાનયાત્રામાં હાજર હતો. ચર્ચ માણસોથી એટલું ભરાઈ ગયેલું કે ઘણાં માણસોને ગલીમાં ઊભા રહેવું પડ્યું હતું.

"હું આ દુનિયામાં **ખાલી** હાથે આવ્યો છું, અને
હું જઈશ ત્યારે મારો **આત્મા** મૂકીને જઈશ."

હવે તમે The Greatness Guide ના અંતની નજીક છો, આપણો સાથે રહેવાનો સમય પૂરો થવા આવ્યો છે, ત્યારે મેં જે સત્યો તમારી સમક્ષ આદરપૂર્વક રજૂ કર્યાં છે તે વિષે આમંત્રણ આપું છું કે તમે વિચાર કરજો. તમે શા માટે અહીં છો અને તમારા ઉપર શું

પ્રભાવ પડ્યો એ વિશે ચિંતન કરજો. અને પછી Dr. Garth Taylor ના શબ્દો ઉપર નિદિધ્યાસન, મનન કરજો. "જ્યાં સુધી મારા શ્વાસોચ્છશ્વાસ ચાલે છે, હું આ ચાલુ રાખીશ કારણ કે હું માનું છું કે મારી પસંદગી આ માટે થઈ છે, પૈસા માટે નહીં, વળતર માટે નહીં, પણ મારા બીજા માનવબંધુઓની જિંદગી ગુણવત્તાવાળી બનાવી શકું એટલા માટે."

૯૭

છોડી દેશો નહીં

હું મારા અભ્યાસના રૂમમાં બેઠો છું ત્યારે હું લખું છું, કૉફી પીઉં છું અને વિચારણા કરું છું. દિવાસ્વપ્નો નથી જોતો. સમય બગાડતો નથી. ચિંતા કરતો નથી. માત્ર વિચારું છું. ઘણામાંની આ એક મારી ઉત્તમ ટેવ છે. મોટેભાગે હું મિશનની સમજનું મહત્ત્વ કેટલું છે તેના વિશે વિચારું છું અને પછી સચ્ચાઈથી એમાં ટકી રહેવું. જો કે એ સહેલું નથી.

મેં જોયું છે કે હું મોટું સપનું રાખીશ તો મારે ઘણા અંતરાયોનો સામનો કરવો પડશે. મારા જીવનનું મિશન નમણું અને નિખાલસ છે. મારે માનવજાતને મદદ કરવી છે અને અસામાન્ય બનવું છે અને મારી સંસ્થાને વિશ્વકક્ષાની બનાવવી છે. મને એવી વૃત્તિ છે કે મારા સપનાને મારે તાદશ કરવું છે અને વિશ્વને સારું સ્થળ બનાવવા માટે મારે ભાગ ભજવવો છે. આ મારો સહજ વેપાર છે – આ મારું વચન છે. પણ જેમ હું ઊંચે પહોંચીશ ત્યારે મારી કસોટી વધારે થશે. આ વ્યવહારુ લાગે છે?

પણ પડકારો સારા માટે હોય છે. એની મારફતે આપણે ઊંચા આવીએ છીએ. આપણે ભયમાં હોઈએ ત્યારે વધારે જીવંત હોઈએ છીએ. Papa Wallenda – મોટા તાર ઉપર ચાલનાર હતો – સુંદર રીતે કહ્યું છે: "તાર ઉપર જીવન જીવી શકાય છે; બાકી તો માત્ર રાહ જોવાની હોય છે." આપણામાંના જે એકદમ શાણા હોય છે – સાચા અર્થમાં લીડર – વિપરીત સંજોગોમાં હસીને સામનો કરે છે. તેઓ સમજે છે કે મોટા સ્વપ્નીલો અને – આક્રોશવાળા ક્રાંતિકારોના જીવનમાં કસોટીઓ થાય છે. એ લગભગ એવું છે કે પ્રક્રિયા દરમ્યાન – ખેતરમાં નિંદામણ કરવું પડે તેમ – મજબૂત માણસો જ માત્ર (અને ઉત્તમ) કાઠા હૃદયે એ સહી શકે. Amazon.com founder Jeff, Bezos એ એકવાર કહ્યું હતું: "હું જાણું છું કે જો હું નિષ્ફળ જઈશ તો હું પસ્તાવો નહીં કરું, પણ એક વાત હું જાણું છું કે પ્રયત્ન નહીં કરું તો મને પસ્તાવો થશે."

એટલે જે કાંઈ મુસીબતો આવશે એની સામે સહનશક્તિથી વેઠી લઈશ અને હું ઊંચે જઈશ. મારી આંખો સપનાં ઉપર રાખીશ. હું મારા સંદેશ માટે ઘનીભૂત થઈને મિશન માટે ખડો રહીશ. કારણ કે આ વિશ્વ આપણા જેવા સ્વપ્નીલો માટે બનેલું છે – તમે અને હું, એમાંના છીએ. અને ધારો કે છેવટે આપણે જીતીએ કે નહીં, આપણે કાંઈક વિભિન્ન તો છીએ. અને એટલું મારે માટે પર્યાપ્ત છે.

"જીવન મોટા સ્વપ્નીલો – આક્રોશવાળા
ક્રાંતિકારોની કસોટીઓ કરે છે."

૯૮

આત્મરક્ષા – મોટી પ્રાપ્તિ

નેતાગીરી અંદરથી શરૂ થાય છે. સંસ્થાગત નેતાગીરી અંગત નેતાગીરી સાથે શરૂ થાય. જ્યાં સુધી તમે પોતે મોટાઈ અનુભવો નહીં ત્યાં સુધી મોટું કામ પણ થઈ શકે નહીં. જ્યાં સુધી તમારી જાતને સારું લાગે નહીં ત્યાં સુધી તમે બીજાઓને પણ સારું લગાડી શકો નહીં. જો તમારી પાસે શક્તિ ના હોય; તો તમે હકારાત્મક શક્તિનું ઉદ્ગમ સ્થાન કે મૂળ બની શકો નહીં. સફળતાનો હિંચકો તો બારણાની બહાર જ હોય – અંદર નહીં.

"સંસ્થાગત નેતાગીરી **અંગત** નેતાગીરી સાથે શરૂ થાય.
જ્યાં સુધી તમે મોટાઈ અનુભવો નહીં, ત્યાં સુધી તમે
કામ ઉપર પણ **મોટાઈ** બતાવી શકો નહીં."

હવે તમે જ્યારે બીજીવાર પ્લેનમાં જાવ, પ્લેનનાં સેવકને સાંભળજો. "તમે કોઈને પણ મદદરૂપ થવા પ્રયત્ન કરો ત્યાર પહેલા તમારા મોઢા ઉપર ઑક્સિજન માસ્ક મૂકી જુઓ." તર્ક બરાબર શુદ્ધ છે. જો તમે શ્વાસ ના લઈ શકો તો આજુબાજુવાળાઓને માટે તમે નકામા છો. અર્થાત્ તમે મદદરૂપ થઈ શકો નહીં. આ સુંદર રૂપક અંગત નેતાગીરી માટે છે. તમારી પોતાની કાળજી માટે સમય કાઢો. તમે બરાબર ઘાટમાં રહો. વેપારની સારી ચોપડીઓ વાંચો અને પ્રેરણાદાયી આત્મકથાઓ વાંચો. યોજના કરો અને તમારી કુશળતાને સુધારો. શિક્ષકની સાથે કામ કરો. શ્રેષ્ઠ સમય તમારા પ્રિયજનો સાથે વીતાવો. પ્રકૃતિની સાથે એકરૂપ થાવ. જ્યારે તમે સફળતાની સિદ્ધિ પ્રાપ્ત કરો ત્યારે જીવનનો આનંદ માણો.

તમારે માટે તમે કાળજી કરતા હો, તો તમે બીજાઓની કાળજી વધારે સારી રીતે કરી શકશો. તમે ઉત્તમ રીતે કામ કરી શક્યા છો એની ખાતરી થાય, તમારી નેતાગીરીની અસરકારકતા નિશ્ચિત માનજો. જ્યારે તમે જીવનમાં આનંદ કરવાનો સમય મેળવી શકો ત્યારે તમારી આજુબાજુ પણ આનંદનો અનુભવ વધારે થશે.

૯૯

મને કોણ પ્રેરણા આપે છે? ધારો...

એક દિવસ પુસ્તક ઉપર સહી કરાવવા માટે એક માણસ મારી પાસે ઊભો રહ્યો અને પૂછવા લાગ્યો : "રોબિન, આ બધું તમે કેવી રીતે ચાલુ રાખી શકો છો? તમારી શક્તિનો સ્રોત ક્યાંથી આવે છે? તમને કોણ પ્રેરણા આપે છે? મારા જવાબે બધાને હસાવ્યા. મેં કહ્યું : "તમે".

"હું તમને વચન આપું છું કે લખવાનું અને બોલવાનું ચાલુ રાખીશ, જો તમે **વાંચવાનું** ચાલુ રાખશો તો.

હું બધું ઠીક ઠીક સારું કરું છું, હું કરી શકું છું કારણ કે મને તમારે માટે પ્રેમ છે, મારા પુસ્તકનાં વાચકો માટે અથવા અસીલો માટે કરું તેને મારા કામ માટે તમારો હક્ક છે એમ માનું છું. મારા વિચારો તમને અંગત રીતે મદદ કરે છે અથવા સંસ્થાગત સફળતા મને હૃદયના ઊંડાણમાં હલાવી નાખે છે. એક સ્ત્રી સહી કરાવતાં મને કહેતી હતી તે "The Monk who sold his Ferrari ." એના પતિને વાંચીને સંભળાવતી હતી, જ્યારે એ મૃત્યુ શય્યા ઉપર કેન્સરથી ગુજરી જવાની અણી ઉપર હતા ત્યારે, એને છેદલી ઘડીએ સુખી થવાની લાગણી થતી હતી. અને એક વેપારીએ મારી "*Leadership Widsom from the Monk who sold His Ferrari* " પુસ્તકમાંથી વાંચીને એનો નફો વધ્યો એટલું જ નહીં પણ એણે સંસ્કારનો નવો ઘાટ આપ્યો એટલે એણે માણસનું સન્માન વધાર્યું, અને એક ૧૮ વર્ષની છોકરીએ મને કહ્યું કે એણે Who will cry when you die ? વાંચ્યા પછી એણે પોતાનો વેપાર શરૂ કર્યો અને હવે એ એનાં સપનાંઓ પ્રમાણે જીવે છે.

હું અવર્ણનીય આશીર્વાદનો અનુભવ કરું છું. શા માટે? કારણ કે હું મારું જીવન સેવામાં વીતાવું છું. એટલે હું આભાર માનું છું. હું એટલી બધી કૃતજ્ઞતા અનુભવું છું તમારી, એની તમને ક્યારેય ખબર નહીં પડે. હું વચનબદ્ધ છું કે લખતો અને બોલતો રહીશ, જો તમે વાંચવાનું ચાલુ રાખશો તો.

૧૦૦

અમરત્વ કેવી રીતે પ્રાપ્ત કરવું

આવનારી પેઢીઓ સુધી મનમાં અને હૃદયમાં જીવવું, કે તમને કોણ અનુસરશે એ મૃત્યુને છેતરવા જેવું છે. તમે જે રીતે દોરવણી આપો અને દેખાવ કરો અને અન્યથી અલગ રહો તો એ મારફતે અમરત્વ મેળવી શકાય. માનવજીવન ઉપર શાશ્વત પ્રભાવ પાડવો – કામના સ્થળે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવી અથવા ઘરમાં મહાન માબાપ થવું અથવા તમારા સમાજમાં મહાન નેતા થવું – એ અમર જીવન છે.

"આવનારી પેઢીઓ સુધી મનમાં અને હૃદયમાં **જીવવું** કે તમને કોણ અનુસરશે એ મૃત્યુને **છેતરવા** જેવું છે"

"પ્રભાવ" આ દિવસોમાં મારો એક ગમતો શબ્દ છે. એટલે એ "વારસો" છે. કશાકની શરૂઆતમાં મહાનતા આવે તેનો અંત તમારી સાથે આવે એવું નથી. એટલે મૃત્યુ વિશે ચિંતા કરવાનું બંધ કરો. જીવનની વધારે કાળજી કરો. તમે આજે શું નવું સર્જન કરશો? આજે તમે શેમાં ફાળો આપશો? આજે તમે કયા માણસનો ઉત્સવ કરશો? આજે તમે કયા ભયનો સામનો કરશો? આજે તમે કોના ઉપર દયા કરશો? આજે તમે સામાજિક બદીને દૂર કરવા શો ઉપાય કરશો? આજે તમે કયા જૂઠની સામે સાચું કરી બતાવશો? મને આર્કબિશપ Desmond Tutu ના આ શબ્દો ગમે છે : "કોઈ પરિસ્થિતિ એવી નથી કે જે બદલી શકાય નહીં. કોઈ વ્યક્તિ એવી નથી જે નકામી હોય. કોઈ સંજોગો એવા નથી ગોઠવાયેલા કે જેને માણસ દ્વારા બદલી શકાય નહીં, માણસની કુદરતી પ્રેમ કરવાની શક્તિ અગાધ છે."

Braveheart મુવીમાં Mel Gibson નું એક પાત્ર છે. (હંમેશને માટે મારી પ્રિય મુવી છે) તેનું એક વાક્ય છે :

"આપણામાંના બધા ગુજરી જશે, પણ એમાં થોડા તો ખરેખર જીવશે." એકદમ સાચું.

૧૦૧

મહાનતા માટે દાવો કરો

અન્યને દોષિત ઠેરવો અથવા હક્કપૂર્વક માંગો – આપણે દરરોજ આમાંથી પસંદગી કરવાની છે. દોષારોપણ એ સામાન્ય રીતે કામ આપતો નથી અથવા હક્કથી માંગવું એ દેખીતી રીતે ભેટ છે પણ નકારાત્મક પરિસ્થિતિ છે. વિશ્વને વધારે શૂરવીરોની જરૂર છે અને શૂરવીરો તેમના દિવસો ઉત્તમની શોધમાં પસાર કરે છે. તેઓ પ્રતિકૂળતાની વચ્ચે ઉત્તમ જુએ છે. તેઓ બીજાઓમાં ઉત્તમ જુએ છે. તેઓ પોતાના ઊંડાણમાં જઈને સારું જુએ છે. તેઓ તેમની મહાનતાને હક્કપૂર્વક માંગે છે. અને એમ કરીને તેઓ શ્રેષ્ઠ રીતે જીવે છે.

"સારા માણસ થવા માટે તમે હંમેશા **સ્વપ્ન** જોવું એ માટે **કદી** વધારે મોડું થતું નથી"

અસામાન્ય જીવન એ એવી ચીજ નથી જે માત્ર થોડા પસંદગીના માણસોને જ પ્રાપ્ત થાય – જેને સંપૂર્ણ દાંત હોય અને રાજાઓનાં વંશજો હોય. તમે અને હું આપણે બધા મહાન થવા માટે સર્જાયેલા છીએ. આપણે દેખીતી રીતે જોઈ શકાય એ જિંદગી જીવીએ એનો અર્થ છે. એ આપણાં DNA માં મજબૂત સખત તાર રૂપે વણાયેલો છે. પણ આપણા પક્ષે એવા થવા માટે આપણે ભાગે આવતું કામ કરવાની જરૂર છે. પસંદગી પછી પસંદગી. પગલા પછી પગલું. નાની પ્રાપ્તિઓ અંતે રાક્ષસી મોટાં પરિણામો કમાઈ આપે છે. ખરેખર જિંદગી આપણી પાસે જીત માંગે છે. આપણે તો માત્ર આપણો ભાગ ભજવવાની જરૂર છે.

એટલે તમારી મહાનતા માટે હક્કપૂર્વક માંગણી કરો. સૂર્યના પ્રકાશમાં એક જગ્યાએ લાકડી મૂકો, અને નિશાન કરો. તમારા ભૂતકાળના કેદી ના બનો, તમારા ભવિષ્યના શિલ્પી બનો, અને હંમેશાં યાદ રાખો તમે જેવા બનવાનું સપનું રચ્યું હતું એવા માણસ થવા માટે ક્યારેય મોડું થતું નથી. જાગ્યા ત્યારથી સવાર.

અંગત મહાનતા માટે સંસાધનો

શર્મા લીડરશિપ ઇન્ટરનેશનલ શીખવાનાં સાધનો અને કેળવણીની સેવાઓની સંપૂર્ણ શ્રેણી પ્રદાન કરે છે, જે તમને તમારી ઉચ્ચ સંભાવનાઓનું ભાન કરાવીને અસાધારણ જીવન જીવવામાં તમને મદદરૂપ થાય છે. અમારું મિશન તમને તમારી કારકિર્દી અને તમારા અંગત જીવનમાં વિશ્વ કક્ષાએ પહોંચાડવાનું છે.

robinsharma.com
ELEVATE YOUR LIFE. TRANSFORM YOUR WORLD™

આ ભરપૂર લોકપ્રિય વેબસાઈટમાં તમને રોબિનના બ્લોગ, મફત પોડકાસ્ટ્સ મળી રહેશે, જે તમને શ્રેષ્ઠતમ રહેવા માટે પ્રેરિત કરશે. આમાં રોબિન શર્મા રિપોર્ટ (મફત માસિક ઈન્યુઝલેટર), તાત્કાલિક ડાઉનલોડ કરી શકાય તેવાં રોજિંદાં પ્રેરણાત્મક કથનો, ઓડિયો લર્નિંગ કાર્યક્રમો, ઓન ડિમાન્ડ ઈ-કોર્સીસ, ડીવીડી, પ્રેરણાત્મક ટી-શર્ટસ અને રોબિનનાં અન્ય પુસ્તકોનો સમાવેશ થાય છે. robinsharma.com પર વૈશ્વિક ચર્ચા ફોરમ પણ છે, જ્યાં રોબિન સાથે આગામી પર્વોની સંપૂર્ણ યાદી સાથે મહાનતાને સમર્પિત અન્ય લોકો સાથે વિચારોનું આદાનપ્રદાન પણ કરી શકો છો.


TheMONTHLYCOACH®

રોબિન શર્મા દ્વારા અંગત રીતે દર ૩૦ દિવસે તમને અત્યંત અનુ રૂપ નમૂનામાં શીખ આપવામાં આવે છે, જેને લીધે તમે તમારા જીવનમાં મહાનતમ શું છે તેના માર્ગ પર ચાલો છો, પ્રેરિત થાઓ છો અને કેન્દ્રિત રહો છો. **ધ મંથલી કોચ** ® અમારી શ્રેષ્ઠ વેચાતી સેવાઓમાંની એક છે. દર મહિને તમને રોબિન પાસેથી પ્રખર ઓનલાઈન ઓડિયો પ્રસ્તુતિકરણથી વિચારો પ્રાપ્ત થશે. આ પછી તમે તમારા પીસી અથવા આઈપોડ પર શીખ આપતાં સત્રો સાંભળી શકો છો અથવા તમે સીડીમાં લઈને તમારી કારમાં પણ સાંભળી શકો છો. ગત સત્રોમાં સમાવેશ થાય છે, વિશ્વ કક્ષાનું જીવન કઈરીતે કંડારવું, ઊર્જા વિસ્ફોટ, ડરનો ઈલાજ, કામ અને જીવન વચ્ચે સંતુલન રાખવાના અને તમારા સમયનું વ્યવસ્થાપન કરવાના છ આસાન ડગ, તમારા જીવનને કુશળ બનાવો. આ ક્રાંતિકારી શીખ આપતો કાર્યક્રમ છે, જે માસિક ફક્ત ૧૯.૯૫ ડોલરમાં છે. સબ્સ્ક્રાઇબ કરવા માટે હમણાં જ મુલાકાત લો: robinsharma.com .


TheAWAKENING
BEST SELF WEEKEND™

વર્ષમાં એક વાર દુનિયાભરમાંથી લોકો અત્યંત અદભુત અને શક્તિશાળી અંગત વિકાસ કાર્યશાળાઓમાં જરૂર હાજરી આપે છે. **ધ અવેકનિંગ બેસ્ટ સેલ્ફ વીકએન્ડ ™ (એબીએસ)** પરિવર્તનશીલ અનુભવ છે, જે તમને ડર પર જીત મેળવવામાં, તમારી ઉચ્ચ

સંભાવનાઓ સાથે ફેરજોડાણ કરવામાં, તમારું જીવન કેવું હોવું જોઈએ તેનું સ્પષ્ટ ચિત્ર આપવામાં અને તમને અત્યંત શ્રેષ્ઠતમ બનાવવામાં મદદરૂપ થનારી જીવન પરિવર્તન લાવતી પ્રણાલી શોધી કાઢવામાં તમને મદદરૂપ થશે. **એબીએસ** કામ કરે છે (અને તમને અગાઉ ક્યારેય નહીં થયો હોય તેવો મોજથી શીખ લેવાનો અનુભવ આપશે). આગામી **એબીએસ** વીકએન્ડ માટે વધુ વિગતો અને નોંધણી કરવી હોય તો આજે જ પધારો અને મુલાકાત લો robinsharma.com . આ કાર્યક્રમ સંસ્થાકીય મહાનતાની કક્ષાના આગેવાનો સાથોસાથ તમારા દરેક કર્મચારીઓ માટે સમર્થ મુદ્દાઓ અને સાંકળી રાખે તેવી તાલીમ માર્ગદર્શિકાઓ માટે સંસાધનો પ્રદાન કરે છે.

મહાનતાની માર્ગદર્શિકાના વાંચકો માટે મફત ઓડિયો ડાઉનલોડ

રોબિન પાસે તમારે માટે ભેટ છે. તમને મહાનતા ઝડપથી હાંસલ કરવામાં મદદરૂપ થવા માટે તમે મફતમાં અસાધારણ આગેવાની હમણાં જ સાંભળી શકો છો, જે રોબિનના અત્યંત લોકપ્રિય ઓડિયો કાર્યક્રમો (રિટેઈલ મૂલ્ય ૨૪.૯૫ અમેરિકન ડોલર)માંનો એક છે. આ વિચારપ્રેરક, સમર્થ અને વ્યવહારુ પ્રસ્તુતિકરણમાં તમને તમારી કારકિર્દી અને તમારા જીવનમાં વિશ્વ કક્ષાના બનવાના અજોડ વિચારો શીખવા મળશે. તમારે ફક્ત robinsharma.com ની મુલાકાત લેવાની છે અને તમારી મફત નકલ ડાઉનલોડ કરી લેવાની છે. અમે તમને ફક્ત એટલું જ કરવા કહીશું કે આ કાર્યક્રમ અન્યો સાથે પણ આપલે કરો, જેથી આપણે સાથે મળીને ઘણા બધા જીવન પર હકારાત્મક પ્રભાવ પાડી શકીએ.

સંસ્થાકીય મહાનતા માટે સંસાધનો

"આ સતત પરિવર્તનશીલ, વૈશ્વિક સ્પર્ધા અને ભરપૂર અનિશ્ચિતતાના સમયમાં આવી જ સંસ્થાઓ આગેકૂચ કરી શકશે જેઓ આ સ્પર્ધાથી પણ આગળ તેમના દરેક કર્મચારીઓની આગેવાની કરવાની ક્ષમતાઓની વૃદ્ધિ કરશે અને વિકાસ કરશે." રોબિન શર્મા



ગ્રો ધ લીડર TM એ ક્રાંતિકારી અને અત્યંત શક્તિશાળી કાર્યક્રમ છે, જે કર્મચારીઓને શીર્ષક વિના આગેવાની કરવામાં અને સંસ્થાઓને વિશ્વ કક્ષાએ લઈ જવામાં મદદરૂપ થાય છે. ઘણી બધી દુનિયાની શ્રેષ્ઠ જ્ઞાત કંપનીઓ તેમના કર્મચારીઓમાં આગેવાની સંસ્કૃતિઓ વિકસાવવા, તેમની ઉચ્ચ દેખાવની સંભાવનાઓને ઉજાગર કરવા અને તેમની બજારમાં જીત અપાવતી અસાધારણ ટીમ બનાવવામાં **ગ્રો ધ લીડર TM** નો ઉપયોગ કરી રહી છે.

વિશ્વ કક્ષાના આગેવાન બનવાના ૮ શ્રેષ્ઠ વ્યવહારો પર આધારિત **ગ્રો ધ લીડર TM** તમારા લોકોને આ રીતે મદદરૂપ થશેઃ

- વિશ્વ કક્ષાના આગેવાનો જેવા વિચાર કરો, લાગણી રાખો અને વર્તન કરો.
- અદભુત પરિણામો આપતી પ્રવૃત્તિઓ પર તેમની કૃતિઓ કેન્દ્રિત કરો.
- અંગત જવાબદારી, નાવીન્યપૂર્ણ જોશ અને સતત એકાગ્રતા દર્શાવો.
- ઉત્કૃષ્ટ ટીમ ખેલાડી બનો જે સંસ્થાને સફળ થવામાં મદદરૂપ થશે.
- વર્તમાનમાં પરિવર્તન લાવતી તકોનો લાભ લો.
- સતત સુધારણાને પ્રેરિત કરતી નાવીન્યતા માટે નૈસર્ગિક ક્રિયાત્મક અને કુશળતાને ઉજાગર કરો.
- વેપારમાં શ્રેષ્ઠ દેખાવ કરનારા કામ અને જીવન વચ્ચે કઈ રીતે સંતુલન જાળવે છે તે શોધી કાઢો અને અંગત આગેવાની બતાવો.

ગ્રો ધ લીડર TM એ આવશ્યક રીતે તાલીમ આપનારને તાલીમ આપતો કાર્યક્રમ છે. તમે આ પ્રક્રિયામાં તમે તમારી સંસ્થાની અંદર કોને તાલીમ આપવી જોઈએ તે પિછાણી શકો છો. આ પછી અમારો એક **જીટીએલ માસ્ટર કોચ TM** આ વ્યક્તિગતોને તાલીમ આપશે, જે તમારી સંસ્થામાં **ગ્રો ધ લીડર TM** કાર્યશાળાઓ યોજશે. તમને તમારા દરેક કર્મચારીઓ માટે પ્રખર મુદ્દાઓ, સાંકળી રાખતી તાલીમ માર્ગદર્શિકાઓ સાથે વિશ્વ કક્ષાના આગેવાન બનવાના ૮ શ્રેષ્ઠ વ્યવહારોની રોબિન શર્માની શીખ સાથે **ગ્રો ધ લીડર TM**

ડીવીડી પણ અપાશે.

ગ્રો ધ લીડર TM અને અમારાં અન્ય સંસાધનો તમારી સંસ્થાને વિશ્વ કક્ષાની કઈ રીતે બનાવી શકે તે વિશે વધુ માહિતી જાણવા માટે મુલાકાત લો robinsharma.com અથવા અમને આજે જ કોલ કરો (૯૦૫) ૮૮૯-૭૯૦૦.

રોબિન શર્મા સાથે પ્રસ્તુતિકરણ

મુખ્ય વકતવ્યો અને આગેવાની કાર્યશાળાઓ

રોબિન શર્મા આજે દુનિયામાં અત્યંત નામાંકિત વકતા અને કાર્યશાળા આગેવાનમાંના એક છે. તેમના આગેવાનીના વિચારો ઘણી બધી સંસ્થાઓને વિશ્વ કક્ષાની બનવામાં મદદરૂપ થયા છે અને ૪૦ જેટલા દેશોમાં કર્મચારીઓને તેમની શ્રેષ્ઠતાનું ભાન કરાવીને શીર્ષક વિના આગેવાની કઈ રીતે કરવી તે બતાવી આપ્યું છે. તેમનાં પ્રસ્તુતિકરણ બહુ જ પ્રેરણાત્મક હોય છે, વિચારો પ્રખર હોય છે અને અસલ દુનિયાની તરકીબોથી પરિપૂર્ણ હોય છે, જેને લીધે તમારા કર્મચારીઓ તમારી સંસ્થાને મહાનતમ બનાવે તે માટે તેને તાત્કાલિક લાગુ કરી શકે છે. રોબિન શર્માનાં પ્રસ્તુતિકરણ વિશે વધુ માહિતી માટે મુલાકાત લો robinsharma.com અથવા અમારો સંપર્ક કરો (૯૦૫) ૮૮૯– ૭૯૦૦.


TheELITEPERFORMERSSERIES WORKSHOP™

ધ ઈલાઈટ પરફોર્મર્સ સિરીઝ વર્કશોપ TM એ ઉત્તમ બે દિવસીય આગેવાની કાર્યક્રમ છે, જે તમારા કર્મચારીઓને આગેવાનીની આદતો કેળવવામાં અને અદભુત પરિણામો પ્રાપ્ત કરવા માટે વેપારમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર શું કરેછે તે શોધી કાઢવામાં મદદરૂપ થાય છે. આ અજોડ, ઉચ્ચ એકાગ્રતાનો અને “રમતરમતમાં શીખ” આપતો કાર્યક્રમ છે. આથી પણ મહત્ત્વનું એ છે કે તે કામ કરે છે. દુનિયાભરની સંસ્થાઓ **ધ ઈલાઈટ પરફોર્મર્સ સિરીઝ વર્કશોપ TM** દ્વારા પરિવર્તન પામી છે. તમારી ટીમ **ધ ઈલાઈટ પરફોર્મર્સ સિરીઝ વર્કશોપ TM** નો અનુભવ કરે પછી તમે રોબિન શર્મા સાથે સંપૂર્ણ વર્ષની આગેવાનીની તાલીમ માટે **ધ ઈલાઈટ પરફોર્મર્સ સિરીઝ એડવાન્સ્ડ TM** અથવા તેમના **સર્ટિફાઈડ માસ્ટર કોચીસ TM** માં નોંધણી કરાવી શકો છો. વધુ માહિતી માટે મુલાકાત લો robinsharma.com અથવા અમારો સંપર્ક કરો (૯૦૫) ૮૮૯– ૭૯૦૦.